"ગુજરાતી"ની ૬૮મી ભેટ

# કચ્છનો કાર્તિકેય

અથવા

# જાડેજા વીર ખેંગાર

કર્તા

ઠક્કુર વિસનજી ચતુર્ભુજ

સંપાદક તથા સંશોધક

તદાત્મજ ઠક્કુર નારાયણ વિસનજી

"જળમાં ઉત્તમ મેઘજળ, જીવનગતિ દેનાર;
બળમાં ઉત્તમ બાહુબળ, વીરપુરુષશૃંગાર!" કિંવદંતી

"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસમાં
મણિલાલ ઇચ્છારામ દેશાઇએ છાપી પ્રકટ કર્યું,
સાસૂન બિલ્ડિંગ્સ, સર્કલ, કોટ, મુંબઈ.

વિક્રમાર્ક ૧૯૭૮ ઈ. સ. ૧૯૨૨

મૂલ્ય રૂ. ૩-૮-૦

અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ

# "ગુજરાતી"એ આપેલી ભેટો

૧ રાસેલાસની કથા
૨ મહારાણીશ્રીનું સંક્ષિપ્ત જીવનચરિત્ર
૩ હિન્દ અને બ્રિટાનિયા
૪ ગંગાગોવિન્દસિંહ
૫ સવિતાસુંદરી
૬ ટીપૂ સુલતાન (પ્રથમ ભાગ)
૭ દિલ્લીપર હલ્લો
૮ અરાડમી સદીનું હિન્દુસ્તાન
૯ ઔરંગઝેબ અને રાજપૂતો
૧૦ શાહજાદો ને ભીખારી
૧૧ હેસ્ટિંગ્સની સોટી
૧૨ બાજીરાવ બલ્લાળ (સચિત્ર)
૧૩ બેગમસાહેબ
૧૪ પાણીપતનું યુદ્ધ
૧૫ નૂરજહાન
૧૬ રૂપનગરની રાજકુંવરી
૧૭ ઈન્દુકુમારી
૧૮ પ્લાસીનું યુદ્ધ
૧૯ શિવાજીનો વાઘનખ
૨૦ હળદીઘાટનું યુદ્ધ
૨૧ નંદનવનનો નાશ
૨૨ પેશ્વાની પડતીનો પ્રસ્તાવ
૨૩ ઔરંગઝેબનો ઉદય
૨૪ પદ્મિની
૨૫ કત્લેઆમ
૨૬ પુરાતન દિલ્હી (સચિત્ર)
૨૭ ચુમ્બનમીમાંસા
૨૮ ભદ્રકાળી
૨૯ જગન્નાથની મૂર્તિ અને ભારતનું ભવિષ્ય
૩૦ હમ્મીરહઠ અથવા રણથંભોરનો ઘેરો
૩૧ ભુજબળથી ભાગ્યપરીક્ષા
૩૨ પાટણની પ્રભુતા
૩૩ ચાણક્યનન્દિની અથવા [illegible] અને સુંઘણી
૩૪ અનંગભદ્રા અથવા વલ્લભીપુરનો વિનાશ!
૩૫ રૌનક મહેલની રાજખટપટ
૩૬ બાદશાહ બાબર અથવા નૂરે ઇસ્લામ
૩૭ ચક્રવર્તી હમ્મીર અથવા ચિતોડનો પુનરુદ્ધાર
૩૮ કચ્છનો કાર્તિકેય અથવા જાડેજા વીર ખેંગાર

(ગ્રંથ સ્વામિત્વના સર્વ અધિકાર પ્રકાશકે પોતાને સ્વાધીન રાખ્યા છે)

C-૭૮૫

# અનુક્રમણિકા

## પ્રથમ ખણ્ડ—સંધ્યા


| પરિચ્છેદ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | યુવરાજજન્મતિથિમહોત્સવ | ૧ |
| ૨ | બેગડાની માગણી | ૧૧ |
| ૩ | કમાબાઇનાં લગ્ન | ૧૭ |
| ૪ | પ્રાર્થના કે પ્રપંચ ? | ૨૨ |
| ૫ | કચ્છદેશ અને તેનો પૂર્વ ઇતિહાસ | ૩૨ |
| ૬ | ભયંકર વિશ્વાસઘાત ! | ૪૦ |


## દ્વિતીય ખણ્ડ—નિશીથ


| | | |
|---|---|---|
| ૧ | પલાયન | ૪૮ |
| ૨ | જામરાવળનો જોહાકી જુલમ અથવા મહત્વાકાંક્ષાના યજ્ઞમાં સપ્તબાળકબળિદાન ! ! | ૫૫ |
| ૩ | શિવજીનું સાહસ ! | ૬૩ |
| ૪ | શત્રુ કે સુહૃદ્ ? | ૭૦ |
| ૫ | યતિનો પ્રસાદ અને દેવીનો આશીર્વાદ ! | ૭૪ |
| ૬ | જન્મભૂમિનો સ્નેહ અથવા રાજભક્ત રમણી | ૭૮ |
| ૭ | એક વિશેષ આઘાત કિંવા છચ્છરનો વિયોગ | ૮૭ |


## તૃતીય ખણ્ડ—ઉષા


| | | |
|---|---|---|
| ૧ | ભાગ્યોદયનો આરંભ | ૯૬ |
| ૨ | ગૃહલક્ષ્મીનો લાભ | ૧૦૯ |
| ૩ | અહમ્મદાબાદ ( અમદાવાદ ) દર્શન | ૧૨૩ |
| ૪ | કાપાલિકની કુટિલતા અને અબળાનો ઉદ્ધાર | ૧૩૫ |
| ૫ | બન્ધુમિલન અને ગુપ્તધનભંડાર | ૧૪૭ |
| ૬ | અહમ્મદાબાદમાં નિવાસ | ૧૫૮ |
| ૭ | વિપત્તિના મેઘોની એક નવીન ઘટા | ૧૬૪ |
| ૮ | અમદાવાદમાં હાહાકાર ! | ૧૭૨ |
| ૯ | બાહુબળથી ભાગ્યપરીક્ષા | ૧૭૮ |
| ૧૦ | ‘રાઓ’પદવી અને સાધનપ્રાપ્તિ | ૧૮૩ |
| ૧૧ | કેટલાંક વિઘ્નો | ૧૯૯ |
| ૧૨ | ભીષણયુદ્ધ અને વિજયલાભ ! | ૨૦૭ |
| ૧૩ | રાજ્યાભિષેક અને કૃતજ્ઞતા | ૨૧૪ |
| | ઉપસંહાર | ૨૨૪ |

# કચ્છનો કાર્તિકેય

અથવા

# જાડેજા વીર ખેંગાર

## પ્રથમ ખણ્ડ—સંધ્યા

### પ્રથમ પરિચ્છેદ

### યુવરાજજન્મતિથિમહોત્સવ

આપણે કચ્છના ઇતિહાસમાંના જે સમયની એક વિશિષ્ટ ઘટનાનું પ્રસ્તુત નવલકથામાં સવિસ્તર વર્ણન કરવાનું છે, તે સમયમાં કચ્છ દેશની રાજધાની લાખ્યાર વિયેરાની રચના તે સમયના આર્યાવર્ત્તનાં સર્વ નગરો કરતાં વધારે ઉત્તમ કરવામાં આવી હતી. નગરનો વિસ્તાર તો થોડો હતો, પણ તેની શોભા વિશેષ હતી. એ નગર બે ચોરસ માઇલના વિસ્તારમાં વસેલું હતું, એટલે એ ગોળ ચક્રાકાર નહિ, કિન્તુ ચતુષ્કોણ હતું, અને તે ચારે ખૂણે નગરનો એકસરખો આકાર કરવામાં આવ્યો હતો. એ નગરમાંનાં ગૃહોની રચના એવી તો દક્ષતાથી કરાયલી હતી કે સંધ્યાસમયે વનમાંથી ચરીને પાછી વળેલી ગાયો પોતાના નિત્યના નિવાસસ્થાનને પણ ભૂલી જતી હતી. પ્રત્યેક ગૃહના અગ્રભાગમાં સભાસદન સમાન એક વિશાળ ઓરડો જૂદો રાખેલો જોવામાં આવતો હતો. પ્રત્યેક ગૃહ એક જ માળનું અને અગાસીવાળું કરેલું હતું તેમ જ તે ગૃહોના નીચેના ઓટલાઓનો આકાર પણ બહુ જ મનોહર દેખાતો હતો. બધાં ગૃહો પાષાણ તથા ચૂનાનાં જ બાંધેલાં હતાં તેમ જ ભીંતો પણ ચૂનાથી ધોળાયલી હતી. પ્રત્યેક ગૃહમાં સ્વચ્છતા એવી તો સરસ રાખવામાં આવતી હતી કે, જો ભીંત આદિપર મક્ષિકા બેસે તો તે પણ લપસી જાય. ભીંતોનો આદર્શ શ્વેત દુગ્ધ સમાન દેખાતો હતો. ભીંતોપર દેશની પુરાતન પદ્ધતિ પ્રમાણે નાના પ્રકારનાં ચિત્રો ચિત્રવામાં આવ્યાં હતાં અને તે અતિશય રમણીયતાનો ભાસ કરાવતાં હતાં. ઘરોની ભીંતો એવી તો મજબૂત ચણેલી હતી અને તેમાં પાષાણો

એવા તો મજબૂત બેસાડેલા હતા કે નગરને દુર્ગવડે રક્ષિત કરવાની આવશ્યકતા પણ ટળી ગઈ હતી. નગરને છેડે જેટલાં ઘરો હતાં, તે બધાંની પછીતો નગરના બાહ્ય ભાગમાં પડેલી હતી અને તેમણે દુર્ગનું સ્વરૂપ ધારણ કરેલું હોવાથી જાણે તે ચતુષ્કોણ દુર્ગમ દુર્ગ જ હોયની! એવો જ જોનારને ભ્રમ થઇ જતો હતો. ઘરોમાં બારી અને બારણાં અસ્સલ મલબારી સાગનાં જ નાખવામાં આવ્યાં હતાં અને તેમનાપર સોનેરી પીળો રંગ ચઢાવેલો હોવાથી જાણે તે સુવર્ણનાં જ બનાવેલાં હોયની! એવો જ આભાસ થતો હતો. ઘરોની ભીંતોનો સ્વાભાવિક કિલ્લો બની ગયેલો હોવાથી નગરનાં ચાર દ્વાર મેહરાબવાળાં બનાવેલાં હતાં અને તેમાં પ્રત્યેક વેળાએ ચોકીદાર સિપાહીઓ બેઠેલા જોવામાં આવતા હતા. નગરના મધ્યભાગમાં તે સમયના રાજા જામ હુમ્મીરનું સભાસદન દૃષ્ટિગોચર થતું હતું અને તેની રચના એવી કરાયલી હતી કે તેને જોતાંની સાથે કોઈ પણ પ્રેક્ષક પ્રથમ દૃષ્ટિએ જ આનંદમાં લીન થઈ જતો હતો. ઘણી જ ઉત્તમ કારીગરીથી બાંધેલા એક સુંદર સરોવરના મધ્યભાગમાં થોડોક બેટ જેવો શુષ્ક ભૂમિભાગ રાખેલો હતો અને તેમાં સભાસદન બાંધવામાં આવ્યું હતું. ચાર દિશાએ જવા આવવામાટેના ચાર પાષાણ માર્ગો કાઢેલા હતા અને તે માર્ગો એવા તો સરળ હતા કે નગર બહાર જવાના માર્ગો પણ ત્યાંથી સ્પષ્ટ દેખાતા હતા. સભાસદનમાંના સભાસ્થાનની રચના એવી તો અદ્ભુત કરવામાં આવી હતી કે જાણે ઈન્દ્રના નિવાસમાટે સાક્ષાત્ વિશ્વકર્માએ જ એની રચના કરી હોયની! એવી જ કલ્પના થતી હતી. આસપાસ વિસ્તરેલા સરોવરમાં સ્વચ્છ સલિલ સદોદિત ભરેલું જ રહેતું હતું. એ સરોવરના તીરે વળી એક ઉપવન પણ કરવામાં આવ્યું હતું અને તેમાંનાં વિવિધ પ્રકારનાં પુષ્પોના સ્પર્શથી સુગંધિત થયેલા મન્દ મન્દ વાયુની લહરીઓનો સ્પર્શ શરીરને સંતોષદાયક થતો હતો–એથી સર્વ શારીરિક ઉપદ્રવોનો લય થતો હતો અને અંતઃકરણમાં પણ આનંદની ભાવના વ્યાપતી હતી.

નગરના બહિર્ભાગમાં ચતુર્દિશાએ ચાર સરોવરો જોવામાં આવતાં હતાં. એ સરોવરો બહુ જ સુન્દર અને મનોહર હતાં તથા તેમના તીરપ્રદેશમાં મનોહર ઉદ્યાનોનો વિસ્તાર હોવાથી ત્યાંની મનોરંજકતા અવર્ણનીય થયેલી હતી. પ્રત્યેક ઉદ્યાનમાં એક એક મહાલય પણ કરવામાં આવ્યો હતો અને કોઈ કોઇ વાર રાજા પોતે આવીને તેમાં પોતાનો નિવાસ કરતો હતો. જ્યારે વર્ષાકાળ હોય, તે વેળાએ તો એ તળાવોમાં વર્ષાનું પાણી જ ભરાતું હતું, પરંતુ જો વૃષ્ટિનો

અભાવ હોય, તો પાસેના હુબાય પર્વતમાંથી એક નાળું કાઢેલું હોવાથી સરોવરમાં પાણીની કોઈ કાળે પણ ખોટ પડતી નહોતી.

ખેતીવાડીમાટે પણ રાજભંડારમાંથી કણબીઓને નાણાંની સારી રકમ આપવાની ગોઠવણ કરવામાં આવી હતી; એટલે સાધારણ કરતાં ધાન્યનો પાક વધારે પ્રમાણમાં થતો હતો. અત્યારે જેવી રીતે ખેડુતો વાણિયાઓ પાસેથી નાણાં ઉધાર લે છે અને પછીથી તેના વ્યાજમાં ને વ્યાજમાં જ તણાઈ જાય છે—અર્થાત્ કોઈ કાળે ઋણમાંથી મુક્ત થતા જ નથી; એ રીતિ તે સમયમાં પણ હતી. પરંતુ એ રીતિને અત્યન્ત હાનિકારક જાણીને જામ હમ્મીરજીએ કણબીઓને નાણાં ધીરવાનું એક જૂદું ખાતું રાખેલું હતું અને તે ખાતામાંથી અમુક શર્તે અમુક રકમ પ્રત્યેક ખેડુતને આપવી, એવો કાયદો કરવામાં આવ્યો હતો. એથી ધનધાન્યની વૃદ્ધિ થતાં દેશમાં પ્રજા પણ વધવા લાગી અને પરદેશોમાં એ દેશની કીર્ત્તિનો વિસ્તાર થતાં કચ્છાધીશ જામ હમ્મીરજીની કીર્ત્તિપતાકા સર્વત્ર ફરકતી દૃષ્ટિગોચર થવા લાગી.

એવી એ સર્વ પ્રકારના વૈભવ અને સર્વ પ્રકારની ઋદ્ધિ સિદ્ધિથી ભરપૂર કચ્છરાજધાનીમાં આજે એક વિશિષ્ટ અને અપૂર્વ આનંદનો રંગ જોવામાં આવતો હતો. સર્વ પુરુષો નવીન વસ્ત્રો ધારણ કરીને ફરતા હતા અને સ્ત્રીઓ સોળ શૃંગાર સજી હર્ષગીત ગાતી હતી. પ્રજાવત્સલ રાજા જામ હમ્મીરના કિંવા યુવરાજ રાજકુમાર ખેંગારજીની જન્મતિથિના મહોત્સવનો આજે શુભ દિવસ હોવાથી પ્રજાના મનમાં આનંદનો આવો અપૂર્વ ઉમળકો આવે, એ સર્વથા સ્વાભાવિક જ હતું. દરબારગઢમાં તો વળી એથી પણ અધિક આનંદનો વિસ્તાર થયેલો હતો અને અંતઃપુરમાંનો આનંદ તો સર્વથા અવર્ણનીય જ હતો. નગરમાંનાં સર્વ ગૃહો તોરણોવડે શૃંગારાયલાં હતાં અને અંતઃપુર તથા સભાસદનને પણ તોરણ તથા ધ્વજાપતાકાથી મંડિત કરવામાં આવ્યાં હતાં. અત્યારે આપણે સભાસદનમાંના એક વિશિષ્ટ દૃશ્યનું અવલોકન કરવાનું છે.

[યુવરાજના જન્મદિવસમહોત્સવના શુભ પ્રસંગે આજે પ્રભાતમાં જ એક સભા ભરવામાં આવી હતી અને તેમાં જામ હમ્મીરજીના ભાયાતો, અન્ય સંબંધીઓ, કેટલાક પ્રતિષ્ઠિત નાગરિકો અને જમીનદારો આદિ કુમારનું દીર્ઘાયુષ્ય ઇચ્છવાને; તેમ જ કવિજનો તથા ભાટ અને ચારણો કુમારને આશીર્વાદ આપવાને ઉપસ્થિત થયા હતા. રાજાના સંબંધિજનોમાં જામ રાવળ સર્વથી મુખ્ય હતો.] નાના પ્રકારના વસ્ત્રાલંકારમંડિત એ વિવિધ પુરુષોથી ઉભરાઇ જતી સભામાં થોડી વાર પછી મહારાજા [જામ હમ્મીર પોતાના ચાર કુમાર—અલૈયાજી, ખેંગા-

રજી, સાયબજી અને રાયબજી–સહિત આવી લાગ્યા] અને સિંહાસને વિરાજ્યા. એ વેળાએ મહારાજા અને સર્વ કુમારોએ મૂલ્યવાન્ વસ્ત્રાભૂષણો ધારણ કર્યાં હતાં, પરંતુ તેમાં પણ ખેંગારજીનાં વસ્ત્રાભૂષણો સર્વ કરતાં ઉત્તમ હતાં, અને તેની તેજસ્વિતા પણ અપૂર્વ દેખાતી હતી. કુમારોવડે ઘેરાયલો સિંહાસનસ્થ રાજા નક્ષત્રોના મધ્યમાં શોભતા નિશાનાથ ચંદ્રસમાન શોભવા લાગ્યો.

[અહીં જણાવવું જોઇએ કે ખેંગારજી જામ હમ્મીરજીનો પ્રથમ કુમાર ન હોવા છતાં એને પ્રથમ પુત્ર કિંવા યુવરાજ તરીકે ઓળખાવવાનું કારણ એ કે, અલૈયાજી જ્યેષ્ઠ પુત્ર હોવા છતાં રખાયતનો પુત્ર હતો અને ખેંગારજી રાણીજાયો કુમાર હોવાથી હમ્મીરજી પછી સિંહાસનનો સ્વામી એ જ થવાનો હતો. એ ખેંગારજી પછી પણ જામ હમ્મીરની રાણીના પેટે સાયબજી અને રાયબજી નામના બીજા પણ બે પુત્રો અવતર્યા હતા અને કમાબાઇ નામક એક રાજકુમારી પણ હતી; પરંતુ તે રખાયતની પુત્રી હતી. એ પાંચ સંતાનોમાંનાં અલૈયાજી તથા કમાબાઇ વિના સર્વના જન્મોત્સવપ્રસંગે જામ રાવળ જામ હમ્મીરજીને ત્યાં આવી ગયો હતો અને પ્રત્યેક વેળાએ પોતાની ઘણી જ સારી લાગણી બતાવી હતી એટલે જામ હમ્મીરનો રાવળમાં અતિશય વિશ્વાસ અને અનિવાર્ય પ્રેમ બંધાયો હતો.] જામ હમ્મીરે આસને વિરાજવા પછી સૌમ્ય મુદ્રા, ગંભીર વાણી અને આનંદદર્શક ભાવથી સર્વ સભાજનોને ઉદ્દેશીને કહ્યું કે;—

"મારા ભલા ભાયાતો, સંબંધિજનો, નાગરિકો અને પ્રજાજનો, આજે મારા યુવરાજ ખેંગારજીના જન્મતિથિમહોત્સવપ્રસંગે તમો સર્વને મારા આગારમાં એકત્ર થયેલા જોઈ તમારા મારા પ્રતિના સદ્ભાવનું અચાનક સ્મરણ થઈ આવે છે અને તેથી મારો હર્ષ અંતરમાંથી ઉછળીને બહાર નીકળી જાય છે. ખરેખર મને આવા પ્રેમી સંબંધીઓ અને આવી રાજનિષ્ઠ પ્રજા મળી છે, એ મારાં મહાભાગ્ય! આ કૃપામાટે ઈશ્વરનો હું જેટલો આભાર માનું તેટલો ઓછો જ છે. હું રાજા તો છું; પણ મારી ખરી શોભા અને સત્ય પ્રતિષ્ઠા કેવળ તમારાવડે જ છે. જામ રાવળજી! તમારો તો મારે ખાસ આભાર માનવો જોઇએ; કારણ કે, કુમારોના જ્યારે જ્યારે પણ જન્મદિવસ આદિ શુભ પ્રસંગો આવે છે, ત્યારે તમે તો ગમે તે પરિશ્રમ વેઠીને આવ્યા વિના રહેતા જ નથી. મારા શિરપર તમારા ઉપકારનો ભાર વધારે અને વધારે ચઢતો જાય છે."

"કૃપાનાથ, આ શું બોલો છો. રાજા તો ઘણા હોય છે, પણ

પ્રજાવત્સલ, ન્યાયી, દાનપરાયણ અને સુશીલ રાજા કોઇક ભાગ્યશાળી પ્રજાને પ્રાપ્ત થાય છે. કચ્છની પ્રજા એવા સદ્‌ગુણમંડિત ભૂપાળને પ્રાપ્ત કરી મહાભાગ્યશાલિની થઈ છે અને સર્વની ઈશ્વરને એ જ પ્રાર્થના છે કે, જામ હમ્મીરજી તથા તેમના વંશજોનું રાજ્ય કચ્છમાં યાવચ્ચંદ્રદિવાકરૌ અમર રહો અને તેમના વૈભવની વૃદ્ધિ થયા કરો. હું તો આપનો નિરંતરનો હિતૈષી છું એટલે મારે તો આવા પ્રસંગે અવશ્ય ગમે તેમ કરીને આવવું જ જોઇએ. હું મારું કર્તવ્ય બજાવું છું તેમાં આપે મારો લેશ માત્ર પણ ઉપકાર માનવાનો નથી. આવા પ્રસંગે આપનાં દર્શન અને વાર્ત્તાલાપનો લાભ મળે છે, એ જ મારા પરિશ્રમનો સંપૂર્ણ બદલો છે," જામ રાવળે અત્યંત નમ્ર ભાવથી એ વિનયયુક્ત વાકયો ઉચ્ચાર્યાં.

"'હીરા મુખસે ના કહે લાખ હમારા મોલ,' તે આનું જ નામ," હમ્મીરજીએ માર્મિકતાથી કહ્યું.

"કુમાર ખેંગારજી, હું આ વસ્ત્રાલંકારો તમારામાટે ખાસ તૈયાર કરાવીને લાવ્યો છું તે ધારણ કરો અને મારો આશીર્વાદ છે કે, તમે પિતા પ્રમાણે જ કચ્છ દેશનું રાજ્યતંત્ર ચલાવી પ્રજાના પ્રીતિભાજન થાઓ," જામ રાવળે કુમારને વસ્ત્રાલંકારોની ભેટ આપતાં કહ્યું.

"હું આપના આશીર્વાદને મસ્તકે ચઢાવું છું," એમ કહીને ખેંગારજીએ આભારદર્શક મુદ્રાથી રાવળની ભેટ સોગાદનો સ્વીકાર કર્યો.

એ પછી અન્ય જનો તરફથી આવેલી ભેટ સોગાદોનો અંગીકાર કરવામાં આવ્યો અને એ વિધિની સમાપ્તિ થતાં કવિજનોને તેમણે રચેલી કવિતાઓ સંભળાવવાની આજ્ઞા કરવામાં આવી. પ્રથમ રૂપસિંહ બારોટે ઉઠીને નિમ્ન કવિતા લલકારી;—

છપ્પય—"હમીર, તું બલવીર, ધીર ગંભીર હિયારો;
દુખિયા ટાળણ ભીર, મીર મરદાંરો; પ્યારો;
તોઘર હુઓ કુમાર, ભાર ઉત્તારણ ભૂકો;
મહાપ્રતાપી ભૂપ, રૂપ સુન્દર તનહૂકો;
બલ યોધ, ક્રોધ ભંજન સુઘડ, ઇહિ સમ ઔર ન હોઇસી;
જામ હમીરા કુળદિવો, જગરો અનુભવ જોઇસી !

દોહરો—"સો વર્ષાંરો હોઇસી, મહાપરાક્રમવાન;
ઇસે ન કોઈ જીતસી, કુલદીપાવન જાન !

સોરઠો—"રાવાંરો યે રાવ, મહારાજપદ લેઇસી;
હમીર, થારો દાવ, લેસી ઇમ રૂપો ભણે !"

રૂપસિંહ બારોટની એ આશીર્વાદાત્મક કવિતાના કથનની સમાપ્તિ થતાં કાનજી ગઢવી ઉઠીને ઉભો થયો અને નીચે પ્રમાણે પોતાની કવિતાનો ઉચ્ચાર કરવા લાગ્યો;—

કવિત–"માંડવીરો મંડન, વિખંડન વૈરી ધરારો,
તોરિ ડારિ બંડન, પ્રચંડ ખંડ જીતસી;
યાદવ કુલતિલક, ભાલરી ભલી ભલક,
ખલકમેં યેહ એક, યોધ હોસી રીતસી;
મહાતેજવાન, બલવાન, રૂપરો નિધાન,
પૂર્વ પુણ્યવાન, અવસાન હોસી પ્રીતસી;
કાનજી ભણે ભવાની સ્થાપસી કચ્છારે માંહિ,
કચ્છરો ભૂપાલ લાલ યુવરાજ કીતસી !

દોહરો–"પચ્છમ હિન્દો પાતસા, અવતરિયો તો ગેહ;
ધન્ય જામ, નરનાહ તું, યામેં નહિ સંદેહ !"

કાનજી ગઢવીની એ યમકવાળી કવિતાના શ્રવણથી સભામાંના શ્રોતાઓના મનમાં અતિશય આનંદ થયો અને તેના બેસી જવા પછી કવીશ્વર કેશવદાસે ઉભા થઈ નીચે પ્રમાણે સભાજનોને પોતાના કાવ્યામૃતનું પાન કરાવ્યું;–

ભુજંગી

"અહો જામ હમ્મીર તું ભૂપ ભારી, મહારાજ રાજાધિરાજા ભયારી;
સદા હી અખંડ પ્રતાપી મહીશા, તું હી ભૂપભૂપા તું હી કચ્છ ઈશા.
બડે ચંદ્રવંશી સદા દાનદાતા, ભયે હો કુમારાહુકે યોગ્ય તાતા;
પ્રકાશ સ્વરૂપી યથા પૂર્ણ ઇન્દુ, તથા યેહ વ્હૈગો બડો રાજબિન્દુ.
પ્રજા પ્રીતિધારી મહાસૌખ્યકારી, ધરા જીતિ લેગો બડે શૂર મારી;
ફિરૈગો પ્રદેશા મહાદ્‌ભૂત વેશા, ન આપત્તિ વિપત્તિ ખેદાદિ લેશા.
સદા સુપ્રસન્ના સદા હી વિલાસી, કલા સર્વ ઐહૈં વિના હી પ્રયાસી;
બડો ભાગ્ય યાકો પુરાપુણ્ય ભારી, કરી હૈ તપસ્યા બડી કષ્ટ ધારી.
અબૈ ભોગવૈગો બડે ભોગ ઐસે, ધરા ચક્રવર્ત્તી સુભોગે હિ જૈસે;
શતાયૂ બને યે ચિરંજીવ તેરો, પ્રભૂજી કરે સત્ય યે વાક્ય મેરો.

દોહરો–"જીતિ લેયગો વૈરિદલ, સ્વતંત્ર કરહી રાજ;
કેશવકી આશીષ હૈ, પાવૈગો સબ સાજ !"

એ પછી એક કચ્છી બારોટ સભામાં આવીને બેઠો હતો તે ઉઠીને કચ્છી ભાષાની કવિતા બોલતો કહેવા લાગ્યો કે;–

દોહરા–"તોંધર જામ હમીરજી, અવસર સારો અજજ;
હાણે' સાંકે ડીજ તું, તોંજી જાણે લજજ.

તોંધર આયો રતન સે, મું ધરજે સિલધાર;
કચ્છ ધરાજો પાતસા, કેઓ સરજણહાર.
કરે વડો ભગવાન ઈ, ઝિઝો જિયે હી જામ;
થિયે વડો સિલધાર ને, પારે ખલક તમામ.
ધુઆ અસી ધિલનું ધુરેં, અમર રખે ભગવાન;
સચી ગાલ બારોટ ચૈ, રખજા તેંજો ધ્યાન!"*

એની પછી એક ગુર્જર કવિ પોતાના કવિત્વનું દર્શન કરાવતો બોલ્યો કે;—

ચોપાઈ—"કહું સાંભળો જામ હમીર, મનમાં બહુ રાખો ધીર;
કુમાર આ થાશે ફાંકડો, દેખાશે રૂડો વાંકડો.
મને એમ લાગ્યું છે આજ, કચ્છ ભૂમિનું કરશે રાજ;
બધા ભૂપને એ જીતશે, પણ વિપત્તિ એને વીતશે.
અંતે થાશે એ સરદાર, ભવિષ્ય એ સાચું નિર્ધાર;
માતાજીએ સ્વપ્ને કહ્યું, તેમ આજે બરાબર થયું."

અંતે નારોપંત નામનો એક દક્ષિણી કવિ પોતાની કવિતાકામિનીના લાવણ્યની છટાને બતાવતો બોલ્યો કે;—

આર્યાગીતિ—"સ્વામી કચ્છ ધરેચા, શ્રીમંત મહાનરાધિનાથ વરા;
સદ્‌ગુણયુક્ત વિચારી, પાલનકર્ત્તા હમીર જામ ખરા.
વીર કુમારશ્રીચા, જન્મમહોત્સવ સદા સુખદ હોવો;
આણખિ સંતતિ વ્હાવી, સાર્વભૌમરાજતેજ હા પાવો!"†

સર્વ કવિઓના બોલી રહ્યા પછી એક સારસ્વત બ્રાહ્મણ કે જે એ જ નગરમાં વસતો હતો, તે જ્યોતિષી હોવાથી કુમાર ખેંગારજીનું વર્ષફળ તૈયાર કરી લાવ્યો હતો, અને તેથી તે ઉઠીને પ્રાર્થના કરતો

---

* આ કચ્છી ભાષાની કવિતાનો ભાવાર્થ એવો થાય છે કે;—"હે જામ હમ્મીરજી! આજે મેં તારા ગૃહમાં કુમારને જોયો છે; એટલે પોતાની પ્રતિષ્ઠાને જાણી પિછાનીને અમને જે આપવું હોય તે આપજે. તારા ગૃહમાં જે રત્ન (પુત્રરત્ન) આવ્યું છે, તે મારા ગૃહનો સરદાર છે—એને ઈશ્વરે કચ્છ ધરાનો બાદશાહ કર્યો છે. એ જામ મોટા થાઓ, ઘણું જીવો. મોટા સરદાર થાઓ અને સર્વ જગતને પાળો. અમે હૃદયથી એ જ માગીએ છીએ કે, એને ભગવાન અમર રાખે. બારોટ આ સત્ય વાર્ત્તા કહે છે તેને ધ્યાનમાં રાખજો."

† "હે કચ્છ ધરાના સ્વામી, શ્રીમંત, મહાનરાધિનાથ, ઉત્તમ, સદ્‌ગુણયુક્ત, વિચારશીલ અને પાલનકર્ત્તા જામ હમ્મીર! આ કુમારશ્રીનો જન્મદિનોત્સવ સદા સુખદ થાય, તને અન્ય સંતતિ થાય અને આ કુમાર સાર્વભૌમ રાજના તેજને પ્રાપ્ત કરે."

કહેવા લાગ્યો કે: "અખંડપ્રૌઢપ્રતાપી મહારાજાધિરાજ, હું આજે કુમારશ્રીનું વર્ષફળ કાઢી લાવ્યો છું અને આજની સભામાં મારો તે વર્ષફળપત્રિકા વાંચી સંભળાવવાનો મનોભાવ છે; એટલામાટે મને તે વાંચવાની આજ્ઞા મળવી જોઇએ."

બ્રાહ્મણની એ પ્રાર્થના સાંભળીને હમ્મીરજીએ પોતાના ભૂધરશાહ પ્રધાનને સંકેત કર્યો અને તેથી દક્ષ સચિવ બ્રાહ્મણને ઉદ્દેશીને કહેવા લાગ્યો કે: "મહારાજ, આજે આપ આ માંગલિક પ્રસંગે પધાર્યા છો, તો જામ સાહેબની આજ્ઞા છે કે, જે કાંઈ વાંચવાનું હોય તે આનંદથી વાંચો."

"ખમા અન્નદાતાને" કહીને જોશીએ પ્રથમ મીન, મેષ, વરખ, મિથુન, કર્ક, સિંહ, કન્યા, તુલા, વૃશ્ચિક, ધન, મકર અને કુંભ આદિ બાર રાશિઓનાં નામોનો ઉચ્ચાર કર્યો અને ત્યાર પછી કુંડળીમાંના ગ્રહોનું વિવેચન કરતાં કહ્યું કે: "કુમારના જન્મગ્રહોમાં આયુષ્યના ગ્રહો બલવાન્ તથા સ્વસ્થાને પડેલા હોવાથી તથા એમના હસ્તપાદ આદિની રેષાઓમાં પણ આયુષ્યવૃદ્ધિની સારી રેષાઓ હોવાથી એ કુમાર દિગ્વિજયી થવાના જ, એમાં તો કશી પણ શંકા નથી જ; પરંતુ બહુધા આ વર્ષમાં એમના શિરપર એક ગુપ્ત શત્રુનો આઘાત થવાનો સંભવ છે, તેના નિવારણમાટે કાંઈ ઉપાય કરવો જોઇએ."

"તે ઉપાયનું કાર્ય આપને જ સોંપવામાં આવે છે એટલે ગ્રહશાંતિ આદિનો આજથી જ આરંભ કરો; જે ખર્ચ થશે તે રાજભંડારમાંથી આપવામાં આવશે," જામ હમ્મીરે આજ્ઞા કરી.

"જેવી અન્નદાતાની આજ્ઞા," જોશીએ કહ્યું.

સર્વ કવિ, ભાટ, ચારણ તથા બ્રાહ્મણ અને ભિક્ષુકોને તેમની યોગ્યતા પ્રમાણે ઉપહાર, પારિતોષિક, દાન અને ભિક્ષા આદિ આપવાના કાર્યનો આરંભ કરવામાં આવ્યો. એ વિધિ ચાલતો હતો એટલામાં એક ગુપ્ત રાજદૂત સભામાં આવી લાગ્યો અને તેણે રાજાને ત્રણ વાર નમન કરીને પ્રાર્થનાના સ્વરૂપમાં કહ્યું કે: "મહારાજાધિરાજ, હું એક ગુપ્ત સમાચાર લાવ્યો છું અને આપની જોડે ગુપ્ત વાર્ત્તાલાપ કરવાની અગત્ય છે."

"કાંઇ અશુભ સમાચાર છે કે?" હમ્મીરજીએ ગંભીરતાથી પૂછ્યું.

"અશુભ તો નથી. પરંતુ ભયંકર છે," ગુપ્ત દૂત બોલ્યો.

"વારુ ત્યારે અત્યારે હવે સભાનું વિસર્જન કરો," રાજાએ આજ્ઞા કરી.

ત્વરિત સર્વ સભાજનો નમન કરીને એક પછી એક ચાલતા

થયા. કુમારો પણ મહાલયમાં ચાલ્યા ગયા. જામ રાવળનો જો કે એ ગુપ્ત સમાચારને જાણવાનો તીવ્ર મનોભાવ હતો, તો પણ ત્યાં રહેવું રાજનીતિથી વિરુદ્ધ હોવાથી તેને પણ ઇચ્છા ન હોવા છતાં ત્યાંથી ચાલ્યા જવું પડયું. માત્ર મહારાજા જામ હમ્મીરજી, પ્રધાન ભૂધરશાહ અને ગુપ્ત રાજદૂત એ ત્રણ પુરુષો જ ત્યાં રહ્યા. બહારના પહેરેગીરોને કોઇને પણ આજ્ઞા વિના અંદર ન આવવા દેવાની તાકીદ કરીને હમ્મીરજીએ દૂતને પૂછ્યું કે: “શા ભયંકર સમાચાર છે?”

“અન્નદાતા, ગુજરાતનો સુલ્તાન મહમ્મદ બેગડો અમદાવાદથી હાલમાં સિંધ તરફ જાય છે અને તે આપણા દેશમાં થઇને જ જવાનો છે. મારા સાંભળવામાં આવી છે તે વાત જો ખરી હોય, તો તેની આપણી સાથે યુદ્ધ કરવાની પણ કાંઇક ઇચ્છા છે. એટલે જો એવું કાંઇ પણ બને, તો તે વેળાએ શા ઉપાયો યોજવા એના વિચારમાટેનો આપને યોગ્ય સમય મળે એ હેતુથી જીવના જોખમે આ સમાચાર મેં મેળવ્યા છે અને બે દિવસ ખાનપાન વિના પ્રવાસ કરીને આજે હું અહીં આવી પહોંચ્યો છું.”

“વફાદારી ખરેખર આવી જ હોવી જોઇએ,” જામ હમ્મીરજીએ ધન્યવાદ આપતાં કહ્યું.

“બાવાના આ શબ્દોપર અમારા પ્રાણ ઓવારી નાખવાને પણ અમે તૈયાર છીએ,” દૂતે કૃતજ્ઞતા દર્શાવી.

“કેમ પ્રધાનજી, જો આ દૂતના લાવેલા સમાચાર પ્રમાણે જ બધી ઘટના બની આવે, તો એ સુલ્તાનને અહીંથી ટાળવાનો આપણે શો ઉપાય કરવો વારુ?” હમ્મીરજીએ પ્રધાનને ઉદ્દેશીને પૂછ્યું.

“અત્યારે આપણી પાસે સૈન્ય તથા સત્તાનું એ સુલ્તાન જેટલું બળ તો નથી જ એટલે એની સામા યુદ્ધમાં ઉતરવાથી તો સર્વથા હાનિ થવાનો જ સંભવ છે. હાલમાં તો આપણે રાજનીતિના કોઇ અનુકૂળ તત્ત્વનું અવલંબન કરીને સમય વીતાડી દેવો જોઇએ,” પ્રધાને અભિપ્રાય દર્શાવ્યો.

“ત્યારે હમણાં આપણે કઈ રાજનીતિનો ઉપયોગ કરવો?” હમ્મીરજીએ અત્યન્ત આતુરતાથી પૂછ્યું.

“રાજર્ષિ શ્રી ભર્તૃહરિએ રાજનીતિની વ્યાખ્યા આ પ્રમાણે કરેલી છે:—

‘सत्यानृता च परुषा प्रियवादिनी च हिंस्रा दयालुरपि चार्थपरा वदान्या ।
नित्यव्यया प्रचुरनित्यधनागमा च वेश्याङ्गनेव नृपनीतिरनेकरूपा’ ॥

એનો ભાવાર્થ એવો થાય છે કે, રાજનીતિ કોઇ વાર કેવળ સત્ય-

નું જ અવલંબન કરી રહે છે, તો કોઈ વાર કેવળ અસત્યતાનું જ સ્વરૂપ બની જાય છે; કોઈ વેળાએ કર્કશા હોય છે, તો કોઇ વાર પ્રિયવાદિની પણ થાય છે; કોઈ વાર ઘાતુક તો કોઈ વાર દયાળુ; કોઈ વાર ધનલોભિની તો કોઈ વાર દાનશીલા તેમ જ નિત્યવ્યયકારિણી અને અત્યંત ધન મેળવનારી એવી રીતે ભૂપાલની નીતિ વેશ્યાનારી પ્રમાણે અનેક રૂપવાળી હોવાનું કહેલું છે." રાજનીતિની એ પ્રમાણે વ્યાખ્યા કરીને ભૂધરશાહે જણાવ્યું કે: "આ પ્રસંગે આપણે આપણી રાજનીતિને સર્વથા પ્રિયવાદિની બનાવી નાખવી જોઇએ. આપણી પોતાની નિર્બળતા બતાવીને તેની સબળતાનાં યશોગાન ગાવાં જોઇએ. પોતાની પ્રશંસા સાંભળીને પ્રત્યેક મનુષ્યને એક પ્રકારનો આનંદ થાય છે અને જ્યાં આનંદ થયો, ત્યાં તેનો અર્ધ કોપ તો તે ક્ષણે જ નષ્ટ થઈ જાય છે. આ વેળાએ આપણે બળથી નહિ, કિન્તુ કળથી જ કામ લેવાનું છે. મારી તો આ મંત્રણા છે, પછી તો જેવો મહારાજાધિરાજનો વિચાર," એમ કહીને તે રાજાના ઉત્તરની વાટ જોવા લાગ્યો.

વિચારાન્તે જામ હમ્મીરજીને પણ સંકટને ટાળી દેવાનો એ જ ઉપાય પ્રશસ્ત–યોગ્ય–જણાયો અને તેથી તેણે પોતાના પ્રધાનની મંત્રણાને અનુમતિ આપતાં કહ્યું કે: "ભલે જેમ તમને યોગ્ય લાગે તેમ કરજો; તમને એની પૂર્ણ સ્વતંત્રતા આપવામાં આવે છે."

"મારાથી થશે ત્યાં લગી તો હું કચ્છ રાજ્યનું અકલ્યાણ થવા દેવાનો નથી," ભૂધરશાહે કહ્યું.

"મારો તમારા વચન અને કૃત્યમાં પૂર્ણ વિશ્વાસ છે," હમ્મીરજીએ કહ્યું.

* * * * *

ત્રીજે દિવસે પ્રભાતમાં ગુપ્ત રાજદૂતોએ આવીને સમાચાર આપ્યા કે: "અમદાવાદનો સુલ્તાન મહમ્મદ બેગડો પોતાના વિશાળ સૈન્યસહિત આવીને રાપર પાસેના જંગલમાં છાવણી નાખી પડેલો છે."

હમ્મીરજીએ પોતાના પ્રધાનને, આગળથી કરી રાખેલી મંત્રણા પ્રમાણે, ત્વરિત જ મહમ્મદ બેગડાની છાવણીમાં જવાની આજ્ઞા કરી. રાજાની આજ્ઞા પ્રમાણે યોગ્ય ઉપહાર–નજરાણું–લઇને સચિવ ભૂધરશાહ સુલ્તાનની છાવણીમાં જવાને ચાલતો થયો.

## દ્વિતીય પરિચ્છેદ

## બેગડાની માગણી

[ જે વેળાએ કચ્છમાં જામ હમ્મીરજીનો રાજ્યાધિકાર પ્રવર્ત્તતો હતો, તે સમયે ગુજરાતમાં મહાપ્રતાપી સુલ્તાન મહમ્મદ બેગડાની હુકૂમત ચાલતી હતી, એ નવેસરથી કહેવાની કશી પણ અગત્ય નથી. 'બેગડો' ઉપનામ એક મુસલ્માન સુલ્તાનના નામ સાથે જોડાયલું જોઈને ઘણાકોના મનમાં આશ્ચર્ય થાય એ સ્વાભાવિક છે; કારણ કે, એવા પ્રકારનું ઉપનામ બીજા કોઈ પણ મુસલ્માન બાદશાહ, સુલ્તાન કિંવા નવ્વાબ આદિના નામ સાથે જોડાયલું હોય, એમ ઇતિહાસના અવલોકનથી આપણા જોવામાં આવી શકતું નથી. 'મીરાતે સિકન્દરી' નામક ગુજરાતના ફારસીભાષામાં લખાયલા ઇતિહાસનો કર્તા એ વિષે લખે છે કે: "બેગડો ગુજરાતી ભાષામાં તેવા બળદને કહે છે કે જેનાં શીંગડાં આગળના ભાગમાં નીકળી આવીને જાણે કોઈ મનુષ્યે કોઇને આલિંગન આપવાને હાથ પહોળ્યા કર્યા હોય તે પ્રમાણે વળેલાં હોય છે. અર્થાત્ એ સુલ્તાનની મૂછો એવી તો ઘાટી અને લાંબી હતી કે તે એવા બેગડા બળદનાં શીંગડાં જેવી દેખાતી હતી અને તેથી તેને બેગડા ઉપનામથી ઓળખવામાં આવતો હતો. બીજા કેટલાકો એમ પણ કહે છે કે, મહમ્મદ સુલ્તાને જૂનાગઢ અને ચાંપાનેર એ બે ગિરિદુર્ગોપર વિજય મેળવેલો હોવાથી એ બેગડો (બેગઢવાળો) કહેવાતો હતો. આમાં સત્ય શું છે, તે પરમાત્મા જાણે." ]

મહમ્મદ બેગડો ગુજરાતનો એક મહાપ્રતાપી સુલ્તાન થઇ ગયો છે, તેણે અનેક વિજયો મેળવ્યા હતા અને ગુજરાતમાં તેના રાજત્વકાળમાં અનેક પ્રકારની સુધારણાઓ તથા સુવ્યવસ્થાઓ થઈ હતી, એ વાર્ત્તા ગુજરાતના ઇતિહાસમાં પ્રસિદ્ધ હોવાથી તે વિશે અહીં વિશેષ વિવેચન કરવાની આવશ્યકતા નથી. સિંધના સુમરા અને સોઢા નામક હિન્દુ રાજપૂત જાતિના લોકોને પ્રથમ મુસલ્માન બનાવનાર, એ સુલ્તાન બેગડો જ હતો, એમ 'મીરાતે સિકન્દરી'નો કર્તા લખે છે. [મહમ્મદ બેગડાએ સિંધપર ત્રણ વાર ચઢાઈ કરી હતી; પ્રથમ ઇ. સ. ૧૪૭૧ માં, બીજી ઇ. સ. ૧૪૭૨ માં અને ત્રીજી ઇ. સ. ૧૫૦૬ની લગભગમાં. આપણી વાર્તાનો સમય ઇ. સ. ૧૫૦૬ નો જ છે. સુલ્તાન બેગડો સિંધમાંની કેટલીક બળવાખોર જાતિના લોકોને દાબી દેવાના હેતુથી સિંધ તરફ જવા નીકળ્યો હતો અને તેનો માર્ગ કચ્છમાં થઇને જવાનો હોવાથી ઉપર જણાવ્યા પ્રમાણે તેણે કચ્છમાંના એક વિશિષ્ટ સ્થાનમાં પોતાની છાવણી નાખી હતી. ]

લગભગ બે માઇલ જેટલા ઘેરાવામાં બેગડાની છાવણીનો વિસ્તાર જોવામાં આવતો હતો. છાવણીમાં અનેક તંબૂઓ ઉભા કરી દેવામાં આવ્યા હતા; છતાં સુલ્તાનનો પોતાનો તંબૂ દૂરથી પણ ઓળખી શકાતો હતો. સુલ્તાનનો તંબૂ મખમલ અને ઝીકના ભરતકામથી ભરપૂર હતો તેમ જ તેના શિખરે રાજપતાકા અને સુવર્ણનો અર્ધચન્દ્ર શોભી રહ્યાં હતાં. સુલ્તાન આ વેળાએ પોતાની બેગમો અને રખાયતોને સાથે લાવ્યો નહોતો એટલે છાવણીમાં કેવળ કેટલીક ખિદમતગાર લોંડીઓ વિના સ્ત્રીઓની વિપુલતા જોવામાં આવતી નહોતી. દિવસના લગભગ તૃતીય પ્રહરનો સમય થયેલો હતો અને સુલ્તાન પોતાના વિશાળ તંબૂમાં સાદા પોશાકમાં જ સજ્જ થઈ હુક્કા પાણીનો આસ્વાદ લેતો પોતાના સરદાર તથા અમીરો સાથે કચ્છ રાજ્ય વિશેની જ કેટલીક ચર્ચા ચલાવતો બેઠો હતો. એટલામાં અચાનક એક પહેરેગીરે આવી કોર્નિશ્ કરીને જણાવ્યું કે: "આલમપનાહ, કચ્છના રાજાના દીવાન નજરાણું લઇને હુજૂરેવાલાની કદમબોસીમાટે આવ્યા છે; જો હુકમ હોય તો મોકલું."

"જાઓ અને તેમને ઇજ્જતની સાથે અહીં લઈ આવો," સુલ્તાને પોતાની યોગ્યતાને દર્શાવનારી આજ્ઞા કરી અને પહેરેગીર મસ્તક નમાવીને ચાલ્યો ગયો.

ભૂધરશાહ થોડી વારમાં જ સુલ્તાન સમક્ષ આવીને ઉભો રહ્યો અને રાજરીતિ પ્રમાણે અદબથી સલામ અકરામ કરીને હમ્મીરજીએ મોકલાવેલું નજરાણું સુલ્તાનને ભેટ ધર્યું. નજરાણાનો આનંદથી સ્વીકાર કરીને ચાણક્યબુદ્ધિ સુલ્તાને તેને સવાલ કર્યો કે: "દીવાન સાહબ, તમારા કચ્છના રાજા સાથે અમારો કોઇ પણ પ્રકારનો સંબંધ ન હોવા છતાં તેમણે આ નજરાણું મોકલવાની તસ્દી લીધી અને વિવેક બતાવ્યો, એનો ભાવાર્થ શો વારુ?"

"એનો ભાવાર્થ એ જ કે, આપ શત્રુતાનું કોઇ પણ પ્રકારનું ચિહ્ન બતાવ્યા વિના જ અમારા દેશમાં પધાર્યા છો અને જે કોઇ પણ શાંતિથી દ્વારમાં આવે તે અતિથિ મનાય છે. વળી અતિથિનો સત્કાર કરવો એ અમારા આર્ય ધર્મનો પરમ સિદ્ધાન્ત હોવાથી આપનો આપની યોગ્યતા પ્રમાણે અમારે આદર સત્કાર કરવો જ જોઇએ," ભૂધરશાહે સમયસૂચકતાથી યોગ્ય અને સંતોષકારક ઉત્તર આપ્યું.

"દીવાન સાહબ, તમારા રાજાના આ યોગ્ય વર્તનથી મારા મનમાં અતિશય આનન્દ થયો છે. મારી પણ એ જ ઇચ્છા છે કે તમારા રાજા સાથે મારી મૈત્રી સદાને માટે જળવાયલી જ રહે," સુલ્તાને કહ્યું.

"પરંતુ હુજૂરેવાલાનું કયા ખાસ ઉદ્દેશથી કચ્છમાં પધારવું થયું છે, તે જો હરકત ન હોય તો કૃપા કરીને જણાવશો?" ભૂધરશાહે વિનીતભાવથી પોતાના સ્વાર્થનો પ્રશ્ન પૂછ્યો.

"હું આવ્યો તે વેળાએ તો મારો ઉદ્દેશ એ જ હતો કે આ કચ્છ દેશને જીતીને મારી સલ્તનતમાં મેળવી દેવો," સુલ્તાને એક પ્રકારના વિશિષ્ટ કટાક્ષથી ઉત્તર આપ્યું.

"પણ જહાંપનાહ, કચ્છ દેશને જીતી લઇને લાભ શો મેળવશો? કારણ કે, આ પ્રદેશ ગુજરાત પ્રમાણે ધનધાન્યની સમૃદ્ધિવાળો નથી. આપના જેવા એક વિશાળ સત્તા અને સંપત્તિ ધરાવતા સુલ્તાનની કીર્તિમાં આ દેશને જીતી લેવાથી શો વધારો થઇ શકશે, તે મારા ધ્યાનમાં આવી શકતું નથી. ડુંગર ખોદીને ઉંદર કાઢ્યા જેવું જ થવાનું," ભૂધરશાહે કહ્યું.

"ત્યારે શું આ દેશમાં કોઇ પણ સારા પદાર્થની વિપુલતા નથી જ કે? એમ કદાપિ હોઇ શકે ખરું કે?" સુલ્તાને આશ્ચર્યચકિત થઇને પ્રશ્ન કર્યો.

"અમારા કચ્છ દેશમાં માત્ર વાલુકા અને પાષાણ જોઇએ તેટલા વિપુલ પરિમાણમાં મળી શકે છે," ભૂધરશાહે વિનોદ અને માર્મિકતા મિશ્રિત ઉત્તર આપ્યું.

"ત્યારે શું, અમે અહીં સુધી આવ્યા, તે અમારી તલ્વારનો કોઈ પણ પ્રકારે વિજય કર્યા વિના ખાલી હાથે જ પાછા ચાલ્યા જઇએ કે? એમ તો બને જ નહિ. જો તમારો રાજા અમારી તાબેદારી કબૂલ કરીને અમુક વાર્ષિક ખંડણી આપવાના કોલકરાર કરતો હોય, તો અમે લડાઈ નહિ કરીએ; પરંતુ જો એમ ન થાય, તો પછી યુદ્ધ વિના બીજો ઉપાય જ નથી," મહમ્મદ બેગડાએ પોતાનો અભિપ્રાય દર્શાવ્યો.

["ખંડણી આપી શકાય એટલી રાજ્યની ઉપજ જ ક્યાં છે જો!] અહીં તો ઢોરોની વિપુલતા છે; માટે જો ઇચ્છા હોય, તો પ્રતિવર્ષ અમુક સંખ્યામાં ઢોરો આપવાને અમે તૈયાર છીએ. અહીં એવી બીજી એક પણ વસ્તુ મારા જોવામાં નથી આવતી કે જે આપના જેવા એક જહાંગીર સુલ્તાનને નજર કરવાને લાયક હોય!" ભૂધરશાહે શાંતિથી કહ્યું.

[ "એ તો તમારા સાદા પોશાકપરથી જ જણાઈ આવે છે કે આ રાજ્યમાં વધારે સમૃદ્ધિ નહિ જ હોય. તો પણ અમારે અહીંથી ખાલી હાથે પાછા ફરવું પડે, એ તો યોગ્ય ન જ કહેવાય. મેં સાંભળ્યું છે કે, કચ્છના રાજાની રાજકુમારી બહુ જ સ્વરૂપવતી અને સદ્‌ગુણવતી છે; માટે જો તેનાં લગ્ન મારી જોડે કરી આપવામાં આવે, તો પછી બીજી કોઈ પણ વસ્તુની મને ઇચ્છા કે આકાંક્ષા નથી.]

[ જાઓ અને તમારા રાજાને મારો એ છેલ્લામાં છેલ્લો વિચાર કહી સંભળાવો," એગડાએ પોતાનો અંતિમ વિચાર સ્પષ્ટ શબ્દોમાં કહી સંભળાવ્યો. ]

એગડાની એ વિલક્ષણ માગણીને સાંભળી ભૂધરશાહ મહાગંભીર વિચારમાં પડી ગયો અને થોડી વાર થોભી જવા પછી તેણે નમ્રતાથી કહ્યું કે: "ગેતીપનાહ, એમ તે કેમ બની શકે વારુ? આ કાર્યમાં ધર્મની મહાબાધા આવી પડે છે. આપ મુસલ્માન અને અમારા રાજા આર્ય ક્ષત્રિય, એટલે આપની સાથે તેઓ પોતાની કન્યાનો શરીર-સંબંધ કેમ કરીને જોડી શકે, એનો આપ જ વિચાર કરી જુઓ."

"હિન્દુ અને મુસલ્માનમાં ખરી રીતે જોતાં કશો પણ તફાવત નથી જ. મારા વચનને માન્ય રાખવાથી ભવિષ્યમાં તમને ઘણો જ લાભ થવાનો સંભવ છે. માટે જાઓ અને મારી આ માગણીને પૂરી કરવાની વ્યવસ્થા બનતી ઉતાવળે કરી નાખો," એગડાએ દૃઢતાથી કહ્યું.

"હું એમાટેનું આપને નિશ્ચિત વચન આપી શકતો નથી. રાજાને જઇને આપનો આ સંદેશો સંભળાવું છું. આમ કરવું કે ન કરવું, એનો આધાર તેમની ઇચ્છાપર રહેલો છે," ભૂધરશાહે પોતાનું અસામર્થ્ય વ્યક્ત કર્યું.

"ભલે, હું તમને ત્રણ દિવસની મુદ્દત આપું છું. એટલા સમયમાં તમારા રાજાની જેવી ઇચ્છા હોય તે ઇચ્છા મને જણાવી દેજો, એટલે પછી મારે શું કરવું એના એક નિશ્ચયપર હું આવીશ. પણ દીવાન સાહબ, એ તો તમે જાણો જ છો કે પોતાના રાજાનું ભલું કરવું અને રાજાને હિતકારક માર્ગમાં લઈ જવો, એ જ સારા દીવાનનું પ્રથમ કર્ત્તવ્ય હોય છે; એટલે અત્યારે તમારે તમારા રાજાને ખરા હિતનો માર્ગ બતાવવો જ જોઇએ. મારા સંબંધ અને મૈત્રીભાવમાં તમારા રાજાના કેટલા અને કેવા લાભો સમાયલા છે, એનું ભાન કરાવવું એ કામ તમારું છે. તમે શાણા અને સમજૂ દીવાન છો, એટલે વધારે બોલવું હું બ્યાજબી ધારતો નથી," એટલું કહીને સુલ્તાન ત્યાંથી ઉઠી નમાજ પઢવા ચાલ્યો.

પ્રધાન ભૂધરશાહ કચ્છરાજ્ય અને પોતાના રાજાની ભાવિ દશા વિષે મનમાં અનેક પ્રકારના અનુકૂળ પ્રતિકૂળ વિચાર કરતો ત્યાંથી ઉઠ્યો અને પોતાના અનુચરો સહિત પાછો લાખિયાર વિયરામાં આવી પહોંચ્યો. ત્યાં આવીને તેણે સુલ્તાન સાથે થયેલો બધો સંવાદ જામ હમ્મીરને અથથી ઇતિપર્યન્ત કહી સંભળાવ્યો.

જામ હમ્મીરના મુખમંડળમાં કૃષ્ણતાની છટા દેખાવા લાગી. તે

મહાભયંકર ચિન્તામાં પડી ગયો. થોડી વાર સુધી તો તે કાંઈ પણ બોલ્યો નહિ. અન્તે તેણે ભૂધરશાહને કહ્યું કે: "પરંતુ અમો આર્ય અને ઉત્તમ ક્ષત્રિય, અને તે મુસલ્માન સુલ્તાન; એટલે આ શરીરસંબંધ બની જ કેમ શકે?"

"આપની આ વાત સાચી છે; પણ કરવું કેમ? એ વિના બીજો કોઈ ઉપાય જ નથી," ભૂધરશાહ બોલ્યો.

"કોઈ રીતે નાણાંની રકમ આપીને તેનું મન મનાવી શકાય તેમ નથી કે?" હમ્મીરજીએ પાછો સવાલ કર્યો.

"સુલ્તાનનું ડાચું ભરી શકાય, એટલું બધું નાણું આપણા ખજાનામાં છે ખરું કે?" પ્રધાન ભૂધરશાહે સામો સવાલ કર્યો.

"શું નાણાંની તે એટલી મોટી રકમ માગશે કે જે આપણાથી ન જ આપી શકાય?" હમ્મીરજીએ સાશંક મુદ્રાથી પૂછ્યું.

"ત્યારે આપ શું ધારો છો વારુ? ગમે તેવો પણ એ સુલ્તાન છે, એટલે જેવી તેવી રકમ એના ધ્યાનમાં પણ આવે ખરી કે?" પ્રધાને કહ્યું.

"ભૂધરશાહ, તમે મારા હિતૈષી અને રાજ્યનું કલ્યાણ ઇચ્છનાર સચિવ છો, તો પણ એટલું તો મારે કહેવું જ જોઇએ કે વાણિયા હોવાથી તમારામાં આત્માભિમાન કિંવા સ્વાભિમાનનો તો અભાવ જ છે. નાણાંની આપણાથી બની શકે તેટલી રકમ આપવા છતાં પણ જો સુલ્તાન ન માનતો હોય, તો હું યુદ્ધ કરીશ અને યુદ્ધભૂમિમાં મારા પ્રાણનું બલિદાન આપીશ; પરંતુ મુસલ્માનને કન્યા આપીને કચ્છના રાજ્યકર્ત્તા જાડેજાઓની નિર્મળ કીર્તિને સદાને માટે કલંકિત તો નહિ જ થવા દઉં. શું, સુલ્તાન પુરુષ છે અને આપણે હાથમાં બંગડીઓ પહેરીને બેઠા છીએ કે? આમ નહિ બને તે નહિ જ બને!" હમ્મીરજીએ પોતાના ક્ષત્રિયસ્વભાવનું દર્શન કરાવીને કોપથી એ વાક્યો ઉચ્ચાર્યાં.

"અન્નદાતા, આપ વિના કારણ ઉશ્કેરાઈ જાઓ છો. જો શાંતિથી વિચાર કરી જોશો, તો તરત આપને દેખાઈ આવશે કે કમાબાઇનાં લગ્ન સુલ્તાન સાથે કરી આપવાથી આપના રાજકુળને કલંક લાગવાનો લેશ માત્ર પણ સંભવ નથી," ભૂધરશાહે માર્મિકતાથી કહ્યું.

"શું કમાબાઈ મારી પુત્રી નથી?" પ્રધાનના સત્ય આશયને ન સમજવાથી હમ્મીરજીએ વિચિત્ર પ્રશ્ન કર્યો.

"ત્યારે શું અલૈયાજી આપના પુત્ર નથી? અલૈયાજી આપના સર્વથી જ્યેષ્ઠ પુત્ર હોવા છતાં કુમારશ્રી ખેંગારજીને યુવરાજપદ શામાટે આપવામાં આવ્યું છે વારુ?" ભૂધરશાહે કહ્યું.

"એનું કારણ એ છે કે, અલૈયાજી મારી રખાયતનો પુત્ર છે અને ખેંગારજી રાણીજાયો રાજકુમાર છે," હમ્મીરજીએ કહ્યું.

"એ જ નિયમ કમાબાઇને પણ લાગૂ પડે છે. કમાબાઈ આપની રખાયતના ઉદરથી જન્મેલાં પુત્રી છે; કાંઈ રાણીજાયાં નથી," પ્રધાને મૂળ કારણનું દર્શન કરાવ્યું.

"માન્યું કે, કમાબાઈ રાણીજાયાં નથી; પરંતુ તે રાજબીજ છે, એની તો તમારાથી ના પાડી શકાય તેમ નથી જ," હમ્મીરજીએ બીજો વાદ ઉપસ્થિત કર્યો.

"બીજની જાતિ એક હોવા છતાં તે જેવી ભૂમિમાં વવાઇને ઉગી નીકળે છે તે ભૂમિની યોગ્યતા પ્રમાણે તેના પાકની યોગ્યતામાં ભેદ રહેલો હોય છે. અલૈયાજી રાજબીજ હોવા છતાં રાણીજાયા ન હોવાથી જેમ યુરાજપદવીને યોગ્ય ગણાતા નથી, તેવી જ રીતે કમાબાઈ પણ રાજબીજ હોવા છતાં રાણીજાયાં ન હોવાથી રાણીજાયાં રાજકુમારી જેટલી તેમની યોગ્યતા અને પ્રતિષ્ઠા ન હોય એ સર્વથા સ્વાભાવિક જ છે. એટલામાટે જ મારો એ આગ્રહ છે કે આ લગ્ન કરી નાખવાં. આમ કરવાથી જેટલો અત્યારે આપણને લાભ છે, તેટલો જ કિંબહુના તેથી વધારે લાભ કમાબાઇનો પોતાનો પણ છે," પ્રધાને યથાર્થ બુદ્ધિવાદ કરીને કહ્યું.

"એમાં કમાબાઇનો શો લાભ છે વારુ?" હમ્મીરજીએ પૂછ્યું.

"એ જ કે, કમાબાઈ રાણીજાયાં રાજકુમારી ન હોવાથી કોઇ પણ ક્ષત્રિય રાજકુમાર તો એમનું પાણિગ્રહણ કરવાનો નથી જ અર્થાત્ કમાબાઇ કોઇ નીચ કુળના અને સાધારણ સ્થિતિના મનુષ્યનાં પત્ની થાય, તેના કરતાં સુલ્તાનની સુલ્તાના બનીને અગાધ રાજવૈભવ ભોગવે એ શું તેમનો મોટામાં મોટો લાભ નથી કે?" પ્રધાને કહ્યું.

"પ્રધાનજી, તમારું કથન સત્ય છે અને તમારા કથનથી મારા મનમાંની સર્વ શંકાઓ જતી રહી છે. આ સંબંધ સાંધવામાં હવે હું કશો પણ વાંધો જોતો નથી. માત્ર એક શંકા થાય છે અને તે એ કે કમાબાઈ પોતે આ વાર્ત્તાને કબૂલ કરશે કે કેમ? જો તે હઠ પકડીને ના પાડશે, તો માત્ર અડચણ આવશે," હમ્મીરજી બોલ્યો.

"પુત્રી માતાના વચનને વિશેષ માન આપે છે; માટે આપ પોતે પધારીને કમાબાઇનાં માતુશ્રીને બધી વાત સમજાવશો, તો તેઓ ભલાં, ભોળાં અને આપપ્રતિ અત્યંત પ્રેમ ધરાવનારાં હોવાથી પોતાની પુત્રીને ગમે તેમ કરીને સમજાવશે અને ખરા રસ્તાપર લાવશે," પ્રધાને મંત્રણા આપી.

"એ જ યોગ્ય ઉપાય છે. મારો નિશ્ચય છે કે મારા વચનનો તે કદાપિ તિરસ્કાર કરવાની નથી. હું હવે રાણીવાસમાં જાઉં છું અને તમો પણ રાત્રિ વિશ્રાંતિમાં વીતાડો," એ પ્રમાણે આજ્ઞા કરીને હમ્મીરજી દોઢ પ્રહર રાત્રિ વીતેલી હોવાથી અંતઃપુરમાં ચાલ્યો ગયો અને ભૂધરશાહ પોતાના નિવાસસ્થાન તરફ પ્રયાણ કરી ગયો.

——:o:——

## તૃતીય પરિચ્છેદ

## કમાબાઇનાં લગ્ન

જામ હમ્મીરજીની ધારણા સફળ થઇ. [કમાબાઇની માતા રાજબાએ પોતાના પ્રિયકરની ઇચ્છાને માન્ય કરી પુત્રી કમાબાઇને સમજાવી અને કુમારીની અનિચ્છા હોવા છતાં અંતે તેના મુખથી એ સંબંધમાટેની હા પડાવી.] કુમારીની અનુમતિ મળતાં જ રાજાએ ભૂધરશાહને બોલાવીને આજ્ઞા કરી કે: "પ્રધાનજી, ત્યારે હવે તમે જાઓ અને અમદાવાદના સુલ્તાનને તેની આખી ફોજ સાથે અહીં લઇ આવો. અત્યારે, એ જાનને જાણે ઇશ્વિરે પોતે જ મોકલી હોયની! એમ જ આપણે માની લેવાનું છે."

"જેવી બાવાની આજ્ઞા," એમ કહી ભૂધરશાહ મનમાં હર્ષાતો હર્ષાતો દરબારગઢમાંથી બહાર આવી સાંઢિયાપર સ્વાર થયો અને તે સાંઢિયો ચાલવામાં ઘણો જ ઉતાવળો હોવાથી થોડા જ વખતમાં તે મહમ્મદ બેગડાની છાવણીમાં આવી પહોંચ્યો.

"કેમ દીવાનજી, શા સમાચાર છે?" સુલ્તાને પૂછ્યું.

ભૂધરશાહે અદબથી મુજરો કરીને એના ઉત્તરમાં જણાવ્યું કે: "હજરત સલામત, શુભ સમાચાર છે. આપની ઇચ્છા પ્રમાણે અમારાં રાજકુમારી સાથે આપનો વિવાહસંબંધ કરી આપવામાં કશો પણ બાધ નથી. પરંતુ અમારી એક ઇચ્છા પ્રમાણે આપને વર્ત્તવું પડશે."

"તમારી તે ઇચ્છા શી છે?" સુલ્તાને ઉત્સુકતાથી પૂછ્યું.

"એ જ કે લગ્નવિધિ અમારા આર્યધર્મશાસ્ત્રના નિયમ અનુસાર કરવામાં આવશે," ભૂધરશાહે જણાવ્યું.

"તમે ગમે તે વિધિથી શાદી કરો, એમાં અમને કોઇ પણ પ્રકારનો વાંધો નથી," સુલ્તાને તરત જવાબ આપી દીધો.

"આપની આ ઉદારતામાટે અમે આપનો અત્યંત આભાર માનીએ છીએ," એમ કહીને પછી તરત જ ભૂધરશાહે જણાવ્યું કે: "ત્યારે ચાલો, તમારી આ ફોજને અમારા ગામને પાદરે છાવણી નાખવાનો હુકમ ફરમાવો."

"મારી પણ એવી જ ઇચ્છા હતી કે આ કામ જેમ જલ્દી આટોપાઇ જાય, તેમ વધારે સારૂં; કારણ કે, મારે પાછું થોડા જ દિવસમાં સિંધુદેશમાં જઈ પહોંચવું છે." એવી રીતે ભૂધરશાહને પોતાનો મનોભાવ જણાવી સુલ્તાને પોતાની ફૌજના સિપાહસાલાર–સેનાપતિ–ને આજ્ઞા કરી કે: "આપણી ફૌજમાં સર્વને આનંદ ઉત્સવ કરવાનો અને ગામને પાદરે છાવણી નાખવાનો હુકમ કરી દ્યો. હું થોડાક સિપાહીઓ સાથે અત્યારે જ ત્યાં કૂચ કરી જાઉં છું."

"જેવું હુજૂરેવાલાનું ફરમાન!" સિપાહસાલારે એ શબ્દો ઉચ્ચારી ત્યાંથી છાવણીમાં આવીને આજ્ઞા પ્રમાણેની સર્વ વ્યવસ્થા કરી નાખી.

સુલ્તાન મહમ્મદ બેગડો પોતાના એક સો અશ્વારોહી સૈનિકો સાથે ભૂધરશાહ પ્રધાનના સંભાષણનો આસ્વાદ લેતો લાખિયાર વિયરા તરફ જવાને નીકળ્યો. "એક આર્યપુત્રી આવીને આજે મારા અંતઃપુરને ઓપાવશે!" એવા વિચારથી તેનો હર્ષ હૃદયમાં દાબ્યો દબાતો નહોતો. અસ્તુ.

હવે આપણે નગરમાં કેવીક ધામધૂમ ચાલે છે, તેનું કાંઇક અવલોકન કરીશું. ચાલો, ત્યારે પાઠક તથા પાઠિકાઓ, તમે પણ અમારી સાથે વિવાહસમારંભનું નિરીક્ષણ કરવા.

* * * * *

મહમ્મદ બેગડો લાખિયાર વિયરે આવ્યો અને ત્યાં તેનો ઘણો જ આદરસત્કાર કરવામાં આવ્યો. કોઠાર (મોદીખાનું)ને ખુલ્લો રાખીને સર્વને સીધાં આપવામાં આવ્યાં અને ઘોડા, હાથી તથા બીજાં વાહનોને ઘાસ દાણો આપવામાં આવ્યાં. સુલ્તાનને રમણીય ઉદ્યાનભવનમાં ઉતારો આપી ઘટિકાલગ્ન જોવડાવી રાજા અને પ્રધાને લગ્નની તૈયારી કરવા માંડી. નગરની નારીઓ રાજમહાલયમાં એકઠી થઈ અને પોતાના સુમધુર સુકોમલ કોકિલકંઠથી ગીતો ગાવા લાગી. પુરુષસમાજને કલાવતીઓ નૃત્ય અને સંગીતનો આસ્વાદ આપવા લાગી. નગરમાં પ્રત્યેક સ્થાને આનંદ મંગળનો પ્રસાર થઈ ગયો. લોકો આ વિચિત્ર લગ્ન વિષે પરસ્પર નાના પ્રકારની ચર્ચા ચલાવવા લાગ્યા. કોઈ હિન્દુએ કહ્યું કે: "રાજકુમારી તો અપ્સરા જેવી સ્વરૂપવતી છે અને વરરાજા તો દૈત્યરાજ જેવો છે." બીજાએ કહ્યું કે: "દાઢીવાળો વર જ્યારે તોરણે આવશે, ત્યારે કેવો શોભશે વારુ?" ત્રીજો બોલ્યો કે: "કન્યા હિન્દવાણી અને વર મુસલમાન, એમ તે કોઈ વાર થતું હશે કે?" એના જવાબમાં ચોથાએ જણાવ્યું કે: "એ તો રાજાઓમાં એમ જ ચાલતું આવ્યું છે; અને આ કમાબાઈ તો વળી રાણીજાયાં પણ નથી,

એટલે પછી વાંધો શો હોય? જે થયું છે તે સારામાટે જ થયું છે." ઇત્યાદિ અનેક પ્રકારની ચર્ચા ચાલવા લાગી. કેટલાક તરુણો મુસલ્માનોના લશ્કરમાં જઇને તેમને મોઢાંમાંથી જે આવે તે ગાળો ભાંડવા લાગ્યા અને એનું કારણ પૂછતાં તેમણે જણાવ્યું કે: "ભાઈ, તમે જાનૈયા છો અને એથી અમારો તમને ગાળો ભાંડવાનો હક છે." એથી મુસલ્માન સૈનિકો હસીને છાના રહી ગયા. કહ્યું જ છે કે;–

"ફીકી યહિ નીકી લગે, કહિયે સમય બિચારિ;
સબકો મન હર્ષિત કરે, જ્યોં વિવાહમેં ગારિ!"

એમ કરતાં કરતાં પ્રદોષસમય થવા આવ્યો અને બ્રાહ્મણો લગ્નવિધિની તૈયારી કરવામાટે દોડધામ કરવા લાગ્યા. જામ હમ્મીરજી પોતે બીજા કેટલાક ભાયાતો તથા દરબારીઓને લઇને જમાઇરાજને તેડવા ગયા ને તેને વાજતે ગાજતે તેડી લાવ્યા. લગ્નમંડપ તૈયાર જ હતો, તેમાંના એક સિંહાસને વરરાજાને બેસાડવામાં આવ્યો. સર્વ જાનૈયા પણ યોગ્ય સ્થળે બેઠા અને વિપ્રરાજ વિધિપૂર્વક લગ્ન કરાવા લાગ્યા. રાજકુમારીને લાવી વેદીની પાસે બેસાડવામાં આવી અને વરરાજાને પણ ત્યાર પછી તેની જોડમાં બેસાડ્યો. જામ હમ્મીરે વિધિ પ્રમાણે તેમને ચાર ફેરા ફેરવીને કન્યાદાન આપ્યું અને પોતાની પુત્રીને દાયજામાં હાથી, ઘોડા, રથ, અમૂલ્ય અલંકારો, વસ્ત્રો અને બીજો પણ લાખો કોરીનો માલ આપ્યો. ત્યાર પછી ભોજનનો બહુ જ મોટો અને દબદબાભરેલો સમારંભ કરવામાં આવ્યો અને જ્યારે નીખેટ કરી ત્યારે સુલ્તાન બેગડાએ કહ્યું કે "મારે તો અહીંથી હવે સિંધમાંના બળવાખોરોપર ચઢાઈ કરવા જવું છે એટલે મારી બેગમને આપ પોતાના રિસાલા સાથે જ મારી રાજધાની અમદાવાદમાં મોકલી દેવાની કૃપા કરશો, તો ઘણો જ આભાર થશે."

"આપ સુખેથી સિંધ તરફ વિદાય થાઓ. અમે કમાબાઇને અમદાવાદ મોકલી આપીશું. એ વિશે આપે કશી પણ ચિન્તા રાખવી નહિ," હમ્મીરજીએ આશ્વાસન આપ્યું.

સુલ્તાન બેગડો પોતાના સૈન્યસહિત સિંધુદેશની દિશામાં પ્રયાણ કરી ગયો.

સુલ્તાનના સિંધુગમનને આઠેક દિવસ થઈ ગયા પછી કમાબાઇને અમદાવાદ તરફ મોકલવાની તૈયારીઓ ચાલી. કમાબાઇની અવસ્થા એ વેળાએ બાવીસ ત્રેવીસ વર્ષની હોવા છતાં અત્યાર સુધી માતાપિતારૂપ છત્રની છાયામાંથી તે દૂર થયેલી ન હોવાથી પોતાના આપ્તજનોનો ભાવિ વિયોગ તે તરુણીને મહાભયંકર દેખાવા લાગ્યો. તે

પોતાની માતાને ઉદ્દેશીને એક દિવસ કહેવા લાગી કે: "માતા, 'દીકરી ને ગાય, જ્યાં દોરે ત્યાં જાય!' એ કહેવતની સત્યતાનો આજે મને પ્રત્યક્ષ અનુભવ થયો છે. સ્ત્રીઅવતારના ભાગ્યની નિર્બળતા આજે એક આર્ય અબળાને મુસલ્માનના ભવનમાં ઘસડી જાય છે. અસ્તુ. ભાવિને આધીન થવું જ જોઇએ, એટલે એ વિશે હું કાંઇ પણ કહેતી નથી. પણ માતાજી, હું અમદાવાદમાં નવીસવી જઇને બધાં અજાણ્યાં માણસોના સહવાસમાં મારા દિવસો કેમ કરીને વીતાડી શકીશ વારુ? તમારા વચનને માન આપી મેં મારા જીવનનું બલિદાન તો આપ્યું, પણ અત્યારે મારી જે એક પ્રાર્થના છે તે મને આશા છે કે તમો અને પિતાશ્રી ઉભય માન્ય કરશો જ."

"તારા જેવી આજ્ઞાધારક પુત્રીની પ્રત્યેક ઇચ્છાને પૂર્ણ કરવી એ પ્રત્યેક માતાપિતાનો પરમ ધર્મ છે. જે ઇચ્છા હોય તે સંકોચ વિના જણાવી દે," રાજબાએ પુત્રીને પ્રેમપૂર્વક કહ્યું.

"મારી એ જ વિનતિ છે કે મારા ભાઈ અલૈયાજીને હાલ તરત મારી સાથે મોકલો. જ્યારે હું ત્યાં બધાં સાથે પળોટાઈ જઇશ અને મને સોવાઈ જશે, તે વેળાએ તરત ભાઇને પાછા મોકલી આપીશ," કમાબાઇએ પોતાની ઇચ્છા વ્યક્ત કરી.

"કેમ ભાઇ, તારી આ વિશે શી ઇચ્છા છે? તું અમદાવાદ જઇશ કે?" માતાએ પાસે બેઠેલા અલૈયાજીને ઉદ્દેશીને પૂછ્યું.

"જો મારા જવાથી બહેનના શોકમાં ઘટાડો થતો હોય, તો હું બહેન સાથે જવાને અત્યારે જ તૈયાર છું. એથી બહેનને પણ આનંદ મળશે અને મને પણ પ્રવાસનો લાભ મળશે," અલૈયાજીએ કહ્યું.

"ધન્ય મારા વીરા! હે પ્રભો, સર્વ બહેનોને ભાઇ આપે, તો આવા જ હૈયામાં બહેનની દાઝ ધરનારા જ આપજે," કમાબાઇએ ભાઇને ધન્યવાદ આપ્યો.

"અલૈયાજી ઉપરાંત અહીંથી હું કેટલીક દાસીઓ તથા કેટલાક સેવકોને પણ તારી જોડે મોકલીશ કે જેથી તને ઓછું ન આવે." રાજબાએ પુત્રીના મનમાં વિશેષ સંતોષ ઉપજાવનારું વાક્ય સંભળાવ્યું.

એ પછીના બે દિવસમાં રાજકુમારીના પ્રવાસમાટેની સર્વ વ્યવસ્થા થઇ ગઇ અને જવાનો સમય આવીને ઉભો રહ્યો. માતાએ શિષ્ટસંપ્રદાય પ્રમાણે કમાબાઇને સાસરે વળાવતી વેળાએ સ્ત્રીધર્મનો યોગ્ય ઉપદેશ આપીને વાત્સલ્યથી કહ્યું કે: "પુત્રિ, તું હવે પ્રભુના નામનું સ્મરણ કરીને પોતાના સદાના નિવાસસ્થાન પતિગૃહે આનંદથી સિધાર. અમારા વિયોગનું વધારે દુઃખ માનીશ નહિ. પુત્રી પારકું ધન

કહેવાય છે અને એક દિવસ તેને પાતને ત્યાં જવું જ પડે છે. તારા ભાગ્યમાં વિધાતાએ જે પતિ લખ્યો હતો તે તને મળ્યો, એમાં અમારો કે તારો કોઇનો કશો પણ દોષ નથી. હવે એ પતિને જ પરમેશ્વરરૂપ માનીને આર્યસ્રીધર્મ અનુસાર આનન્દથી વર્તજે અને વારંવાર તારા કુશળ સમાચાર અમને કહાવજે. પુત્રિ, વધારે સુખમાં પડીને તારાં આ વિયોગદુઃખથી ઝૂરતાં માતાપિતાને વિસારી મૂકીશ નહિ; કિન્તુ સ્મરણમાં રાખજે. જા અને સુખિની થા!".

રાજબા જો કે એક સાધારણ ખવાસણ અને જામ હમ્મીરજીની રખાયત હતી, છતાં હમ્મીરજીના સહવાસમાં આવ્યા પછી તેનામાં એક આર્યસ્રીને યોગ્ય સદ્‌ગુણોનો ઘણો જ સારો વિકાસ થયો હતો. તે એક રાણી કરતાં પણ વિશેષ લજ્જા અને મર્યાદાનું પાલન કરતી હતી અને એટલામાટે જામ હમ્મીરનો તેનામાં અપૂર્વ સ્નેહ બંધાયો હતો તથા પ્રજાના લોકો પણ એ બાઇની સહસ્રમુખે પ્રશંસા કરતા હતા. એવી એક સદ્‌ગુણમંડિતા માતા પોતાની પુત્રીને આવો ઉત્તમ ઉપદેશ આપે એ સર્વથા સ્વાભાવિક જ હોવાથી એ વિષયના વિવેચનની આવશ્યકતા નથી.

શુભ ઘટિકા જોઇને કમાબાઇએ પોતાના માડીજાયા ભાઇ અલૈયાજી, કેટલાંક દાસદાસી તથા રિસાલાના માણસો સહિત લાખિયાર વિયરામાંથી અમદાવાદ જવામાટે પ્રયાણ કર્યું.

પુત્રીના વિયોગથી માતાને પાચ્છળથી અત્યંત દુઃખ થવા લાગ્યું. તેને ગૃહ સ્મશાનવત્ ભાસવા લાગ્યું. પુત્રીનાં બાલ્યાવસ્થાનાં રમવાનાં રમકડાં, વસ્ત્ર અને તેવી જ બીજી વસ્તુઓને નિહાળી તેના મનમાં અનેક પ્રકારના વિચારો ઉદ્‌ભવવા લાગ્યા અને તેની સાથે પુત્રીના સદાના વિયોગની સરખામણી કરતાં તેનું હૃદય શોકથી વિદીર્ણ થઇ જવા લાગ્યું. શોક તો હમ્મીરજીના મનમાં પણ એટલો જ થયો હતો, પણ તે પોતે પુરુષ હોવાથી તેણે પોતાના તે શોકને વ્યક્ત થવા દીધો નહિ; એટલો જ માત્ર ભેદ. પુત્ર પુરુષ હોવાથી તેનો ઘર કરતાં બહાર સાથે વધારે સંબંધ હોય છે અને તેથી તેની ગેરહાજરીથી ગૃહમાં એટલો બધો શૂન્યતાનો ભાસ થતો નથી પરંતુ પુત્રી તો નિરન્તર ગૃહના શૃંગારરૂપ હોવાથી અને રાત્રિદિવસ ગૃહમાં જ વસતી હોવાથી તેના આમ અચાનક દૂર થવાથી કુટુંબિજનોનાં મનમાં અને તેમાં પણ ખાસ કરીને તેની જન્મદાત્રી માતાના મનમાં જે એક પ્રકારનો અનિવાર્ય શોક થાય છે. તેનું યથાર્થ વર્ણન કરવાને કોઇ પણ લેખકની લેખિની સમર્થ નથી. એ શોકનો આઘાત કેવો ભયાનક

હોય છે, એનો જેને ત્યાં એવો પ્રત્યક્ષ પ્રસંગ આવી પહોંચે છે, તેજ સારી રીતે જાણી શકે છે. છતાં પણ માતાપિતા સાસરે સિધાવતી પુત્રીને છાતીપર પત્થર મૂકી ઉત્તમમાં ઉત્તમ બોધ આપે છે, એ તેમની કેટલી બધી સરળતા, દુ:ખસહિષ્ણુતા અને પરોપકારબુદ્ધિ છે, એનો કોઇ પણ સુજ્ઞ પાઠક કિંવા પાઠિકા તર્ક કરી શકે એમ છે.

કમાબાઇના જવા પછી અચાનક તેની માતા રાજબાના મુખમાંથી એવા ઉદ્દગારો નીકળી ગયા કે: "ઓ મારી વ્હાલી દીકરી, હવે આ તારી દુર્ભાગિની માતા પુનઃ તારા મુખચંદ્રનું દર્શન કરવાને ભાગ્યશાલિની થશે કે નહિ? મારું હૃદય મને એમ જ કહે છે કે, હવે મને એ સુખ આ અવતારમાં તો મળવાનું જ નથી!"

આ ઉદ્દગારોની સાથે જ તે મૂર્ચ્છિત થઇને ધરણીપર ઢળી પડી અને એવા જ બીજા પણ અસ્પષ્ટ ઉદ્દગારો કાઢવા લાગી. તેને જલસિંચન આદિ ઉપચારોવડે શુદ્ધિમાં લાવ્યા પછી પણ તેનું મન ભ્રમિષ્ટ સમાન દેખાયું અને તેથી વૈદ્યના ઉપચારનો આરંભ કરવામાં આવ્યો.

અસ્તુ–હવે આપણી વાર્તાના સૂત્રને આપણે અન્ય પ્રસંગના અનુસંધાનમાં આગળ લંબાવીએ.

## ચતુર્થ પરિચ્છેદ
## પ્રાર્થના કે પ્રપંચ?

જામ રાવળ યુવરાજ શ્રી ખેંગારજીના જન્મતિથિમહોત્સવપ્રસંગે લાખિયાર વિયરામાં આવ્યો હતો, તે અત્યાર સુધી ત્યાં જ હતો અને અચાનક પ્રાપ્ત થયેલા રાજકુમારી કમાબાઇના લગ્ન સમારંભમાં પણ તેણે એવા તો ઉત્સાહ અને ઉમંગથી ભાગ લીધો હતો કે જામ હમ્મીરનો તેનામાં પૂર્વે જે ભાવ અને વિશ્વાસ હતો, તેમાં અત્યારે બમણો વધારો થઈ ગયો હતો. તે જામ રાવળને પોતાના જીવ કે પ્રાણ સમાન માનવા લાગ્યો હતો. જામ હમ્મીર ગત પરિચ્છેદમાં વર્ણવેલી ઘટનાને બીજે દિવસે પ્રભાતમાં પોતાના મહાલયમાંના એક એકાંત સ્થાનમાં પુત્રીવિયોગ તથા પ્રિયતમા રાજબાની અસ્વસ્થતાથી ઉદ્દભવેલી ચિન્તામાં નિમગ્ન થઇને બેઠો હતો એટલામાં એક સેવકે આવીને જણાવ્યું કે: "મહારાજાધિરાજ, શ્રીમાન્ જામ રાવળ આપના દર્શનમાટે પધારેલા છે."

"જાઓ તેમને સત્વર લઈ આવો. એમનું આગમન અત્યારે યોગ્ય સમયે થયેલું છે. એમની સાથે વાર્તાલાપ કરવાથી થોડા વખતને માટે ચિન્તા દૂર થતાં મનને શાંતિ મળશે," જામ હમ્મીરે કહ્યું.

સેવક ચાલ્યો ગયો અને અલ્પ સમયમાં જામ રાવળ ત્યાં આવી લાગ્યો. હમ્મીરજીને વડિલ બન્ધુ તરીકે નમન કરી પોતાના આસને બેઠા પછી રાવળે વિનયથી પૂછ્યું કે: "કેમ બાવા, તબીયત તો સારી છેને?"

"પ્રકૃતિ કાંઇક અસ્વસ્થ છે, પણ તમારા આવવાથી આશા છે કે, તેમાં કાંઇક સુધારો થશે," હમ્મીરજીએ કહ્યું.

"મહારાજ, જો આજ્ઞા હોય, તો એક પ્રાર્થના કરું." રાવળે પૂછ્યું,

"એમાં આજ્ઞાની શી અગત્ય છે વારુ? જે કહેવું હોય તે આનંદથી કહો. સંકોચની કશી પણ આવશ્યકતા નથી," હમ્મીરજીએ સભ્યતા અને ઉદારતાથી ઉત્તર આપ્યું.

"જે વેળાએ આપણા વડિલો અને આપણે પોતે કુસંપના કારણથી પરસ્પર લડ્યા કરતા હતા, તે વેળાએ આવી જ વિપુલ સંપત્તિ અને સત્તા હોવા છતાં ઉભય પક્ષને કેટલી બધી ચિન્તા અને પીડા ભોગવવી પડતી હતી, એનું તો આપને સ્મરણ હોવું જ જોઇએ. અને આજે કુસંપનો નાશ કરી સંપની સ્થાપના કરવાથી આપણે કેવું અલૌકિક સ્વર્ગીય સુખ અનુભવીએ છીએ, એનો પણ આપને પ્રત્યક્ષ અનુભવ મળી ચૂક્યો છે, એટલે એ વિષયના વિશેષ વિવેચનની અગત્ય નથી જ. આપણે એકમત અને અનન્યભાવથી પરમેશ્વરની પ્રાર્થના કરવી જોઇએ કે, સદા સર્વદા આપણો આ સંપ આપણા વંશજોમાં પણ એવો ને એવો જ ટકી રહે," જામ રાવળે યોગ્ય અને પ્રશંસનીય ઉદ્‌ગારો કાઢ્યા.

"તથાસ્તુ." જામ હમ્મીરે અત્યંત હર્ષસહિત તેનાં વચનોને અનુમોદન આપતાં એ ઉદ્‌ગાર કાઢ્યો.

"પરંતુ એ સંપને વધારવાના એક પ્રથમ ચિહ્ન તરીકે આપ જો એક વાર મારા ધામમાં પધારીને મારી ગૃહભૂમિને પવિત્ર કરશો, તો હું મને પોતાને બહુ જ કૃતકૃત્ય થયેલો માનીશ અને આપનો અત્યંત આભારી થઇશ. હું આપનો આજ્ઞાંકિત છું એટલે જો આજ્ઞા કરો તો આગળથી જ મારે ગામ જઈ મેહમાનદારીની બધી તૈયારીઓ કરાવવા માંડું." પ્રસંગ જોઇને જામ રાવળે એકાએક એ પ્રમાણેની માગણી કરી.

થોડોક વિચાર કરીને જામ હમ્મીરજીએ જણાવ્યું કે: "રાવળજી, ખોટું લગાડશો નહિ; કારણ કે, હાલ તરતોતરત આવી શકાય તેમ નથી. એક તો અત્યારે પુત્રીના વિયોગથી મારું ચિત્ત અસ્વસ્થ છે અને વળી તેની માતાના હૃદયમાં ભયંકર આઘાત થયો છે, એટલે

આવી સ્થિતિમાં મેહમાનદારીનો શો ઉપભોગ લઈ શકાશે ?" હમ્મીરજીએ યોગ્ય કારણ દર્શાવ્યું.

રાવળનું મુખ નિસ્તેજ થઈ ગયું; પણ પુનઃ તે પોતાના મતનું સમર્થન કરતો કહેવા લાગ્યો કે: "પૂજ્યઃ બંધો, જ્યારે પ્રકૃતિ અસ્વસ્થ હોય અને મનશ્ચિન્તાનું પ્રાબલ્ય થયેલું હોય, તે વેળાએ પ્રવાસ અને સ્થાનપરિવર્તન આનંદના ઉત્પાદક હેતુ થઈ પડે છે. એ દૃષ્ટિથી વિચાર કરતાં પણ જો આપ મારે ત્યાં પધારશો, તો એક પંથને દો કાજ જેવું થશે, આપના ચિત્તને કાંઇક સ્વસ્થતા મળશે અને આપના સત્કાર-માટેની મારી લાંબા સમયની આશા પરિપૂર્ણ થશે."

"રાવળજી, અત્યારે વિશેષ આગ્રહ ન કરો તો વધારે સારું; કારણ કે, હાલ તરત મારાથી આવી શકાય તેમ છે જ નહિ," હમ્મીરજીએ કાંઇક મલિન મુદ્રાથી એ ઉત્તર આપ્યું.

"આપના આ ઉત્તરથી મને તો એમ જ લાગે છે કે, આપનો હજી મારામાં પૂર્ણ વિશ્વાસ બંધાયો નથી. મારા મનમાં તો આપ વિશે હવે કશો પણ સંશય રહ્યો જ નથી. આપ આટલો બધો સંદેહ શાને રાખો છો વારુ ? મને તો હવે આપે પોતાના એક પુત્ર જેવો જ જાણવો જોઇએ. મારી એવી ધારણા છે કે: "અદ્યાપિ મારા વિશે આપનું મન શંકાશીલ છે," રાવળે નિરાશાદર્શક અને ઉપાલંભરૂપ ઉદ્ગાર કાઢ્યા.

"તમારી એ ધારણા ભૂલભરેલી છે. મારો તમારામાં પૂર્ણ વિશ્વાસ છે," હમ્મીરજીએ શુદ્ધ અંતઃકરણ અને નિષ્કપટતાથી કહ્યું.

"જો એમ જ હોય, તો મારી પ્રાર્થનાને માન્ય કરી એક વાર મારા ગ્રામમાં પધારીને મારા ગૃહને પાવન કરો; એટલે હું જાણું કે, આપનો મારામાં ખરેખરો વિશ્વાસ છે," જામ રાવળે પુનઃ આગ્રહ પૂર્વક પ્રાર્થના કરી.

"હું તમારા ગ્રામમાં અને તમારે ઘેર આવું, એ મને યોગ્ય નથી લાગતું," હમ્મીરજીએ તેના અત્યાગ્રહને જોઈ હવે કાંઇક શંકાશીલ મુદ્રાથી કહ્યું.

"યોગ્ય નથી લાગતું એનો હેતુ એ જ કે, આપનો મારામાં અ-વિશ્વાસ છે. પણ ભદ્રભૂપાલ, આપની શંકા અનુચિત છે. હું આશાપુરા માતાજીના શપથ લઇને કહું છું કે, હું કોઇ પણ પ્રકારનો પ્રપંચ અથવા દગો કરીશ નહિ. જો હું પ્રપંચ કરું તો મારો રૌરવ નરકમાં નિવાસ થાઓ ! આટલો બધો આગ્રહ માત્ર હું એટલામાટે જ કરું છું કે, એક તો આપના ચરણસ્પર્શથી મારું ધામ અને ગૃહ પવિત્ર થાય અને બીજું,

આપણા હવે પછીના વંશજો તથા ભાયાતો આપણા આવા પરસ્પર પ્રેમભાવને અને એક બીજાને ત્યાં આવવા જવાના સંબંધને જોઇ ઉદાહરણ લઈને એવું અનુકરણ કરતાં શીખે. એ વિના આમાં મારો બીજો કોઈ પણ પ્રકારનો આશય સમાયલો નથી. માત્ર એક જ વાર કૃપા કરીને પધારો. આપે પોતાના મનમાં સંશયને લેશ માત્ર પણ સ્થાન આપવું નહિ," રાવળે જિહ્વાના અગ્રભાગમાંથી અમૃતની ધારા વર્ષાવતાં કહ્યું.

"બહુ સારું ત્યારે હું તમારા ગ્રામમાં આવીશ અને તમારા સત્કારનો સાનંદ સ્વીકાર કરીશ," રાવળનાં નમ્રતાયુક્ત વચનો સાંભળીને ભોળા જામ હમ્મીરજીએ કોઇ પણ પ્રકારનો દીર્ઘ વિચાર કર્યા વિના ત્વરિત એ પ્રમાણેનું વચન આપી દીધું.

"અત્યંત ઉપકાર થયો. વારુ ત્યારે હવે જો આજ્ઞા હોય, તો હું અત્યારે જ પ્રયાણ કરી જાઉં અને ત્યાં મેહમાનદારીની બધી તૈયારીઓ કરી રાખું. આપ બે દિવસ પછી જ પધારજો એટલે આપને કોઇ પણ પ્રકારની અવ્યવસ્થાની પીડા ભોગવવી ન પડે," રાવળે કહ્યું.

"ભલે પધારો; હું પરમ દિવસે અહીંથી નીકળીશ," હમ્મીરજીએ આજ્ઞા આપી. જામ રાવળ મનમાં હર્ષિત થતો ઉતાવળે પગલે ત્યાંથી ચાલ્યો ગયો.

જામ રાવળના ગયા પછી તરત જ ત્યાં જામ હમ્મીરજીની પટરાણી આવી લાગી. અત્યારે તેણે સાદાં વસ્ત્રો અને અલ્પ ભૂષણો ધારણ કરેલાં હોવા છતાં નૈસર્ગિક સૌન્દર્ય અને પાતિવ્રત્યના તેજવડે તે સતીનો પ્રભાવ કાંઇક અલૌકિક જેવો જ દેખાતો હતો. રાણીને આવેલી જોઇ જામ હમ્મીરજીએ તરત આતુરતાથી પ્રશ્ન કર્યો કે; "કેમ રાણી, અત્યારે શા કારણથી અહીં આવવાનો શ્રમ લેવો પડયો?"

"પ્રાણનાથને એ જણાવવામાટે કે, રાજબાની પ્રકૃતિમાં સુધારો થતો જાય છે અને હવે વધારે ચિન્તા રાખવા જેવું નથી, એવા સમાચાર તેમના મહેલમાંથી અત્યારે દાસી લઈ આવી છે," રાણીએ વિનયથી કહ્યું.

"પોતાની સોકયમાટે પણ આવી સારી લાગણી ધરાવનાર જો કોઈ સ્ત્રી મારા જોવામાં આવી હોય, તો તે તમે જ છો," રાજાએ આશ્ચર્ય દર્શાવીને કહ્યું.

"રાજબા આપની રખાયત છે, એટલે જો કે મારી સોકય તો ન જ કહેવાય; પણ ધારો કે, એ સોકય છે, તો પણ જે મારા પ્રાણનાથને પ્રિય હોય, તે મને પણ પ્રિય હોવી જ જોઇએ. અર્થાત્ રાજબા-

માટે હું જે લાગણી ધરાવું છું, તેમાં હું કાંઈ પણ વિશેષ કરતી નથી. વળી એના માટે મારા મનમાં વિશેષ લાગણી થવાનું કારણ એ છે કે, રખાયત હોવા છતાં એક રાણી કરતાં પણ એ અધિક વિનયવતી અને સદ્ગુણવતી છે," રાણીએ પોતાના મોભાને છાજે તેવાં વચનો ઉચ્ચાર્યાં.

"ધન્ય છે, રાણી, તમારી સદ્ભાવનાને અને ધન્ય છે તમારા અપ્રતિમ પતિપ્રેમને! સ્ત્રી મળજો તો તમારા જેવી જ મળજો," એમ કહીને હમ્મીરજીએ આગળ વધીને જણાવ્યું કે: "રાજબાની પ્રકૃતિમાં સુધારો થવાના સમાચાર મળ્યા એ સારું જ થયું. એક ચિન્તા દૂર થઇ. રાવળને ત્યાં મહેમાનદારીની સારી મઝા લઇ શકાશે."

"રાવળને ત્યાં મેહમાનદારી શી અને મઝા કેવી?" રાણીએ સાશંક મુદ્રાથી પ્રશ્ન કર્યો.

"હું પરમ દિવસે બાડે જવામાટે અહીંથી પ્રયાણ કરવાનો છું; કારણ કે, રાવળના આમંત્રણનો સ્વીકાર કરી મેં ત્યાં જવામાટેનું તેને અત્યારે જ વચન આપ્યું છે. એ ભલો ભાઈ ઘણા દિવસથી આગ્રહ કર્યાં કરતો હતો, એટલે કહ્યું, ચાલો એના મનને પણ સંતોષ આપીએ," હમ્મીરજીએ ભોળા ભાવથી ઉત્તર આપ્યું.

"મારા ભોળા રાજા, આપે રાવળને ભલો ધારીને એકદમ તેના આમંત્રણનો સ્વીકાર કરી લીધો અને તેને ત્યાં જવાનું વચન આપ્યું, એ આપની એક ઘણી જ મોટી ભૂલ થઈ છે. આપ પોતે ભોળા અને ભલા છો એટલે બધાને પોતાના જેવા જ માનો છો; પણ બધા આપના જેવા નિષ્કપટ અને સત્યશીલ હોતા નથી, એ નિશ્ચયપૂર્વક માનજો. [જામ રાવળ મહાકપટી અને મીંઢો છે અને તેના આ પ્રયત્નમાં અવશ્ય મને તો કાંઈ પણ પ્રપંચની છટા જ દેખાય છે. આપ ત્યાં જાઓ, એમાટે મારી તો લેશ માત્ર પણ અનુમતિ નથી. પછી તો જેવો આપનો વિચાર," રાણીએ યોગ્ય ઉપદેશ આપ્યો.]

"મનોદેવિ, પ્રથમ મારા મનમાં પણ એવા સંશયનો ઉદ્ભવ થયો હતો, પરંતુ જામ રાવળના આજ સુધીના વર્તનનો વિચાર કરતાં અને તેના શપથ સાંભળતાં મારા એ સંશયનો લોપ થયો અને તેના વચનમાં વિશ્વાસ રાખીને મેં વચન આપી દીધું: એટલે હવે તો કોઈ પણું રીતે મારા વચનનું મારે પાલન કરવુંજ જોઇએ," હમ્મીરજીએ કહ્યું.

"પરંતુ જ્યાં પોતાની પ્રાણહાનિનો સંભવ હોય, ત્યાં પણ વચનનું પાલન કરીને કાળના મુખમાં જવું એ કયા પ્રકારની નીતિ કહેવાય વારુ?" રાણીએ પ્રતિવાદ કર્યો.

"જે વેળાએ એવો પ્રસંગ આવશે, તે વેળાએ જોઈ લેવાશે.

અત્યારે જ ભાવિ ભયની શંકાથી વચનપર પાણી ફેરવી દેવું, એ મારા જેવા એક વચનશીલ રાજામાટે યોગ્ય કાર્ય ન કહેવાય," હમ્મીરજીએ પોતાના મતનું પુનઃ સમર્થન કર્યું.

આ સંવાદ ચાલતો હતો એટલામાં ભૂધરશાહ પ્રધાન ત્યાં અચાનક આવી લાગ્યો અને નમન કરીને જરાક દૂર બેઠો. અહીં જણાવવું જોઇએ કે, જો કે [રાજાના અન્તઃપુરમાં અન્ય પુરુષને આવવાનો કઠિન પ્રતિબંધ હતો, પરંતુ ભૂધરશાહ અત્યંત વિશ્વાસપાત્ર, નિર્વિકાર અને વૃદ્ધ પ્રધાન હોવાથી કેવળ તેના માટે જ એવી આજ્ઞા હતી કે, તે તેની ઇચ્છામાં આવે તે વેળાએ કોઈ પણ પ્રકારના પ્રતિબંધ વિના અંતઃપુરમાં આવી શકે; એટલું જ નહિ, પણ રાણીઓ તેને ધર્મપિતા કહીને બોલાવતી હતી અને તેથી તેની લાજ કાઢતી કે તેનાથી મુખ છુપાવતી નહોતી.] પોતાના આસને બેસીને ભૂધરશાહે રાણીને ઉદ્દેશીને જે પ્રથમ પ્રશ્ન કર્યો તે એ હતો કે: "કેમ બાસાહેબ, અત્યારે મહારાજા સાથે શો સંવાદ ચાલી રહ્યો છે? કોઈ રાજ્યવિષયક ચર્ચા તો નથીને?"

"આજે અત્યારે એવા પ્રકારની એક ચર્ચા ચાલી રહી છે કે જેની સાથે રાજ્યના, મારા અને મહારાજાના પોતાના હિતાહિતનો પણ નિકટ સંબંધ રહેલો છે. ભોળા રાજાએ જામ રાવળના આમંત્રણને માન્ય કરી પરમ દિવસે બાડે જવાનો નિશ્ચય કર્યો છે," રાણીએ કહ્યું.

"એમાં મેં અયોગ્ય શું કર્યું છે વારુ?" હમ્મીરજીએ ભૂધરશાહને આતુરતાથી પૂછ્યું. આ પ્રશ્ન પૂછવામાં રાજાનો એવો હેતુ હતો કે, પ્રધાન અવશ્ય તેને અનુકૂળ થઈ પડે તેવો અભિપ્રાય આપશે અને તેથી તેના મતને પુષ્ટિ મળશે. પરંતુ હમ્મીરજી પોતાની એ ધારણામાં નિષ્ફળ થયો અને તેને ભૂધરશાહ તરફથી કેવળ મૌનાવલંબન વિના બીજું કાંઇ પણ ઉત્તર મળી શક્યું નહિ. આવી પરિસ્થિતિને જોઇને રાજાએ રાણીને પૂછ્યું કે: "કેમ રાણી, તમારા ધર્મપિતા ઉત્તર કેમ નથી આપતા વારુ?"

"એમના આમ નિરુત્તર રહેવાનું કારણ તો પછીથી જણાશે, પણ હું આપને હવે છેલ્લી વાર પૂછું છું કે આપ બાડે જવા વિના તો નથી જ રહેવાના ને? પોતાના હઠને નથી જ છોડવાના ને?" રાણીએ કહ્યું.

"એ વિશે પુનઃ પુનઃ પૂછવાનું શું કારણ છે? સિંહગમન, પુરુષવચન, કેળ ફળે એક વાર!" હમ્મીરજીએ ઉત્તર આપ્યું.

"જ્યારે આપનો એ જ હઠ છે, તો હું સ્પષ્ટતાથી જ કહી દઉં

છું કે, આપને પોતાના પ્રાણનો ગમે તેવો ઉપયોગ કરવાની પૂર્ણ સ્વતંત્રતા હોવા છતાં મારા સૌભાગ્યનો સંહાર કરવાનો કે મારા પુત્રોને પિતૃહીન કરી નાખવાનો લેશ માત્ર પણ અધિકાર નથી. હું આપની અર્ધાંગના છું અને તેથી મારી સંમતિ વિના અપાયલું આપનું વચન અર્ધવચન છે. અર્થાત્ ત્યાં આપને જવા દેવા કે ન જવા દેવા, એની અર્ધ સત્તા મારા હાથમાં છે અને મારી સત્તાનો ગમે તે રીતે ઉપયોગ કરવાની મને પૂર્ણ સ્વતંત્રતા છે. કેમ ધર્મપિતા, હું અયોગ્ય તો નથી બોલતી ને?" રાણીએ વિચિત્ર વાદ ઉપસ્થિત કરીને પ્રધાનનો અભિપ્રાય પૂછ્યો.

"યોગ્ય કથનને મારાથી અયોગ્ય કેમ કરીને કહી શકાય વારુ?" પ્રધાને રાણીને અનુકૂલ અભિપ્રાય આપ્યો.

"પ્રધાનજી, તમે પણ ચાલતી ગાડીમાં બેસી ગયા કે?" હમ્મીરજીએ કટાક્ષપૂર્વક કહ્યું.

"મહારાજાનું જેમાં હિત સમાયલું હોય, તેવો જ અભિપ્રાય આપવો એ પ્રધાનનો પરમ ધર્મ છે," ભૂધરશાહે વિનયથી કહ્યું.

"ત્યારે પ્રધાનજી, તમારો આંતરિક અભિપ્રાય શો છે વારુ?" હમ્મીરજીએ આગ્રહપૂર્વક પૂછ્યું.

"મારો તો એજ અભિપ્રાય છે કે આવી રીતે રાવળજીના ગામમાં જવું સારું નથી. ગમે તેવો શાંત પણ સર્પ છે—રાવળ આપણો પુરાણો શત્રુ છે. મને તો અવશ્ય કાંઈ પણ પ્રપંચનો જ આમાં રંગ દેખાય છે. રાવળ મહાકપટી છે અને આપ એક ભોળા રાજા છો. નદી, નખવાળાં પશુ, શૃંગધારી પશુ, શસ્ત્રધારી મનુષ્ય, સ્ત્રીજન અને પ્રતિસ્પર્ધી રાજામાં વિશ્વાસ ન જ રાખવો એવી નીતિશાસ્ત્રની આજ્ઞા છે, એ અવશ્ય આપે સ્મરણમાં રાખવું જોઇએ. આપ સુજ્ઞ હોવાથી આપને વિશેષ શું કહેવાનું હોય વારુ?" ભૂધરશાહે એક રાજનીતિજ્ઞ પ્રધાનના મુખમાંથી નીકળવો જોઇએ તેવો યોગ્ય ઉપદેશ આપતાં કહ્યું.

જે મનુષ્ય કપટી અને મીંઢો હોય છે, તે બહુ જ શાંત અને સહનશીલ પણ હોય છે; પરંતુ ભોળા અને સત્યવાદી મનુષ્યનો સ્વભાવ કાંઇક ઉગ્ર અને અસહનશીલ હોય છે, એ એક વિશ્વમાન્ય સત્ય છે. એ પ્રમાણે હમ્મીરજી ભોળો અને સત્યવાદી રાજા હોવાથી કાંઇક ઉગ્ર સ્વભાવનો હતો અને તેથી હવે તે પોતાના ધૈર્યને ત્યાગી સ્વતંત્રતાનું દર્શન કરાવીને કહેવા લાગ્યો કે: "હું તો વચન આપી ચૂક્યો છું એટલે હવે ગમે તે થાય, તો પણ ત્યાં જવા વિના મારો છૂટકો જ નથી. જે થવાનું હશે, તે થશે. રાજાનું પોતાનું જ વચન જો વ્યર્થ જાય,

તો પછી તે રાજા શાનો કહેવાય? જો મારું મરણ થવાનું હશે, તો તે કોઈ પણ પ્રકારે થશે જ; તો પછી દગાથી ડરવું શામાટે? તેમ વળી મારી પાછળ રાજ્ય ચલાવનાર રાજકુમાર પણ છે. જે ખાડો ખોદશે તે જ તેમાં પડશે. માટે મને હવે રોકશો નહિ."

"પ્રાણનાથ, આ સાહસ થાય છે," રાણીએ નેત્રોમાં નીર લાવીને કહ્યું.

"અન્નદાતા, આ એક ભયંકર ભૂલ થાય છે," ભૂધરશાહ પ્રધાને પણ તેવો જ ઉદ્‌ગાર કાઢ્યો.

"સાહસ તો રાજાનું કર્ત્તવ્ય જ છે અને ભૂલ થતી હોય તો વચનના પાલનમાટે એ ભૂલ પણ મને કબૂલ છે. હું મારા વચનથી કદાપિ ટળવાનો નથી," હમ્મીરજીએ અંતિમ નિશ્ચય જણાવી દીધો.

મહારાણીએ એક દીર્ઘ નિઃશ્વાસ નાખીને ઉપાય ન ચાલવાથી લાચારીએ મૌનનું અવલંબન કર્યું.

"ત્યારે પ્રધાનજી, આજ અને કાલના દિવસમાં મારા પ્રવાસમાટેની સર્વ તૈયારીઓ કરાવી રાખો; કારણ કે, પરમ દિવસે પ્રભાતમાં જ મારે અહીંથી પ્રયાણ કરવાનું છે," હમ્મીરજીએ પ્રધાનજીને આજ્ઞા આપી.

"જેવી મહારાજાની આજ્ઞા," કહીને પ્રધાન ત્યાંથી ચાલતો થયો.

હમ્મીરજીના હઠની આ વાર્ત્તા જ્યારે રાજ્યના અન્ય શુભેચ્છકોના જાણવામાં આવી, ત્યારે તેમને પણ અતિશય શોક થયો અને તે સર્વેએ રાજાને રાવળને ત્યાં ન જવામાટેનો જ બોધ આપ્યો; પરંતુ હઠીલા રાજાએ કોઇનું વચન માન્યું નહિ. એ તો પ્રસિદ્ધ જ છે કે, સ્ત્રીહઠ, બાળહઠ અને રાજહઠ એ ત્રણ હઠ ટાળ્યા ટળતા નથી. અર્થાત્ હમ્મીરજીએ જે હઠ પકડ્યો તે પકડ્યો જ; માત્ર એટલું જ નહિ, પણ સાથે યુવરાજશ્રી ખેંગારજીને તથા દ્વિતીય કુમાર સાહેબજીને પણ લઈ જવાનું નક્કી કર્યું. એથી બધા સરદારો તથા રાણીને બહુ જ માઠું લાગ્યું; પણ ઉપાય શો? રાજા કોઇનું માને તેમ તો હતું જ નહિ, એટલે કદાચિત્ રાજા તૃતીય કુમારને પણ સાથે લઈ જશે તો? એવા ભયથી તૃતીય કુમાર રાયબજીને તો તે જ દિવસે રાણીએ પોતાને પિયર મોકલી દીધો અને 'હમ્મીરજી તથા બે કુમારોનું જે થવાનું હશે તે થશે' એ પ્રમાણે ઈશ્વરપર આધાર રાખી સર્વ નિરાશ થઇને બેસી રહ્યાં.

ત્રીજે દિવસે પ્રભાતકાળમાં વાહનપર આરૂઢ થઇને રાજા જે વેળાએ દરબાગઢના દ્વારમાંથી બહાર નીકળ્યો, તે વેળાએ છાપરાપરથી એક નળીયું અચાનક નીચે ધસી પડ્યું અને તેના આઘાતવડે તેના

માથાપરની પાઘડી પૃથ્વીપર ઊછળી પડી. એ અપશકુનને જોઇને સર્વ કહેવા લાગ્યા કે: "મહારાજ, આ અપશકુન અત્યંત ભયંકર છે, માટે હજી પણ જવાનો વિચાર માંડી વાળો તો ઘણું જ સારું." પણ જેમ જેમ લોકો તેને ન જવામાટેનો વધારે અને વધારે ઉપદેશ આપવા લાગ્યા, તેમ તેમ જવામાટેનો તેનો હઠ વધારે અને વધારે વધતો ગયો. જરાક આગળ ચાલતાં બિલાડી આડી ફરી ગઈ, લાકડાનો ભારો સામો મળ્યો અને એક વિધવા સ્ત્રીનો એકનો એક પુત્ર મરી જવાથી તેણે હૃદયવિદારક આક્રન્દ કરવા માંડયો. ઇત્યાદિ અપશકુનોના સમૂહને જોઇને મનમાં તો હમ્મીરજીને પણ એમ ભાસ્યું કે: "આ સર્વ ચિન્હો કોઇ પણ ભયંકર અનર્થને સૂચવનારાં તો છે જ; તો પણ હવે પાછા તો વળવું નહિ જ; કારણ કે, કેટલાક લોકોનો એવો પણ અભિપ્રાય છે કે, આ બધા એક પ્રકારના વ્હેમ માત્ર જ છે. અર્થાત્ જો કોઇ પણ અનર્થ થવાનો ન હોય અને વ્યર્થ શંકાવડે મારું વચન મિથ્યા કરીને હમણાં હું ન જાઉં, તો પછી ભવિષ્યમાં મારા વચનમાં કોઈ પણ વિશ્વાસ રાખે નહિ અને આજ સુધી જે રાવળે મારા પ્રતિ જે આટલો બધો પ્રેમભાવ બતાવ્યો છે, તેના મનમાં પણ ઘણું જ માઠું લાગી જાય. એથી પ્રેમનો સંબંધ તૂટીને પાછો દ્વેષનો દાવાનળ સળગવા માંડે અને તે પરિણામે ઉભયને હાનિકારક થવા વિના રહે નહિ. ચિન્તા નહિ; જે થવાનું હોય તે થાય, પણ મારે તો જવું જ જોઇએ. પરંતુ કુમારોને સાથે લઈ જવાની કશી પણ આવશ્યકતા નથી," મનમાં એ પ્રમાણેનો વિચાર કરી તેણે કુમારોને ત્યાં જ રહેવાની આજ્ઞા કરી.

રાજહઠનું નાટક એ પ્રમાણે ચાલી રહ્યું હતું એટલામાં હવે બાલહઠના પ્રયોગનો આરંભ થયો. અર્થાત કુમારો હઠીલા થઇને કહેવા લાગ્યા કે: "અમે તો કાકાને ઘેર ચાલીશું જ. આપ ત્યાં પધારો અને અમે શામાટે ન આવીએ?" કારણ કે, કાકાએ જિહ્વામૃતની ધારા એવી તો વહેવડાવી હતી કે તેના પાનથી સર્વ મુગ્ધ થઈ ગયા હતા. રાજાએ અન્તે નિરુપાય થઇને કુમારોને પણ સાથે લીધા અને રાજાની સ્વારી પોતાના માર્ગમાં આગળ વધવા લાગી. રાજાએ કુમારોસહિત જે વેળાએ લાખિયાર વિયરાનો ત્યાગ કર્યો તે વેળાએ વળાવવા આવેલા સર્વ સરદારો અને નાગરિકોનાં નયનોમાંથી અશ્રુના બિન્દુ ખરી પડ્યા.

[માર્ગમાં વિંઝાણ ગામ આવ્યું. ત્યાંનો સ્વામી અજાજી હમ્મીરજીનો ભાયાત હોવાથી તેણે જામ હમ્મીરને તથા તેના કુમારોને અતિથિ તરીકે એક રાત પોતાને ત્યાં આગ્રહ કરીને રાખ્યા.] રાત્રે શયન-

વેળાએ અજાજીએ હમ્મીરજીને સ્પષ્ટતાથી કહ્યું કે: "આપ રાવળને ત્યાં જાઓ છો, તે સારું નથી કરતા; કારણ કે, આપ ત્યાંથી પાછા સહીસલામત ઘેર આવો એ આશા રાખવી વ્યર્થ છે. માનો કિવા ન માનો એ આપની ઇચ્છાને આધીન છે."

એટલામાં અજાજીની રાણી બહાર આવી લાગી અને તે પણ નેત્રોમાં નીર લાવી વિનયપૂર્વક કહેવા લાગી કે: "જો આપ કૃપા કરીને અહીંથી જ પાછા ઘેર જાઓ, તો તો બહુ જ સારું; પણ જો તેમ ન કરવું હોય, તો આ બે કુમારોને તો અહીં જ મૂકતા જાઓ."

આ વાત હમ્મીરજીએ માન્ય કરી અને કુમારોને ત્યાં રહી જવા-માટે સમજાવ્યા. સારા ભાગ્યે આ વખતે કુમારો પણ હઠને ત્યાગી પિતાના એ વચનને માની ગયા; કારણ કે, અજાજીની રાણી તે તેમની સગી માસી થતી હતી એટલે કુમારો કોઇ પણ પ્રકારની આનાકાની કર્યા વિના જ પ્રેમથી ત્યાં રહી ગયા. જે વેળાએ હમ્મીરજી બાડા ગામ તરફ જવાને રવાના થયો, તે વેળાએ તેની સાથે પોતાનાં માત્ર દશ બાર માણસો જ હતાં અને તેમાં એક છચ્છરબૂટો નામનો વૃદ્ધ અનુચર પણ હતો. એ છચ્છરબૂટો ઘણો જ નિમકહલાલ અને સ્વામિનિષ્ઠ હોવાથી અજાજીની રાણીએ જતી વેળાએ ગુપ્ત રીતે તેને કહી મૂક્યું કે: "જો દગાફટકાનો જરા પણ રંગ દેખાય, તો તું તરત સાંઢણીપર સ્વાર થઇને અહીં આવી પહોંચજે. તને વધારે ભલામણ કરવાની કાંઇ પણ અગત્ય નથી."

છચ્છરબૂટાએ અજાજીની રાણીની એ ચેતવણીને હૃદયપટપર કોતરી રાખી અને રાજાની સ્વારી સુખરૂપ બાડા ગામમાં જઇ પહોંચી. રાવળે તેમને નગર બહારની એક વિશાળ, સુંદર અને શોભાયુક્ત જગ્યામાં ઉતારો આપ્યો, અને હમ્મીરજીનો ઘણો જ આદરસત્કાર કર્યો. માત્ર બે દિવસ જ ત્યાં રહેવાનો જામ હમ્મીરનો કરાર હોવાથી પ્રથમ દિવસે જ પોતાના મિષ્ટ ભાષણ અને નમ્ર વર્ત્તનથી જામ હમ્મીરના મનમાં તેણે એટલો બધો વિશ્વાસ બેસાડી દીધો કે હમ્મી-રજીના મનમાં તેની નિષ્કપટતા વિશે લેશ માત્ર પણ સંશય રહ્યો નહિ. તે તો મનમાં એમ જ માનવા લાગ્યો કે: "જે લોકો રાવળજી વિશે શંકાશીલ છે, તેઓ મૂર્ખ છે! રાવળ જેવો પ્રેમી અને સત્ત્વ-શીલ બીજો કોઇ પુરુષ આ જગત્માં મળવો અશક્ય છે. સારા અને સુશીલ પુરુષોપર ખોટા આરોપો મૂકવા એ જાણે આજકાલના સાંસા-રિક પામર જનોનો એક પરમ ધર્મ જ થઇ પડ્યો છે!"

તે દિવસ વીતી ગયો અને બીજા દિવસના પ્રભાતથી જ મેહ-

માનદારીની જામ રાવળે મોટી ધામધૂમથી તૈયારીઓ કરવા માંડી. સમસ્ત નગરમાં આનંદ અને ઉત્સવનો રંગ દૃષ્ટિગોચર થવા લાગ્યો અને જ્યાં ત્યાં જામ હમ્મીરનાં ગુણગાન ગવાતાં કર્ણગોચર થવા લાગ્યાં. એ મેહફિલનો સમારંભ ગામ બહારની વિશાળ છાવણીમાં જ થવાનો હતો.

એ છાવણીમાંના બનાવનું અવલોકન કરવા પહેલાં આપણે કચ્છના ઇતિહાસનું કિંચિદ્ અવલોકન કરીશું; કારણ કે, તેથી જામ રાવળ તથા જામ હમ્મીરજીની જે પૂર્વશત્રુતાનો આપણી કથાનાં અમુક પાત્રોના મુખથી ઉપર ઉલ્લેખ થયેલો છે, તે શત્રુતાનું કારણ આપણા જાણવામાં આવશે અને તેથી આપણી કથાનો હવે પછીનો માર્ગ વધારે સરળ થઇ પડશે.

## પંચમ પરિચ્છેદ

## કચ્છદેશ અને તેનો પૂર્વ ઇતિહાસ

કાળની અકળ ગતિ છે, અસ્ખલિત પ્રવાહ છે, અદ્ભુત પ્રભાવ છે અને અનંત આયુષ્ય છે. કાળના પ્રાબલ્યથી એક સમયે એક સ્થળમાં કેવળ શૂન્યતા હોય છે અને તેજ સ્થળમાં અન્ય સમયે કાળના પ્રભાવથી મહા આનંદકારક વસતિનો વિસ્તાર વૃદ્ધિગત થયેલો જોવામાં આવે છે. વળી એનો પણ કોઈ વેળાએ પાછો લોપ થઈ જાય છે. કાળના એવા સ્વભાવ કિંવા ધર્મ અનુસાર એક સમયમાં પશ્ચિમ પ્રદેશમાંની કચ્છ નામક ભૂમિ એક ભયંકર અરણ્યરૂપે મહા ભય ઉપજાવનારી હતી. ભયંકર વનપશુઓ ત્યાં ભયંકર ધ્વનિ કરતાં વિચરતાં હતાં અને દુર્ભાગ્યયોગે જો ત્યાં કોઈ મનુષ્ય કિવા ગ્રામ્ય પશુ આવી લાગતું, તો તેને તત્કાળ તેઓ યમપુરીનો વિકટ માર્ગ બતાવી દેતાં હતાં; અર્થાત્ ત્યાં વનપશુરૂપ પ્રજા જ વિહરતી હતી અને તેમનાપર કેસરીસિંહો રાજસત્તા ચલાવતા જોવામાં આવતા હતા. એથી જાણે તેઓ એમ દર્શાવવા ઇચ્છતા હોયની કે, "જેમ આ સમયે અમો સર્વ વનપશુઓપર સત્તા ચલાવીએ છીએ, તેમ એક સમય એવો પણ આવશે કે જ્યારે લક્ષાવધિ મનુષ્યો પોતાથી અધિક બળશાળી મનુષ્યસિંહોની સત્તાને આધીન વર્ત્તતા દૃષ્ટિગોચર થશે અને અમારા જેવા ભયંકર હિંસક પ્રાણીઓ તેમના શિકાર થઈ પડશે. અત્યારે ભયાનક ભાસતી ભૂમિ તે કાળે માંગલિક દીઠામાં આવશે અને જ્યાં આજે આકાશ સાથે વાર્ત્તાલાપ કરતાં અનેક ઉન્નત વૃક્ષો વિસ્તરેલાં દેખાય છે, ત્યાં તે અવસરે નાના પ્રકારની સુંદર અટારીઓ ગગન

સાથે સંભાષણ કરશે; તથા ગરાશીઆની અટારીઓ, ચારણોની કટારીઓ, વાણિયાની પટારીઓ અને ખેડુતોની ખટારીઓની છટા દેશમાં સર્વત્ર પ્રવર્ત્તશે!" એવા ભવિષ્યનું દિગ્દર્શન કરાવવામાટે જ તેમણે એ કચ્છ દેશને પોતાનું નિવાસસ્થાન બનાવેલું હોયની! એવો જ પરિપૂર્ણ ભાસ થતો હતો. સારાંશ કે, પૂર્વે એક કાળ એવો હતો કે જે કાળમાં આપણી વાર્ત્તાના સ્થળ કચ્છ નામક દેશમાં મનુષ્યજાતિની વસતિ બહુ જ અલ્પ પરિમાણમાં હતી અને નિર્જન ભાગનું પરિમાણ વિશેષ હતું.

કચ્છ દેશમાંનું નારાયણસરોવર નામક સ્થાન બહુ જ પુરાતન છે. એ સ્થાનમાં પ્રાચીન બર્હિના પુત્ર દશ પ્રચેતાંઓએ ઉગ્ર તપ કર્યું હતું અને કોટેશ્વરની સ્થાપના રાવણના સમયમાં કરવામાં આવી હતી. કચ્છમાં શ્રી આશાપૂર્ણા–આશાપુરા–દેવીનું સ્થાન પણ અત્યંત પ્રાચીનકાલિક ગણાય છે. એ દેવીની કથા સ્કંદપુરાણમાં વિસ્તારપૂર્વક વર્ણવાયલી છે. કેટલાક વિદ્વાનોનો એવો અભિપ્રાય છે કે, વિરાટ્ રાજાની રાજધાની કચ્છ દેશમાં જ હતી. ઇત્યાદિ પ્રમાણોથી એ તો સ્પષ્ટ દેખાઈ આવે છે કે અત્યંત પુરાતન કાળમાં કચ્છ દેશમાં મનુષ્યવસતિ હતી અને રાજ્યો પણ હતાં. એના અધિક બળવાન્ પ્રમાણ તરીકે કચ્છ શબ્દ અનેક પુરાણ અને અન્ય ગ્રંથોમાં મળી આવે છે કે, જે એ જ દેશનો વાચક છે. કચ્છ દેશની ભૂમિ સર્વ દિશાએથી જળવડે ઘેરાયલી હોવાથી જ એ દેશને કચ્છ નામ આપવામાં આવેલું હોવું જોઇએ એવું સાધારણ અનુમાન કરી શકાય છે. એ દેશ યાદવોના સમયમાં ભોજકટના નામથી ઓળખાતો હતો, એવો પણ કેટલાક ગ્રંથોમાં ઉલ્લેખ કરાયલો છે. એક સમયમાં એ દેશનું નામ અનુપમ દેશ (કિંવા અનૂપદેશ) પણ હતું. 'મીરાતે અહમ્મદી' નામક ઇતિહાસગ્રંથમાં એ દેશને સલીમાનગરના નામથી ઓળખાવેલો છે. વળી એક કાળમાં કચ્છ ભૂમિ સૌરાષ્ટ્ર દેશના નામથી પણ પ્રખ્યાત હતી. જેવી રીતે કાળના પ્રભાવથી સૃષ્ટિની સર્વ વસ્તુઓની સ્થિતિનું પરિવર્ત્તન થઈ જાય છે, તેવી જ રીતે એ કચ્છ દેશની સ્થિતિમાં પણ સ્થિતિને અનુકૂલ થઈ પડે તેવાં અનેક વાર અનેક પરિવર્ત્તનો થયાં છે, થાય છે અને હવે પછી પણ થતાં રહેવાનાં છે. એ નિસર્ગનો એ એક નિયમ જ છે અને એ સર્વવ્યાપક નિયમનો ભાગ્યે જ કોઈ અપવાદ મળી શકશે.

કચ્છમાંના આશાપુરા દેવીના આસમન્તાત્ ભાગમાં કોઈ એક રાજ્ય બહુ પુરાતન સમયમાં પણ હોવું જોઇએ, એવી કલ્પના કરવામાટેનાં આપણને અનેક પ્રમાણો મળી આવે છે; કારણ કે, રામચન્દ્ર

જે વેળાએ વનવાસી હતા, તે વેળાએ તેમણે પોતાની પત્ની સીતા સહિત એ દેશમાં નિવાસ કરેલો હતો. તેઓ જે સ્થળે આવીને વસ્યા હતા, તે સ્થળ પૂર્વે રામારણ્યના નામથી ઓળખાતું હતું. પ્રથમ રામ અને સીતાએ અઘોરા નદીની દરીમાં નિવાસ કર્યો હતો અને ત્યાંથી ગોરખતડાગ તથા તુંગભેર આદિ સ્થળે જઇને ત્યાર પછી તેઓ સૈન્યસહવર્ત્તમાન હિંગુલાદેવીના દર્શનમાટે ગયાં હતાં, એવી એક પુરાતન જનાખ્યાયિકા આજે પણ કચ્છના જનસમાજમાં ચાલતી જોવામાં આવેછે.* જે સ્થળ પૂર્વે રામારણ્યના નામથી ઓળખાતું હતું, તે વર્તમાનકાળમાં રામવાડાના અપભ્રષ્ટ નામથી ઓળખાય છે. એરિયન્ના ગ્રંથમાં એનો રામબાગના† નામથી ઉલ્લેખ કરાયલો છે. કચ્છ પ્રાન્તમાં અઘોરા નદીની દરીમાંની બે ગુહાઓમાં કાળી અને હિંગુલા નામક બે દેવીઓનાં દેવાલયો છે તેમ જ નદીના પાત્રમાં એક કૂવો છે કે જે રામચંદ્રવાપી કિવા રામચંદ્રકૂપના નામથી અદ્યાપિ ઓળખાય છે.‡ ભદ્રાવતી નગરી પણ પ્રાચીન જ છે. એ નગરીમાં મહાભારતના સમયમાં યૌવનાશ્વ નામક રાજા રાજ્ય કરતો હતો. એ અને બીજાં કેટલાંક કારણોથી પરાપૂર્વથી એ દેશમાં અનેક રાજ્યો થતાં આવ્યાં છે અને એ દેશમાંની કેટલીક વસ્તુઓ બીજા દેશોમાં પણ જતી હતી, એમ માનવાનાં પણ અનેક કારણો વિદ્યમાન છે. આશાપુરી ધૂપ અને ફટકડી કે જે પૂર્વે સૌરાષ્ટ્રાના નામથી ઓળખાતી હતી તે બે વસ્તુઓ માત્ર એ દેશમાં જ ઉત્પન્ન થતી હતી અને કચ્છના વ્યાપારીઓ એ વસ્તુઓને અન્ય દેશોમાં મોકલતા હતા. એથી બીજો એ સિદ્ધાન્ત પણ બાંધી શકાય છે કે પ્રાચીન કાળમાં પણ કચ્છનો વ્યાપાર બીજા દેશો સાથે ચાલ્યા કરતો હતો. કચ્છમાં આજ સુધી એક કહેવત બોલાતી સાંભળવામાં આવે છે કે: "કચ્છમેં પખે રાજ હો!" (કચ્છમાં છાપરિયા રાજ્ય હતું.) એટલે કે, જેવી રીતે પ્રત્યેક ગ્રામમાં કેટલાક દીન સ્થિતિનાં મનુષ્યો ગામના પાદરમાં અથવા દૂર જંગલમાં જાલી વગેરેનાં છાપરાં કરી રહે છે, તેવી રીતે કચ્છમાં મોડ અને મનાઈના સમયમાં એવાં છાપરાં જ હતાં. માત્ર ચાર પાંચ નગરોમાં જ સારી બાંધણીનાં ઘરો જોવામાં આવતાં હતાં. ત્યારપછી કાળનું જેમ જેમ પરિવર્ત્તન થતું ગયું

---

* Arriani Periplts Maris Erythaci.

† Cunn. Anct. Geog. India, Pages 302-304. Hwensangs Travels by Cunn.

‡ Cunningham's Anct. Geography of India; Pages 302-304.

તેમ તેમ રાજ્યની સ્થિતિમાં પણ પરિવર્ત્તન થતું ગયું અને ગ્રામોની સંખ્યામાં દિવસે દિવસે વધારો થતો ગયો.

અકબરના સમયમાં કચ્છ દેશ સિંધપ્રાંતની સાથે જ ગણાતો હતો. પ્રોફેસર્ લૅસને* કચ્છના લોકોને 'ઔદુંબર' નામ આપેલું છે અને તે જ પ્રમાણે પ્લીની† પણ પોતાના ગ્રંથમાં 'ઔદુંમ્બરીય' શબ્દનો ઉલ્લેખ કરી ગયો છે. પરંતુ અત્યારે એ ઔદુંબર કિંવા ઔદુંબરીય શબ્દનો કિંવા તેના કોઈ અપભ્રષ્ટ રૂપનો કચ્છમાં ક્યાંય પ્રચાર જોવામાં આવતો નથી. પ્રાચીન ભૂગોલવેત્તાઓના અભિપ્રાય પ્રમાણે સાતમી સદીમાં કચ્છ દેશ સિંધુ દેશનો ચતુર્થ પ્રાન્ત હતો અને ઉપર જણાવ્યા પ્રમાણે અકબરના સમયમાં પણ તેનો સિંધમાંજ સમાવેશ થતો હતો. ચીની પ્રવાસી હુએનસંગના સમયમાં કચ્છ દેશ સિંધની રાજધાની અલોડથી નૈર્ઋત્ય કોણમાં ૨૬૭ માઇલપર આવેલો હતો, એમ તેના પોતાના વર્ણનથી જણાય છે. હુએનસંગે કચ્છનું ક્ષેત્રફળ ૮૩૩ માઇલનું લખેલું છે. હવે જો રણની ઉત્તરે આવેલો નગરપારકર નામક પ્રાંત એમાં આવી જતો હોય, તો તો એ ક્ષેત્રફળ સત્ય છે અને એમ હોવાનો સંભવ પણ છે; કારણ કે, પૂર્વે તે પ્રાંતને કચ્છનો એક ભાગ માનવામાં આવતો હતો અને અત્યારે પણ તેમ જ મનાય છે. એની ઉત્તરસીમા જો ઉમરકોટથી આબૂ પર્યન્ત લઇએ તો એકંદર ક્ષેત્રફળ (ઘેરાવો) ૭૦૦ માઇલનું થાય છે. રાજધાની Kietsishifalo નો ઘેરાવો પાંચ માઇલનો હુએનસંગે કહેલો છે. જુલિયન્ એ રાજધાનીનું ખજિશ્વર અને લૅસન્ કચ્છેશ્વર નામ આપે છે; પરંતુ તે કોટેશ્વર હોવું જોઇએ. કચ્છના પશ્ચિમતીરપ્રાંતમાં કોટેશ્વર એક તીર્થસ્થાન છે. તે સિધુ નદીની પાસે અને સમુદ્રતીરે હતું, એમ હુએનસંગ લખે છે. અત્યારે તે કોરી નામક સિંધુ નદની શાખાના મુખ પાસે આવેલું છે. એ નગરમાં એક શિવાલય હોવાનું હુએને લખ્યું છે અને તે પ્રમાણે અત્યારે ત્યાં અનેક શિવલિંગો જોવામાં આવે છે. આ સર્વ પ્રમાણોથી કચ્છની પ્રાચીનતા અને ઐતિહાસિકતા તેમ જ તેનો સિંધુ દેશ સાથેનો ગાઢ સંબંધ આદિ નિર્વિવાદ સિદ્ધ થાય છે. અસ્તુ.

ઉપર્યુક્ત પરિવર્ત્તનશીલ કાળમાં જામ લાખા જાડાણીએ એક નગર જેવું જ લાખિયાર વિયરો નામક ગ્રામ વસાવ્યું હતું કે જે અદ્યાપિ એક ગામડાના રૂપમાં કચ્છમાં વર્ત્તમાન છે. આપણી વાર્ત્તાના

---

* Prof. Lassen's Map of Anct. India explaining his Indian Antiquities.

† Plinic Naturales Histarin.

સમયમાં એ જ ગ્રામ રાજધાનીનું નગર હતું. એ નગરમાં રાજધાની થવાનું કારણ એ થયું કે, સિંધુ દેશ (સિંધ)ના નગરસમૈ (વર્ત્તમાન નગરઠઠ્ઠા) નામક સ્થાનમાં ચંદ્રવંશીયોના રાજ્યની સ્થાપના થયેલી હતી અને તે રાજ્ય સારી રીતે સુવ્યવસ્થાથી ચાલતું હતું. એજ વંશના રાજ્યકર્ત્તાનું એક બીજું રાજ્ય કચ્છમાંના કેરા નામક નગરમાં પ્રવર્ત્તમાન હતું. કેરાનું રાજ્ય જામ લાખા ફૂલાણી પછી ચાલ્યું નહિ અને કચ્છમાં બીજા બહારના રાજાઓ આવીને રાજ્ય કરવા લાગ્યા. એથી કચ્છ દેશની બહુ જ દુર્દશા થઈ ગઈ અને એ સમાચાર સિંધુ દેશના નગર સમૈના તે સમયના ભૂપાલ જામ જાડાના સાંભળવામાં આવ્યા. પરંતુ પોતાને કોઇ પુત્ર ન હોવાથી તેની પ્રાપંચિકી વૃત્તિઓનો બહુધા લોપ થયેલો હતો અને તેથી તેણે પોતે તો રાજ્ય લેવાનો કાંઇએ પ્રયત્ન ન આદર્યો; પણ જામ જાડાના કનિષ્ઠ બંધુ વૈરૅજીના બે કુમારો હતા અને તેમનાં અનુક્રમે લાખો અને લાખિયાર એવાં નામો હતાં. તેમાંના લાખાને જામ જાડાએ દત્તક કરી લીધો અને તેને જ પોતાના રાજ્યનો ઉત્તરાધિકારી બનાવ્યો. પણ લાખાને દત્તક લીધા પછી જામ જાડાને ઘેર પોતાની રાણીના પેટે એક પુત્રનો જન્મ થયો અને તેનું નામ ઘાઓ રાખવામાં આવ્યું. એ પુત્રના જન્મથી લાખાનો રાજ્યપરનો અધિકાર કાંઈ જતો રહ્યો નહોતો. એ વિશે કોઇ પણ પ્રકારની વિશેષ વ્યવસ્થા કર્યાં વિના જામ જાડો પરલોકવાસી થયો અને પાછળથી તેના ઔરસ પુત્ર ઘાઆએ એવો દાવો કર્યો કે: "ઔરસ પુત્ર છતાં દત્તકને રાજ્ય કેમ મળે?" એના ઉત્તરમાં લાખાએ જણાવ્યું કે: "વૈરૅજીનો મટી જાડાનો કહેવાયો, માટે રાજ્યસિંહાસને વિરાજવાનો અધિકાર મારો જ છે!" એવી રીતે ઔરસ પુત્ર અને દત્તક પુત્ર વચ્ચે વિવાદ ઉત્પન્ન થયો અને તેમાં કેટલોક કાળ વ્યર્થ વીતી ગયો. અંતે લાખાએ વિચાર કર્યો કે: "આવા વ્યર્થ વિવાદોમાં રાજ્યનો નાશ થઇ જશે અને સ્વાર્થપરાયણ તથા વિઘ્નસંતોષી જનો પોતાનો સ્વાર્થ સાધશે. કુસંપ થાય ત્યાં લાભ લોપાય છે; માટે મારે આ વિવાદ છોડી દેવો જોઇએ." આવો મનોનિશ્ચય કરીને લાખાએ ઘાઆને કહ્યું કે: "તમો રાજ્ય સંભાળો; મારે આ રાજ્યની કશી પણ આવશ્યકતા નથી. જો મારામાં પરાક્રમ હશે, તો હું મારા બાહુબળથી કોઈ અન્ય સ્થાનમાં સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરીશ."

એ સમયે કચ્છ દેશના કેરા નામક નગરમાં જામ લાખો ફૂલાણી રાજ્ય કરતો હતો અને તેનો ભત્રીજો પુંઅરો પધરગઢમાં રાજ્ય ચલાવતો હતો. એ કાકા ભત્રીજા વચ્ચે જેમ પરસ્પર વિશેષ વિરોધભાવ પણ

નહોતો તેમ જ વધારે સ્નેહભાવ પણ હતો નહિ. તો પણ લાખા ફૂલાણીના દેવ થવા પછી જામ પુંઅરાએ કેરાનું રાજ્ય ન લેતાં પોતાના પધરગઢના રાજયને સંભાળવાનું કાર્ય કર્યું. પરંતુ લાખા ફૂલાણીના પરલોકવાસ પછી અન્ય દેશના ક્ષત્રિયોની દૃષ્ટિ કચ્છ દેશપર આવી પડી. એટલામાં અધૂરામાં પૂરું એ થયું કે, જામ પુંઅરો ધૂમલીના વિઅડ ગુજ્જરની આથ વાળી આવ્યો એટલે વિઅડ પધરગઢપર ચઢી આવ્યો. એ યુદ્ધમાં સિંધના હમ્મીર સૂમરાને પુંઅરાએ પોતાની કુમકે બોલાવ્યો. હમ્મીર અને વિઅડ સામસામા લડ્યા. દ્વંદ્વયુદ્ધમાં હમ્મીરે વિઅડ ઉપર એક ગુણુજ-એક પ્રકારના અસ્ત્ર-નો પ્રહાર કર્યો અને તેના પ્રહારને ચૂકવીને વિઅડે સામો તેનાપર ગુણુજ નાખ્યો. એ પ્રહારથી હમ્મીરના દાંત ટૂટી ગયા અને તેથી બહુ જ કોપ કરીને તેણે વિઅડપર સાંગનો એક એવો તો પ્રચંડ પ્રહાર કર્યો કે તે તેને અને તેની પાછળ ઉભેલા એક ઘોડેસ્વારને વીંધીને પાર નીકળી ગઈ. અર્થાત્ વિઅડ રણમાં રોળાયો. પુંઅરાએ એવો નિશ્ચય કર્યો હતો કે: "જેના હાથે વિઅડનો નાશ થશે, તેને હું મારી કન્યા આપીશ." એ પ્રતિજ્ઞા પ્રમાણે હમ્મીરને પોતાની રાજૈ રાણીથી ઉત્પન્ન થયેલી પુત્રી આપીને તે પોતે સુખપૂર્વક રાજ્ય કરવા લાગ્યો.

પુંઅરાએ જામ લાખા પછી પાંસઠ વર્ષ રાજ્ય કર્યું અને ત્યાર પછી તે યક્ષોના હાથે મરાયો. પુંઅરાના મરણ સમયે તેની રાણી રાજૈ વૃદ્ધા થઈ ગઈ હતી. પરંતુ પુંઅરાની વૃદ્ધાવસ્થામાં પરણેલી એક બીજી રાણી બાર વર્ષના વયની બાળા હતી. તેણે પધરગઢમાં બેસી રહીને ઈશ્વરના ભજનમાં જ પોતાના જીવનનો સમય વીતાડવા માંડ્યો. એ સમયે દેશમાં બીજી કેટલીક ગડબડો ચાલવા લાગી હતી, પણ તેમાં એ રાણીએ જરા પણ ભાગ લીધો નહોતો. પરંતુ જ્યારે તેની પોતાની વૃદ્ધાવસ્થા થવા આવી અને અંતકાળ સમીપમાં દેખાવા લાગ્યો, ત્યારે તેના મનમાં પુત્રની આકાંક્ષાનો ઉદય થયો. એવામાં એક દિવસ તેને સ્વપ્ન આવ્યું કે: "તું સો વર્ષ કરતાં પણ વિશેષ અવસ્થા ભોગવી આવેલી છે અને હવે મરણરૂપ ભયંકર સમુદ્રના તીરે આવી ઉભી છે. તારા જીવનસમયમાં કચ્છની આટઆટલી દુર્દશા થઈ, પણ તારા મનમાં તેના ઉદ્ધારનો વિચાર ન આવ્યો!" એના ઉત્તરમાં રાણીએ પ્રાર્થના કરી કે: "હું અબળા જાતિ છું એટલે શું કરી શકું?" એટલે સ્વપ્નમાં એવું પ્રત્યુત્તર મળ્યું કે: "સિંધમાંથી લાખાને બોલાવીને તેને દત્તક કરી સિંહાસને બેસાડ એટલે તેનો વંશ ચિરકાલ પર્યન્ત ચાલશે."

પ્રભાતમાં રાણીએ ઘડિયા યોજન-એક ઘડીમાં ચાર ગાઉ ચાલનાર-સાંઢવાળાને બોલાવી પત્ર આપીને તેને નગરસમૈ તરફ મોકલી આપ્યો. તે બીજે દિવસે જ સિંધમાં જઇ પહોંચ્યો અને રાણીનું પત્ર લાખાના હાથમાં મૂક્યું. લાખાએ પત્ર વાંચ્યું અને મનમાં વિચાર કર્યો કે: "ભાવતું હતું અને વૈદ્યે કહ્યું." તરત તે પત્ર લાખાએ પોતાના બંધુ લાખિયારને વાંચી સંભળાવ્યું અને તે બન્ને યોગ્ય વિચાર કરી ઉપર લખ્યા પ્રમાણે ઘાઆને જ પિતાના સિંહાસનનો ઉત્તરાધિકારી ઠરાવીને પોતે કચ્છમાં આવ્યા. લાખાને પુંઅરાની રાણીએ શાસ્ત્રવિધિપૂર્વક દત્તક લીધો અને ત્યાર પછી થોડા દિવસમાં જ તેને રાજ્યનો સ્વતંત્ર સ્વામી બનાવીને તે વૃદ્ધા રાણી શાંતિથી પરલોકમાં પ્રયાણ કરી ગઈ.

પુંઅરાના મરણ પછી કેટલાંક કારણોને લીધે પધરગઢની પ્રજા ધીમે ધીમે ઓછી થવા માંડી હતી. લાખો જાડાણી જે વેળાએ ત્યાં આવ્યો, તે વેળાએ લોકવસતિ બહુ જ થોડી હતી. એવી પરિસ્થિતિને જોઇને લાખાએ પધરગઢની પાસે જ પોતાના ભ્રાતાના નામથી એક ગ્રામ કિંવા નગર વસાવ્યું. એ સ્થળે પાણીથી ઉભરાઈ જતો એક સુંદર વિયરો-કૂવો-હતો એટલે તેનું નામ પણ સાથે રાખવામાટે નગરનું નામ લાખિયાર વિયરો રાખવામાં આવ્યું અને એ નગરને તેણે પોતાની રાજધાનીનું પદ આપ્યું.

એ સમયથી કચ્છના રાજવંશીઓ જાડેજા નામથી ઓળખાવા લાગ્યા. એનું કારણ એવું બતાવવામાં આવે છે કે, લાખાને જાડાએ દત્તક લીધો એટલે સિંધી ભાષા પ્રમાણે તે જાડેજો-જાડાનો-થયો અથવા કહેવાયો. બીજું કારણ એ કહેવાય છે કે, લાખો અને લાખિયાર એ બન્ને જોડિયા ભાઈ હતા. સિંધી અને કચ્છી ભાષામાં જોડિયા ભાઇને જાડા કહેવામાં આવે છે, એ વિશે કચ્છી ભાષામાં નીચે પ્રમાણેનો એક જૂનો દોહરો છે;—

"લાખો ને લખધીર, બએ જનમ્યા જાડા;
વેરેં ઘર લાખો વડો, જેનું જાડેજા!"

એનો ભાવાર્થ એવો થાય છે કે: "વેરેંજીને ત્યાં લાખો અને લખધીર -લાખિયાર-એ જોડિયા ભાઈ અવતર્યા. જેમાંનો લાખો મોટો પુત્ર હતો અને તેમાંથી જાડેજા થયા." એ જામ લાખા પુંઅરાણીથી વંશ ચાલ્યો તે જામ લાખાનો જામ રાયધણ રત્તો થયો, તેના પુત્રો જામ ઓઢોજી, જામ ઘાઓજી અને વેહેણજી થયા. એમની પછી જામ મૂળવોજી થયો; તે પછી જામ કાંયોજી, જામ અમરજી તથા ભીમજી થયા અને ત્યાર પછી જામ હમ્મીરજી થયો.

જામ ભીમજીના રાજત્વકાળમાં કચ્છના બાડા પ્રગણામાં ગજણુ વંશનો ધરાપતિ જામ લાખો હતો. તે એક વેળા વાગડમાં પોતાને સાસરે ગયો હતો. ત્યાંથી જે વેળાએ તે પાછો વળ્યો, તે વેળાએ હુમ્બાય ડુંગરની આસપાસમાં વાંઢ કરી રહેલા સંધારોએ તેને રોક્યો અને રાતે દગાથી મારી નાખ્યો. એનું મરણ કેટલાકો બીજી રીતે પણ બતાવે છે. ગમે તેમ હોય, પણ એના પરલોકવાસ પછી એનો કુમાર રાવળસિંહ સિંહાસનારૂઢ થયો. પોતાના પિતા લાખાની ઉત્તરક્રિયાના અવસરે રાવળે એક મહાયજ્ઞ કરીને પોતાના સર્વ ભાયાતોને બોલાવ્યા હતા, પણ કેટલાંક કારણોથી જામ ભીમજી તથા તેનો કુમાર જામ હુમ્મીરજી ત્યાં ગયા નહોતા. એ અપમાનનો કાંટો જામ રાવળના મનમાં ખૂંચ્યા કરતો હતો; તો પણ ઉપરથી એ ગત વાર્ત્તાનું જાણે પોતાને સ્મરણ જ નથી એવો ભાવ બતાવી જ્યારે જામ ભીમજીનો સ્વર્ગવાસ થયો, તે વેળાએ રાવળ તેમની ગુડાવાર-પાથરણા-પર આવ્યો હતો અને તેણે જામ હુમ્મીરજીને બહુ જ સ્નેહભાવ બતાવીને કહ્યું હતું કે: "આપણા પૂર્વજોએ સીમામાટે લઢીવઢીને ઉભય પક્ષની બહુ જ હાનિ કરી છે; માટે વાંધાવાળું સ્થાન હું છોડી દઉં છું અને તમો પણ હુમ્બાય ડુંગરની હદને મૂકીને પાછા લાખિયાર વિયરે પધારો. આમાં ઉભય પક્ષની શોભા છે." રાવળનાં એવાં બહુ જ વિશ્વાસદર્શક વચનો સાંભળીને જામ હુમ્મીરજી ભોળવાઈ ગયો અને રાવળના વચનને માન આપી પોતે પાછો લાખિયાર વિયરે જઈ રહ્યો. જામ રાવળ બાડામાં જઇને આનંદથી દિવસ વીતાડવા લાગ્યો.

ધીમે ધીમે જામ રાવળે જામ હુમ્મીરજી સાથેનો પોતાનો મૈત્રી-સંબંધ કેટલો બધો વધારી દીધો હતો અને તેના મનમાં પોતા વિશેનો કેવો દૃઢ વિશ્વાસ બેસાડી દીધો હતો, એ આપણે ઉપર જોઈ આવેલા હોવાથી એના વિશેષ વિવેચનની અત્ર અવશ્યકતા નથી. પરંતુ જે રાજકારણપટુ, રાજનીતિવિશારદ તથા રાજપ્રપંચજ્ઞાતા પુરુષો હતા તેઓ જામ રાવળના કપટભાવને સારી રીતે જાણતા હતા અને તેના 'સુધા વસે જિહ્વાગ્રમાં, હૃદયે વિષભંડાર!' એ સ્વભાવને બરાબર પિછાનતા હતા. આ કારણથીજ જામ હુમ્મીરજીને તેમનાં રાણી, પ્રધાન ભૂધર-શાહ તથા અન્ય જનોએ રાવળનો વિશ્વાસ ન રાખવામાટેનો ઉપદેશ આપ્યો હતો. પરંતુ હઠીલા રાજાએ કોઇનું કાંઈ પણ ન માન્યું અને અંતે પોતાનુંજ ધાર્યું કર્યું. આપણે ગત પરિચ્છેદમાં જામ હુમ્મીરજીને રાવળના આદરાતિથ્યનો ઉપભોગ લેતો બાડામાં મૂકી આવ્યા છીએ, તો ચાલો હવે ત્યાં જઇને જોઇએ કે, રાણી અને પ્રધાન આદિની

શંકાની સત્યતાનો આપણને પરિચય મળે છે કે હમ્મીરજીના વિશ્વાસ અને રાવળના મૈત્રીભાવની સત્યતાનો સાક્ષાત્કાર થાય છે; કારણ કે, એમાંથી એક વિષયનો તો આપણને પરિચય થવો જ જોઇએ.

## ષષ્ઠ પરિચ્છેદ

## ભયંકર વિશ્વાસઘાત!

"नदीनां नखिनां चैव शृंगिनां शस्त्रपाणिनाम्।
विश्वासो नैव कर्तव्यः स्त्रीषु राजकुलेषु च" ॥

सुभाषितम्.

"આજનો દિવસ પણ એક વિચિત્ર દિવસ જ કહી શકાય. આજ સંધ્યાકાળના ભોજનસમારંભમાં બે મહાન્ અતિથિઓ પધારશે અને તેમના માટે ભિન્ન ભિન્ન બે થાળીઓ પિરસાશે. એક તો જામ હમ્મીર છે કે જે બિચારાં નિરપરાધી પશુઓના માંસથી અને અન્ન આદિ સાધારણ ભોજ્યવસ્તુઓના ભક્ષણથી પોતાની ક્ષુધાને શાન્ત કરશે; અને બીજો અતિથિ સાક્ષાત્ અંતકાળ છે તે આવીને એ જામ હમ્મીરના માંસ અને રક્તથી પોતાના ઉદરમાં સળગતી ક્ષુધાની ભયંકર જ્વાળાને સમાવશે. કેવી વિચિત્રતા! વિશ્વનો એ જ વિલક્ષણ વ્યવહાર! એકનો નાશ તે જ બીજાનો વિલાસ થાય છે! આજે સંધ્યાકાળે નભોમંડળમાં સૂર્યનો અસ્ત થશે એટલે શીઘ્ર જ ચંદ્રનો ઉદય થશે! તે જ પ્રમાણે, આજે જામ હમ્મીરરૂપ સૂર્યના અસ્તંગત થવાની સાથે જ જામ રાવળરૂપ વિધુનો વૈભવ પ્રકટશે, એ વિધિએ નિર્માણ કરી મૂકેલું હોય, એમ જ દેખાય છે!

'પ્રભવતી જ્વ હાનિ એકની, લાભ જાય;—
નર કર વળી બીજે, રીતિ એ સૃષ્ટિમાંય;
દિનપતિ રવિ થાતાં, અસ્ત આકાશ માન;
નિશિપતિ વિધુ રાજે, તે સ્થળે પૂર્ણમાન!'

આજના દિવસમાં જેમ રમણીયતા સમાયલી છે, તેમ ભયંકરતા પણ મેળવાયલી છે! ભયાનક કાળ મુખ વિકાસીને ઉભો છે, તેની લંબ જિહ્વા રક્તપાનમાટે મુખમાંથી બહાર ડોકિયાં કરતી દેખાય છે અને તેની દાઢો માંસ ચાવવામાટે આતુર થયેલી દૃષ્ટિગોચર થાય છે! મહારૌરવનરક સમાન સ્મશાનભૂમિ, ચિતા અને માનવી

જીવનની ક્ષણભંગુરતા આજે ક્ષુધાતુર થયેલી છે અને તેથી તે કોઈ પણ ઉપાયે અવશ્ય પોતાના અદ્વિતીય ભક્ષ્યને મેળવીને પોતાની ભયંકર ક્ષુધાને શાંત તો કરવાની જ!

દિવસના લગભગ તૃતીય પ્રહરનો આરંભ થઈ ચૂક્યો હતો અને સૂર્યનારાયણ પ્રતિક્ષણે ધીમે ધીમે અસ્તાચલભણી ગમન કરતા જતા હતા. ગ્રામનાં બહિર્ભાગમાંનાં ક્ષેત્રોમાં, આજે ઉત્સવનો દિવસ હોવાથી, કૃષિકારો પોતાના વ્યવસાયમાટે આવ્યા નહોતા અને તેથી સર્વત્ર નિર્જનતા તથા શાંતિનુંજ સામ્રાજ્ય પ્રસરેલું દેખાતું હતું. જે સ્થળે જામ હમ્મીરજીને ઉતારો આપવામાં આવ્યો હતો, તેનાથી લગભગ બે વીઘાના અંતરે એક રમણીય આમ્રવૃક્ષરાજી આવેલી હતી અને ત્યાં વૃક્ષોની એવી તો ઘાટી ઘટા વિસ્તરેલી હતી કે જો એ ઘટાના મધ્યભાગમાં પાંચ પચાસ માણસ બેઠેલાં હોય અને તેઓ પોતપોતામાં સંભાષણ કરતાં હોય, તો માર્ગમાં ચાલનારાઓને તેમનાં શરીર દેખાય અથવા તેમનું સંભાષણ તેમના સાંભળવામાં આવે, એ સર્વથા અશક્ય અને અસંભવનીય જ હતું. એ આમ્રવૃક્ષરાજીના મધ્યભાગમાં અત્યારે એક કદાવર પુરુષ ઊભેલો હતો. તેણે પોતાના શરીરને કૃષ્ણવર્ણ વસ્ત્રોવડે આચ્છાદિત કર્યું હતું અને મુખભાગને નકાબની મદદથી છુપાવી રાખ્યો હતો એટલે તેના મુખમંડળના દર્શનનો લાભ મળી શકતો નહોતો. તે વારંવાર આમતેમ ચારે તરફ દૃષ્ટિપાત કરતો હોવાથી કોઈ બીજાં માણસોના આવવાની વાટ જોતો હોય, એવું સ્પષ્ટ અનુમાન કરી શકાતું હતું. પરંતુ અદ્યાપિ કોઈ પણ મનુષ્ય ન આવી લાગવાથી તે ઉપર પ્રમાણેના ઉદ્‌ગારો કાઢવામાં નિમગ્ન થયો હતો. થોડી વારમાંજ એ પુરુષ સમાનજ કૃષ્ણવસ્ત્રધારી અને શસ્ત્રધારી બીજા ચાર પુરુષો ત્યાં આવી લાગ્યા અને પ્રથમ પુરુષને મસ્તકવડે નમન કરીને તેની આજ્ઞાની પ્રતીક્ષા કરતા ઊભા રહ્યા. તેમને ઉદ્દેશીને તે પ્રથમ પુરુષ ગંભીરતાથી કહેવા લાગ્યો કે:—

"મારા બહાદુર શેરો, આજના ભયંકર કાર્યની નિર્વિઘ્ન સમાપ્તિ ઉપરજ આપણા ભાવિ ઉદયનો સઘળો આધાર રહેલો છે; માટે મનમાં જરા પણ ભય ન રાખતાં જીવપર ઉદાર થઈને એ કાંટાને તલ્વારના એકજ વારથી છાંટી નાખજો!"

"ચામુંડરાજ, અમે જામ હમ્મીરના જીવનરૂપ દીપકને આ તલ્વારની માત્ર એકજ ફૂંકથી બુઝાવી નાખીશું; કારણ કે, એમ કરવાથી જ લક્ષ્મી અમારા ઘરમાં પધારશે. આજે અમોએ એવો જ નિશ્ચય કર્યો છે કે, કાં તો આ તલ્વારથી રાજાનું માથું લેવું અને કાં તો આ અમારું

માથું દેવું! અમો આજે માથાપર કફન બાંધીને જ આવ્યા છીએ. એટલે આપ એ વિશેની જરા પણ ચિન્તા ન રાખવી," ચારમાંના પ્રથમ મનુષ્યે હિમ્મતથી જવાબ આપ્યો.

"જો અમો ખરેખર જલ્લાદની ઔલાદના હઇશું, તો તો આ ફૌલાદની તલ્વારથી રાજાને ક્ષણ માત્રમાં સ્વર્ગનાં દ્વાર દેખાડી દઇશું!" બીજાએ બહાદુરી બતાવીને કહ્યું.

"આજે અમોએ ક્રૂરતાને જ પોતાની ઇષ્ટ દેવી બનાવી છે," ત્રીજાએ પોતાનો મનોભાવ જણાવ્યો.

"આજે નિર્દયતા જ અમારી આરાધ્ય દેવતા થવા આવી છે" ચોથાએ ચપળતાથી તેવો જ અભિપ્રાય દર્શાવ્યો.

"ખરેખર આજની તમારી આ હિમ્મત સિંહને પણ હિમ્મતમાં પાછો હટાવી દે તેવી છે. જાઓ અને સાવધ રહો. પરિણામના વિચારને હૃદયમાં નિરંતર મૂર્ત્તિમાન્ રાખજો," ચામુંડરાજે ધન્યવાદ સાથે ચેતવણી આપીને ધીમા સ્વરથી કહ્યું.

ચારે જલ્લાદો એક પછી એક નમન કરીને ત્યાંથી ચાલતા થયા અને ત્યાર પછી પુનઃ ચામુંડરાજ એકલો જ વિચાર કરતો મનોગત કહેવા લાગ્યો કે;—

"લોકો એમ કહે છે કે, જે મનુષ્યો આ નશ્વર વિશ્વના ચાર દિવસના ક્ષણભંગુર વૈભવમાટે અનેક પ્રકારનાં પાપ અને પ્રપંચ આચરે છે. તે અંતે નરકમાં સંચરે છે અને ત્યાં યમના દૂતો તેને અસહ્ય યાતનાઓ આપીને ભયંકર શિક્ષા કરે છે: પરંતુ હું એવી વાતોને નથી માનતો, મારા પોતાના સ્વાર્થ સમક્ષ પાપ તથા પુણ્યને નથી પિછાનતો! સ્વર્ગ અને નરક એ બધી કહેવાની અને લોકોને વિના કારણ ડરાવવાની જ વાતો છે. લક્ષ્મીની વિપુલતા જ સ્વર્ગસુખાકાર છે અને દરિદ્રતા જ સાક્ષાત્ નરકદ્વાર છે! આ જગત્માં ધનહીનની જરાય પ્રતિષ્ઠા નથી અને ધનવાન્ની પ્રતિષ્ઠાનો પાર નથી. ત્યારે જે માર્ગે ધનનો લાભ મળતો હોય, તે માર્ગમાં શામાટે સંચાર ન કરવો? બસ, કોઇ પણ ઉપાયવડે ધન મેળવવું એ જ મારો નિર્ધાર છે; મારા મનમાં પરમેશ્વરનો ભય નથી કે ન પાપ પુણ્યનો વિચાર છે!"

એ પ્રમાણે વિચાર કરતો તે પણ ત્યાંથી ચાલતો થયો. હવે આપણે વાર્તાના વિષયમાં આગળ વધવા પૂર્વે એ ચામુંડરાજ કોણ હતો એ જાણી લેવું જોઇએ.

ચામુંડરાજ રાજપૂત જાતિનો, પરંતુ ક્રૂર હૃદયનો અને સ્વાર્થપરાયણવૃત્તિનો એક મહા અધમ પુરુષ હતો, એમ કહેવામાં કશો પણ

પ્રત્યવાય આવે તેમ નથી જ. જો કે પ્રસ્તુત પરિચ્છેદના પ્રારંભમાં પાઠકો સમક્ષ તે આચ્છાદિત મુખથી રજૂ થયેલો હોવાથી સાધારણતઃ તેનું બાહ્ય સ્વરૂપ પાઠકોના જોવામાં આવ્યું નથી; પરંતુ લેખક જે જે પાત્રોને પોતાની નવલકથામાં રજૂ કરે છે, તે સર્વના બાહ્ય તથા આભ્યંતર સ્વરૂપને તે સારી રીતે જાણતો હોય છે, એટલે અત્યારે અમો જો એ પુરુષના બાહ્ય સ્વરૂપનું વિવેચન કરીશું, તો તે સર્વથા યથાર્થ જ હોવાનું. એનું આભ્યંતર સ્વરૂપ તો એ પાત્રના પોતાના મનોગત ઉદ્ગારોથી જ કેટલેક અંશે પાઠકોના જાણવામાં આવી ગયું છે, એટલે તે વિશે વિશેષ લખવાની અગત્ય નથી. એ ચામુંડરાજનું હૃદય જેવી રીતે કૃષ્ણ હતું અને તે કૃષ્ણ વસ્ત્ર ધારીને આવ્યો હતો, તેટલી જ કૃષ્ણતાનો એના બાહ્ય આકારમાં પણ નિવાસ હતો. એના શરીરનો રંગ ભારતવાસીઓ જેવો ઘઉંલો નહિ, પણ આફ્રિકાના નિવાસીઓ જેવો–અમાવાસ્યાની રાત્રિવત્–કાળો હતો, અને એનું આંખોમાં લાલાશ હદ કરતાં વધારે હોવાથી તેમ જ એનું કદ રાક્ષસ જેવું લાંબું પહોળું હોવાથી જાણે સાક્ષાત્ નિર્દયતા જ એ મનુષ્યાવતાર ધારણ કરીને નિરપરાધી જનોને પીડવામાટે આ અવનીતલપર ઊતરી આવી હોયની! એવો જ જોનારને પ્રત્યક્ષ ભાસ થતો હતો. 'आकृतिर्गुणान्कथयति' એ કહેવત એના સંબંધમાં અક્ષરે અક્ષર સત્ય સિદ્ધ થતી હતી. એ ચામુંડરાજ અત્યંત સ્વાર્થપરાયણ અને દયાહીન હોવાથી જામ રાવળે આજે જામ હમ્મીરજીનો ગુપ્ત રીતે વધ કરવામાટે એની જ યોજના કરી હતી અને તે પૂર્વસંકેત પ્રમાણે ચામુંડરાજ એ ભયંકર વિશ્વાસઘાતનું નારકીય કૃત્ય ઉપર ઓળખાવેલા પોતાના ચાર જલ્લાદ સાથીઓના સાહાય્યથી પાર પાડવાનો હતો. 'समानव्यसनशीलेषु सख्यम्' એ નિયમ પ્રમાણે જેવો જામ રાવળ પોતે વિશ્વાસઘાતક અને મહાપાપી હતો, તેવો જ તેને એ પાપાત્મા સહાયક મળી આવ્યો હતો; એટલે પછી પાપના પ્રચારમાં ન્યૂનતા જ શી રહે વારુ? ચામુંડરાજને ઈશ્વરનો કિંચિન્માત્ર પણ ભય હતો નહિ: કારણ કે, તે ચાર્વાકના "જ્યાં સુધી જીવવું ત્યાં સુધી સુખમાં જ જીવવું; ઋણ કરીને પણ ઘૃત પીવું; કારણ કે, આ ભસ્મીભૂત દેહનું કાંઈ પુનરાગમન થવાનું નથી;" એ સિદ્ધાન્ત અનુસાર ચાલનારો હતો. જો કે, ચાર્વાકનું તો એણે નામ માત્ર પણ સાંભળ્યું નહોતું, પરંતુ સ્વાભાવિક જ એના અંતઃકરણમાં ચાર્વાકતાનો નિવાસ હોવાથી પોતાના મનથી જ એ તે મતનો અનુયાયી થયો હતો અને નેત્ર બંધ હોવા છતાં એ માર્ગમાં સરળતાથી ચાલ્યો જતો હતો. અસ્તુ.

જામ હમ્મીરજીના ઊતારાવાળા સ્થાનને અનેક પ્રકારે શૃંગારવામાં અને સુશોભિત બનાવવામાં જામ રાવળે કશી પણ કચાશ રાખી નહોતી. ચારે તરફ ઊભા કરેલા વિશાળ તંબૂઓપર સોનાના કળશ ચઢાવી દેવામાં આવ્યા હતા અને અસ્તાચલમાં જતા સૂર્યનાં કિરણોનું તેમનાપર પતન થતાં તેજનું પરાવર્તન થવાથી એક પ્રકારની વિચિત્ર લીલા જોવામાં આવતી હતી. ચાર તંબૂઓની વચ્ચે જે એક મોટો ચૉક હતો, તેના ચાર ખૂણે ચાર થાંભલા ઊભા કરી ઉપરથી રેશમનો ચંદરવો બાંધી લીધો હતો અને જમીનપર મોટી કીમતના ગાલીચા પાથરીને તેના પર જામ હમ્મીરજીને બેસવામાટેના કીનખાબથી મઢેલા ઉચ્ચ આસનની યોજના કરવામાં આવી હતી. ગાનારી અને નાચનારી વારાંગનાઓ, ગવૈયા, સારંગીવાળા ઉસ્તાદો અને તબલચીઓ રાજાનું મનોરંજન કરવામાટે હાજર હતાં. ભાંડોનો પણ સુકાળ હતો. એટલે કે, જો દુષ્કાળ હોય, તો તે કેવળ કવિ, કોવિદ અને પંડિત પૌરાણિકોનો જ હતો અને તે હોય એમાં નવાઈ પણ નહોતી. કારણ કે, 'કવિયનકો કહા કામ કૃપણકચારીમેં?' અર્થાત્ જામ રાવળ જેવા દુષ્ટ હૃદયના મનુષ્યને ત્યાં નીતિવિજ્ઞ વિદ્વાનો હોઈ જ કયાંથી શકે? એ મંડપથી થોડાક અંતરપર એક પડદાથી ચારે તરફની જમીનને ઘેરી લઇને રસોઇઆઓ રસોઈ કરવામાં પ્રવૃત્ત થયા હતા. મંડપની વચ્ચે દારૂની સુરાહી તથા પ્યાલીઓ અને કસૂંબામાટે અફીણના ગોળા આદિ વસ્તુઓ મદ ઉત્પન્ન કરવામાટે તૈયાર રાખવામાં આવી હતી. રાજાના ભોજનમાટે થોડા અંતરપર ઊભા કરેલા તંબૂમાં યોગ્ય વ્યવસ્થા કરેલી હોવાથી નૃત્યગાનની સમાપ્તિ થવા પછી રાજા ત્યાં જવાનો હતો.

સૂર્યના અસ્તાચલગમનનો સમય વધારે અને વધારે નિકટમાં આવતો જતો હતો. સૂર્યાસ્તથી કિંચિત્ પૂર્વે જામ હમ્મીર પોતાના સેવક છચ્છરબૂટા અને બીજા કેટલાક આજ્ઞાધારકો સહિત પોતાના તંબૂમાંથી બહાર નીકળવાની તૈયારીમાં હતો એટલે જામ રાવળના એક અનુચરે આવીને રાવળને ખબર આપી કે: "મહારાજા પધારે છે." એ ખબર સાંભળી જામ રાવળે ચામુંડરાજને ઉદ્દેશીને કહ્યું કે: "ચામુંડરાજ, સાવધ! રાજા પધારે છે એટલે આપણે પણ બીજા ખુશામદી માણસો પ્રમાણે એને માન આપવામાટે ઊઠીને સામા જવું જોઇએ; કારણ કે, આ દુનિયાના લોકોને બેવકૂફ બનાવવામાટે ખુશામદ જેવું બીજું એક પણ ઉત્તમ સાધન મળી શકે તેમ નથી."

"ખરું છે, ખુશામદથી જ જગત્‌ને વશ કરી શકાય છે. જ્યાં

પરમેશ્વર પોતે પણ ખુશામદથી જ પ્રસન્ન થાય છે, ત્યાં બિચારા મનુષ્યની શી કથા ?" ચામુંડરાજે ખુશામદનું ખુશામદથી સમર્થન કર્યું.

જામ રાવળ, ચામુંડરાજ તથા બીજા સરદારો સામા ગયા અને જામ હુમ્મીરજીને તેના અનુયાયિજનો સહિત મંડપમાં લઈ આવ્યા. જામ હુમ્મીર પોતાને આસને વિરાજમાન થતાં જ જામ રાવળના ઇશારાથી ગવૈયાઓએ સંગીતની પ્રસ્તાવના તરીકે નીચેના છંદોના ઉચ્ચાર કરવા માંડ્યા અને ત્યાર પછી વારાંગનાઓએ નૃત્ય સહિત સંગીતનો આરંભ કર્યો;—

૧ ગવૈયો:—ઘનઘોર ઘટાયેં છાઈ હયઁ, રુત બદલી આજ જમાનેકી;
પી ઔર પિલાતા જા સાકી, હો ખયર તેરે મયખાનેકી.

૨ ગવૈયો:—નરગિસકે ઇશારે હોતે હયઁ, ફૂલોંકા રંગ બદલતા હય;
ગુન્ચેકી સુરાહી ઢલતી હય, લાલેકા પ્યાલા ચલતા હય.

૩ ગવૈયો:—સબ રિન્દ હયઁ મસ્ત અલસ્ત બને, મય દસ્ત બદસ્ત ઉડ઼ાતે હયઁ;
સબ સંગ તરંગ ઉમંગમે હયઁ, સૌ ઢંગસે રંગ જમાતે હયઁ !

## સંગીત

વારાંગનાઓ:-ભર ભર જામ પિલા ગુલલાલા બના દે મતવાલા;
તૂ લા લા લા લા—ભર ભર.

૪ ગવૈયો:- સાકિયા, તરસા ન તૂ એક બૂંદ પાનીકે લિયે;
દિલ તડ઼પતા હય શરાબે અર્ગવાનીકે લિયે;
ફિર કહાં યે દોસ્ત હોંગે ઔર કાહાં યે બજ઼મે દોસ્ત;
આ ગઈ પીરી તો રોએંગે જવાનીકે લિયે.

વારાંગનાઓ:-તૂ લા લા લા લા—ભર ભર.

એ નૃત્ય અને સંગીત વ્યાપારની સાથે મદિરાપાનનો વ્યવસાય પણ ચાલૂ જ હતો. અંતે સૂર્યનો અસ્ત થયો, અંધકારનો અધિકાર જામી ગયો અને મદિરાપાનનો રંગ પણ વધારે ચઢતો ગયો એટલે એમાં વધારે સમય ન વીતાડતાં એ આનંદનો પ્રકાર બંધ કરવામાં આવ્યો. જામ હુમ્મીર પોતાની થયેલી સરભરાથી આનંદિત થઇને અંત:કરણપૂર્વક જામ રાવળનો આભાર માનતો કહેવા લાગ્યો કે:—

"જામ રાવળજી, તમોએ આજે મારો આટલો બધો સત્કાર કરીને પોતાની ભ્રાતૃભક્તિ તથા રાજભક્તિનું જે અદ્વિતીય દર્શન કરાવ્યું છે, તેમાટે તમારો હું જેટલો આભાર માનું તેટલો થોડો જ છે. સર્વ આર્યજનો તમારા જેવા જ સુશીલ અને કર્તવ્યપરાયણ થાઓ, એ જ મારી તે જગન્નિયંતા જગદીશ્વરનાં ચરણોમાં નિરન્તર પ્રાર્થના છે."

"સેવા અને રાજનિષ્ઠા એ જ અમારો ધર્મ છે અને એનું જ અત્યારે મેં યોગ્યતાથી પાલન કર્યું છે. સિંહાસન, રાજ્ય, રાજા, રાજ-પરિવાર અને રાજ્યાધિકારીઓની એકનિષ્ઠાથી સેવા કરવી એ અમારું કર્તવ્ય છે અને એ સેવાનો સ્નેહથી સ્વીકાર કરવો, એ આપનું કર્તવ્ય છે. આજે અમોએ આપનો જે સત્કાર કર્યો છે, તે કરવાને અમો બંધાયલા જ છીએ એટલે એમાં આભાર કે ઉપકાર માનવા જેવું કાંઈ પણ નથી. છતાં વિવેકના આવા શબ્દો ઉચ્ચારીને આપ મારા ગૌરવને વધારો છો એ માત્ર આપની ઉદારતા અને સુજનતા જ છે. મેં મારા કર્તવ્યથી વિશેષ કાંઇ પણ કર્યું નથી," જામ રાવળે મધુર સુધા સમાન વાણીથી એ વાક્યો ઉચ્ચાર્યાં અને હસ્ત જોડીને નમ્રતા પ્રદર્શિત કરી.

"મહારાજાના આજે અહીં પધારવાથી ગ્રીષ્મકાળમાં વસન્ત-વિલાસનો જ ભાસ થાય છે," એક સરદારે રાજાની પ્રશંસા કરીને કહ્યું.

"મને તો અમાવાસ્યાની રાત્રિમાં એકાએક ચંદ્રનો જ પ્રકાશ દેખાય છે," બીજા સરદારે અતિશયોક્તિ કરી.

"ઈન્દ્રભુવનમાં આજે ઈન્દ્રનું આગમન થયેલું જણાય છે. મારા દીનગૃહને મહારાજાના ચરણસ્પર્શથી પવિત્ર થયેલું જોઇને મારા અંતઃ-કરણમાંનો આનંદ છલકાઇ જાય છે," જામ રાવળે સ્તુતિસ્તોત્ર ગાયું.

"આજે સૂર્ય તથા ચંદ્રે પોતાના પરાપૂર્વના વૈરભાવનો ત્યાગ કર્યો હોય, એમ જ જણાય છે અને તે ઉભયનો એક સમયાવચ્છેદે ઉદય થયેલો દેખાય છે. મહારાજા જામ હમ્મીરજી સૂર્ય છે અને આપણા સ્વામી જામ રાવળ ચંદ્ર છે કે જેઓ આ સરદારરૂપ નક્ષત્રોના મધ્યમાં અત્યારે સિંહાસનારૂઢ થયેલા છે," ચામુંડરાજે સીમાનું ઉલ્લંઘન કરીને પૂર્ણ અતિશયોક્તિરૂપ વાક્યોનો ઉચ્ચાર કર્યો.

એટલામાં એક અનુચરે આવીને પ્રાર્થના કરી કે: "ભોજનની સર્વ તૈયારી થઇ ચૂકી છે; માટે પધારો."

"મહારાજ અને સરદારો, ચાલો પધારો ભોજનાલયમાં," જામ રાવળે પ્રાર્થના કરી.

"ભોજનાલયમાં કે યમાલયમાં?" છચ્છરબૂટાએ પોતાના મનમાં પ્રશ્ન કર્યો અને તે જાણી જોઇને એક તરફ ખસી ગયો.

જામ હમ્મીર, જામ રાવળ અને ચામુંડરાજ બીજા સરદારોથી છૂટા પડીને ખાસ તંબૂતરફ ચાલવા લાગ્યા. જામ હમ્મીર આગળ ચાલતો હતો અને રાવળ તથા તેનો સાથી પાછળ પાછળ ચાલ્યા જતા હતા; કારણ કે, તેમના આગળ ચાલવાથી શિષ્ટાચારનો ભંગ થવાનો સંભવ હતો. જામ

હુમ્મીર તંબૂમાં જઇને બેઠો અને પકવાનથી પિરસેલો સોનાનો થાળ તેના મુખ આગળ લાવીને રાખવામાં આવ્યો. પાણી લાવવાના નિમિત્તથી જામ રાવળ તથા ચામુંડરાજ તંબૂમાંથી બહાર નીકળી આવ્યા અને રાજાએ હજી તો ભોજનનો એક ગ્રાસ પણ લીધો નહોતો એટલામાં તો તંબૂના ચાર તરફના ચાર દરવાજામાંથી ચાર જલ્લાદો આવીને તેના શરીરપર તૂટી પડ્યા અને તલ્વારોના વારથી તેને ત્યાંનો ત્યાંજ ઠાર કરી નાખ્યો. [જામ હુમ્મીર વિશ્વાસઘાતનો ભોગ થઇને અકાળ મૃત્યુને આધીન થયો.] રાણીની શંકા સત્ય સિદ્ધ થઈ.

[એ નિર્દયતાપૂર્ણ કૃત્ય પૂરું થતાંજ તંબૂની બહાર ઊભેલા રાવળે ચામુંડરાજને આજ્ઞા કરી કે: "સર્પનો તો નાશ થયો, પણ અદ્યાપિ સર્પનાં સંતાનો જીવતાં છે. હુમ્મીરના બે કુમારો વિંઝાણમાં અજાજીને ત્યાં છે, માટે અત્યારેજ થોડાંક માણસોને લઇને મારતે ઘોડે જાઓ અને એ કુમારોને પણ પોતાના પિતાની સેવા કરવામાટે યમલોકમાં મોકલી આપો.] સમજો કે, એટલું કાર્ય કરવાની સાથેજ તમારા ભાગ્યનો પૂર્ણ ઉદય થયો!"

"ચિન્તા ન કરો; આ ચાલ્યો," એમ કહીને ચામુંડરાજ ત્યાંથી ચાલતો થયો અને વિંઝાણ તરફ જવાની તૈયારી કરવા લાગ્યો.

[રાવળે ચામુંડરાજને જે આજ્ઞા કરી તે હુમ્મીરજીના નિમકહલાલ નોકર છચ્છરબૂટાએ સાંભળી; કારણ કે, તે પાસેના એક વિશાળ વૃક્ષની આડમાં છુપાઇને ઊભો હતો.] પણ અંધકારનો વિસ્તાર વધેલો હોવાથી રાવળ કે તેનો સાથી બન્નેમાંથી કોઈ પણ તેને જોઈ શક્યો નહોતો. તે વિશ્વાસઘાતક નરપિશાચની આજ્ઞાથી ચાલાક છચ્છરબૂટો પોતાના સ્વામીના સ્વર્ગવાસની વાર્ત્તાને જાણી ગયો અને વખત ઘણોજ બારીક હોવાથી શોક કરવામાટે ત્યાં ન રોકાતાં પોતાના રાજાના બે કુમારોના પ્રાણ બચાવવાનો નિશ્ચય કરીને છુપી રીતેજ તે ત્યાંથી પલાયન કરી પોતાની સાંઢણીપર સ્વાર થઇને વાયુના વેગથી વિંઝાણ તરફ ચાલતો થયો.

[સાંઢણી અત્યંત દ્રુતગામિની હોવાથી ચામુંડરાજ હજી તો આડામાં પ્રવાસની તૈયારી કરતો બેઠો હતો તેટલા સમયમાં તો છચ્છરબૂટો કેટલાક ગાઉનો પંથ કાપી ગયો. "મરણ થાય તો થાય, પણ રાજકુમારોના પ્રાણ ન જાય!" એજ તેની એક માત્ર મનોભાવના અને મહત્ત્વાકાંક્ષા હતી.] તે પોતાની મનોભાવનાને સફળ કરી શક્યો કે કેમ, એ હવે આપણે દ્વિતીય ખંડમાં જોઇશું.

# દ્વિતીય ખણ્ડ-નિશીથ

## પ્રથમ પરિચ્છેદ

### પલાયન

ઉષ:કાળ થવામાં હજી થોડો વિલંબ હતો અને સંસારના સર્વ જીવો નિદ્રાની શાંતિનો આસ્વાદ લેતા શય્યાશાયી થયેલા હોવાથી સૃષ્ટિએ જાણે શાંતિનું જ સ્વરૂપ ધારણ કરેલું હોયની! એવો જ સર્વત્ર ભાસ થતો હતો. એવા શાંતિના સમયમાં છચ્છરબૂટો વિંઝાણ નગરમાં આવી પહોંચ્યો અને અજાજીના મહાલયના દ્વારપર એકાએક પોક મૂકીને તેણે રડવાનો આરંભ કરી દીધો. અજાજીની રાણી અચાનક ગભરાઇને જાગી ઊઠી અને જોયું તો છચ્છરબૂટો બારણામાં રડતો બેઠો હતો. તે બાઈના મનમાં અનેક પ્રકારની કુશંકાઓ થવા લાગી અને તેથી તેણે આતુરતાથી પૂછ્યું કે: "છચ્છર, શી અશુભ ઘટના ઘટી છે અને તું આટલો બધો શામાટે રડે છે, તે સત્વર જણાવી દે; કારણ કે, આવા પ્રસંગે વિલંબ કરવાથી અનિવાર્ય હાનિ થવાનો સંભવ હોય છે, એ તો તું જાણે જ છે."

"મહારાણી, આપે અને આપના પતિએ મહારાજા જામ હમ્મીરજીને ઘણાય સમજાવ્યા અને જામ રાવળમાં વિશ્વાસ ન રાખવા માટેનો જોઇએ તેટલો ઉપદેશ આપ્યો, પણ મહારાજાએ કોઇનું કહેવું ન માન્યું, તેઓ એકના બે ન થયા અને તેનું પરિણામ એ આવ્યું કે આજે તેઓ આ સંસારમાં નથી!" છચ્છરબૂટાએ આંસૂ લૂછતાં લૂછતાં અશુભ વાર્ત્તા સંભળાવી.

"મહારાજા આ સંસારમાં નથી એટલે? જરા સ્પષ્ટ કહે," મહારાણીએ વિશેષ આતુરતાથી પૂછ્યું.

"એટલે એ જ કે, તેઓ જામ રાવળનાં કાવત્રાંના ભોગ થઈ પડ્યા છે અને આ પ્રપંચી સંસારને ત્યાગીને અક્ષય્યસુખદાયક સ્વર્ગમાં વાસ કરવાને ચાલ્યા ગયા છે!" છચ્છરે સ્પષ્ટ ખુલાસો કરી સંભળાવ્યો.

"હાય! મારી ભગિનીનું ભાગ્ય ભાગી ગયું અને કુમારો નિરાધાર થયા! ઓ દુષ્ટ જામ રાવળ, તને આવી કુબુદ્ધિ કયાંથી સૂઝી! આ તેં કયા ભવનું વૈર વાળ્યું? હે ભગવન! તું પણ આજે નિર્દય થઈ ગયો કે શું? અન્તે ધર્મનો જય થાય છે, એમ લોકો કહતા હોવા છતાં આજે પાપનો જ વિજય થયેલો દેખાય છે!" એમ બોલતી અજાજીની રાણી મૂર્ચ્છિત થઇને ભૂમિપર ઢળી પડી.

છચ્છરબૂટાએ રાણીની આવી અવસ્થાને જોઇને મનમાં વિચાર કર્યો કેઃ "જો આમ હવે નિરર્થક શોક કરવામાં જ સમય વીતી જશે, તો બીજા પણ કેટલાક અનર્થો થશે." એટલે તે પોતાના હૃદયને દઢ કરી રાણીને સાવધ કરીને કહેવા લાગ્યો કેઃ "માતા! જે બનવાનું હતું તે બની ગયું છે, માટે એ બાબતનો અત્યારે શોક કરવાને બદલે જે રાજકુમારો આપના ઘરમાં સલામત છે, તેમને બચાવવાનો પ્રયત્ન કરવો એ આપણું અત્યારે સર્વથી પ્રથમ કર્તવ્ય છે; કારણ કે, જામ રાવળ પોતે અથવા તો તેના ચાંડાલ અનુચરો કુમારોનો શોધ કરવા-માટે નીકળી ચૂકેલા હોવા જોઇએ, એવો મારો નિશ્ચય છે. મારી એ જ પ્રાર્થના છે કે, કુમારોને મારા હાથમાં સોંપો, હું તેમને નિર્ભય સ્થાનમાં લઈ જઇશ અને મારા શરીરમાં જીવ છે ત્યાં લગી એમના પ્રાણોનું રક્ષણ કરીશ."

અજાજીની રાણીને પણ છચ્છરની એ વાત સાચી જણાઈ અને તેથી પોતાના પતિ સાથે એ બાબતની વાતચીત કરીને છચ્છરની નિમકહલાલી તથા વફાદારી વિશે તેની ખાત્રી હોવાથી બન્ને કુમારોના હાથ તે બાઇએ છચ્છરના હાથમાં સોંપીને સાશ્રુનયનથી ભલામણ કરતાં કહ્યું કેઃ—

"છચ્છર, તું નિમકહલાલ નોકર છે એટલે તને વધારે ભલા-મણ કરવાની કાંઈ જરૂર તો નથી જ, તો પણ આવા પ્રસંગે ચાર શબ્દો બોલ્યા વિના મારાથી રહી શકાતું નથી. જો મારા મુખમાંથી અત્યારે કોઈ અયોગ્ય શબ્દ નીકળી જાય, તો માઠું લગાડીશ નહિ; કારણ કે, દુઃખમાં આવી પડેલાંનાં મન શંકાશીલ થઈ ગયેલાં હોય છે અને તે શંકાને લીધે કેટલીક વાર તેમના મુખમાંથી અયોગ્ય ઉદ્‌ગારો નીકળી જાય, એ સ્વાભાવિક જ છે. દૂધથી દાઝેલું માણસ છાશ પણ ફૂંકીને જ પીએ છે. આ રાજકુળનાં રત્નો અથવા તો કચ્છ રાજ્યની ભાવિ આશાને અમો અત્યારે વિશ્વાસથી તારા હાથમાં સોંપીએ છીએ, તો હવે એમનું રક્ષણ કરવું એ જ તારું પરમ કર્તવ્ય છે. ધનના લોભથી વિશ્વાસઘાત ન કરીશ. તારા પોતાના પ્રાણની આહુતિ આપીને પણ એમને બચાવજે, એટલી જ અમારી પ્રાર્થના છે. જો આ કાર્ય તું નિમકહલાલીથી બજાવીશ, તો ઇતિહાસમાં તારું નામ અમર થશે અને લોકો તારા મરણ પછી પણ તારી પૂજા કરશે. એ માનસમક્ષ તુચ્છ ધનની કશી પણ કીમત નથી એ ભૂલીશ નહિ! જા અને કૃતાર્થ થા!!"

"માતા, મારા વિશે મનમાં કશી પણ શંકા ન જ લાવશો. કદા-ચિત્ ચન્દ્ર અને સૂર્યની ગતિમાં પરિવર્તન થશે, પણ મારા હૃદયની

ભાવનામાં કોઈ કાળે પણ પરિવર્તન થવાનું નથી. જામ રાવળ પોતાનાં કુકર્મોમાં જેવો એક જ શયતાન છે, તેવો જ ધારજો કે, આ દાસ ધર્મના માર્ગમાં ચાલનારો એક જ ઇન્સાન છે. રાજનિષ્ઠા અને સ્વામિ-સેવા એ એક જ મારું ધ્યાન છે—મારો એક જ ધર્મ છે અને એક જ ભગવાન્ છે !—

'જો થાઉં અરિનો મિત્ર હું નૃપબાળથી ટૂટી અહીં;
તો લવણ મારા દેહમાંથી નીકળે ફૂટી અહીં !'

—એ સિદ્ધાન્તને હું સારી રીતે સમજું છું. જો આ બે રાજરત્નોનું રક્ષણ કરતાં હું શત્રુના શસ્ત્રનો ભક્ષ થઇશ, તો અવશ્ય સ્વર્ગમાં જઇશ ! મારા જીવન કે મરણનો મને જરાય વિચાર નથી, માટે નિશ્ચિન્ત રહો !" છચ્છરે આશ્વાસન આપતાં જણાવ્યું.

"શાબાશ, નિમકહલાલ નોકર, શાબાશ ! ! નોકર હો, તો તારા જેવા જ હોજો !" રાણીએ શાબાશી આપી.

માતા સમાન માસીથી વિખૂટા પડવાનો પ્રસંગ આવતાં જ બન્ને કુમારો તેને બાઝી પડ્યા અને રોતા રોતા કહેવા લાગ્યા કેઃ "ના, અમે તો તમને છોડીને ક્યાંય જવાના નથી." એટલે તેમને આશ્વાસન આપતી માયાળુ રાણી કહેવા લાગી કેઃ "મારા પ્રાણાધિક બાળકો, અત્યારે રોવાનો કે બાળહઠ કરવાનો પ્રસંગ નથી. મારી આજ્ઞાને માન આપીને અત્યારે તો સિધાવો. તમે જ્યારે પોતાના પિતાના વધકર્ત્તા પાસેથી વૈરનો બદલો લ્યો ત્યારે જ ખરા સુપુત્ર અને ક્ષત્રિયકુળદીપક નામને શોભાવનારા કહેવાશો. આપત્તિના અવસરમાં આમ રોદન કરવું, એ ક્ષત્રિયબાળકને શોભતું નથી. દૃઢતા ધારો અને સિધારો ! ઈશ્વર તમને ચિરાયુ કરશે !"

કુમારો તરત રોતા બંધ થઈ ગયા અને પોતાની મેળે જ આગળ ચાલીને છચ્છરના સાહાય્યથી સાંઢણીપર સવાર થયા. છચ્છર પોતે પણ સાંઢણીપર બેઠો અને પ્રવાસની સઘળી તૈયારીઓ થઈ ચૂકી. રાણીએ થોડીક સોનામોહોરો છચ્છરને આપી અને કુમારોને આશીર્વાદ આપીને કહ્યું કેઃ "પુત્રો, પરમાત્મા તમારું કલ્યાણ કરો અને તમો પુનઃ સત્વર જ કચ્છ ભૂમિના સ્વામી થઇને વિજયપતાકાસહિત પાછા ફરો, એ જ મારો આશીર્વાદ છે !"

"હં—પણ મારે કુમારોને લઈ ક્યાં જવા ? આપના ધ્યાનમાં એવું કોઈ નિર્ભય સ્થાન છે ખરું કે ?" છચ્છરે સાંઢણીને ઉઠાડ્યા પછી અચાનક મનમાં એક વિશિષ્ટ કલ્પનાનો ઉદય થવાથી એ સવાલ કર્યો.

"અમદાવાદના બાદશાહ પાસે. ત્યાં કુમારોને સારો આશ્રય મળી શકશે, એવી મારી ધારણા છે." રાણીએ જવાબ આપ્યો.

"બહુ સારું." છચ્છરે કહ્યું, અને એમ કહેતાંની સાથે તરત જ તેણે સાંઢણીને મારી મૂકી. જોતજોતામાં તે કુમારો સહિત અદૃશ્ય થઈ ગયો અને અજાજી તથા તેની રાણીના મનમાં કુમારોના વિયોગથી શોક તથા તેમના સંરક્ષણના વિચારથી એક પ્રકારનો આનન્દ થવા લાગ્યો. કુમારોના ગયા પછી જામ હમ્મીરના સ્વર્ગવાસના સમાચાર આપવામાટે તેમણે એક માણસને લાખિયાર વિયરા તરફ રવાના કરી દીધો.

* * * * *

સૂર્યોદય થયો અને રાત્રિની ઉદ્યમહીન સૃષ્ટિ પુનઃ ઉદ્યોગમાં પ્રવૃત્ત થયેલી દેખાવા લાગી. લગભગ અર્ધપ્રહર દિવસ ચઢી ગયા પછી અચાનક કેટલાક શસ્ત્રધારી મનુષ્યો અજાજીના મહાલય પાસે આવી લાગ્યા અને પોતાના અશ્વોને ઊભા રાખીને તેઓ નીચે ઊતરી પડ્યા. માત્ર એક તેમના નાયક જેવો દેખાતો જે પુરુષ અદ્યાપિ અશ્વપર જ બેઠો હતો તેણે પોતાના સિપાહીઓને આજ્ઞા કરી કે: "અજાજીને બોલાવો અને કુમારોની માગણી કરો." વાંચકોએ અહીં જાણવું જોઇએ કે એ નાયક બીજો કોઈ નહિ, પણ ક્રૂર નરઘાતક ચામુંડરાજ જ હતો.

સિપાહીઓએ અજાજીને બહાર બોલાવ્યો અને પૂછ્યું કે: "હમ્મીરના બે કુમારો ખેંગારજી અને સાયબજી ક્યાં છે? અમને તેમનાં મુખ બતાવો."

"કારણ?" અજાજીએ સામો સવાલ કર્યો.

"કારણ અમારા સરદાર જણાવશે," એમ કહીને તે સિપાહીઓ અજાજીને ચામુંડરાજ પાસે લઈ આવ્યા અને કહેવા લાગ્યા કે: "સરદાર સાહેબ, આ ઠાકરડો કુમારોને બતાવવાનું કારણ જાણવા માગે છે, માટે એને કારણ કહી સંભળાવો."

[ "અજાજી, જામ હમ્મીરજીને મારી નાખીને જામ રાવળજી કચ્છના રાજા થયા છે અને તેમની આજ્ઞાથી જ અમે કુમારોને લેવામાટે આવ્યા છીએ. રાજાની આજ્ઞા એ જ કારણ. તમારે રાજાની આજ્ઞાને માન આપવું જ જોઇએ." ચામુંડરાજે જોહાકી હુકમ ફર્માવીને કહ્યું. ]

"રાજાની આજ્ઞા અમને શિરસાવંદ્ય છે. કુમારો હમણાં અહીં જ રમતા હતા, પણ અહીં જોવામાં નથી આવતા એટલે જણાય છે કે રાણીવાસમાં પોતાની માસી પાસે ગયા હશે. હું તેમને હમણાં જ

મોકલું છું." એ પ્રમાણેનું ઉત્તર આપીને અજાજી પોતાના અંતઃપુરમાં ચાલ્યો ગયો.

ચામુંડરાજ અજાજીના વચનમાં વિશ્વાસ રાખી કુમારોના આવવાની વાટ જોતો ઊભો રહ્યા. વાટ જોવામાં બીજો પણ અર્ધ પ્રહર જેટલો સમય વીતી ગયો, પણ કુમારો તો દેખાયા જ નહિ એટલે તેણે અંતઃપુરની દાસીને બોલાવીને અજાજીને બહાર મોકલવાની આજ્ઞા કરી. અજાજીએ આવતાંની સાથે જ આશ્ચર્ય બતાવીને કહ્યું કેઃ "શું હજી કુમારો નથી આવ્યા કે ? હું અંતઃપુરમાં તેમને બહાર મોકલવાનું કહેવડાવીને સ્નાન કરવા રોકાયો હતો. ક્ષમા કરજો, આપને આટલી વાર વ્યર્થ ખોટી થઈ રહેવું પડ્યું. તેમને હમણાં જ હું બોલાવી મગાવું છું." એમ કહીને તેણે દાસીને આજ્ઞા કરી કેઃ "જા અને અંતઃપુરમાંથી કુમારોને અહીં લઈ આવ."

દાસી નમન કરીને ગઈ અને થોડી વાર પછી પાછી આવીને કહેવા લાગી કેઃ "અંતઃપુરમાં કુમારો નથી અને રાણી સાહેબને પૂછતાં તેઓ એમ કહે છે કે, 'જામ હમ્મીરજીનો એક નોકર અત્યારે જ અહીં આવ્યો હતો અને તે હમ્મીરજી તેમને બોલાવે છે એમ કહીને કુમારોને લઈ ગયો.' કુમારો આપણે ત્યાં નથી, અન્નદાતા !"

ચામુંડરાજના મનમાં એ જવાબ સાંભળતાં જ નિરાશા વ્યાપી ગઈ અને તે કોપાયમાન થઈ ગયો. કોપ દર્શાવતો અજાજીને ઉદ્દેશીને તે કહેવા લાગ્યો કેઃ "અજાજી, મારો તમારા અને તમારી રાણીના બોલવામાં વિશ્વાસ બેસતો નથી. આપે જો સીધી રીતે કુમારોને અમારા હાથમાં સોંપી દીધા હોત, તો આપની આબરૂપર હલ્લો કરવાનું અમને કાંઈ પણ કારણ નહોતું. પણ હવે તો અમારે આપના અંતઃપુરમાં પેસીને કુમારોનો શોધ ચલાવવો જ પડશે." એમ બોલી તે ઘોડાપરથી નીચે ઊતરી પડ્યો અને પોતાના કેટલાક સિપાહીઓને લઇને જોર જબરદસ્તીથી અજાજીના અંતઃપુરમાં ઘુસી ગયો. [આખા ઘરમાં અને ઘરના ખૂણે ખૂણામાં તેણે કુમારોનો શોધ ચલાવ્યો, પણ કયાંય તેમનો પત્તો મળી શકયો નહિ.] કુમારો ત્યાં હોય તો પત્તો મળે ને ? કુમારો તો આપણે જોયું તેમ કયારનાય ચાલ્યા ગયા હતા. અજાજીએ માત્ર તેમને ખોટી કરવામાટે જ જૂઠાં બહાનાં બતાવ્યાં હતાં.

સર્વ રીતે નાસીપાસ થવાથી ચામુંડરાજ અજાજીને કહેવા લાગ્યો કેઃ "કુમારો અહીં નથી, એ વાત ખરી છે; પણ તેમને કોઈ આવીને સ્વાભાવિક રીતે જ લઈ ગયું કે તમે જાણીજોઇને નસાડી દીધા, એ વિશે મારા મનમાં શંકા છે. પણ ચિન્તા નહિ; જો મારું માથું સલા-

મત છે, તો તેમને હું સાતમા પાતાળમાંથી પણ બહાર ખેંચી કાઢીશ. સિપાહીઓ, અહીં કોઈ સારો પગી હોય, તો તેને બોલાવો; જો તે સીધી રીતે ન આવે તો તેને બળાત્કારે પણ પકડી લાવો."

તરત સિપાહીઓ દોડ્યા અને તેમણે ગામમાં શોધ ચલાવ્યો પણ ગામમાં કોઈ પગી મળ્યો નહિ. ત્યાંથી બે ગાઉના અંતરે આવેલા એક ગામડામાં પગીનું ઘર હતું, ત્યાંથી તેઓ પગીને લઈ આવ્યા અને એ બધી વ્યવસ્થા થતાં સુધીમાં તો મધ્યાન્હનો સમય થઈ ગયો.

અહીં અમારે કચ્છના પગીની થોડીક હકીકત આપવી જોઈએ. પગીઓ તો જો કે કાઠિયાવાડ, સોરઠ અને ગુજરાતમાં પણ છે, પરંતુ કચ્છના પગીઓ પગલું લઈને ચોર અથવા નાસનારને પકડી પાડવામાં આજે પણ સર્વથી શ્રેષ્ઠ મનાય છે. એ લોકો જાતના કોળી કે ભિલ્લ હોય છે અને બહુધા પોતે પણ ચોરી કે લૂટફાટના ધંધાપર જ ગુજરાન ચલાવતા હોવાથી સ્વાભાવિક રીતે જ એ પગલાં ઓળખવાની વિદ્યામાં અત્યંત નિપુણ થયેલા હોય છે. પગીને તેના આવતાંની સાથે જ ચામુંડરાજે કહ્યું કે:—

"પગી કાળા, આજે તું જો તારી ચાલાકીનો સારો ઉપયોગ કરી બતાવીશ, તો તારી ભવની ભાવઠ ભાગી જશે અને હવે પછીના તારા દિવસો સુખવિલાસમાં જ જશે. એક માણસ બે રાજકુમારોને લઈને અહીંથી પલાયન કરી ગયો છે અને તેને રાજકુમારો સહિત આપણે પકડી પાડવાનો છે. જો તારી વિદ્યાથી તે પકડાશે, તો તું ધનવાન્ બની જાય એટલું મોટું ઇનામ તને આપવામાં આવશે."

"અન્નદાતા, અમારો તો એ ધંધો જ છે. પગલું તો બરાબર લઇશ, પછી ચોર મળે કે ન મળે એ તો કિસ્મતની વાત" એમ કહીને પગી કાળો કેટલેક દૂર સુધી ચાલ્યો ગયો અને માર્ગમાંનાં પગલાં જોવા લાગ્યો. માણસનાં પગલાં વધારે લંબાયલાં તેના જોવામાં ન આવ્યાં, પણ સાંઢણીનાં પગલાં આગળ વધ્યાં અને તેથી મનમાં વ્હેમ આવતાં તે પાછો વળીને ચામુંડરાજને કહેવા લાગ્યો કે: "અન્નદાતા, નાસનાર ચોર પગે ચાલીને તો નથી ગયો, પણ ઊંટ કે સાંઢણીપર સવારી કરીને ગયો છે; માટે મારો એવો વિચાર થાય છે કે આપણે ઊંટનાં પગલાં લઈને જ આગળ વધીએ તો વધારે સારું."

"ભલે એમ તો એમ. અમને તો કોઇ પણ રીતે અમારા ચોર મળવા જોઇએ." ચામુંડરાજે કહ્યું.

પગીને એક ઘોડો આપવામાં આવ્યો અને તે ઘોડેસવાર થઇને આગળ આગળ ચાલવા લાગ્યો. તેની પાછળ પાછળ ચામુંડરાજ અને

બીજા સિપાહીઓ પોતાના ઘોડાને ધીમી ચાલથી ચલાવતા ચાલ્યા જતા હતા. થોડી વારમાં જ તેઓ વિંઝાણથી દૂર નીકળી ગયા અને અજાજી તથા તેની રાણી આપત્તિમાંથી હાલ તરત તો મુક્ત થયાં.

[ ચાંડાલ ચામુંડરાજના ચાલ્યા જવા પછી અજાજી પોતાના અંત:પુરમાં આવ્યો અને રાણીને ઉદ્દેશીને કહેવા લાગ્યો કે: "વાત વંઠી છે, પગીએ પગલું પકડી પાડ્યું છે. જો કે છચ્છરબૂટાને અહીંથી નીકળ્યાને ઘણો વખત થઈ ગયો છે અને તેથી ધારી શકાય છે કે તે બહુ દૂર નીકળી ગયો હશે; તો પણ રાજકુમારોની નિર્ભયતામાટે મારા મનમાં શંકા રહ્યા કરે છે. જો રાજકુમારોના સંબંધમાં કાંઈ પણ અશુભ થશે, તો આપણા કપાળમાં સદાને માટે કલંક લાગી જશે. હવે શું કરવું ને શું નહિ એની મને સૂઝ પડતી નથી." ]

"પ્રાણનાથ, આવા સમયમાં સાહસનો જ આશ્રય લેવો જોઇએ. ચામુંડરાજના સિપાહીઓની સંખ્યા વીસ કે પચીસથી વધારે તો નથી જ, માટે આપ પણ છુપી રીતે અહીંથી પોતાના પચાસથી સાઠ હથિયારબંધ માણસોને લઇને રવાના થાઓ અને જો રાજકુમારોને એમના હાથમાં સપડાયલા જુઓ, તો એક વાર ઝપાઝપી કરીને પણ તેમને બચાવજો. પછી આપણા ભાગ્યમાં જે લખાયલું હશે તે થશે." રાણીએ એક વીર નારીને શોભે તેવો જ ઉપદેશ આપ્યો.

"ધન્ય, રાણી, ધન્ય!! હવે એ માર્ગ વિના બીજો માર્ગ નથી. હું આ ચાલ્યો." એટલું કહી તરત અજાજીએ પોતાના સિપાહીઓને તૈયાર થવાનો હુકમ આપ્યો અને પોતે પણ શસ્ત્રાસ્ત્ર તથા કવચ ધારણ કરીને અશ્વારૂઢ થયો. [લગભગ પોણોસો વીર નરોનું એક નાનકડું સૈન્ય છુપી રીતે વિંઝાણમાંથી બહાર પડીને જંગલમાં એક નદીના તીરપ્રાંતમાં એકત્ર થયું અને ત્યાંથી તેણે ચામુંડરાજ જે દિશામાં ગયો હતો તે દિશામાં વાયુના વેગથી પ્રયાણ કર્યું. ]

ચામુંડરાજે ધર્મના ઉચ્છેદનો ઝંડો ઉઠાવ્યો હતો અને અજાજીએ ધર્મના રક્ષણનો પોતાના મનમાં નિશ્ચય જમાવ્યો હતો, એટલે હવે આપણે જોવાનું છે કે એ ધર્મ અને પાપના સમરક્ષેત્રમાં જય કોનો થયો અને પરાજય કોના પક્ષમાં ગયો.

## દ્વિતીય પરિચ્છેદ

## જામ રાવળનો જોહાકી જુલમ

### અથવા

## મહત્ત્વાકાંક્ષાના યજ્ઞમાં સસબાળકબલિદાન!!

"Cromwell, I charge thee, fling away ambition;
By that sin fell the Angels."

*Shakespere.*

[ છચ્છરબૂટો કુમારોને લઇને સાપર નામના એક ગામડામાં આવી પહોંચ્યો. સાપર ગામનો ભીંયો નામનો મિયાણા જાતિનો પટેલ હતો. તે વિશ્વાસપાત્ર અને રાજભક્ત પુરુષ હોવાથી છચ્છરે તેને અથથી ઇતિ પર્યન્ત રાજ્યક્રાન્તિનો સમસ્ત વૃત્તાંત કહી સંભળાવ્યો અને બન્ને કુમારોને તેના હાથમાં સોંપી દીધા.] ભીંયાએ ગામ બહાર ખડકેલી ઘાસની મોટી મોટી ગંજીઓમાંની એક ગંજીમાં બન્ને કુમારો બેસી શકે એટલી વચ્ચે જગ્યા કરીને તેમાં કુમારોને બેસાડી દીધા અને છચ્છરબૂટાને તથા સાંઢણીને તે ગામની પાસે આવેલા ચિત્રોડ નામક પર્વતપ્રદેશમાં લઈ ગયો અને છચ્છરને ત્યાં જ સંતાઇ રહેવાનું કહીને તે પોતે પાછો ગામમાં આવી લાગ્યો. ભીંયાના જવા પછી છચ્છરે મનમાં વિચાર કર્યો કે: "ઊંટનાં અઢારે અંગ વાંકાં એટલે એ પ્રાણી છુપું રહી શકવાનું જ નથી એટલામાટે એને એના ભાગ્યના આધારે છોડી દઇને મારે કોઈ પણ ઉપાયે ગુપ્ત રહીને જીવ બચાવવાનો માર્ગ અવશ્ય શોધી કાઢવો જ જોઇએ." એ પ્રમાણેનો નિશ્ચય કરી સાંઢણીને ત્યાં જ ચરતી મૂકી દઇને તે પોતે ગિરિની એક ગુહામાં ભરાઇ બેઠો.

[અલ્પ સમયમાં જ ચામુંડરાજ પગ લેતો લેતો સાપર (એ ગામ અત્યારે રાપરના નામથી ઓળખાય છે)માં આવી ધમક્યો અને ભીંયાના ઝુંપડા જેવા ઘર પાસે અટકી તેને ધમકાવીને પૂછવા લાગ્યો કે: "તારી પાસે અમારા બે ચોર છે, તેમને એક પળનો પણ વિલંબ કર્યાં વિના અમારે હવાલે કરી દે. જો જરા પણ આનાકાની કરીશ, તો પોતઃનો જીવ ખોઇ બેસીશ." ]

"અન્નદાતા, ચોર શા અને વાત શી? રાજાના ચોરોને હું મારા ઘરમાં સંતાડી રાખું અને પોતાના પ્રાણને વિના કારણ ભયમાં નાખું, એટલો બધો હું હજી ગાંડો થઇ ગયો નથી. ગરીબ પરવર, હું આપના ચોરો વિશે કશું પણ જાણતો નથી." ભીંયાએ નમ્રતાથી અને કોઇના મનમાં શંકાનો જરા પણ ભાસ ન કરાવે એવી કળાથી ઉત્તર આપ્યું.

ચામુંડરાજનો ભીંયાના વચનમાં કાંઇક વિશ્વાસ બેસવાથી તે પુનઃ આગળ વધતાં પગલાંને અનુસરીને પોતાના દુષ્ટ અનુચરોસહિત ચિત્રોડ પર્વતપર જઇ પહોંચ્યો અને ત્યાં તપાસ કરતાં એક સ્થળે સાંઢણી એકલી જ ચરતી જોવામાં આવી. એ સાંઢણીને દરબારી વાહન તરીકે તેણે તરત ઓળખી લીધી; કારણ કે, તેનાપરનો બધો સાજ દરબારી ઠાઠનો જ હતો. એથી મનમાં જ તેણે અનુમાન કર્યું કે: "અવશ્ય કુમારો પણ ક્યાંક આટલામાં જ હોવા જોઇએ. જો બરાબર શોધ કરીશું, તો જરૂર પત્તો મળવાનો જ!" એ પ્રમાણે વિચાર કરીને તેણે સમસ્ત પર્વતમાં શોધ ચલાવ્યો. તેના સૈનિકો વૃક્ષેવૃક્ષ અને પાષાણે પાષાણ જોઈ વળ્યા, પણ તેમને ક્યાંય કુમારોનો પત્તો મળી શક્યો નહિ. અંતે થાકીને બધા સાંકેતિક સ્થાનમાં એકત્ર થયા અને એ વિશે પુનઃ વિચાર ચલાવવા લાગ્યા. ચામુંડરાજે કહ્યું કે: "સાપરમાં ભીંયાના ઘર સુધી સાંઢણીનાં પગલાં ગયેલાં છે એટલે જ્યારે કુમારો આ પર્વતમાં નથી ત્યારે અવશ્ય તેઓ ગામમાં જ ક્યાંક હોવા જોઇએ. જો પત્તો મળશે, તો ત્યાંથી જ મળશે." એ પ્રમાણેનો નિશ્ચય કરીને પાછા તેઓ ભીંયાને ત્યાં આવ્યા અને ચામુંડરાજ તેને ભય બતાવતો ભયંકર ગર્જના કરીને કહેવા લાગ્યો કે: "જો આ સાંઢણીને પાસેના ચિત્રોડ પર્વતપરથી પકડી લાવ્યા છીએ, પણ ત્યાં કુમારોનો ક્યાંય પત્તો લાગતો નથી એટલે અમારા મનમાં દૃઢ સંશય આવ્યો છે કે કુમારો તારા તાબામાં જ હોવા જોઇએ. કુમારોને છુપાવી રાખીને સાંઢણીને પર્વતમાં એકલી ચરતી છોડી દેવાની યુક્તિ પણ તારી જ હોવી જોઇએ; કારણ કે, આ સાંઢણીનાં પગલાં સાપરથી ચિત્રોડ ડુંગરની તળેટી સુધી જ જાય છે અને તે પગલાં આ સાંઢણીનાં જ છે કે નહિ, એની જો તારે ખાત્રી કરવી હોય, તો જઇને જો. પગલાં હજી કાયમ જ છે. કુમારો તારા કબજામાં હોવામાટેની આટલી જબરજસ્ત સાબીતી મળવા છતાં પણ હવે જો તું બનાવટી વાતો સંભળાવીશ, તો આ ક્ષણે જ હું, તારા આખા ગામને આગ લગાડીશ અને તારા પરિવારને બુરા હાલથી મારી નખાવીશ. તને પરમાત્મા બુદ્ધિ આપે તે પ્રમાણે વર્તવાને તું સ્વતંત્ર છે. 'હા'થી હર્ષ થશે અને 'ના'થી નફ્ખોદ જશે, એનો બરાબર વિચાર કરીને જ ઉત્તર વાળજે."

"ગરીબનવાજ, આ ગામને આગ લગાડશો તો એમાં અમારું શું જવાનું હતું વારુ? ગામ પણ આપનું છે અને અમે પણ આપના જ છીએ એટલે આપ ખાવિન્દ જે ધારો તે કરવાને મુખ્તિયાર છો.

હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે, હું અપરાધી નથી. આ સાંઢણી મારા ગામમાં આવી પણ નથી અને મેં કુમારોને જોયા પણ નથી. જો આપનો મારા વચનમાં વિશ્વાસ ન બંધાતો હોય, તો ભલે મારા પરિવારનો નાશ કરી નાખો. મારો એમાટે જરા પણ વાંધો નથી." ભીંયાએ બિલ્કુલ નાકુબૂલ જઇને જણાવ્યું.

ચાંડાલ ચામુંડરાજે એમ જાણ્યું કે: "એ એમ સીધી રીતે માનવાનો નથી. કુમારો જો કે છે તો અહીં જ, પણ એના પોતાના ઘરમાં તો નહિ જ હોય. જરૂર ગામમાં બીજા કોઇના ઘરમાં જ હશે, માટે ગામને આગ લગાડીને બાળી નાખવું એ જ વધારે સારું છે." મનમાં એવો નિશ્ચય કરીને તેણે પોતાના અનુચરોને આજ્ઞા કરી કે: "જાઓ, અને આખા ગામમાં મારો એ હુકમ સંભળાવી દ્યો કે, સર્વ પોતપોતાના સામાન અને પરિવારને લઇને મારી આગળ આવી હાજર થાય. જો કોઈ મારી આજ્ઞાનો અનાદર કરે, તો તેને બાંધીને માર મારતા લઈ આવો. જરા પણ દયાનો અંશ બતાવશો નહિ; કારણ કે, દયા ડાકણને પણ ખાઈ જાય છે!"

હુકમના બંદા ગુલામ નોકરો તરત આખા ગામમાં ફરી વળ્યા અને લોકોને તેમણે ચામુંડરાજની ભયંકર આજ્ઞા સંભળાવી દીધી. સર્વને તે સિપાહીઓ પકડી પકડીને ચામુંડરાજ આગળ લાવી હાજર કરવા લાગ્યા. ચામુંડરાજે સિપાહીઓને બીજી આજ્ઞા આપતાં કહ્યું કે: "જાઓ, મારા બહાદુર દિલેરો, જાઓ અને જોતજોતાંમાં આખા ગામને સળગાવી દ્યો. આગ એવી ભયંકર લાગવી જોઇએ કે, અગ્નિની ભયંકર જ્વાળા આકાશ પર્યન્ત પહોંચી જાય અને થોડી વારને માટે એ અગ્નિના તાપથી સાક્ષાત્ સૂર્યનારાયણ પણ સંતપ્ત થઈ પરિતાપને પ્રાપ્ત થાય! આ હઠવાદી ભીંયો પણ જાણે કે હઠનું પરિણામ કેવું આવે છે અને એક મનુષ્યનો અપરાધ સમસ્ત ગ્રામનો કેવી રીતે સંહાર કરાવે છે-એક પાપી સમુદ્રના મધ્યમાં આખી નૌકાને કેવી રીતે ડુબાવે છે!"

લગભગ અર્ધ પ્રહરમાં તો અગ્નિની ભયંકર જ્વાળાઓ સર્વત્ર દૃષ્ટિગોચર થવા લાગી અને ગામ બળીને ભસ્મીભૂત થઈ ગયું.

ગામનાં ઝૂપડાં ચરચર ધ્વનિ સહિત બળતાં હોવા છતાં પણ જ્યારે ભીંયાના મુખમંડળમાં ગ્લાનિ કિંવા મલિનતાની છાયાનું દર્શન ન થયું, ત્યારે ચામુંડરાજ નિરાશ થયો અને તેના મનનો દૃઢ નિશ્ચય થયો કે: "કુમારો ગામમાં તો નથી જ. ત્યારે હવે તેમને કયાં શોધવા?" એ પ્રમાણેના વિચારમાં તે નિમગ્ન થઇને ઊભો હતો એટલામાં દૂરથી ધૂળના ગોટ ઊડતા તેના જોવામાં આવ્યા અને થોડી વારમાં ઘોડાનાં

પગલાંનો અવાજ પણ સંભળાયો. અલ્પ સમયમાં જ જામ રાવળ પોતાના રિસાલા સાથે ત્યાં આવી લાગ્યો અને ચામુંડરાજે તેને બનેલો બધો વૃત્તાંત કહી સંભળાવ્યો. અંતે સર્વાનુમતે ગામ બહારની ઘાસની ગંજીઓમાં શોધ ચલાવવાનો નિશ્ચય કરવામાં આવ્યો. ગંજીઓ પાસે આવીને જામ રાવળે હુકમ ફર્માવ્યો કે: "જેવી રીતે આ ગામને બાળી નાખવામાં આવ્યું છે, તેવી જ રીતે આ ઘાસની ગંજીઓને પણ અગ્નિ નારાયણનું ભક્ષણ બનાવો અને કૂવા તથા વાવોને પત્થરવતી પૂરી નાખો!"

ભીંયાએ કુમારોને એ ગંજીઓમાં જ સંતાડેલા હતા, એ તો આપણે જાણી ચૂકયા છીએ જ, એટલે હવે જો એ ગંજીઓને પણ આગ લગાડવામાં આવે, તો અવશ્ય કુમારોનો અંત થઈ જાય, એ નિશ્ચિત હતું. પરંતુ અચાનક એક ઘટના ઘટવાથી એ કાર્ય થોડી વારને માટે અટકી પડ્યું. સિપાહીઓ હુકમનો અમલ કરવા જતા હતા તેવામાં એક વૃદ્ધ પુરુષે આવી ગોઠણુમંડીએ પડીને જામ રાવળને પ્રાર્થના કરીને કહ્યું કે:—

"મહારાજાધિરાજ, હજી તો હાલમાં જ આપ રાજ્યના અધિકારી થયા છો, માટે આરંભમાં જ આવી રીતે રૈયતની હાય લેવી એ આપના માટે સારું નથી; પછી તો જેવો આપનો વિચાર. આપના આ અધિકારીએ અમારા દેખતાં આ અમારાં ઘરબાર બાળી મૂકયાં તે તો અમે છતી આંખે અંધાપો ધારણ કરીને સહન કરી લીધું; કારણ કે, અમારી એવી ભાવના હતી કે ચાર દિવસ વાડીઓમાં ઝાડના છાંયડામાં રહીને વીતાડીશું. અર્થાત્ જો ઝૂપડાં બાળવાથી અમારી નિર્દોષતા વિશે રાજાનો નિશ્ચય થતો હોય, તો તેમાં અટકાવ ન કરવો. પરંતુ જ્યારે આપ આ ઘાસની ગંજીઓને બાળી નાખવા તથા વાવ કૂવાને પૂરાવી નાખવાને જ તૈયાર થયા છો, તો ભલે એમ કરો; પણ પ્રથમ અમારી પ્રાર્થનાને માન્ય રાખી અમને તથા અમારાં ઢોરોને રેંસી નાખો અને પછી જે અનર્થ કરવો હોય તે આનંદથી કરો. વળી મારી તો એ જ સલાહ છે કે, બધા મિયાણાઓને કચ્છમાંથી દેશ પાર કર્યા પછી જ આ અનર્થપાત કરો, તો વધારે સારું; કારણ કે, જો મિયાણાઓ અહીં હશે અને તેઓ જ્યારે પોતાના જાતભાઇઓપર થયેલા આ જુલ્મની વાત સાંભળશે, તો તરત તેઓ આપ વિરુદ્ધ બળવો જગાડશે અને એ બળવાને બેસાડતાં તો આપના સૈનિકોનો નાકમાં દમ આવી જશે. એટલામાટે જો મારો ઉપદેશ માનો, તો એમાં આપનો જ અધિક લાભ સમાયલો છે. જો વાડીઓ કાયમ રહેવા દો, તો અમે બધા પાછા ઝૂપડાં બાંધીને રહીએ, ખેતી કરીએ અને પેટ

ભરીએ. ઘાસની ગંજીઓ બાળી નાખવાથી ઢોરોના પ્રાણ જશે, ઢોરોના અભાવે ખેતી અટકશે અને ખેતી ન થવાથી આપની આવકમાં ઘટાડો થશે ને તે ખોટ આપની આંખોમાં ખટકશે. જળાશયોના નાશથી અમો સર્વનો નાશ થવાનો એ તો નિર્માયલું જ છે, ત્યારે ખુલ્લી રીતે જ અમને શામાટે કાપી નથી નાખતા, એ હું સમજી શકતો નથી. જે વસ્તુઓના નાશમાટે અત્યારે આપ ઉત્સુક થયા છો, તે વસ્તુઓ પાછી વસાવી આપવાનું જો આપના અંગમાં સામર્થ્ય હોય, તો એમાટે અમારી જરાય ના નથી. પણ પ્રથમ અમને તેવું વચન મળવું જોઇએ."

પ્રિય વાંચક, પ્રાર્થના કરનાર એ વૃદ્ધ નર બીજો કોઈ નહિ, પણ કુમારોનો પ્રાણરક્ષક ભીંયો પોતે જ હતો. ભીંયાનું એ પ્રમાણપૂર્ણ ભાષણ સાંભળીને જામ રાવળ ઘડીભર વિચારમાં પડી ગયો અને અન્ય વસ્તુઓના નાશમાટેની પોતાની આજ્ઞાને પાછી ખેંચી લઇને તેણે માત્ર ઘાસની ગંજીઓને બાળી નાખવામાટેની આજ્ઞાને જ અવિચળ રાખી.]

એટલામાં જામ રાવળનો એક ભાયાત કે જે તેની સાથે જ આવ્યો હતો, તે વચ્ચે વધીને કહેવા લાગ્યો કે: "ખાવિન્દ કુમારોને આ ઘાસની ગંજીઓમાં છુપાવવામાં આવ્યા હોય, એમ મારું માનવું તો નથી જ. આ ગંજીઓનો વિસ્તાર ઘણો જ નાનો છે. છતાં જો આપના મનમાં શંકા જ હોય, તો એમાં બરછીઓ ખોસીને તે શંકાનું નિવારણ કરી નાખો. જો આ ઘાસનો નાશ કરવામાં આવશે, તો એટલું ઘાસ તત્કાળ પાછું મળી શકશે નહિ અને વિના કારણ બિચારાં ઢોર માર્યાં જશે."

"વારુ ત્યારે એમ કરો." જામ રાવળે અનુમતિ આપી.

ભીંયાનાં નેત્રોમાંથી અસ્ખલિત અશ્રુધારાનું વહન થવા લાગ્યું અને તે અત્યંત દયાજનક મુદ્રાથી હાથ જોડીને પુનઃ વિનતિ કરતો બોલ્યો કે: "મહારાજા, આ ઘાસની ગંજીઓને તો આપ હસ્તસ્પર્શ પણ ન કરો, એવી જ અમારી ઇચ્છા છે; કારણ કે, અમારાં ઢોરોના પ્રાણ અમને અમારા પોતાના પ્રાણ કરતાં પણ વધારે વ્હાલા હોય છે, એ તો આપ જાણો જ છો."

પોતાના ભાયાતના કહેવાથી જામ રાવળના મનમાંથી જે સંશય જતો રહ્યો હતો, તે ભીંયાની આ પ્રાર્થનાથી તાજો થયો અને તેણે મનમાં નિશ્ચયપૂર્વક માની લીધું કે: "કુમારો આ ગંજીઓમાં જ હોવા જોઇએ અને તેથી જ ગંજીઓને સ્પર્શ ન કરવામાટેનો એ આટલો

બધો આગ્રહ કર્યા કરે છે. અર્થાત્ એના અપરાધની એને યથાયોગ્ય શિક્ષા આપવી જ જોઇએ." મનમાં એમ ધારીને તેણે ભીંયાને સવાલ કર્યો કે: "બુઢ્ઢા તને કાંઈ સંતતિ છે ખરી કે?"

"મહારાજ, આપનાં ચરણોના પુણ્યપ્રભાવે મને આઠ પુત્રો છે." ભીંયાએ નિષ્કપટતાથી સરળ ઉત્તર આપ્યું.

"તારા તે બધા પુત્રોને અહીં બોલાવ." રાવળે આજ્ઞા કરી.

ભીંયાએ આજ્ઞાવશ થઇને પોતાના આઠે પુત્રોને બોલાવીને જામ રાવળ સમક્ષ હારબંધ ઊભા રાખ્યા અને રાવળે તેમને શામાટે બોલાવ્યા હશે એ વિશે તે પોતાના મનમાં નાના પ્રકારના તર્ક વિતર્ક કરવા લાગ્યો. તરત જામ રાવળે પોતાની તલ્વારને મ્યાનમાંથી બહાર કાઢી અને તેના સર્વથી મોટા પુત્રની ગર્દનપર તલ્વારનો વાર કરીને તેના માથાને ધડથી જૂદું કરી ધૂળમાં રઝળતું કરી દીધું. જેની સ્વપ્નમાં પણ કલ્પના નહોતી, એવો ભયંકર બનાવ બનેલો જોઇને ભીંયો મનમાં વિચાર કરવા લાગ્યો કે: "આ તો અતોભ્રષ્ટ અને તતોભ્રષ્ટ થવાનો જ પ્રસંગ આવી લાગ્યો! કારણ કે, આ દુષ્ટ રાક્ષસ અમારો પણ નાશ કરશે અને ત્યાર પછી ગંજીઓમાં ભાલા ભોકતાં કુમારોનો પત્તો મળશે એટલે તેમનો પણ સંહાર કરી નાખશે! હશે, જેવી ઈશ્વરેચ્છા. 'જીવ, તું વ્યર્થ શોક આ કરે; હરીને કરવું હોય તે કરે!' એ ઉપદેશને સ્મરીને જે બને તે જોયા કરવું, એ જ વધારે સારું છે. જ્યારે માથાપર બની જ આવી છે, ત્યારે પણ તો ન જ ખોવું!" એવી રીતે ચળિત મનનું સમાધાન કરીને તે મૌન ધારી પુત્રમરણના શોકથી અશ્રુ વર્ષાવતો શાંતિથી ઊભો રહ્યો.

રાવળ તેને ઉદ્દેશીને કહેવા લાગ્યો કે: "જોયું કે, આ રાજદ્રોહનું પરિણામ! મારો નિશ્ચય છે કે આમાંની કોઈ પણ એક ગંજીમાં તેં કુમારોને સંતાડેલા છે; એટલે હજી પણ સમજીને બહાર કાઢી તેમને અમારા હાથમાં સોંપી દે. નહિ તો, કુમારો તો મળશે જ, પણ તે પૂર્વે વિના કારણ તારા પરિવારનો નાશ થશે અને સૂકા સાથે લીલું પણ બળી જશે!"

"જે થાય તે ખરું! જે વસ્તુ મારી પાસે નથી તે હું ક્યાંથી લાવી આપું? અમારો નાશ આવી રીતે જ સૃજાયલો હશે, એમાં આપનો શો દોષ? જે જુલ્મ કરવો ઘટે તે કરો." ભીંયાએ બેપરવાઇથી જવાબ આપ્યો.

તરત જામ રાવળની બંદૂકની ગોળીથી ગતપ્રાણ થઇને ભીંયાનો બીજો પુત્ર પણ નિમેષ માત્રમાં સ્વર્ગમાં પ્રયાણ કરી ગયો. ભીંયાનો

અને તેની આંતો એ વેળાનો કલ્પાંત પાષાણુને પણુ પીગળાવી નાખે તેવો હતો. પરંતુ તેથી માનવદેહધારી જામ રાવળના મનમાં દયાનો સંચાર ન થયો; કારણુ કે, તે રાજ્યના લોભથી અંધ, નેત્રહીન અને નિર્દય બનેલા પાપીનું હૃદય પાષાણુ કરતાં પણુ વધારે કઠિન અને અભેદ્ય હતું. પુનઃ જામ રાવળે તેને ભય બતાવીને કહ્યું કેઃ "આ તારું બીજું પુત્રરત્ન ગયું. હજી પણુ માન, નહિ તો બાકીના છની પણુ એ જ અવસ્થા છે."

"ઓ કંસના અવતાર ભૂમિભાર રાજા, જરા વિચાર કર. તેં અપરાધી મને ધાર્યો છે, તો મારો જ નાશ કર. આ નિર્દોષ બાળકોનો આમ નિર્દયતાથી વધ કરતાં તારી લેશ માત્ર પણુ નામના થવાની નથી. છતાં જો મારા પુત્રોનો તારે નાશ કરવો જ હોય, તો અમો પતિ પત્નીની આંખો તારી આ કારી કટારીની વિષધારી અણી ભોકીને પ્રથમ ફોડી નાખ કે જેથી આ રાક્ષસી કૃત્ય અમારા જોવામાં જ ન આવે તેમ જ અમારા કાનોને બ્હેરા બનાવી દે કે આ નિર્દોષ બાળકોના મરતી વેળાના ભયંકર ચીત્કારો અમે સાંભળી જ ન શકીએ!" ભીંયાએ હૃદયભેદક આક્રોશ કરીને કહ્યું.

તેનાં વચનોનો તિરસ્કાર કરતો જામ રાવળ વિશેષ ઉગ્ર સ્વરૂપ ધારણુ કરીને વિકટ હાસ્ય સહિત કહેવા લાગ્યો કેઃ—

"આંખેં રહને દે અભી ઇન્સે હય ક્યા ક્યા દેખના;
દેખના જિદ્દી! તૂ ઇસ હટકા નતીજા દેખના;
ખોપરીસેં ઇન્કે ફુવ્વારા લહૂકા દેખના;
જબ યે તડપેં ખાકપર ઇન્કા તમાશા દેખના;
ઇસ જમીંકો આજ જો રંગી બનાવું તૌ સહી;
ખ઼ૂન તેરે લાલકા તુઝકો પિલાવું તૌ સહી!"

—એટલું બોલતાંની સાથે તેણે ભીંયાના ત્રીજા પુત્રને તેની છાતીમાં ભાલાની અણી ભોકીને ભાલાપર અદ્ધર ઉચકી લીધો. બાળક અદ્ધર તરફડવા લાગ્યો અને તેની છાતીમાંથી વહી નીકળેલી રક્તધારા ભાલાપરથી નીચે જમીનપર પડવા લાગી. તે લોહીની એક અંજલી ભરીને જામ રાવળે ભીંયાના હોઠપર ઢોળી દીધી. ભીંયાને એ વેળાએ પોતાના શરીરનું જરા પણુ ભાન નહોતું. તેની આંખોમાં અંધકાર છવાઇ ગયો હતો અને સમસ્ત સંસાર તેને અંધકારમય જ ભાસવા લાગ્યો હતો. નયનોમાંથી થતી શ્રાવણુ ભાદ્રપદની વૃષ્ટિથી તેનાં વસ્ત્રો પણુ ભીંજાઈ ગયાં હતાં. શિવ શિવ! રાવળની આ કેવી અપૂર્વ અને રાક્ષસોચિત ક્રૂરતા!!

પોતાના ધણીને આવી રીતે હતાશ અને વિવેકશૂન્ય થઈ ગયેલો

જોઈને ભીંયાની સ્ત્રીના મનમાં એવી શંકા આવી કે: "જો એ ગભરાઈને કુમારોને રાવળના હાથમાં સોંપી દેશે, તો બધી કરી કમાણી ધૂળ થશે અને જગતમાં અપયશ જ મળશે." એટલે તે પતિને ધીમા સ્વરથી હિંમત આપતી કાનમાં કહેવા લાગી કે: "રખેને કાંઈ ઓકી નાખતા! આપણો અવતાર તો કૂતરાં જેવો છે એટલે જો જીવતાં રહીશું તો ઘણુંય છોકરાં જણીશું; પરંતુ આપણાં આ કુરકુરિયાંના મોહમાં પડીને સિંહના બાળકોનો સંહાર ન કરાવશો. જો રાજકુમારો જીવતા રહે, તો આપણું જીવન સફળ છે. આપણાં સંતાનોથી જગતને કાંઇ પણ વધારે લાભ થવાનો નથી; પણ જો એ રાજપુત્રો જીવતા રહેશે, તો હજારો મનુષ્ય જીવોને પાળશે અને આપણાં દુ:ખડાં પણ ટાળશે. અર્થાત્ છાતીને મજબૂત રાખો અને શાંત થાઓ."

ભીંયો જો કે બીનો તો નહોતો જ, તો પણ પોતાની સ્ત્રીનાં એ વચનો સાંભળીને તે વધારે ધીર ગંભીર થઈ ગયો. [જામ રાવળે તેના બીજા ચાર પુત્રોને પણ એક પછી એક અનુક્રમે નિર્દયતાથી રેંસી નાખ્યા] છતાં ભીંયાએ કે તેની સ્ત્રીએ દુ:ખનો એક પણ ઉદ્‌ગાર ન કાઢ્યો તે ન જ કાઢ્યો.

પૃથ્વીને ભીંયાના નિર્દોષ બાળકોના પવિત્ર શોણિતથી રંગાયલી જોઈને જામ રાવળની તહેનાતમાંના એક શિવજી નામના લુહાણાનું હૃદય વિદીર્ણ થઈ ગયું અને આ અત્યાચાર સહન ન થઈ શકવાથી તે રાવળને ઉદ્દેશીને કહેવા લાગ્યો કે:—

"મહારાજ, જેના સાત પુત્ર બકરાંની પેઠે રેંસાઈ ગયા, તો પણ કુમારો વિશેની જેણે ખબર ન આપી, તેની પાસેથી હવે વધારે ખબર મેળવવાની આશા રાખવી વ્યર્થ છે. મને તો એ અપરાધી દેખાતો નથી. એ ધણીધણિયાણી અને એમના એક દીકરાને તો હવે જીવતાં જ રાખો, એ જ મારી પ્રાર્થના છે. નહિ તો, જો એ મિયાણાઓ બદલાઈને બહારવટિયા થશે, તો આપને અને ચામુંડરાજને આ રાજ્યમાં રહેવું પણ અશક્ય થઈ પડશે. રાજ્ય કરવાની ને નાના પ્રકારના વૈભવવિલાસ ભોગવવાની વાત તો દૂર રહી!"

પરંતુ એ ઉપદેશને લક્ષમાં ન લેતાં રાવળે ભીંયાને કહ્યું કે: "જો હજી પણ તમો જીવવા ઇચ્છતા હો, તો કુમારોનો પત્તો આપો. હું તમને જાગીરદાર બનાવીશ."

"હું કાંઈ જાણતો પણ નથી અને અમારે જીવવું પણ નથી." ભીંયાએ નિર્ભયતાથી ઉત્તર આપ્યું.

રાવળે તેના આવા દૃઢ નિશ્ચયને જોઈ નિરાશા અને આજ્ઞાપૂર્વક ગંજી તરફ નજર કરી.

## તૃતીય પરિચ્છેદ
## શિવજીનું સાહસ!

"......What though the field be lost ?
All is not lost; th' unconquerable will,
And study of revenge, immortal hate,
And courage never to submit or yield." *Milton.*

જામ રાવળે સિંહ સમાન ગર્જના કરીને શિવજીને જ આજ્ઞા કરતાં કહ્યું કે: "શિવજીભાઈ, તમે મારા અત્યંત વિશ્વાસપાત્ર હોવાથી આ ગંજીમાંથી કુમારોને શોધી કાઢવાનું કાર્ય હું તમને જ સોંપું છું. સહાયતામાટે જોઇએ તેટલા મનુષ્યોને સાથે લ્યો અને સૂક્ષ્મતાથી શોધ ચલાવો. જો તમારો પ્રયત્ન સફળ થશે, તો નિશ્ચિત માનજો કે તમારા વૈભવ અને માનમાં ઘણો જ વધારો થશે."

"જેવી મહારાજાની આજ્ઞા. આજ્ઞાનું પાલન કરવાને આ અનુચર કટિબદ્ધ છે." શિવજીએ ગંભીરતાથી ઉત્તર આપ્યું.

શિવજી પોતે કુલીન લુહાણા વંશનો એક શ્રેષ્ઠ કુળદીપક હતો અને ક્ષત્રિયના સ્વાભાવિક ગુણોનો તેનામાં સંપૂર્ણ પ્રભાવ જોવામાં આવતો હતો. જામ રાવળની ક્રૂરતા અને અન્યાયબુદ્ધિનું અવલોકન કરતાં તેના વિશે શિવજીના મનમાં અત્યંત તિરસ્કાર આવી ગયો હતો અને તેથી પોતાના ક્ષત્રિયધર્મને અનુસરી યદાકદાચિત્ કુમારો ગંજીમાં હોય, તો પણ તેઓ નિરાધાર, દુઃખી અને કપટના ભોગ થઈ પડેલા હોવાથી જીવના જોખમે પણ તેમને બચાવવાનો તેણે પોતાના મનમાં નિશ્ચય કરી રાખ્યો હતો. સારાંશ કે, તેનો એ નિશ્ચય લુહાણાના નામને ઇતિહાસમાં અમર કરી રાખવામાટેનો જ હતો. મનમાં એવો ભાવ છતાં તેની બાહ્ય આકૃતિ ભિન્ન હતી. જામ રાવળને પ્રસન્ન રાખવામાટે કૃત્રિમતા ધારણ કરીને તેણે કેટલાક સિપાહીઓને ગંજીઓ ચૂંથીને કુમારોનો શોધ ચલાવવામાટેની આજ્ઞા આપી દીધી. પરંતુ એ આજ્ઞા સાંભળીને એક બુઢ્ઢા સિપાહીએ વાંધો બતાવીને કહ્યું કે: "સરદાર, ગંજીઓને એક એક કરીને વીખતાં તો મહિનાઓ નીકળી જશે; માટે જો બીજા કોઈ પ્રકારથી શોધ ચલાવવામાં આવે તો વધારે સારું."

"તમારો કેવી રીતે શોધ ચલાવવાનો વિચાર છે વારુ?" શિવજીએ ગંભીરતાથી સામો પ્રશ્ન કર્યો.

"મારો તો એવો જ વિચાર છે કે, ગંજીઓમાં ચારે તરફથી ભાલા ખોસવા અર્થાત્ ગંજીઓનો વિસ્તાર વધારે ન હોવાથી ભાલાઓની અણીઓ બરાબર મધ્ય ભાગમાં પહોંચી શકશે અને તેથી જો કુમારોને

એમાં સંતાડેલા હશે, તો તેમના શરીરમાં ભાલાની અણીનો પ્રવેશ થવાથી તે લોહીથી ખરડાઇને જ બહાર નીકળશે એટલે પછી જે ગંજીમાં તેઓ હોય તે ગંજીમાંથી તેમને કાઢીને કેદ કરતાં જરા પણ વિલંબ લાગશે નહિ." બુઢ્ઢા સિપાહીએ પોતાનો વિચાર દર્શાવ્યો.

"બહુ સારું, ત્યારે એમ યોગ્ય લાગતું હોય, તો એ પ્રમાણે કરો." શિવજીએ અનુમોદન આપ્યું.

શિવજીએ નિરુપાયવશાત્ એ અનુમોદન આપ્યું તો ખરું, પરંતુ તેના મનમાં અતિશય તર્કવિતર્ક થવા લાગ્યા. કોઇ પણ અદશ્ય પ્રેરણાથી કિંવા ધર્મના પ્રભાવથી તેના વિચારો એવા તો પવિત્ર અને પરિવર્તિત થઈ ગયા હતા કે કુમારોનો પત્તો ન મળે તો સારું, એ જ તેની મુખ્ય ભાવના હતી; માત્ર એટલું જ નહિ, પણ જો કુમારો મળે, તો પણ ખુલ્લી રીતે જામ રાવળની સામા થઇને તેમને બચાવવાનો તેણે ગુપ્ત નિશ્ચય કર્યો અને સિપાહીઓના કાર્યનું તે એક ધ્યાનથી અવલોકન કરવા લાગ્યો.

જે વેળાએ ગંજીઓમાં ભાલા ખોસવાનો સર્વનો નિશ્ચય થયો તે વેળાએ ભીંયાના જીવમાંથી અર્ધ જીવ તો તત્કાળ પ્રયાણ કરી ગયો અને તેની સ્ત્રી પણ સાલ્લામાં મુખ છુપાવીને રડવા લાગી. પરંતુ હવે તેમનો કશો પણ ઉપાય ચાલી શકે તેમ ન હોવાથી નિરાશ થઇને તેમણે કુમારોના રક્ષણનું કાર્ય વિશ્વપાલક દયામય પરમાત્માને જ સોંપી દીધું અને જે બને તે જોતાં બેસી રહેવાનું તથા મૌન ધારણ કરવાનું જ તેમને વધારે વ્યાજબી જણાયું. કુમારોને ગંજીઓમાં શોધવાનું કાર્ય દુષ્ટ ચામુંડરાજને સોંપવામાં ન આવ્યું એ એક રીતે કુમારોનાં અને તેમના શુભેચ્છકોનાં સદ્ભાગ્ય જ કહી શકાય. અસ્તુ.

સિપાહીઓએ પોતાના કાર્યનો આરંભ કરી દીધો અને અનુક્રમે એક પછી એક ગંજીઓમાં ભાલાનો પ્રહાર કરવા માંડ્યો. સર્વ મળીને સત્તર ગંજીઓ હતી તેમાંની સોળ તો તેઓ તપાસી ચૂક્યા અને ત્યાર પછી કુમારોને મધ્યમાંની જે સત્તરમી ગંજીમાં સંતાડવામાં આવ્યા હતા તેની પાસે તેઓ આવી લાગ્યા. શિવજી પણ એ વેળાએ તેમની સાથે જ હતો.

ભીંયાના નિર્દોષ બાળકોના વધની ઘટનાને જોઇને ગ્લાનિ પામેલા, ગામમાં શોધ ચલાવીને થાકેલા અને સોળ સોળ ગંજીઓમાં બળપૂર્વક ભાલા ભોંકીને અત્યંત શ્રમિત થયેલા સિપાહીઓ સર્વથા શક્તિહીન થઈ ગયા હતા અને તેથી મનમાં તેઓ હવે વધારે પરિશ્રમ કરવાને જરા પણ ઇચ્છાવાન્ નહોતા. તેમની એ અનિચ્છાની છાયા તેમનાં

નિસ્તેજ મુખમંડળોમાં પણ પ્રત્યક્ષ દેખાઈ આવતી હતી, એટલે તેમની દયા ખાઇને કહો કે પછી બીજા કોઈ ભાવથી કહો, શિવજીએ તેમને કહ્યું કે:–

"એક ભાલો મારા હાથમાં આપો અને તમો સર્વ વિશ્રાંતિ લેવા-માટે ચાલ્યા જાઓ. આ એક ગંજી બાકી છે તે હું જ તપાસી લઇશ."

સિપાહીઓને તો "જોઇતું'તું ને વૈદે બતાવ્યું" જેવું જ થયું. તરત એક ભાલો શિવજીના હાથમાં આપીને તેઓ સલામ કરી ચાલતા થયા. તેમના જવા પછી ધીમેથી શિવજીએ ગંજીમાં ભાલો ભોકયો. કુમારો એ જ ગંજીમાં હોવાથી એ ભાલાને ભોકાતો સાંભળીને તેઓ એવા તો નિરાશ થઈ ગયા કે જીવવાની તેમના મનમાં જરા પણ આશા રહી નહિ. હવે હિંમત રાખ્યા વિના બીજો તેમની પાસે કોઈ પણ ઉપાય નહોતો. 'એક વાર મરવું તો છે જ' અને 'આપણું મરણ આ રાવળના નિમિત્તથી જ સર્જાયલું હશે,' એમ ધારીને તેઓ શાંત તથા સ્વસ્થ થઇને બેસી રહ્યા. શિવજીના ભાલાની અણીએ પ્રથમ ગંજીમાં પ્રવેશ કરીને ખેંગારજીની જંઘામાં પ્રવેશ કર્યો અને તત્કાળ તે લોહીથી ખરડાયલી જ બહાર નીકળી. શિવજીનો એ લોહીથી ખરડા-યલી ભાલાની અણીને જોઇને કુમારોના એ ગંજીમાં હોવા વિશેનો નિશ્ચય થઈ ગયો. જો આ વાર્ત્તા તેણે જામ રાવળને જણાવી હોત, તો તે જ ક્ષણે કુમારોના આયુષ્યનો અંત આવી જાત. પરંતુ નહિ, તેના મનમાં કોઈ પુણ્યમયી અદૃશ્ય પ્રેરણા થયેલી હોવાથી સમય-સૂચકતાનો ઉપયોગ કરીને તરત વસ્ત્રવતી તે ભાલાની અણીપરના લોહીને તેણે લૂછી નાખ્યું, અને નિર્ભય મુદ્રા ધારણ કરીને તે જામ રાવળ ભણી જવાને ત્યાંથી પાછો વળ્યો. ભીંયો એ સર્વ લીલાને જોતો પાસે જ ઊભેલો હતો, એટલે તેને પોતા પાસે બોલાવીને શિવજીએ કહ્યું કે:—

"ભાઈ, કુમારો આ ગંજીમાં છે, એ હવે તો તારાથી નાકબૂલ કરી શકાય તેમ નથી જ; પરંતુ એથી તારે બીવાનું કાંઈ પણ કારણ નથી; કારણ કે, સદ્ભાગ્યે મારા વિના બીજા કોઇને કશી પણ જાણ થઈ નથી અને હું કુમારોને મારી નાખવા ઇચ્છતો નથી. હું જામ રાવળને એમ જ કહીશ કે ગંજીઓમાં કુમારોનો પત્તો નથી અને તેથી કુમારો જ્યાં છે ત્યાં પૂર્વ પ્રમાણે જ નિર્ભય રહેશે."

કુમારોને આવું અદ્ભુત સાહાય્ય મળેલું જોઇને અને તેમને જીવનદાન મળેલું નિહાળીને ભીંયાના મનમાંથી સાત પુત્રોના મરણનો શોક નીકળી ગયો અને સમસ્ત કચ્છ દેશનું રાજ્ય જાણે આજે પોતા-

ને જ પ્રાપ્ત થયું હોયની! એવો તેના હૃદયમાં આનંદ થવા લાગ્યો. તે અત્યંત કૃતજ્ઞતાથી શિવજીનો આભાર માનતો કહેવા લાગ્યો કેઃ—

"ખરેખર, શિવજીભાઈ, આજે આ ઉદારતા અને ધર્મપરાયણતા દર્શાવીને આપે લુહાણા જાતિના નામને અમર બનાવ્યું છે. ક્ષત્રિયકુલોત્પન્ન લુહાણા વીરને આવી શૂરવીરતા અને ઉદારતા જ ભૂષણાવહ છે. અત્યારે કુમારોની તો આ ઉપકારનો બદલો વાળવાની શક્તિ નથી, પરંતુ ઈશ્વર એનો યોગ્ય અને ઉત્તમ બદલો આપને અવશ્ય આપશે જ. અત્યારે કુમારોના બચવાથી મારા મનમાં એટલો બધો આનંદ થયો છે કે તે આનંદને એક પ્રકારના ઉન્માદનું સ્વરૂપ પ્રાપ્ત થતાં મારામાં વધારે બોલવાની પણ શક્તિ રહી નથી!"

"ભીંયા, તું કહે છે તે બધું ખરું છે, પરંતુ તારી ઉદારતા અને રાજનિષ્ઠા સમક્ષ મારી ઉદારતા કશા પણ હિસાબમાં નથી. સાત સાત પુત્રોને પોતાની આંખો આગળ મરી જતા જોવા છતાં તું તારી પ્રતિજ્ઞામાં અચળ રહ્યો છે, એ એક અલૌકિક બનાવ બનેલો જ કહી શકાય. વળી મારી ઉદારતાને હું ઉદારતા ગણુતો જ નથી; કારણ કે, મનુષ્યને મનુષ્ય બચાવી શકતો જ નથી. કુમારોને બચાવનાર તેમનું પોતાનું આયુષ્ય છે. આપણે માત્ર આપણું કર્ત્તવ્ય બજાવ્યું છે; કારણ કે, શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણનો એ જ ઉપદેશ છે કેઃ 'कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन' એટલે કે, 'તારો માત્ર કર્મમાં જ અધિકાર છે, તેનાં ફળોમાં તારો કદાપિ અધિકાર નથી.' અસ્તુ. હવે અહીં આ વાતોમાં આપણે વધારે વેળા ગુમાવવી ન જોઇએ. અમારા અહીંથી જવા પછી તારે માત્ર એ જ કરવાનું છે કે, કુમારોને આ કચ્છ રાજ્યની સીમાથી બહારના કોઈ નિર્ભય સ્થાને મોકલી દેવા. અહીં રહેવામાં હવે એમની સલામતી નથી. જો કાંઇ પણ સાધનોની આવશ્યકતા હોય તો તે હું પૂરાં પાડીશ. તારે જરા પણ ચિન્તા કરવી નહિ." એમ કહીને ધર્મનિષ્ઠ લુહાણાકુળભૂષણ શિવજી ત્યાંથી ચાલ્યો ગયો અને ભીંયો ઈશ્વરના અનંત ઉપકારો માનતો પોતાની સ્ત્રી પાસે ગયો. સ્ત્રીને તેણે સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો. એ વૃત્તાંતને સાંભળીને અને પોતાના પ્રયત્નને યશસ્વી નીવડેલો જાણીને તેની સ્ત્રીના આનંદનો પણ અવધિ થયો.

જામ રાવળે શિવજીના મુખમાંથી ગંજીઓમાં કુમારોના ન મળવાની વાત સાંભળીને પ્રથમ તો કાંઇક નિરાશા ધારણ કરી, પરંતુ પુનઃ મનમાં કાંઇક વિચાર આવવાથી તેણે કૂવા અને વાવોમાં ખાસ તપાસ કરાવી પણ ત્યાંય પત્તો ન લાગવાથી તે સંપૂર્ણ નિરાશ થઈ

ગયો અને પોતાની સાથેના સારા સારા બેચાર કામદારોને એકત્ર કરીને પૂછવા લાગ્યો કે: "હવે આપણે શો માર્ગ લેવો વારુ? કુમારો અહીં હોવાની શંકાથી પ્રજાજનોને આપણે અસહ્ય પીડા આપી છે, ભીંયાના નિર્દોષ બાળકોને મારી નાખ્યા છે અને બીજા પણ અગ્નિ ઇત્યાદિના ત્રાસ વર્ત્તાવ્યા છે એટલે આનું કાંઇ માઠું ફળ આપણને ચાખવું ન પડે, એમાટેનો કોઇ ઉપાય શોધી કાઢવો જોઇએ."

શિવજીએ તરત સલાહ આપી કે: "આપણે ખરેખર અત્યાચાર તો એટલો બધો કર્યો છે કે જેનું વર્ણન કરતાં પણ જિહ્વા અટકી જાય છે અને હૃદયમાં કંપ ઉત્પન્ન થાય છે; છતાં મારો એવો અભિપ્રાય છે કે, આ ગામનાં બધાં માણસોને એકઠાં કરીને આપ એક ભાષણ કરો અને તેમની ક્ષમા માગી, પોતા તરફથી શોક દર્શાવીને તેમને ગામ વસાવીને રહેવામાટેની વ્યવસ્થા કરી આપો એટલે કાંઇક સમાધાન થઈ જશે."

એ ઉપદેશ અક્ષરે અક્ષર જામ રાવળને ગળે ઊતર્યો અને તેથી તેણે પોતાની છાવણીમાં ગામનાં સર્વ સ્ત્રીપુરુષોને એકત્ર કરી તેમના સમક્ષ નમ્રતાથી વ્યાખ્યાન આપતાં કહ્યું કે:—

"વિશ્વમાં સર્વ મનુષ્યોને ઈશ્વરે જ ઉત્પન્ન કર્યા છે; અર્થાત્ પરમેશ્વર પિતા છે અને સર્વ મનુષ્યો તેનાં પુત્ર પુત્રી છે. આપણે બધા એ એક જ પિતાના પુત્ર હોવાથી આપણો ભ્રાતૃભાવ પ્રકટ જ છે. સારાંશ કે, એ નિયમ અનુસાર તમો સર્વ મારા બાંધવો જ છો. પરંતુ એમાં પરાપૂર્વનો એક એવો નિયમ છે કે રાજા વિના વિશ્વનું ચક્ર સુયંત્રિત ચાલી શકતું નથી અને એટલામાટે રાજાની પદવી સર્વથી ઉચ્ચતમ હોય છે અથવા મનાય છે. રાજાની પદવી અત્યંત ઉત્કૃષ્ટ હોવાથી તે પોતાની પદવી સહજમાં બીજાને આપી દેતો નથી અને એ પદવી મેળવવાની ઇચ્છા તો સર્વના મનમાં જ રહેલી હોય છે એટલે એવા પ્રસંગે કળ, બળ કે છળના પ્રયોગ વિના એ કાર્યની સિદ્ધિ થવી અશક્ય છે અને એટલામાટે જ જગત્માં અનેક વિવાદો ઉત્પન્ન થયા કરે છે. એકને કળ, બળ કે છળથી મારી નાખીને બીજો રાજ્યનો સ્વામી થાય છે, એ અપરાધ નહિ, પણ શાસ્ત્રકારોના કથન પ્રમાણે પરાપૂર્વથી ચાલતી આવેલી એક પ્રકારની રાજનીતિ જ છે. એ રાજનીતિના માર્ગનું અવલંબન કરીને જ મારા ભ્રાતાનો વધ કરી આજે હું કચ્છદેશનો સ્વામી થયો છું. રાજ્યપ્રાપ્તિ થવા પછી રાજાને જે બીજું કર્ત્તવ્ય કરવાનું હોય છે તે એ છે કે રાજ્યને નિષ્કંટક કરવું. સ્વર્ગવાસી જામ હમ્મીરના કુમારો જીવતા હોય, તો તેઓ મારા રાજ્યરૂપ માર્ગમાં કંટક સમાન

હોવાથી અને ભવિષ્યમાં તેમના તરફથી ભયનો સંભવ હોવાથી તેમને મારી નાખવાના હેતુથી તેમને શોધવાના મેં અનેક પ્રયત્નો કર્યા અને મારા એ પ્રયત્નોના મધ્યમાં જ તમો મારા સંશયપિશાચના ભોગ થઈ પડ્યા, મારા હાથે તમારાપર અતિશય અત્યાચાર થયો છે અને ખરેખર તમો બધા મોટા સંકટમાં આવી પડ્યા છો. એમાં પણ ભીંયાની પાયમાલીનો તો પાર જ રહ્યો નથી. પરંતુ હવે ઉપાય નથી. જે બનવાનું હતું તે બની ગયું છે. મારું હૃદય અત્યારે દયાથી દ્રવી જાય છે; પણ વ્યર્થ! હવે તમારા એ સંકટને ટાળવાની મારામાં શક્તિ નથી. સ્વાર્થસાધુ મનુષ્ય અને અંધ મનુષ્ય એકસમાન હોય છે, એ નિયમ પ્રમાણે મૂર્ખ તથા પ્રમાદી બનીને મેં આ ક્રૂર કર્મ કર્યાં છે અને તેથી [રાજા હોવા છતાં એક ભિક્ષુક પ્રમાણે હું તમારી ક્ષમાની ભિક્ષા માગવાને હસ્ત પ્રસારી ઊભો છું! આ ગામ આજથી તેના સીમાડા સુદ્ધાં હું તમને બક્ષીશ આપું છું અને તમારાં જે ઘરોને આગ લગાડીને બાળી નાખવામાં આવ્યાં છે તે પણ નવેસરથી બંધાવી આપવાનું હું વચન આપું છું.] તમો ફરીને ગામ વસાવી સુખી થાઓ, એ જ મારી ઇચ્છા છે."

જામ રાવળના એ કપટભાવથી ભરેલા ભાષણનું શ્રવણ કરીને મિયાણાઓના મનમાં કાંઈ વધારે સંતોષ તો ન જ થયો. તેની વાક્પટુતાથી માત્ર તેઓ એટલું સમજી શક્યા કે: 'રાજા છે તો જુલમગાર, પણ વાતચીત કરવામાં છે બડો હુશિયાર! છતાં હાલમાં એ ભાગ્યની પબળતાથી રાજા થયો છે, તો એને માન આપવું જ જોઇએ; નહિ તો વળી એ બીજી રીતે રંજાડશે અને પીડા કરશે.' એવી ધારણાથી તેમણે જામ રાવળનો આભાર માન્યો અને નમી નમીને તેને સો સો સલામો ભરી. સર્વની સલામી થઈ રહ્યા પછી ભીંયો ઉઠી સલામ કરીને કહેવા લાગ્યો કે:—

"રાજ્યના સ્વામિન્, આપને જે રાજ્યપ્રાપ્તિ થઈ તેના ઉત્સવમાં મને એવી બક્ષીશ મળી છે કે જેને હું મરણપર્યન્ત ભૂલી શકવાનો નથી. કૃપા કરીને આ પટેલની પાઘડી લઈ લ્યો અને બીજા કોઇના માથાપર રાખો કે જેથી આ દીન દાસને ભવિષ્યમાં આવી બક્ષીશ મળવાનો સંભવ જ ન રહે!"

ભીંયાનાં એ વચનો રાવળના હૃદયમાં જો કે તીવ્ર બાણ સમાન વાગ્યાં, તો પણ રાજા તરીકેની પોતાની પ્રતિષ્ઠાને જાળવી રાખવામાટે તેણે વધારે નમ્રતા ન દર્શાવતાં તેની તે પાઘડી લઇને બીજા

એક અબડા નામના મિયાણાના માથાપર મૂકી દીધી અને ત્યારપછી પોતાના રસાલા સાથે ત્યાંથી તે પ્રયાણ કરી ગયો.

જામ રાવળના ટળવા પછી સર્વ મિયાણા મળીને વિચાર કરવા લાગ્યા કે: "જામ રાવળે આપણાપર જે આટલો બધો જુલમ ગુજાર્યો છે તેનો બદલો હવે કેવી રીતે અને ક્યારે વાળવો?"

એના ઉત્તરમાં એક વયોવૃદ્ધ અને અનુભવી મિયાણાએ જણાવ્યું કે: "રાજા પાસેથી વૈરનો બદલો રાજા જ લઈ શકે, આપણે ગમે તેવા પણ રૈયતનાં માણસો જ કહેવાઇએ. માટે જેમ બને તેમ ઊતાવળથી કુમારોને અહીંથી રવાના કરો અને ઈશ્વર પાસેથી એટલું માગો કે કુમારો પરાક્રમી થાય અને પોતાના પિતાના વેરનો બરાબર બદલો વ્યાજ સુદ્ધાં એની પાસેથી વાળી લે. આપણે તો અત્યારે આપણાં છાપરાં ઊભાં કરી ખેતી કરી ખાવા વિના બીજું કાંઈ પણ કરવાનું નથી!"

સર્વ મિયાણાએ વૃદ્ધના એ ઉપદેશને માન્ય રાખ્યો.

સંધ્યા સમયે ભીંયાએ ગંજીપાસે આવીને કુમારોને બહાર કાઢ્યા અને બનેલી બધી બીના તેમને કહી સંભળાવી. એ કરુણોત્પાદક વૃત્તાંત સાંભળીને ખેંગારજીનાં નેત્રોમાંથી હૃદયના શોકે અશ્રુપ્રવાહનું રૂપ ધારણ કરીને બહાર નીકળવાનો આરંભ કર્યો. જાણે પોતાના પિતાનો અત્યારે જ પરલોકવાસ થયો હોયની! એવો જ તેના હૃદયમાં ભયાનક આઘાત થવા લાગ્યો. છતાં ધૈર્ય ધારીને તેણે ભીંયાને અત્યંત ગંભીર અને પ્રતિભાયુક્ત વાણીથી આશ્વાસન આપતાં કહ્યું કે:—

"અમારા પૂજ્ય જીવનદાતા, ચિન્તા ન કરો. પોતાના એ દુષ્ટ કાર્યોમાં એ નીચ ફાવી ગયો છે ખરો; પરંતુ પાપીનો જય અનંત હોતો જ નથી. અત્યારે આપણે જે કાંઇ ખોઇ બેઠા છીએ, તેથી આપણે આપણું સર્વસ્વ ખોયું છે, એમ ધારી બેસવાનું નથી. આપણી અજેય ઇચ્છા, વૈર લેવાની દૃઢ ભાવના, પાપી પ્રતિનો અમર તિરસ્કાર અને આપણી હિંમત એ સર્વ વસ્તુઓ કાયમ છે અને તે કોઇથી છીનવી લઇ શકાય તેવી છે જ નહિ. એ વસ્તુઓના સાહાય્યથી જ હું આ પાપોનું ફળ સમય આવતાં એ દુષ્ટાત્માને ચખાડીશ. મારા પિતાનો સ્વર્ગવાસ થયેલો હોવાથી અને મારી માતા સતી થઇ હશે એમ ધારીને આજથી તમને હું મારા ધર્મના પિતા અને તમારી સ્ત્રીને ધર્મની માતા માનું છું તેમ જ તમારા પુત્રોનો નાશ થયેલો હોવાથી મને જ પોતાનો પુત્ર માનવાની તમને પ્રાર્થના કરું છું. તમારે વધારે ચિન્તા કરવી જ નહિ; માત્ર હું જીવતો રહું અને પરાક્રમી થાઉં, એટલું

જ ઇશ્વર પાસેથી તમારે માગવાનું છે. હવે છચ્છરબૂટાને બોલાવો અને અમોને અહીંથી સત્વર વિદાય કરો."

"પણ યુવરાજ, જ્યારે પણ ઇશ્વર આપને સારા દિવસ દેખાડે, ત્યારે ઠક્કુર શિવજીનું સ્મરણ તો અવશ્ય રહેવું જ જોઇએ." ભીંયાએ કહ્યું.

"ધર્મપિતા, હું સારી રીતે સમજું છું કે, આજનું મારું નૂતન જીવન તે શિવજીનું સાહસ કિંવા શિવજીના સાહસનું જ પરિણામ છે!" ખેંગારજીએ કૃતજ્ઞતા દર્શાવી.

ખેંગારજીના આવા ઉદ્દગારોથી સર્વ મિયાણા ઘણા જ પ્રસન્ન થયા અને તેમણે બહારવટું કરવાની ઇચ્છા દર્શાવી; પણ ખેંગારજીએ તેવા અયોગ્ય ઉપાય ન યોજતાં પોતાની તલ્વારથી જ વિજય મેળવવાનો નિશ્ચય બતાવવાથી તેઓ શાંત થઇને બેસી રહ્યા. કેટલાક વખત પછી ભીંયાના એક માણુસ સાથે છચ્છરબૂટો પણ ત્યાં આવી લાગ્યો અને ભીંયાને તેણે વાહનવિશે પૂછ્યું. વાહનની વ્યવસ્થા થઈ શકે એમ ન હોવાથી ખેંગારજીને છચ્છરે પોતાની કાંધપર ઊપાડી લીધો અને બીજા કુમારને ભીંયાએ પોતાની પીઠપર બેસાડી લીધો. કુમારોને લઇને એ બન્ને નિમકહલાલ, રાજનિષ્ઠ, ધર્મપરાયણુ અને પુણ્યાત્મા વીરનરો-સ્વર્ગીય જીવો રાતોરાત ત્યાંથી ચાલતા થઈ ગયા અને ભયંકર અંધકારમાં જ પોતાનો માર્ગ ક્રમવા લાગ્યા. તેઓ ક્યાં ગયા અને તેમનું શું થયું, એ હવે વાર્ત્તાના પ્રસંગમાં આગળ વધતાં આપણે જોઈ શકીશું.

## ચતુર્થ પરિચ્છેદ

## શત્રુ કે સુહૃદ્?

ભીંયો રાજકુમારોને તથા છચ્છરબૂટાને પાંચ છ ગાઉપર આવેલા એક ગામ સૂધી પહોંચાડીને પાછો ફર્યો અને ત્યાર પછી છચ્છર તથા ઉભય કુમારો પોતાના પ્રવાસમાં આગળ વધ્યા. અરણ્યમાંના ભયંકર પંથને કાપતા વેગપૂર્વક ચાલતા તેઓ ઉષ:કાળમાં રણુના સીમાંકમાં આવી લાગ્યા. ત્યાં થોડો સમય વિશ્રાંતિમાં ગાળીને તેઓ પાછા પંથે પડ્યા અને એક પ્રહર સૂર્ય ચઢ્યો એટલામાં તો રણુની ક્ષારયુક્ત સપાટ ભૂમિનું ઉલ્લંઘન કરીને રણુના પરસીમાંકમાં આવેલા ઝાલાવાડ પ્રાંતના ચરાડવા નામક ગ્રામની મર્યાદામાં તેઓ પહોંચી આવ્યા. ગ્રામના સીમાડે એક વિશાળ વટવૃક્ષની છાયામાં તેમણે મુકામ કર્યો અને છચ્છર ખાનપાનની તૈયારી કરવા લાગ્યો.

મધ્યાહ્ન સમય થઈ ગયો હતો. ખેંગારજી તથા સાયબજી ભોજન કરીને વટવૃક્ષની શીતલ છાયામાં વામકુક્ષી કરતા નિદ્રાવશ થયા હતા. ખેંગારજી ડાબા પગના ઢીચણુપર જમણો પગ ચઢાવી સૂતો હતો, અને શીતલ મંદ પવનનો તેમનાં શ્રમિત શરીરોને સતત સ્પર્શ થતો હોવાથી તેમની નિદ્રામાં પ્રતિક્ષણે વધારો થતો જતો હતો. હૃદયમાં શત્રુના ભયની શંકા હોવાથી નિમકહલાલ છચ્છર પોતે બહુ જ થાકેલો હોવા છતાં પણ વિશ્રાંતિ કિંવા નિદ્રાનો ઉપભોગ લેવાને બદલે હાથમાં નગ્ન તલ્વાર લઇને કુમારોના રક્ષણનું કાર્ય કરતો જાગ્રત અવસ્થામાં સાવધ તથા ટટાર થઇને બેઠો હતો. મધ્યાહ્ન પછી લગભગ અર્ધ પ્રહર જેટલો સમય વીત્યા પછી ખેંગારજીના જમણા પગનું તળિયું જે દિશામાં હતું તે દિશામાંથી અચાનક એક પુરુષ ત્યાં આવી લાગ્યો અને તે ખેંગારજીના તેજસ્વી મુખમંડળ તથા વિલક્ષણ પદરેખાનું અવલોકન કરતો ત્યાં થોડીક વાર સૂધી સ્તબ્ધતા ધારણ કરીને ઊભો રહ્યો.

એ પુરુષે એક શ્વેત અધોવસ્ત્ર અને ઉપર પણ એક વસ્ત્ર એ પ્રમાણે બે શ્વેતરંગી છૂટાં વસ્ત્રો ધારણ કરેલાં હતાં, તેના માથામાં કેશનો કલાપ સારો હતો અને મુખમુદ્રા અત્યંત ભવ્ય તથા પ્રભાવશાલિની હતી. તેના હાથમાં પાણીથી ભરેલો એક લોટો હોવાથી અત્યારે તે દિશાએ જંગલમાં જતો હોવો જોઇએ એવી છચ્છરે મનમાં જ કલ્પના કરી અને તેથી તે કાંઈ પણ બોલ્યો નહિ.

બે ચાર ક્ષણુમાં જ તે પુરુષ એક વૃક્ષરાજીમાં ચાલ્યો ગયો. જ્યાં સૂધી તે પુરુષ ઊભો હતો ત્યાં સૂધી છચ્છરની જિહ્વાને કોણ જાણે તાળું વસાઇ ગયું કે શું-અર્થાત્ તે કાંઇ પણ બોલી શકયો નહિ; પરંતુ તેના જવા પછી છચ્છરના મનમાં નાના પ્રકારના શુભ અશુભ તર્કવિતર્ક થવા લાગ્યા. "આ અમારા શત્રુ દુષ્ટ રાવળનો કોઇ ગુપ્તચર તો નહિ હોય ને? એને કાંઇ પણ પૂછ્યા ગાછ્યા વિના મેં અહીંથી જવા દીધો, એ મારી કેટલી અને કેવી મૂર્ખતા! જો એણે કુમારોને ઓળખી લીધા હોયં અને આવા વેશે પત્તો મેળવી આસપાસ છુપાયલા બીજા માણુસોને આ સ્થળે લઈ આવે, તો અત્યારે અમારી શી અવસ્થા થાય, એ તો ખુલ્લું જ છે. ખેર થયું તે થયું, પણ હવે જો એ એકલો જ પાછો ફરે, તો એને અટકાવવો અને અહીં ઊભા રહેવાનું કારણ પૂછવું; જો સંતોષકારક ઉત્તર આપે તો ઠીક, અને નહિ તો એનો અહીં જ આ તલ્વારથી અંત લાવી નાખવો!" એ પ્રમાણેનો મનમાં નિશ્ચય કરીને છચ્છરબૂટો તે અજ્ઞાત પુરુષના આગમનની પ્રતીક્ષા કરવા લાગ્યો.

થોડી વારમાં જ વૃક્ષરાજીમાંથી તે અજ્ઞાત પુરુષ પાછો આવતો દેખાયો. પુનઃ ખેંગારજી પાસે આવીને તે જરાક અટક્યો અને જરાક હસ્યો પણ ખરો. છચ્છરના મનમાં તેના આ વર્ત્તનથી વિશેષ સંશય આવ્યો અને તે કાંઇક બોલવા જતો હતો, પણ તેની જિહ્વા આ વેળાએ પણ અટકી ગઈ. અંતે મનને બહુ જ દૃઢ કરીને તેણે તે અજ્ઞાત પુરુષને ઉદ્દેશીને કહ્યું કે: "મહાશય, તમે ગમે તે હો, પણ મારા પ્રશ્નનો સંતોષકારક નિર્ણય કર્યા વિના અહીંથી એક પગલું પણ આગળ વધશો નહિ. જો મારા વચનની અવહેલના કરશો, તો પરિણામ ભયંકર આવશે."

"વત્સ, આટલા બધા ક્રોધનું કાંઈ કારણ? મેં તારો કાંઇ પણ અપરાધ કર્યો છે કે શું?" તે અજ્ઞાત પુરુષે પ્રશ્ન કર્યો.

"તમે આ બાળકને જોઇને અહીંથી જતી વેળાએ ઊભા રહ્યા હતા અને હમણાં પણ એની પાસે અટકીને હસ્યા, એનું કારણ શું છે? શું, તમે આ બાળકોને ઓળખો છો?" છચ્છરે પોતાના ઉદ્દેશને સિદ્ધ કરનારો પ્રશ્ન રજૂ કર્યો.

"આ સુકુમાર અને ભાગ્યશાળી બાળકની પદરેષાનું મેં અવલોકન કર્યું, એટલા કારણથી જ તારા મનમાં આટલો બધો કોપાનળ વ્યાપી ગયો છે કે? લે ત્યારે સાંભળ એનું કારણ—" એમ કહીને તે પ્રભાવશાળી પ્રજ્ઞ અને મહાશાંતિશીલ અજ્ઞાત પુરુષે ગંભીરતાથી કહ્યું કે: "અહીંથી નીકળતાં અચાનક મારી દૃષ્ટિ આ બાળકના ચરણપર પડી અને તેમાંની એક વિલક્ષતાને જોઈ આશ્ચર્યમગ્ન થઇને હું થોડી વાર સુધી દિગ્મૂઢ બનીને ઊભો રહી ગયો. હું સામુદ્રિક શાસ્ત્ર તથા જ્યોતિઃશાસ્ત્ર આદિ ભવિષ્યને વ્યક્ત કરનારી વિદ્યાનું કાંઇક જ્ઞાન ધરાવું છું અને તેથી એના ચરણતલમાં પદ્મ તથા ઊર્ધ્વરેષા આદિ ઉત્કૃષ્ટ સામુદ્રિક ચિન્હોને જોતાં મારા મનમાં આશ્ચર્ય થાય એ સર્વથા સ્વાભાવિક જ છે. જેનાં ચરણતલમાં એવાં ચિન્હો હોય, તે સામુદ્રિક શાસ્ત્રના સિદ્ધાન્ત પ્રમાણે અવસ્ય કોઈ વિશાળ રાજ્યનો સ્વામી હોવો જોઇએ. પરંતુ જ્યારે આ બાળકને મેં આવી સર્વથા દીનદશામાં જોયો, ત્યારે મારા મનમાં એમ થઈ આવ્યું કે આવી મહાબળવતી રેષાઓ છતાં પણ આ નર આવા કષ્ટમાં આવી પડ્યો છે! અને એથી જ વિધાતાના વિલક્ષણ વ્યવહાર વિશે મને હસવું આવી ગયું! અત્યાર સુધીમાં કોઈ વાર પણ મેં અસત્ય વાદ કર્યો હોય એવું મને સ્મરણ નથી અને ભવિષ્યમાં પણ જીવ છે ત્યાં સૂધી અસત્ય વાદ ન કરવાનો મારો દૃઢ નિશ્ચય છે. હવે તારા મનમાં મારા વિશે કાંઈ સંશય રહ્યો છે ખરો કે?"

એ અજ્ઞાત પુરુષના પ્રભાવ અને આવા સરળ ભાષણથી છચ્છર-

ના મનમાંનો સંશય તો દૂર થઈ ગયો, તો પણ હજી વધારે ખાત્રી કરી લેવાના ઉદ્દેશથી તેણે આડકતરી રીતે પૂછ્યું કે: "મહાશય, કચ્છમાં રાજ્યક્રાંતિ થવાના સમાચાર તમારા સાંભળવામાં આવ્યા છે ખરા કે? અમારા પ્રવાસમાં અમે એવી વાર્ત્તા સાંભળી છે કે જામ રાવળે જામ હમ્મીરજીનો વિશ્વાસઘાતથી વધ કર્યો છે અને જે કુમારો તેના હાથમાંથી છટકી ગયેલા છે, તેમને પણ પકડી પાડીને તે મારી નાખવાની ઇચ્છા ધરાવે છે; એ બધી વાર્ત્તા સત્ય છે કે?"

"કચ્છમાં રાજ્યક્રાંતિ થવાની વાર્ત્તા મારા સાંભળવામાં આવી છે ખરી, પરંતુ એથી વિશેષ હું કાંઇ પણ જાણતો નથી. મારા એ સાંસારિક અજ્ઞાનનું કારણ એ છે કે આવી ક્લેશકારિણી વ્યાવહારિક અને પ્રવૃત્તિમય ઘટનાઓમાં લક્ષ રાખવા કરતાં આ જગદુત્પાદિની આદિશક્તિ દેવી જગદંબાના પૂજન આરાધનમાં જ હું અધિક ધ્યાનમગ્ન રહું છું; કારણ કે, વિશ્વના એ પ્રપંચો ભયંકર હોવા છતાં એવા તો મનોમોહક છે કે જે કોઈ તેમનો ઉપાસક થાય છે તે કદાપિ માયાના બંધનમાંથી છટકી શકતો નથી. માયાના બંધનથી મુક્ત અને સાંસારિક વિષયોથી અનાસક્ત રહેવું, એના જેવો આ જીવનકાળમાં બીજો એક પણ સત્ય આનંદમય વ્યવસાય નથી. જગતનું ચક્ર તો નિરંતર આમ ને આમ જ ચાલ્યા કરે છે અને ચાલતું રહેશે. એમાં વિશેષ આશ્ચર્ય પામવા જેવું કાંઈ પણ નથી; કારણ કે:—

'સુખ પછી આવે દુઃખ ને, દુઃખ પછી સુખ થાય;
સુખ દુઃખો પરિવર્ત્તતાં, ચક્ર સમાન સદાય.
તેથી સુખનો હર્ષ શો, દુઃખ વિશે શો શોક;
દ્વૈતભાવમય વિશ્વમાં, એમ જ જીવે લોક!'

આવી ભાવનાથી મેં ઉદાસીનતાનો જ સ્વીકાર કરેલો છે." અજ્ઞાત પુરુષે મહા ગંભીર વાણીથી સંસારની નશ્વરતાનો ભાસ કરાવ્યો.

છચ્છરના મનમાં એ પુરુષ વિશે મહા સદ્ભાવના અને શ્રદ્ધાનો ઉદય થયો અને પ્રથમ કરેલી કુશંકામાટે મનમાં તે પોતે જ પોતાને ધિક્કારવા લાગ્યો. તે હસ્ત જોડીને પ્રાર્થના કરતો તે અજ્ઞાત પુરુષને ઉદ્દેશીને કહેવા લાગ્યો કે: "પૂજ્ય મહાશય, અજ્ઞાનવશ મેં આપને સંબોધીને જે અપમાનસૂચક વાક્યો ઉચ્ચાર્યાં છે, તે મારા અપરાધની કૃપા કરીને મને ક્ષમા આપશો. હું અને આ બે બાળકો એવી એવી આપત્તિઓમાંથી પસાર થઇને અહીં આવી લાગ્યા છીએ અને લોકોના વિશ્વાસઘાતક સ્વભાવોનો અમને એવો તો પરિચય થયો છે કે અમારો હવે તત્કાળ કોઇનામાં પણ વિશ્વાસ બંધાતો નથી. આપ

આવા એક નિસ્પૃહ અને ઉદાસીન મહાત્મા છો, એની મને લેશ માત્ર પણ કલ્પના નહોતી અને તેથી મારા હાથે મર્યાદાનો ભંગ થયો હતો."

"વત્સ, ચિન્તા નહિ. જો તમે અત્યારે સંકટમાં હો, તો ચાલો આ ગામમાંની આ દાસની પર્ણકુટીમાં; ત્યાં તમને સર્વ પ્રકારનો સંતોષ મળશે, દેવીની કૃપાથી તમારી ચિન્તા પણ ટળશે અને શુભ ભાવિ ફળશે!" તે પુરુષે ક્ષમાશીલતા બતાવવા ઉપરાંત તેને સત્કારને સ્વીકારવામાટેનું આમંત્રણ કરીને કહ્યું.

"પ્રભો, આપની આજ્ઞા અમને શિરસાવંદ્ય છે. અમે તમારે ત્યાં ચાલવાને અને તમારા આદરાતિથ્યને સ્વીકારવાને તૈયાર છીએ." છચ્છરે કહ્યું.

છચ્છરે કુમારોને નિદ્રામાંથી જાગ્રત કર્યા. કુમારોએ તે અજ્ઞાત પુરુષને જોતાં જ મનમાં સદ્ભાવના ઉત્પન્ન થવાથી વિનયપૂર્વક મસ્તક નમાવીને "પૂજ્ય મહારાજ, અમે આપને માનયુક્ત નમન કરીએ છીએ!" એ પ્રમાણેના વાક્યનો ઉચ્ચાર કર્યો.

"વત્સો, ચિરાયુ થાઓ અને ધર્મલાભને પ્રાપ્ત કરો." તે પુરુષે અંતઃકરણપૂર્વક આશીર્વાદ આપ્યો.

એ જનસમુદાય વિશેષ વિલંબ ન કરતાં ગામ ભણી જવાને ચાલતો થયો.

## પંચમ પરિચ્છેદ

## યતિનો પ્રસાદ
## અને
## દેવીનો આશીર્વાદ!

[ ગત પરિચ્છેદમાં જે અજ્ઞાત પુરુષ સાથે આપણો પરિચય થયો છે, તે એક સર્વત્ર મહતી ખ્યાતિને પામેલો અને અદ્વિતીય વિદ્વાન્ જૈન યતિ માણેકમેરજી હતો. એ જૈન યતિઓ પૂર્વે સામુદ્રિક, જ્યોતિષ અને તંત્ર વિદ્યા આદિ વિદ્યાઓમાં બહુજ નિપુણ થતા હતા અને અનેક ચમત્કારો કરી શકતા હતા.] [અમાવાસ્યાની નિશામાં તેઓ ચંદ્રનો ઉદય કરી શકતા ને પૂર્ણિમાની રાત્રિમાં સર્વત્ર અંધકારનો પ્રસાર કરી શકતા હતા ઇત્યાદિ તેમની ચમત્કારશક્તિની આખ્યાયિકાઓ જનસમાજમાં અદ્યાપિ પ્રચલિત છે.] જૈન યતિઓ સાધારણતઃ ગોરજીના નામથી ઓળખાય છે અને ગોરજીઓ મેલી (તંત્ર)

વિદ્યામાં અત્યંત પ્રવીણુ હોવાનું મનાય છે. એ માન્યતાના યોગે જ વર્ત્તમાન સમયના કેટલાક ગોરજીઓ—ધૂર્ત્ત, કામી અને લંપટ તથા લોભિષ્ટ ગોરજીઓ—મંદબુદ્ધિના પુરુષો તથા અબુદ્ધિ અબળાઓને ભ્રમાવી તેમનાં દ્રવ્ય તથા પાતિવ્રત્ય આદિને લૂટી લેવાને સમર્થ થાય છે. ભોળા ભાવિક જનો તેમના પ્રપંચને ન જાણુતાં તેમના પૂર્વ ગૌરવની કથાઓથી મુગ્ધ થાય છે અને સ્વેચ્છાથી તેમના હાથે ઠગાઈ લૂટાઈ અંતે પતિત તથા ભ્રષ્ટ થઈ જાય છે. પરંતુ માણેકમેરજી એવા પ્રકારનો પ્રપંચી ગોરજી નહોતો. તે તો એક મહાન્ બુદ્ધિમાન્ ગુણુવાન્ અને સદાચારી સાધુ પુરુષ હતો. તેનું શુદ્ધ અને શાંત હૃદય નિરંતર પવિત્ર કાર્યોમાં જ પ્રવૃત્ત રહેતું હતું અને પોતા પાસે અભિમાન રાખવાનાં અનેક સાધનો હોવા છતાં નિરભિમાની અને સાંસારિક વિષયોથી વિરક્ત રહેવામાં જ તે પોતાનું ગૌરવ માનતો હતો. ત્યાગી થવા છતાં અનેક પ્રકારના શૃંગાર સજી પરપ્રમદાના પ્રેમને ઇચ્છનારા જે કેટલાક નામધારી સાધુઓ વર્ત્તમાન કાળમાં સર્વત્ર પ્રસરેલા જોવામાં આવે છે, તેવા દુર્ગુણુનો એ સત્ય સાધુ માણેકમેરજીમાં એક અંશ માત્ર પણુ હતો નહિ અને તેથી જ તે સર્વત્ર પૂજ્યતા અને વંદનીયતાને પ્રાપ્ત કરી લોકોના હૃદયમાં પોતાનો અલૌકિક પ્રભાવ પાડી શક્યો હતો. અસ્તુ.

[ માણેકમેરજીએ છચ્છર તથા કુમારોને પોતાના ઉપાશ્રય (અપાસરા) ના એક એકાંત ભાગમાં ઊતારો આપ્યો અને તેમના ભોજન શયન આદિની સર્વ પ્રકારની યોગ્ય વ્યવસ્થા કરી આપ્યા પછી રાત્રિના સમયે છચ્છરને પોતા પાસે બોલાવીને પૂછ્યું કે: "ભાઈ, આ બાળકો મને તો અસાધારણુ દેખાય છે, માટે જો કાંઈ બાધા ન હોય, તો મને સત્ય વાર્ત્તા જણાવીશ?"

"મહારાજ, હવે આ ભેદને આપ સમક્ષ વધારે વાર છુપાવી રાખવાની હું કશી પણુ અગત્ય જોતો નથી. કચ્છના પ્રપંચથી મરાયલા સ્વર્ગવાસી જામ હમ્મીરજીના જ આ બે કુળદીપકો છે અને ચાંડાલ જામ રાવળના પંજામાંથી એમને બચાવવામાટે અમદાવાદ તરફ લઈ જવાને હું નીકળ્યો છું." ] એમ કહીને છચ્છરે કચ્છમાં બનેલી શોકકારક ઘટનાનો અથથી ઇતિ પર્યંત સમસ્ત વૃત્તાંત તેને કહી સંભળાવ્યો.

દયામૂલક ધર્મના ઉપાસક અને કોમલ ભાવનાવાળા યતિના હૃદયમાં એ વૃત્તાંતનું બહુ જ અનુકૂલ પરિણામ થયું અને તેણે છચ્છરને આશ્વાસન આપીને કહ્યું કે: " કૃતજ્ઞ અનુચર છચ્છર, તારે હવે આ કુમારો વિશે લેશ માત્ર પણુ ચિન્તા રાખવી નહિ. મારા ઉપાશ્રયમાં

એઓ આવ્યા ત્યારથી એમના કલ્યાણ અને શુભ દિનનો આરંભ થઇ ચૂકયો છે, એમ જ તારે સમજવું. અત્યારે હવે અહીંથી જવાની ઊતાવળ કરીશ નહિ; કારણ કે, નવરાત્રિના ઉત્સવમાં હવે થોડા દિવસ જ બાકી છે એટલે દેવીનું હવન થઇ ગયા પછી જ અહીંથી પ્રયાણ કરજો."

"જેવી મહા પુરુષની આજ્ઞા. હું આપની આજ્ઞાને આધીન છું." છચ્છરે અનુમોદન આપ્યું.

છચ્છરની આવી વિનયસંપન્નતાથી પવિત્ર યતિનું ચિત્ત અતિશય પ્રસન્ન થયું.

પાંચ સાત દિવસમાં ચૈત્ર માસના નવરાત્રિમહોત્સવનો પ્રારંભ થયો અને ત્યાર પછી હવનનો અષ્ટમીનો દિવસ આવી લાગ્યો. એક વિશાળ ચૉકના મધ્યમાં એ વાર્ષિક હોમની સામગ્રીઓ તૈયાર કરવામાં આવી. સુશોભિત અગ્નિકુંડની આસપાસ વેદપાઠી અને હોતા બ્રાહ્મણો બેસી ગયા અને વેદમંત્રોની ભીષણ ઘોષણા સહિત યજ્ઞકાર્યનો ધામધૂમથી આરંભ કરી દેવામાં આવ્યો. યતિ માણેકમેરજીએ પોતાના અતિથિઓને એ પ્રસંગે એક તરફ એક ગાલીચો પાથરીને તેપર બેસાડ્યા હતા. યજ્ઞના વિધિની સમાપ્તિ કિંવા યજ્ઞની પૂર્ણાહુતિ થતાં માણેકમેરજીએ અગ્નિકુંડ સમક્ષ આવી જે દેવીની પ્રસન્નતામાટે એ યજ્ઞવિધિ કરવામાં આવ્યો હતો, તે પોતાની પરમપૂજ્યા જગદંબાની હસ્તદ્વય જોડીને એકાગ્ર ધ્યાનથી પ્રાર્થના અને આરાધના કરવા માંડીઃ—

(રુચિરા)—"મહિષાસુરમર્દિની કાલિકા, શુંભનિશુંભવિદારક તું;
સંહારી અસુરોને ભવમાં, સુખદા શાંતિપ્રચારક તું;
તારો મહિમા દેવ દાનવો, એક ધ્વનિથી ગાયે છે;
શેષનાગથી પણ તવ વર્ણન, પૂર્ણ કદાપિ ન થાયે છે. ૧
હું એક જ જિહ્વાથી તારાં ગુણગાનો શું કરી શકું;
વાચા નિર્બળથી હે માતા, જેવા તેવા શબ્દ બકું;
નિત્ય સાનુકૂલા રહીને તું મને સુખી બહુ રાખે છે;
તારા કેવળ કૃપાકટાક્ષે જનો પૂજ્ય મતિ દાખે છે. ૨
ઉપાસના તવ અખંડ કીધી તેનો બદલો આજ ચહું;
આદિશક્તિ સર્વજ્ઞાત્રી તું, તો મુખથી હું શું જ કહું!;
કચ્છનૃપતિના કુમારને જે અભય વચન મેં આપ્યું છે;
સત્ય થાય તે, માટે કહે તું 'વત્સ, દુઃખ તવ કાપ્યું છે!." ૩

એ પ્રમાણે પ્રાર્થના કરીને દેવીને તેણે ત્રણવાર સાષ્ટાંગ દંડવત

પ્રણામ કર્યાં. તત્કાળ તે અગ્નિકુંડમાંના પ્રજ્વલિત અગ્નિના મધ્યમાંથી વિદ્યુત્‌ના ચમકારા જેવો એક મોટો ચમકારો થયો અને દેવીનો વરદ-હસ્ત બહાર આવ્યો. એ હાથમાં સાંગ નામક એક શસ્ત્ર હતું. યતિએ તે સાંગને હાથમાં લેતાંની સાથેજ આકાશવાણી સમાન ધ્વનિ સંભળાયો કે:—

"થીનેં રાજા કચ્છજો, જરૂર તું ખેંગાર;
રાવર તાં વેંધો ભજી, ખેંધો તોજી માર!"*

"ધન્ય, ધન્ય! પરદુ:ખહારિણી દેવી જગદંબે, ધન્ય!!! આજે મને તેં પૂર્ણ કૃતાર્થ કર્યો!" એ પ્રમાણે દેવીનો આભાર માની ખેંગાર-રજીને તે સાંગ આપતાં યતિ કહેવા લાગ્યો કે: "કચ્છ દેશના ભાવિ ભૂપાળ, લ્યો આ દૈવી શસ્ત્ર અને પોતાનાં અહોભાગ્ય માનો. આ શસ્ત્રના યોગે તમારો સર્વત્ર વિજય થશે અને શત્રુઓ સર્વદા સંતપ્ત થઈ પરાજય પામશે!"

"તથાસ્તુ!" ખેંગારજીએ કહ્યું.

આ દૈવી ચમત્કારના અવલોકનથી ખેંગારજી, સાયબજી તથા છચ્છર સાનંદ આશ્ચર્યમાં નિમગ્ન થઈ ગયા અને દેવીની એક નિષ્ઠાથી સ્તુતિ કરવા લાગ્યા. બીજે દિવસે છચ્છરે વિદાય થવાની આજ્ઞા માગી. માણેકમેરજીએ થોડા દિવસ ત્યાં જ રહેવામાટેનો તેમને ઘણો આગ્રહ કર્યો, પરંતુ અંતે તેમની તેવી ઇચ્છા ન જોઇને આનંદથી પ્રયાણમાટેની આશીર્વાદ સહિત આજ્ઞા આપી અને ખેંગારજીને વિશેષતાથી જણાવ્યું કે:—

"યુવરાજ, હવે તમારે પોતાના ભાવિ કલ્યાણમાટે કશી પણ શંકા રાખવી નહિ. મારા વચનની સત્યતાને સિદ્ધ કરનાર ચિન્હ તરીકે અહીંથી નીકળીને જે પ્રથમ ગામમાં તમે જશો, ત્યાં તમને કૃષ્ણવર્ણ વાહન અને શ્વેતવર્ણ ભોજન મળશે. એ શુભ શકુનથી તમારે પોતાના ભાવિ ઉદયનો નિશ્ચય કરી લેવાનો છે. ચિરાયુ થાઓ; સિધારો."

---

* આનો ભાવાર્થ એવો થાય છે કે; "હે ખેંગાર, તું અવશ્ય કચ્છનો રાજા થઇશ. રાવળ તારો માર ખાશે અને નાસી જશે!"

આ અદ્ભુત ઘટના ખરેખરી બનેલી છે કિંવા પૌરાણિક પદ્ધતિથી કલ્પના-ના યોગે ઊભી કરવામાં આવી છે, એ વિશે શંકા જ છે. છતાં આ ઘટનાની કથા કચ્છના લોકોમાં ઘણી જ પ્રચલિત અને પ્રસિદ્ધ હોવાથી અત્ર જેવા ને તેવા સ્વરૂ-પમાં જ આપવામાં આવી છે. એને સત્ય તરીકે મનાવવાનો અમારો લેશ માત્ર પણ આગ્રહ નથી. જેને જેમ યોગ્ય લાગે તે પ્રમાણે તેણે એ ઘટનાને સત્ય કિંવા કાલ્પનિક માનવાની છે.

યતિની આજ્ઞા લઈ તેના આશીર્વાદ અને પ્રસાદથી મંડિત થઇ ખેંગારજી, સાયબજી તથા છચ્છર ત્યાંથી વિદાય થયા અને યતિરાજ તથા ઉપર્યુક્ત દૈવી ચમત્કાર વિશેનો વાર્તાલાપ કરતા પંથ કાપવા લાગ્યા. સાયબજીએ કહ્યું કે: "મોટા ભાઈ, શું આપને કૃષ્ણવર્ણ વાહન અને શ્વેતવર્ણ ભોજન હવે આવતા પ્રથમ ગામમાંથી મળશે કે ?"

"યતિરાજના વચનમાં મારો પૂર્ણ વિશ્વાસ છે. મારી શ્રદ્ધા પ્રમાણે તો એમાં લેશ માત્ર પણ ન્યૂનાધિકતા થવાનો સંભવ નથી!" ખેંગારજીએ નિષ્ઠાયુક્ત ભાવથી કહ્યું.

"અવશ્ય માણેકમેરજી એક અપૂર્વ ચમત્કારિક પુરુષ છે, એમાં તો સંશય છે જ નહિ." છચ્છરે પુષ્ટિ આપી.

એ પ્રમાણેના વાર્તાવિનોદમાં આનંદથી પંથ કાપતા તેઓ લગભગ તૃતીય પ્રહર થઈ જવા પછી એક ગામને સીમાડે આવી લાગ્યા અને ત્યાં તળાવના કિનારાથી જરાક દૂર વૃક્ષની છાયામાં તેમણે ઉતારો કર્યો.

## ષષ્ઠ પરિચ્છેદ

## જન્મભૂમિનો સ્નેહ અથવા રાજભક્ત રમણી

સાયંકાળે ગ્રામની નવયૌવના નારીઓ નાના પ્રકારનાં વસ્ત્રાભૂષણો ધારણ કરીને પદનૂપુર આદિના રમઝમ ધ્વનિ સહિત શિરપર ત્રાંબા, પીતળ તથા ચાંદીનાં બેડાં લઇ પાણી ભરવાને આવવા લાગી. તેમની લીલાનું અવલોકન કરી અને તેમની ગૃહસંસારવિષયક પરસ્પર વિલક્ષણ વાર્તાઓ સાંભળીને આપણા પ્રવાસી કુમારો આનંદપૂર્વક પોતાનો સમય વીતાડવા લાગ્યા. એટલામાં પાણી ભરીને પાછા ફરેલા એક સ્ત્રીસમુદાયમાંની એક યુવતિ અન્ય સ્ત્રીઓથી જૂદી પડી પાછળ રહી ગઈ અને શિરપરનાં જળથી ભરેલાં પાત્રો સહિત ઊભીઊભી એ કુમારોને એકી ટસે જોવા લાગી. તે ઘણી વાર સુધી એમ જોતી રહી અને ખેંગારજી પણ આડી દૃષ્ટિથી તેની એ ચેષ્ટાને નિહાળતો રહ્યો. અંતે તેણે છચ્છરને ઉદ્દેશીને કહ્યું કે:—

"છચ્છર કાકા, આ બાઈ અહીં આટલી વારથી શા કારણથી ઊભી છે અને મુખથી કેમ કાંઇ બોલતી નથી. એની જો બની શકે તો તપાસ કરો."

"હાજર, અન્નદાતા!" એમ કહી છચ્છરે તે બાઇ પાસે જઇને વિનયથી પૂછ્યું કે: "બહેન, તમે અહીં કેમ ઊભાં છો અને શું જોયાં કરો છો?"

"ભાઈ મારા મનમાં અત્યારે આ કુમારોને જોઇને એક કલ્પના ઉદ્‌ભવી છે. મારી ધારણા પ્રમાણે તો એ કલ્પના ખરી હોવી જ જોઇએ, પરંતુ કદાચિત્ એ કલ્પના અસત્ય સિદ્ધ થાય તો કૃપા કરીને તમારે મારું હાસ્ય ન કરવું." તે બાઇએ તેવા જ વિનયથી ઉત્તર આપ્યું.

"એ તમારી શી કલ્પના છે વારુ?" છચ્છરે આતુરતાથી પૂછ્યું.

"હું કચ્છના નગર લાખિયાર વિયરાના એક સૂતારની પુત્રી છું અને આ ગામમાં મારું સાસરું છે. મને એવું સ્મરણ થાય છે કે કચ્છના મહારાજા જામ હમ્મીરજીના બે કુમારો ખેંગારજી તથા સાયબજી આબેહૂબ આ બાળકો જેવા જ છે. તે રાજકુમારોની મુખાકૃતિ અને અંગબંધન આદિ આમની સાથે એટલાં બધાં મળતાં આવે છે કે જો આમને મેં આ સાધારણ વેશમાં જોવાને બદલે રાજવંશીય વસ્ત્રાભૂષણયુક્ત અવસ્થામાં જોયા હોત, તો એમને ખેંગારજી તથા સાયબજીના નામથી બોલાવવામાં જરા પણ આંચકો ખાત નહિ. આ મારી કલ્પના ખરી છે કે કેમ?" તે રમણીએ કહ્યું.

"બહેન, ઘણાં માણસોના આકાર પ્રકાર આવી રીતે એક બીજા સાથે મળતા આવે છે. એટલે તમારે ખાસ આવી કલ્પનાઓથી હૃદયને અસ્વસ્થ કરવાનું શું કારણ છે વારુ?" છચ્છરે કહ્યું.

"ભાઈ, એ તો તમે જાણતા જ હશો કે, નવોઢા નારી પોતાનાં પીયરિયાંમાં વધારે માયા મમતા રાખે છે; જો કે સાસરિયાંમાં મારો સ્નેહ લેશ માત્ર પણ ઓછો નથી, તો પણ હજી પીયરિયાં તરફ મારું મન વધારે આકર્ષાયા કરે છે અને આમને મારી જન્મભૂમિના બાળકો ધારીને જ મનમાં ઊમળકો આવવાથી હું ક્યારની બીજી સ્ત્રીઓથી છૂટી પડીને અહીં થોભી રહી છું." પ્રમદા બોલી.

"વ્હાલાં બહેન, તમારું અનુમાન યથાર્થ છે. કેટલાંક રાજકારણ અને ભયંકર વિશ્વાસઘાતના પરિણામે આવી હીન અને દીન દશામાં આવી પડેલા આ બાળકો બીજા કોઇ નહિ, પણ કચ્છના રાજકુમારો ખેંગારજી તથા સાયબજી જ છે." છચ્છરે કોઇ પણ પ્રકારના ભયનો સંભવ ન ધારીને ખરેખરો ભેદ કહી સંભળાવ્યો.

આ વાર્ત્તા સાંભળતાં જ તે રમણીનું હૃદય હર્ષ તથા શોકના મિશ્રિત ભાવથી ઉભરાઈ જવા લાગ્યું; તે કુમારો પાસે આવી બેડું નીચે ઊતારી તેમનાં ઓવારણાં લઈને દીન તથા પ્રેમયુક્ત વાણીથી કહેવા લાગી કે: "મારી જન્મભૂમિના રાજકુમારો, આપને આવી અધમ અવસ્થામાં આવી પડેલા જોઇને મારી છાતી ફાટી જાય છે; પણ આ અબળાથી કેવળ અંતઃકરણ પૂર્વક આશીર્વાદ વિના બીજું શું સાહાય્ય આપી શકાય તેમ છે?"

"ભગિની, તમારો શુદ્ધ આશીર્વાદ પણ મહાદુર્લભ છે એટલે એ આશીર્વાદ આમ સહજ મળે, તો પછી બીજું શું જોઇએ વારુ?" ખેંગારજીએ પરમ સંતોષ દર્શાવ્યો.

"રાજબીજના મુખને આવા શબ્દો જ શોભાવે છે. પણ મહારાજ, હું આ ગ્રામમાં હોવા છતાં આપ આવી રીતે ગામના સીમાડે ઝાડ તળે પડી રહો એ તો સારું ન જ કહેવાય અને મને બહુ જ ઓછું લાગે. માટે કૃપા કરી ગામમાં પધારો, મારી ઝૂપડીને પવિત્ર કરો અને મારા ઘરની લૂખીસૂખી છાશ ઘેંસનો સ્વીકાર કરો. આપના જેવા અતિથિઓનો આદરસત્કાર મારા હાથે થાય, એવાં મારાં અહોભાગ્ય ક્યાંથી હોય વારુ?" વિવેકશીલ વનિતાએ આમંત્રણ કરીને કહ્યું.

"ભલે, બહેન, તમારી આવી સદ્ભાવના છે તો અમે તમારું વચન માન્ય રાખીએ છીએ." ખેંગારજીએ તેના આમંત્રણનો અંગીકાર કર્યો.

"આ ગરીબના વચનને માન્ય રાખ્યું એ આપનો મારાપર અત્યંત આભાર થયો છે. આપ અહીં થોડી વાર બેસો એટલામાં હું મારા સસરાજીને મોકલું છું એટલે તેઓ આવીને આપને માનપૂર્વક બોલાવી જશે." એમ કહી બેડું માથે લઇને તે રમણી ઘર ભણી ઊતાવળે પગલે ચાલતી થઈ ગઈ.

તેના જવા પછી ખેંગારજી છચ્છરને ઉદ્દેશીને કહેવા લાગ્યો કે: "છચ્છર કાકા, જન્મભૂમિના પ્રેમનો પ્રભાવ કેવો હોય છે તેનું આ પ્રત્યક્ષ ઉદાહરણ જોયું કે? લાખિયાર વિયરામાં અને કચ્છમાં અનેક સ્ત્રીપુરુષો વસે છે અને તે સર્વ સાથે પરસ્પર સર્વનો સંબંધ હોતો નથી; છતાં પણ જ્યારે પરદેશમાં દેશનો કોઈ અપરિચિત મનુષ્ય પણ જોવામાં આવે, તો તેને જોતાં જ હૃદયમાં જે એક પ્રકારનો પ્રેમ ઉભરાઈ આવે છે, તે કેવળ જન્મભૂમિ વિષયક સ્નેહનું જ પરિણામ હોય છે. જન્મભૂમિનો મહિમા અગાધ છે!"

"આપનું કથન સત્ય છે, અન્નદાતા!" છચ્છરે કહ્યું.

એ લોકો એવી રીતે વાતચીતમાં સમય વીતાડવા લાગ્યા. તે યુવતિ ઘેર પહોંચી ગઈ. તે રમણી પોતાના અનેક સદ્ગુણોના પ્રતાપે શ્વસુરગૃહમાં સર્વને અત્યંત પ્રિય થઈ પડેલી હતી અને તે એટલે સુધી કે તેનો પડ્યો બોલ ઉપાડી લેવામાં આવતો હતો. તેણે મર્યાદાયુક્ત વાણીથી રાજકુમારોનો સર્વ વૃત્તાંત પોતાના શ્વસુરને સંભળાવ્યો અને કુમારોને માનપૂર્વક ઘેર લઈ આવવાની પ્રાર્થના કરી. શ્વસુર પણ સુશીલ ગૃહસ્થ હોવાથી તત્કાળ પોતાના ચાર પાંચ આપ્ત

મિત્રોને સાથે લઇને ત્યાંથી ચાલતો થયો અને રાજકુળના અલભ્ય અતિથિઓને આદરપૂર્વક પોતાના ગૃહમાં લાવી એક સ્વચ્છ ઓરડામાં બેસાડી તેમની આસનાવાસના કરવા લાગ્યો.

સાધારણતઃ સંસારવ્યવહારનો એક એવો નિયમ છે કે જો કોઈ ધનાઢ્ય કિંવા ઉચ્ચપદધારી ગૃહસ્થ પોતાથી ઊતરતી પંક્તિના મનુષ્યને ત્યાં અતિથિ થાય, તો તેનું ત્યાં જે આદરાતિથ્ય કરવામાં આવે, તે સેવાના નામથી ઓળખાય છે અને એવી સેવાના બદલામાં તે સમર્થ અતિથિએ તેને કાંઈ પણ ધન કિંવા ઉપહાર આપવો પડે છે. જો એમાં કશી પણ ન્યૂનતા થાય, તો તેથી તે અતિથિ તેટલી અપકીર્તિને પાત્ર થાય છે. અહીં અતિથિ રાજકુમાર હતા અને આતિથ્ય કરનાર એક સાધારણ સૂતાર હતો એટલે રાજકુમારોએ તેને કાંઈ પણ આપવું તો જોઇએ જ; પરંતુ સમય પ્રતિકૂલ હોવાથી રાજકુમારોમાં એ વિવેકને દર્શાવવાની અત્યારે શક્તિ નહોતી એટલે તેમના મનમાં એવો વિચાર આવ્યો કે, જો સૂતારના ઉપકારનો ભાર વધારે ન થઇ જાય તો સારું. એ વિચારથી ખેંગારજીએ વૃદ્ધ સૂતાર—તે બાઇના સસરા—ને ઉદ્દેશીને કહ્યું કેઃ "વૃદ્ધ સદ્‌ગૃહસ્થ, તમે અને અમારાં બાઇએ અત્યાર સુધીમાં જેટલો વિવેક બતાવ્યો છે અને અમારો જેટલો સત્કાર કર્યો છે, તેટલા સત્કારથી અમને પૂર્ણ સંતોષ થયો છે અને તેથી હવે વિશેષ વિવેક કરવાની કશી પણ આવશ્યકતા નથી. મને ખેદ માત્ર એટલો જ થાય છે કે અમારાં બહેનને કાપડા તરીકે આપી શકાય એટલું નાણું પણ દુર્ભાગ્યવશાત્ અત્યારે અમારી પાસે નથી. છતાં જો ઈશ્વર અમને શુભ દિન દેખાડશે, તો તમારા આ ઉપકારને અમે ભૂલવાના નથી. અર્થાત્ અત્યારે હવે અમને જવામાટેની આજ્ઞા આપો, તો મોટો ઉપકાર; કારણ કે, અમારે ઉતાવળથી અમદાવાદ પહોંચવું છે અને અધુરામાં પૂરું વાહન આદિનો અભાવ છે એટલે માર્ગમાં જો આમને આમ વિલંબ થયા કરે, તો ત્યાં પહોંચતાં છ માસ કે વર્ષ વીતી જાય. કેવળ તમારું માન જાળવવામાટે જ અમે તમારે ત્યાં આવ્યા હતા એટલે તમારે ત્યાં આવીને બેઠા, જળપાન કર્યું અને વિશ્રામ લીધો. હવે અમારે પુનઃ પ્રવાસનો આરંભ કરવો જ જોઇએ."

"નહિ, મહારાજ, એમ અમારાથી આપને જવાની અનુમતિ આપી શકાય નહિ; ઓછામાં ઓછા ત્રણ ચાર દિવસ તો અહીં આપનો મુકામ થવો જ જોઇએ." સૂતારે વિવેક કર્યો.

"જ્યાં આજની રાત્રિ જ અમારે અહીં વીતાડવાની નથી, ત્યાં પછી ત્રણ ચાર દિવસની વાત તો કયાંથી જ હોય?" ખેંગારજીએ કહ્યું.

સુતારે જાણ્યું કે, દૃઢ મનના રાજવંશીયો સમક્ષ પોતાનો આગ્રહ ઉપયોગી થવાનો નથી, એટલે તેણે બીજી પ્રાર્થના કરી કે: "વારુ ત્યારે જેવી આપની ઇચ્છા પરંતુ અત્યારે ભોજન તૈયાર થાય છે તેનો સ્વીકાર કરીને પછી સુખપૂર્વક સિધારો."

ખેંગારજીથી તેની આ પ્રાર્થનાનો અસ્વીકાર કરી શકાયો નહિ; કારણ કે, કોઇના આતિથ્યનો સ્વીકાર કર્યા પછી તેને ત્યાંના ભોજનનો અનાદર કરવો તે વિવેકશૂન્યતા ગણાય છે. ઉત્તમોત્તમ પકવાન્નો કરતાં ખરા પ્રેમથી અપાયલો રોટલાનો ટાઢો કકડો પણ ઉત્કૃષ્ટ છે. એ વિશે એક સર્વમાન્ય લોકોક્તિ છે કે:—

"માન જહાં આદર જહાં, અરુ નૈનનમે નેહ;
સજ્જન ઉસ ઘર જાઇએ, પત્થર બરસે મેહ!"

વળી કુમારો તળાવપર નાસ્તો કરવાની તૈયારીમાં હતા, તે સમયે જ તેમને અહીં બોલાવવામાં આવ્યા હતા, એટલે તેમના ઉદરમાં ક્ષુધાનો અગ્નિ પણ કિંચિત્ પ્રજળેલો હતો. એ સર્વ એકત્ર કારણોથી ખેંગારજીએ કહ્યું કે: "જો તમારો અમને જમાડીને જ જવા દેવાનો નિશ્ચય હોય, તો આ ક્ષણે ઘરમાં જે કાંઇ પણ ટાઢું ઊનું હાજર હોય, તે અમને લાવી આપો. કૃપા કરીને અમારા પ્રવાસમાં પ્રત્યવાય ન કરો." એ વિશે કેટલોક વાદવિવાદ ચાલ્યા પછી અંતે વૃદ્ધ સુતારે ખેંગારજીનું વચન માન્ય કર્યું અને તે ઘરના અંદરના ભાગમાં ચાલ્યો ગયો.

ખેંગારજીની ઇચ્છા જ્યારે તે વૃદ્ધ સુતારે પોતાની વિવેકશાલિની પુત્રવધૂને કહી સંભળાવી, ત્યારે તે સાંભળીને શોકાતુર થતી તે કહેવા લાગી કે: "પૂજ્ય સસરાજી, આપ વિવેક આદિમાં પ્રવીણ હોવાથી મારે આપને એ વિશે વધારે કાંઇ પણ કહેવા જેવું નથી. તો પણ મારે એટલું તો જણાવવું જ જોઇએ કે જો તેમની ઇચ્છા પ્રમાણે જ આપણે વર્ત્તીશું, તો તે આપણામાટે યોગ્ય તો નહિ જ ગણાય. મારા પીયરિયાંના એટલે કે મારી જન્મભૂમિના રાજકુમારોનાં પગલાં આપણા ઘરમાં કયાંથી હોય! પરંતુ ઈશ્વરે જ્યારે એ અલભ્ય લાભ આપણને અચાનક મેળવી આપ્યો છે, તો એમનો આપણે જેટલો સત્કાર કરીએ તેટલો ઓછો જ છે. રાજાનો સત્કાર અને દેવનો સત્કાર એકસમાન છે; કારણ કે, રાજામાં ઈશ્વરનો અંશ વિશેષ છે, એમ શ્રીમદ્ભગવદ્ગીતામાં પણ શ્રીકૃષ્ણ ભગવાને સ્પષ્ટ શબ્દોમાં કહેલું

છે. પરંતુ રાજાના સત્કારનું કાર્ય આપણાં જેવાં દીન જનોના ભાગ્યમાં લખાયલું હોતું નથી. અત્યારે એ રાજકુમારો આપત્તિમાં આવી પડેલા હોવાથી આપણી કરેલી જેવી તેવી સેવા પણ ચાલી જાય એમ છે, તો આવા વિરલ પ્રસંગને આપણે વ્યર્થ તો જવા ન જ દેવો જોઇએ."

"સદ્‌ગુણી વહૂ, તમારા કથનને હુ અક્ષરે અક્ષર સત્ય માનું છું અને મેં આગ્રહ કરવામાં કશી કચાશ રાખી નથી, પણ રાજહઠ આગળ મારો આગ્રહ નિષ્ફળ નીવડયો છે. જો ઊનું જમાડવાની આશાથી ટાઢું તત્કાળ નહિ આપવામાં આવે, તો એટલો લાભ પણ આપણા હાથમાંથી જતો રહેશે; માટે ઊતાવળ કરો અને ઘરમાં જે કાંઈ હોય તે પીરસી આપો." સસરાએ નિરુપાયતા દર્શાવી.

"જો એમ જ હોય, તો પછી બીજો ઉપાય નથી." એમ કહીને તે રાજભકત રમણી ઘરમાં જે હતું તે થાળીઓમાં પીરસવા લાગી.

પીરસતાં પીરસતાં તે બાઇને અચાનક એક વાર્તાનું સ્મરણ થઈ આવતાં તેણે સસરાને ઉદ્દેશીને કહ્યું કે: "હં, પણ આપે કહ્યું કે યુવરાજે વાહનવિશેની કાંઈ વાત કાઢી હતી, તો જો આપની ઇચ્છા હોય તો આપણો કાળો ઘોડો એમને આપી દઇએ. એથી એમની પીડા ટળી જશે અને આપણે કાંઈ અડચણ ભોગવવી પડે એમ નથી; કારણ કે, તમારે કે તમારા પુત્રને કયાં રોજ ગામતરું કરવું પડે છે? વળી એઓ જ્યારે આપણા આદરાતિથ્યનો પૂરો સ્વીકાર કરતા નથી, તો તેની પૂર્ત્તિ આનાથી થઈ જશે. દેવની કે રાજાની સેવા કદાપિ અફળ નથી થતી, એ તત્ત્વને કદાપિ ભૂલશો નહિ."

"વહૂ, રાજસેવાનો આ તમે ઘણો જ રૂડો માર્ગ બતાવ્યો. હું ઘણી વારથી એ જ વિચારમાં હતો કે એમને નજરાણું શું આપવું? કારણ કે, રાજા અને ગુરુ સમક્ષ ખાલી હાથે ન જવું, એવી શાસ્ત્રની આજ્ઞા છે. કચ્છના ભાવિ રાજાને તેમના અહીંથી નીકળવા સમયે હું અશ્વ નજરાણા તરીકે આપીશ. ટાઢું શીરામણ પીરસવાની હવે ઊતાવળ કરો. હું એમને અહીં બોલાવું છું." સુજ્ઞ સસરાએ પુત્રવધૂની સલાહને માન્ય રાખીને કહ્યું.

રાજકુમારો આગળ બાઇએ ટાઢી ઘેંશ અને દહિની પીરસેલી તાંસળીઓ મૂકી અને તે વેળાએ વિવેકી વૃદ્ધ સુતારે હ્રદયપૂર્વક શોક દર્શાવીને કહ્યું કે: "મહારાજ, મારા મંદ ભાગ્યના યોગે આપ બહુ જ ઊતાવળા થયા છો એટલે મારો કોઈ ઉપાય નથી. અત્યારે આપની એ ઊતાવળના કારણથી આપના દાસ પણ ન આરોગે એવા કનિષ્ઠ

પ્રકારના ખાદ્ય પદાર્થો ઇચ્છા ન હોવા છતાં પણ મારે આપ સમક્ષ લાવીને રજૂ કરવા પડયા છે. આશા છે કે, મારા આ અવિવેક અને અપરાધની આપ અવશ્ય ક્ષમા કરશો જ."

"સુશીલ અને બુદ્ધિમાન્ વૃદ્ધ પુરુષ, તમે આ શું બોલો છો. તમારે આ નિશ્ચયપૂર્વક માનવું કે ઉત્તમ અને સ્વાદિષ્ટ વ્યંજન તથા પકવાન્નોને આરોગવાની આશાથી અમે તમારે ત્યાં આવ્યા નથી. ભાવપૂર્વક જમાડેલી આ ઘેંશછાશથી અમારા આત્માને જેટલો સંતોષ થશે, તેટલો સંતોષ ભાતભાતનાં ભોજનથી થવાનો સંભવ નહોતો. જગદાધાર જગન્નિયંતા જગદીશ્વર આપણને વખતપર આવું અન્ન પણ આપે છે અને આપણી ક્ષુધાના અગ્નિને શાંત કરે છે, એ કાંઈ તે જગત્પિતાનો માનવ પ્રાણીપર જેવો તેવો ઉપકાર નથી. અરે, કેટલાકોને તો આવું અન્ન પણ નથી મળતું. માટે સર્વેએ નિરંતર એ જ તત્ત્વનું સ્મરણ કરવું જોઇએ કે;—

'આવે જે સંકષ્ટ, ધૈર્યથી તેને સ્હેવું;
જે સ્થિતિ આપે ઈશ, સદા તે સ્થિતિમાં રહેવું!"

ખેંગારજીએ અભિમાન તથા ગર્વનું ખંડન કરનારાં વાકયો ગંભીરતાથી ઉચ્ચાર્યાં.

"મહારાજ, આપ વિવેકના સાગર છો એટલે મારાથી હવે વધારે કાંઈ પણ બોલી શકાય તેમ નથી." વૃદ્ધ સૂતાર બોલ્યો.

ખેંગારજીએ છચ્છર તથા સાયબજીને ઉદ્દેશીને કહ્યું કે: "કેમ, મહાત્મા યતિનાં વચનો રામબાણસમાન સિદ્ધ થયાં કે નહિ? ઈશ્વર જે કાંઇ પણ કરે છે; તેમાં પરોક્ષ કે અપરોક્ષ રીતે આપણું હિત અવશ્ય સમાયલું જ હોય છે. ચાલો ત્યારે ઈશ્વરનો આભાર માની અને યતિની વાણીને સત્ય જાણી આ શ્વેતવર્ણ ભોજનને ન્યાય આપવાનો આરંભ કરો.

"પણ બંધુ, હજી એક ઘટના બાકી છે." સાયબજીએ કહ્યું.

"મારી ધારણા પ્રમાણે તે પણ પૂરી થવી જ જોઇએ." ખેંગારજીએ સાયબજીના આશયને જાણીને માર્મિકતાથી કહ્યું.

ત્રણે જણે આનંદપૂર્વક ભોજન કર્યું અને ત્યાર પછી વૃદ્ધ સૂતાર તથા તેની પુત્રવધૂનો તેમણે અત્યંત આભાર માન્યો. ખેંગારજીએ તે યુવતિને મર્યાદાપૂર્વક પૂછ્યું કે: "બહેન, તમે અમારી ભૂમિનાં નિવાસી તો ખરાં પણ તમારા પિતાનું અને તમારું નામ હજી અમારા જાણવામાં આવ્યું નથી તે કૃપા કરીને જણાવશો? કારણ કે, અમે તમારા ઋણી થયા છીએ એટલે જો અમારા ભાગ્યનો ઉદય થાય

તો અમારે એ ઋણનો ભાર ઊતારી નાખવો જ જોઇએ અને કદાચિત્ તેમ ન થાય, તો તમારે વિશેષ શોક વિચાર ન કરવો."

"મહારાજ. મારા પિતાનું નામ વાલજી પુરુષોત્તમ છે અને મારું નામ પાર્વતી છે." બાઇએ ઉત્તર આપ્યું.

"ખરેખર પાર્વતીનો જ અવતાર. હં, અને વૃદ્ધ પુરુષ આપનું તથા આપના પુત્રનું નામ?" ખેંગારજીએ બીજો પ્રશ્ન પૂછ્યો.

"મારું નામ રામજી અને મારા પુત્રનું નામ શ્યામજી." વૃદ્ધ સૂતારે જણાવ્યું.

"પણ શ્યામજીભાઈ કેમ બિલ્કુલ દેખાયા જ નહિ?" ખેંગારજીએ એક વિશિષ્ટ હેતુથી પૂછ્યું.

"તે બે ત્રણ દિવસથી પોતાની બહેનના સીમંત પ્રસંગે અહીંથી દશેક ગાઉપર આવેલા ગામમાં ગયો છે, તે હજી એક બે દિવસ પછી આવશે." વૃદ્ધ સૂતારે ઉત્તર આપ્યું.

"ચાલો; જીવતા હઇશું, તો ફરી કોઈ વાર મળીશું. ત્યારે હવે અમને વિદાય થવાની આજ્ઞા છે કે?" ખેંગારજીએ કહ્યું.

"મહારાજ, મારી એક પ્રાર્થના છે, પણ જો માન્ય કરો તો કહું?" સૂતારે એક નવી વાર્ત્તા ઉપસ્થિત કરી.

"પણ અમારા પ્રયાણમાં હવે વધારે વિલંબ ન થાય, તો સારું; કારણ કે, રાત્રિ વધારે અને વધારે વીતતી જાય છે." ખેંગારજીએ કહ્યું.

"ના, મહારાજ, તેમ નહિ થાય."

"ત્યારે જે કહેવાનું હોય તે આનંદથી કહો."

"મહારાજ, આપની પાસે કોઈ વાહન નથી અને એટલામાટે જ આપને પ્રવાસમાટે આમ ઊતાવળ કરવી પડે છે. તો મારી પાસે એક ઘોડો છે, તેનો કૃપા કરીને સ્વીકાર કરો એથી મારા હૃદયમાં પણ સંતોષ થશે અને આપને પણ એ વસ્તુ માર્ગમાં અત્યંત સહાયક થઈ પડશે. આશા છે કે આપ મને નિરાશ તો નહિ જ કરો." સૂતારે પોતાની મનોભાવના દર્શાવી.

"હું એ નજરાણાનો ઇચ્છા પૂર્વક સ્વીકાર કરું છું." ખેંગારજીએ અનુમતિ દર્શાવી.

સૂતારે ઘોડાને પલાણીને તૈયાર કરી દ્વારમાં ઊભો રાખ્યો અને બહાર નીકળતાં જ્યારે ઘોડો કાળા રંગનો જોવામાં આવ્યો, તે વેળાએ છચ્છર, ખેંગારજી તથા સાયબજી ત્રણેના મુખમાંથી એક સાથે એવો ઉદ્દગાર નીકળી ગયો કે: "ધન્ય યતિરાજ, તમને અને તમારાં

વચનોને ! ખરેખર તમે કોઈ દેવાંશીય નર છો, એનો આજે અમને પૂરેપૂરો પરિચય થયો."

તેમના આ માર્મિક ઉદ્‌ગારના રહસ્યને જાણવાની સુતારે અત્યંત જિજ્ઞાસા દર્શાવતાં છચ્છરે ચરાડવામાં માણેકમેરજી યતિને ત્યાં બનેલો બધો બનાવ તેને કહી સંભળાવ્યો અને તે સાંભળીને તે સુતાર પણ આશ્ચર્યચકિત થઈ ગયો.

જતી વેળાએ આટલો બધો આદરસત્કાર કરનારને કાંઈ પણ આપ્યા વિના ચાલ્યા જવું એ ખેંગારજીને ઠીક ન લાગ્યું. જો કે અત્યારે તેની પાસે એક સોનામોહોર વિના બીજું વધારે કાંઈ પણ હતું નહિ અને પંથ હજી લાંબો કાપવાનો હતો; છતાં પોતાના સંકટનો વિચાર ન કરતાં એ સોનામોહોર પાર્વતીબાઇને આપી દેવાનો તેણે પોતાના મનમાં નિશ્ચય કર્યો. ખરેખર ગર્ભશ્રીમાન્ દારિદ્ર્યમાં પણ પોતાની ઉદારતા બતાવ્યા વિના રહેતો નથી, એમ જે કહેવાય છે તે સત્ય જ છે. એટલામાટે જ એક મહાકવિએ કહેલું છે કે:—

"ધનાઢ્યતા છે મનમહીં, નહિ ધનમહીં જરાય;
તેમ વૃદ્ધતા બુદ્ધિમાં, નહિ વયમહીં જણાય !"

"પાર્વતી બહેન, આ તમારો ધર્મબંધુ અત્યારે આ એક જ સોનામોહોર તમને કાપડા તરીકે આપે છે, તેનો સ્વીકાર કરો અને આશીર્વાદ આપો કે, સત્વર જ આ બંધુ તમારા ઉપકારોનો વ્યાજ સહિત બદલો વાળી આપવાને શક્તિમાન્ થાય. તમારો આશીર્વાદ અવશ્ય ફળીભૂત થશે." ખેંગારજીએ સોનામોહોર આપતાં કહ્યું.

"વીરા, ભલે તમારી ઇચ્છા છે, તો હું તમારો અનાદર નથી કરતી. એક સોનામોહોર નહિ, પણ આ લાખ સોનામોહોર છે. આ સોનામોહોરને હું જીવ પેઠે જાળવી રાખીશ અને જે વેળાએ મારા વીર કચ્છના સિંહાસને વિરાજશે તે વેળાએ એ જ મોહોરની હું ધોળ કરીશ. તમે સત્વર જ કચ્છદેશના સ્વતંત્ર સ્વામી થાઓ અને ત્યાંની પીડિત પ્રજાને સુખિની કરો, એ મારો અંતઃકરણપૂર્વક આશીર્વાદ છે. સિધારો અને વિજય ધારો." પાર્વતીએ ઓવારણાં લઇને આશીર્વાદ આપ્યો.

તે જન્મભૂમિવાસિની બાઇના આવા પવિત્ર અને શુદ્ધ સ્નેહને જોઇને ખેંગારજી, સાયબજી તથા છચ્છરનાં નેત્રોમાંથી પ્રેમાશ્રુની ધારાનું વહન થવા લાગ્યું. તો પણ મનને દૃઢ કરી તેઓ એ દહિસરા (દધિસર) નામક ગામમાંથી ચાલતા થયા અને પોતાના પંથે ચડ્યા.

આ પ્રસંગને ઉદ્દેશીને કચ્છી ભાષામાં જે એક સોરઠો લખાયલો છે તે આ પ્રમાણે:—

"કારો ઘોડો જુવાર, થિયો સમે કે સુકન હી;
માતા કિયો સવાર, ખુશી થઇ ખેંગારતેં* !"

## સપ્તમ પરિચ્છેદ

## એક વિશેષ આઘાત કિંવા છચ્છરનો વિયોગ

" प्रायो गच्छति यत्र भाग्यरहितस्तत्रैव यांत्यापदः" भर्तृहरिः

ગત પરિચ્છેદમાં વર્ણવ્યા પ્રમાણે આપણા એ ત્રણ પ્રવાસીઓ પાસે વાટખર્ચીમાટે એક ફૂટી બદામ પણ હતી નહિ અને માર્ગમાં ભોજન આદિની વ્યવસ્થામાટે થોડા ઘણા પૈસા તો અવશ્ય જોઇએ જ; કારણ કે, એ સાધન વિના જરાય ચાલી શકે તેમ નહોતુંજ. છચ્છર પાસે અફીણ રાખવાની રૂપાની એક ડબ્બી હતી, તેને પણ તેણે વેચી નાખી અને જાર બાજરીના રોટલાપર ગુજરાન કરતા એ પીડિત પ્રવાસીઓ જેમ તેમ કરીને એક વારના ધ્રાંગધરા નામક નગરની સીમામાં આવી પહોંચ્યા અને નગર બહારની એક ધર્મશાળામાં વિશ્રાંતિ લેવામાટે બેઠા.

"છચ્છર કાકા, હવે આપણે શું કરવું? આપણે પારકા પરદેશમાં આવ્યા છીએ, અમદાવાદ હજી ઘણું દૂર છે અને ખર્ચી ખૂટી ગઈ છે એટલે આપણાથી હવે આગળ કેમ કરીને વધી શકાશે વારૂ? આપણી પાસે એવી કોઈ વસ્તુ પણ રહી નથી કે જેને વેચીને એક બે દિવસ પણ આપણો નિર્વાહ આપણે ચલાવી શકીએ. હવે આપણી ખરેખરી દુર્દશા થવાનોજ સમય આવી લાગ્યો છે." ખેંગારજીએ છચ્છરને ઉદ્દેશીને કહ્યું.

"કાકા, હવે આપણે ખાવાનું ક્યાંથી લાવીશું? મને તો અત્યારે જ ભૂખ લાગી છે." નાના કુમારે કરુણોત્પાદક ઉદ્દગાર કાઢ્યો.

---

* એનો ભાવાર્થ એવો થાય છે કે: "જામા (પ્રથમ કચ્છના રાજા જામા કહેવાતા અને પછીથી જાડેજા કહેવાયા હતા એટલે અહીં તેમના મૂળ ઉપનામનો ઉલ્લેખ કરેલો છે) ને કાળા ઘોડા અને જુવારનાં શકુન થયાં. માતાજી-જગદંબા—એ ખેંગારજીપર પ્રસન્ન થઇને તેને સવાર (ઘોડેસવાર) બનાવ્યો."

આ સોરઠાનો પાઠ અન્ય પુસ્તકોમાં બીજી રીતે પણ આપેલો છે, પરંતુ તે અશુદ્ધ હોવાથી અહીં આપ્યો નથી.

કુમારોના એ પ્રશ્નોથી છચ્છરની છાતી ભરાઈ આવી અને મનમાં તે પણ ભયભીત થઈ ગયો. છતાં પોતાની ચિંતા અને શોકાતુરતાના આવેગને રોકી મુખમંડળમાં શાંતિ તથા ગંભીરતાની છાયાને લાવી તે અત્યન્ત નમ્રતાથી કહેવા લાગ્યો કે: "મારા શિરચ્છત્રો, શાંત થાઓ અને ધૈર્ય ધરો. જગચ્ચાલક પરમેશ્વર અત્યંત કૃપાળુ છે. તે પ્રભાતમાં સર્વ પ્રાણીઓને ભૂખ્યાં જગાડે છે, પણ ભૂખ્યાં ને ભૂખ્યાં જ રાતે સૂવાડતો નથી. આપણે અત્યારે એક નગરમાં આવી પહોંચ્યા છીએ એટલે વધારે ચિન્તા કરવાનું કારણ નથી. હું નગરમાં જાઉં છું અને કાંઈ પણ વ્યવસ્થા કરી આવું છું. ત્યાં સુધી તમે અહીં વિશ્રાંતિ લ્યો અને જેણે તમારો અનેક સંકટોમાંથી ઉદ્ધાર કર્યો છે, તે પરમાત્મા હવે પછી પણ અવશ્ય તમારો સહાયક થશે જ એટલે અંતઃકરણમાં દૃઢ વિશ્વાસ રાખો."

છચ્છરનાં એ આશ્વાસનદાયક વચનોથી કુમારોના મનમાં શાંતિનો કિંચિદ્ આવિર્ભાવ થયો અને તેઓ તેના વચનને માન્ય રાખી ત્યાં જ વિશ્રાંતિ લેતા બેસી રહ્યા. છચ્છર પોષણમાટેનાં સાધનોની વ્યવસ્થા કરવામાટે નગર ભણી ચાલતો થયો.

ઉષ્ણ કાળના દિવસો હતા. મધ્યાહ્નનો સમય વીતી ગયો હતો અને જો કે તૃતીય પ્રહરનો આરંભ થઈ ચૂકયો હતો, છતાં ઉષ્ણતાનો પ્રતાપ વિશેષ હોવાથી વીથિકા (બજાર)માં લોકોની વધારે ભીડ જોવામાં આવતી નહોતી. દિવસ હોવા છતાં સર્વત્ર રાત્રિસમાન શાંતિનો જ ભાસ થતો હતો. વીથિકાની એવી અવસ્થા જોઇને છચ્છર મનમાં જો કે કાંઇક નિરાશ થઇ ગયો; તો પણ તે આગળ અને આગળ વધતો ગયો. ઝાંઝવાના જળને જોઇને તૃષાતુરની જેવી અવસ્થા થાય છે, તેવી જ અત્યારે છચ્છરના મનની અવસ્થા હતી. અંતે એક શાહૂકારની પેઢી તેના જોવામાં આવી અને તે પેઢીને જોઇ મનમાં કાંઇક આશા ઉત્પન્ન થવાથી તે તે પેઢીપર ચઢી ગયો અને રામ રામ જયગોપાળ કરીને ત્યાં બેસી ગયો.

એક તરફ ત્રણ ચાર મેહતાઓ ગાદીપર ચોપડા ચઢાવીને નામું લખતા બેઠા હતા, એક બે જણ નાણાંની થોકડીઓને ગણીગણીને કોથળીઓમાં ભરતા હતા અને એક ભવ્ય મુદ્રાવાળો ગૃહસ્થ સર્વને કાંઇને કાંઈ આજ્ઞા કરતો જોવામાં આવતો હતો. ત્યાંની એ સર્વ ચર્યાને જોઇને એ કોઈ મોટો વ્યાપારી અથવા શરાફ હોવો જોઇએ, એવો છચ્છરનો નિશ્ચય થયો અને તેથી તેણે એ જ શાહૂકાર પાસેથી જોઇતાં સાધનોને મેળવવાનો વિચાર કર્યો.

છચ્છર જો કે એક અજ્ઞાત પુરુષ હતો, છતાં તેને પોતાની પેઢીમાં આવેલો જોઇને અતિથિસત્કારના શિષ્ટસંપ્રદાય પ્રમાણે તેને આવકાર આપતાં શાહૂકારે કહ્યું કે: "ભાઇ, આવો. કયાંથી પધારો છો અને અહીં આવવાનું શું પ્રયોજન છે? આપનો જે હેતુ હોય તે દર્શાવો." એમ કહીને તેણે નોકરને પાન, સોપારી અને એલચી વગેરે લાવવાનો હુકમ ફર્માવ્યો.

એના પ્રત્યુત્તરમાં છચ્છરે જણાવ્યું કે: "હું એક મુસાફર છું અને ખાસ એક કામમાટે આપની સેવામાં હાજર થયો છું. હું એક ગરાશીઆનો નોકર છું. તે ગરાશીઆ એટલે કે મારા સ્વામીને એક શત્રુએ દગાથી મારી નાખવાથી અને તેની સ્ત્રીઓ સતી થઇ જવાથી તેના બે કુમારોનો તે શત્રુના પંજામાંથી છૂટકો કરી તેમના જીવ ઉગારવામાટે તેમને લઇને હું ગુજરાત ભણી જવા નીકળ્યો છું; કારણ કે, ત્યાં મારા સ્વામીનો એક બહુ બળવાન્ અને સંપત્તિમાન્ સંબંધી રહે છે. અમારી પાસે અમે નીકળ્યા તે વેળાએ પૂરતા પૈસા હતા, પણ દૈવયોગે માર્ગમાં લૂટારાઓના હાથે લૂટાઇ જવાથી અમે અત્યારે સર્વથા નિરાધાર અવસ્થામાં આવી પડ્યા છીએ. અમારે અમદાવાદ પહોંચવું છે અને વાટખર્ચીમાટે એક કાણી કોડી પણ અમારી પાસે નથી; માટે મેહરબાની કરીને અમારી એક હુંડી લ્યો, તો અમારી સર્વ વ્યવસ્થા અમે કરી શકીએ."

"ભાઇ, તમારી વાત બધી ખરી, પણ જ્યાં નાણાંની વાત આવી ત્યાં સગા ભાઇનો પણ આજે કોઇ વિશ્વાસ કરતું નથી અને તમે તો વળી એક મુસાફર માણસ એટલે તમારી હુંડીનો મારાથી કેમ કરીને સ્વીકાર કરી શકાય વારૂ? હા, જો આ નગરમાંના કોઇ સારા માણસની તમે જામિનગીરી આપતા હો, તો વળી કાંઇક વિચાર કરી શકાય." શેઠે વ્યવહારપક્ષને જાળવીને શાંતિથી એ વાકયો ઉચ્ચાર્યાં.

"મારું અહીં કોઇ સગું પણ નથી અને ઓળખીતું પણ નથી, એટલે મારો જામિન કોણ થાય?" છચ્છરે નિરાશાથી કહ્યું.

"જો કોઇ જામિન ન થાય, તો મારાથી નાણાં પણ ન આપી શકાય.", શેઠે ચોખ્ખો ને ચટ જવાબ આપી દીધો.

છચ્છર સર્વથા નિરાશ થયો, પણ 'અર્થસાધુને બુદ્ધિ નથી હોતી' એ નિયમને અનુસરીને તે પુન: કહેવા લાગ્યો કે: "શેઠ સાહેબ, મારે હજાર બે હજાર જોઇતા નથી; કિન્તુ માત્ર પચીસ ત્રીસ રૂપિયાની જ મને અગત્ય છે અને તે એક મહિનામાં જ આપને હું પાછા મોકલી આપીશ. કાળચક્રથી ચમદાયલાને સાહાય્ય આપવું, એ પ્રત્યેક

ધનવાનનું પ્રમુખ કર્તવ્ય છે; પરંતુ જો આપનો મારા વચનમાં વિશ્વાસ ન જ બેસતો હોય, તો હું મારા ધર્મની આપને જામિનગીરી આપું છું."

ધર્મનું નામ સાંભળીને શેઠને કાંઇક હસવું આવ્યું અને તે કહેવા લાગ્યો કેઃ "ભાઇ, ધર્મની સાક્ષીનો સમય તો સત્યયુગની સાથે જ સ્વર્ગમાં સિધાવી ગયો. અત્યારે તો કળિયુગ ચાલે છે એટલે ધર્મને કોઈ પૂછતું પણ નથી. કહ્યું જ છે કેઃ-

"કળિયુગના પરિતાપથી, ધર્મ ગયો પાતાળ;
વ્યાપ્યો અધર્મ વિશ્વમાં, અધર્મનો આ કાળ !"

"અસ્તુઃ ત્યારે જામિન તરીકે હું પોતે જ જો આપની સેવામાં ઉપસ્થિત રહું તો ? કુમારોને બીજા કોઈ માણસ જોડે મોકલીને હું ધારેલા સ્થાને પહોંચતા કરી દઇશ અને ત્યાંથી આપના રૂપિયા જ્યારે પાછા આવી જશે, ત્યારે જ આપની આજ્ઞા લઇને હું અહીંથી રવાના થઇશ. તે પૂર્વે, હું ધર્મની પ્રતિજ્ઞાથી કહું છું કે, અહીંથી જવાનો નથી." છચ્છરે છેલ્લો ઉપાય અજમાવવાનો પ્રયત્ન કરીને કહ્યું.

"ભાઈ, તમારી આ બધી વાતો નકામી છે. સ્વાર્થી મનુષ્ય પોતાના સ્વાર્થને સાધી લેવામાટે ગમે તેમ બોલે છે, પણ તેના બોલવામાં ખરેખરો વિશ્વાસ રાખી શકાતો જ નથી. કાલે ઊઠીને તમે પોબારા ગણી જાઓ, તો તમારી પાછળ પાછળ અમે ક્યાં દોડતા ફરીએ વારૂ ? જોઇએ તો બે વાર જમી જાઓ એની ના નથી, પણ રોકડાં નાણું તો આવી રીતે નહિ જ આપી શકાય." વાણિયા ભાઇએ સાફ નન્નો વાર્યો.

અંતે નિરુપાય થઇને છચ્છરે કહ્યું કેઃ "શેઠ, કાંઈ ચિંતા નહિ. માલ રાખીને તો રૂપિયા આપશો ને ? અમારા લોકો હથિયાર વિના એક ડગલું પણ ભરતા નથી અને તેથી મારી પાસે અમો ત્રણ જણની ત્રણ તલ્વારો છે કે જેમની કીમત હું આપની પાસેથી જેટલા રૂપિયા લેવા માગું છું તેના કરતાં ચારગણી વધારે છે. એ તલ્વારો પણ રાખો અને હું પોતે પણ અહીં જ રહીશ; પણ ગમે તેમ કરીને અમારો આ પ્રસંગ સંભાળો."

છચ્છરના આટલી વારના નિષ્કપટ ભાષણથી અને તેની તલ્વારો મૂકવાની ઇચ્છાથી વાણીયાનો નિશ્ચય થયો કેઃ 'એ ઠગવા તો નથી જ આવ્યો. જરૂર એ મૂંઝાણો છે અને અગત્યમાં આવી પડયો છે તેથી જ આટલા બધા કાલાવાલા કરે છે. એને રૂપિયા આપવા તો ખરા, પછી ગમે તેમ થાઓ !' મનમાં એવો નિશ્ચય કરીને તેણે છચ્છરને પૂછ્યું કેઃ "વારૂ, તમે અહીં રહીને કામ શું કરશો ?"

"મને કપડાં સીવવાનું કામ ઘણું જ સારું આવડે છે એટલે મારી એ કળાના પ્રતાપે પચીસ ત્રીસ રૂપિયા તો હું એક મહિનામાં જ કમાવી લઇશ." છચ્છરે ઉત્તર આપ્યું.

ભાગ્યયોગે શેઠના ગૃહમાં એક વિવાહપ્રસંગ પાસે જ આવેલો હતો અને તેથી દરજીને બેસાડવાની તૈયારી જ હતી એટલામાં આ અચાનક યોગ મળી આવવાથી મનમાં તે પ્રસન્ન થયો અને છચ્છરને જણાવ્યું કે: "જાઓ ત્યારે કુમારોને અહીં લાવો અને તલ્વારો પણ લેતા આવો; હું તમારી ઇચ્છા પ્રમાણેની વ્યવસ્થા કરી આપીશ."

પરદેશમાં કોઈ વેળાએ પૈસા વિના કેવી કેવી અડચણો આવી પડે છે અને કાંઇ પણ કીમતી વસ્તુ વિના કોઇને કોઇ એક પાઈ પણ ધીરતું નથી, એનું આ પ્રસંગથી એક પ્રકારનું શિક્ષણ લેવાનું છે અને એટલામાટે જ આપણા પુરાતન સંસ્કૃત નીતિવેત્તાઓએ કહેલું છે કે:–

"पराधीनं वृथा जन्म परस्त्रीषु वृथा सुखम् ।
परगृहे वृथा लक्ष्मीर्विद्या या पुस्तके वृथा"॥

એટલે કે: "પરાધીન મનુષ્યનો જન્મ વ્યર્થ છે, પરસ્ત્રીમાં સુખ વ્યર્થ છે, બીજાના ગૃહમાંનું ધન વ્યર્થ છે અને પુસ્તકમાંની વિદ્યા વ્યર્થ છે." અર્થાત્ વિદ્યા વદનમાં હોય અને લક્ષ્મી સદનમાં હોય, તો જ તે અમુક પ્રસંગે તત્કાળ ઉપયોગમાં આવી શકે છે. છચ્છરનું કાર્ય અંતે તલ્વારોના યોગે જ સિદ્ધ થયું, એ એનું પ્રત્યક્ષ ઉદાહરણ છે. અસ્તુ.

છચ્છર આનંદિત થતો ત્યાંથી ચાલતો થયો અને ધર્મશાળામાં આવીને કુમારોને સર્વ વૃત્તાંત અથથી ઇતિ પર્યન્ત કહી સંભળાવ્યો. એ વેળાએ લગભગ સંધ્યાસમય થવા આવ્યો હતો. છચ્છર કુમારોને લઇને પાછો તે શાહૂકારની પેઢીપર આવી લાગ્યો. કુમારોનાં તેજસ્વી મુખનું દર્શન કરતાં જ વાણિયાની ખાત્રી થઈ ગઈ કે: 'એ પ્રવાસીનાં સર્વ વચનો સત્ય જ હતાં.' તેના મનમાં કરુણાનો ઉદય થયો. કુમારોને તેણે પોતાની પાસે ગાદીપર બેસાડ્યા અને છચ્છર સામો ગાલીચાપર બેઠો. છચ્છરે ત્રણ તલ્વારો વ્યાપારી આગળ રજૂ કરી અને વાણિયાએ માત્ર એક જ તલ્વારને મ્યાનમાંથી કાઢી જોઈ તો તે સો રૂપિયાથી પણ વધારે કીમતની દેખાઈ. વાણિયાએ તે એક જ તલ્વાર પોતા પાસે રાખી લીધી અને બાકીની બે તલ્વારો બન્ને કુમારોને આપી દીધી. ભોજનનો સમય થયો હતો એટલે

કુમારોને અને છચ્છરને પણ તેણે આગ્રહ કરીને જમવા બેસાડ્યા. સર્વ ભોજન કરીને તૃપ્ત થયા અને ત્યાર પછી તાંબૂલસેવન કરીને તે શાહૂકારે ત્રીસ રૂપિયા છચ્છરને ગણી આપ્યા અને પોતાના એક માણુસને બોલાવીને તેણે આજ્ઞા કરી કે: "આવતી કાલે પ્રભાતમાં આ કુમારોને લઇને તારે અહીંથી મુસાફરીએ જવાનું છે. અત્યારે જ એક ઊંટ ભાડે કરી લેજે અને એમને જ્યાં જવાનું હોય ત્યાં પહોંચાડી આવજે. તારા પેટિયા ઉપરાંત એઓ તને રોજના મેહનતાણાનું એક આધિયું (બે આના) આપશે. ત્યારે હવે સવાર સૂધીમાં બધી તૈયારી કરી શકાશે ને ?"

નોકરે તે આજ્ઞા માન્ય કરી અને પ્રભાતમાં આવવાનું કહીને ત્યાંથી ઊંટનો બંદોબસ્ત કરવામાટે તે ચાલ્યો ગયો. રાત્રે સર્વ નિદ્રાવશ થયાં; પણુ બન્ને કુમારો અને છચ્છરનાં નેત્રોમાં પ્રભાતમાં થનારા પરસ્પર વિયોગના વિચારથી જરા પણુ નિદ્રા આવી નહિ.

યુગોના યુગો જોતજોતાંમાં વીતી જાય છે અને મન્વંતરોની પણુ સમાપ્તિ થાય છે, ત્યાં એક–કેવળ એક–રાત્રિના અલ્પ સમયને વીતતાં કેટલો વિલંબ લાગે વારુ? રાત્રિનો અંત આવ્યો અને પ્રભાતકાલિક અરુણે પોતાનો પ્રભાવ બતાવ્યો. નોકર આવ્યો અને સાથે ઊંટને પણુ લેતો આવ્યો. કુમારો અનિચ્છા છતાં પણુ નિરુપાયવશ જવાને તૈયાર થયા. પરંતુ છચ્છરથી વિખૂટા અને છૂટા પડતી વેળાયે તેમનાં નેત્રોમાંથી અસ્ખલિત અશ્રુપ્રવાહનું વહન થવા લાગ્યું. ખરેખર ગૃહના જે મનુષ્યો નિરંતર કલેશ જ કરતાં હોય છે અને અનેક પ્રકારે દુઃખદાયક તથા સ્વાર્થસાધક હોય છે, તેમને પણુ જ્યારે લાંબા વખતને માટે છોડી જવાનો પ્રસંગ આપણુને પ્રાપ્ત થાય છે, ત્યારે આપણા મનમાં કેટલું બધું ઓછું આવી જાય છે અને આપણા હૃદયમાં કેવા કેવા આઘાતો થાય છે, એનો થોડો ઘણો અનુભવ તો પ્રત્યેક પાઠક તથા પાઠિકાને મળેલો હોવો જ જોઇએ. તો પછી પોતાના પ્રાણુરક્ષક સુશીલ સેવક અને પિતા સમાન પ્રેમી પાલક–દુઃખના ભાગી છચ્છરબૂટાથી છૂટા પડતી વેળાયે કુમારોના મનમાં અત્યંત દુઃખ ઉત્પન્ન થાય અને તેમનાં હૃદય વિદીર્ણ થઇ જાય, એ સર્વથા સ્વાભાવિક જ હતું. અર્થાત્ પોતાના પિતાના વધના સમાચાર સાંભળતી વેળાયે અને જન્મભૂમિનો નિરાધાર અવસ્થામાં ત્યાગ કરતી વેળાયે કુમારોને જેટલો શોક થયો નહોતો, તેટલો શોક અત્યારે તેમને થયો. એજ પ્રમાણે છચ્છરનાં નેત્રોમાંથી પણુ અસ્ખલિત નીરધારાનું પતન થવા લાગ્યું. કુમારોની ભાવિ અવસ્થા વિશે તેના મનમાં અનેક

પ્રકારના તર્ક વિતર્ક આવવા લાગ્યા અને તે ઉદ્વિગ્ન થઇ ગયો. રામચંદ્રના વનગમનસમયે દશરથ રાજાની જેવી દુ:ખભરિત દશા થઈ હતી, તેવી જ અત્યારે છચ્છર–નિમકહલાલ છચ્છર–ની પણ શોકકારક સ્થિતિ થઈ પડી. છતાં પોતાની છાતીને પાષાણ કિંવા વજ્ર સમાન કઠિન કરીને તથા શાંતિને ધારણ કરીને તે કુમારોને આશ્વાસન આપતો કહેવા લાગ્યો કે:—

"મારા શિરોમુકુટ, મારા વિયોગનો લેશ માત્ર પણ શોક ન કરશો. તમારો સહાયક ઈશ્વર છે, માટે ઈશ્વરમાં વિશ્વાસ રાખો અને ભાગ્યના યથોચિત માર્ગમાં આગળ વધો. જો તમારો અને મારો સંબંધ હવે પછી પણ કાયમ રહેવાનો હશે, તો કોઈ પણ ઉપાયે પુન: પરમાત્મા તમારી જોડે મારો મેળાપ કરાવશે. પરંતુ અત્યારે તો હૃદયને વજ્ર સમાન બનાવીને આપણે વિયુક્ત થવું જ જોઇએ. તમે ક્ષેમકુશળતાથી એક વાર અમદાવાદમાં પહોંચી જાઓ એટલે થયું. પછી સહૂ સારાં વાનાં થવાનાં જ. જે ચિન્તા અને પીડા છે તે માત્ર ત્યાં સૂધીની જ છે. તમે પોતે પણ ક્ષત્રિય હોવાથી હિંમતબહાદર છો અને સાથે આ માણસ પણ છે, એટલે વધારે વિચાર, ભય કે સંશય રાખવાનું કાંઈ પણ પ્રયોજન નથી."

કુમારો અદ્યાપિ સંસારના અનુભવોથી અજ્ઞાન અને અલ્પવયસ્ક હોવા છતાં અત્યંત બુદ્ધિશાળી હોવાથી ત્વરિત પ્રસંગને ઓળખી ગયા અને તેથી મનના શોકને મનમાં જ દબાવી રાખીને છચ્છર તથા તે શાહૂકારને નમસ્કાર કરી પોતાના જીવન તથા ભવિષ્યને ભાગ્યદેવીના હસ્તમાં સોંપી ત્યાંથી જવાને તૈયાર થયા. ખેંગારજી કાળા ઘોડાપર અને સાયબજી ઊંટપર પાછલા ખાનામાં તથા અનુચર આગલા ખાનામાં બેસી ગયા. ઊંટ ઊભો થયો અને રામ રામ કરીને સર્વ છૂટા પડ્યા. ઊંટ તથા અશ્વ ચાલતા થયા અને કુમારોના વિયોગથી વિલાપ કરતો છચ્છર પોતાનું વચન પાળીને વાણિયાની સેવા કરવામાટે ત્યાં જ અટકી પડ્યો.

કુમારોને જતી વેળાયે હૃદયને દઢ કરીને છચ્છરે ઉપદેશ તો આપ્યો હતો, પણ એ ઉપદેશ 'परोपदेशे पांडित्यम्' જેવો જ હતો; કારણ કે, તેમના અદૃશ્ય થવા પછી તે, પોતાના મનમાં નાના પ્રકારની શંકાઓનો આવિર્ભાવ થવાથી, આક્રોશ કરીને એક અલ્પવયસ્ક બાળક પ્રમાણે રોદન કરવા લાગ્યો. તેનું હૈયું હાથ રહી શક્યું નહિ અને શોકથી તેની છાતી ફાટી જવા લાગી. પરંતુ એવો એક વિશ્વવ્યાપક નિયમ છે કે મનની અવસ્થા સદા સર્વદા એકની એક જ રહી શકતી

નથી અને તે ન રહે એમાં જ લાભકારક રહસ્ય સમાયલું છે; કારણ કે, જો કોઈ પણ હેતુથી ઉદ્દ્ભવેલો શોક જેવો પ્રથમ ક્ષણમાં બળવાન્ હોય છે, તેવો જ જો નિરંતર બળવાન્ રહે, તો આ વિશ્વમાં કોઇનું અસ્તિત્વ ટકી શકે જ નહિ અને સૃષ્ટિનો અલ્પ સમયમાં જ અંત આવી જાય. અતિશય આનંદનું પણ એવું જ પરિણામ થાય છે. એટલામાટે જ ઈશ્વરે મનુષ્યના મનને આનંદ અને શોકની સાનુક્રમ સ્થિતિ આપેલી છે અને એમાં ઈશ્વરની ઈશ્વરતાનું એક અજ્ઞેય રહસ્ય સમાયલું છે, એમ જ કહી શકાય. એ મનની ચંચળતાના ધર્મ અનુસાર કેટલાક સમય પછી અશ્રુસ્ખલનથી હૃદયનો ભાર ઓછો થતાં છચ્છર કાંઇક શાંત થયો. પુનઃ આશાનો મંદ પ્રકાશ તેને દૃષ્ટિગોચર થવા લાગ્યો અને જાણે કોઈ અગમ્ય તથા અદૃશ્ય સ્થાનમાંથી તેને અજ્ઞેય આશ્વાસન આપતું હોયની! એવો તેને ભાસ થવા લાગ્યો;–

આશાના એ આભાસથી ઉદ્વિગ્ન છચ્છરનું મન કાંઇક શાંત થયું અને તેણે અશ્રુને લૂછી નાખ્યાં. એ પ્રમાણે તેને શોકમાં મગ્ન થયેલો જોઇને શાહૂકાર તેની પાસે આવ્યો અને તેને આશ્વાસન આપીને કહેવા લાગ્યો કે: "ભાઈ, આમ વ્યર્થ શોક શામાટે કરો છો? સંસારમાં આવા પ્રસંગો સર્વને પ્રાપ્ત થાય છે અને દુઃખના પ્રસંગથી જે ડગી જતો નથી તેજ સત્ય વીર કહેવાય છે. તમે તો અનુભવી અને બુદ્ધિમાન્ પુરુષ છો એટલે તમને હું વધારે શીખામણ શું આપું? શાંત થાઓ. આ દિવસ પણ વીતી જશે અને પુનઃ સુખના સૂર્યનો ઉદય થશે. મારો અનુચર વિશ્વાસપાત્ર છે, માટે કુમારો વિશે તમારે જરા પણ ચિન્તા રાખવી નહિ."

"પ્રભુ કરો અને આપની વાણી સફળ થાઓ!" છચ્છરે ઉદ્દ્ગાર કાઢ્યો.

"છચ્છરભાઈ, આપણે ત્યાં થોડા દિવસમાં એક લગ્નપ્રસંગ છે અને તેથી સ્ત્રીઓમાટે તથા કન્યાને દાયજામાં આપવાનાં વસ્ત્રો સીવડાવવાની તૈયારી ચાલે છે. આપ સીવવાની કળામાં પ્રવીણ છો, તો કૃપા કરીને આપણે ત્યાં જ એ કળાનો ઉપયોગ કરી નાખો તો શું ખોટું છે? એથી અમારું કામ થશે અને તમારા માથાપરથી ઋણનો ભાર ઊતરી જશે. એક પંથ ને દો કાજ, કેમ?" શાહૂકારે તેના મનને બીજા વિષયમાં વાળવાના હેતુથી કહ્યું.

"કપડું વગેરે સર્વ ઘરમાં તૈયાર છે કે હજી લાવવાનું છે?" છચ્છરે સવાલ કર્યો.

"ઘણોક માલ તો લાવીને ઘરમાં ભરી રાખ્યો છે અને બાકી જે જોઇશે તે તરત મગાવી લઇશું." શેઠે કહ્યું.

“ વસ્ત્ર કેટલાંક અને શાં શાં સીવવાનાં છે વારુ ?” છચ્છરે પૂછયું.

“ એ બૈરાંનું કામ બૈરાં જાણે. બપોરે જમ્યા પછી શેઠાણીને પૂછી જોજો એટલે બધું કામ બરાબર બતાવી દેશે.” શેઠે જવાબ દીધો.

“ ભલે હું આવતી કાલથી જ એ કામનો આરંભ કરી દઇશ. એથી કામ પણ થતું જશે અને મારો વખત પણ કપાતો જશે. બેસી રહેવું અને ‘ નવરો બેઠો નખ્ખોદ વાળે ’ની કહેવતને ખરી પાડવી તેના કરતાં કાંઇ પણ ઉદ્યોગ કરવો એ વધારે સારું છે.” છચ્છરે કહ્યું.

“ શાબાશ ! માણસ તો આવા જ હોવા જોઇએ. અમારા વાણોતર તો હાડકાંના એવા હરામ છે કે ન પૂછો વાત. ‘ખાવામાં ખવીસ ને કામમાં કંજૂસ’ એ કહેવત તેમના સંબંધમાં અક્ષરે અક્ષર સત્ય પડે છે. હું ઘણી વાર તેમને ટોકું છું, પણ એ તો ‘ પાડાની પીઠપર પાણી;’ ઘાંચીનો બળદિયો તે વળી આગળ ચાલે ખરો ?” શેઠે છચ્છરને ધન્યવાદ આપીને તેનાં વખાણ કર્યાં.

“ અત્યારથીં જ આપ મને આટલી બધી માનની દૃષ્ટિથી નિહાળો છો, એમાટે હું આપનો આભાર માનું છું. પણ આવાં જ વખાણ તમે મારા અહીંથી ચાલ્યા ગયા પછી પણ કરતા રહો, તો જ મારી ખરી મહત્તા. બોલવા કરતાં કરી બતાવવું વધારે સારૂં છે.” છચ્છરે નિરહંતા દર્શાવીને કહ્યું.

વાતચીતમાં બપોર થવા આવ્યા અને સર્વ જમવા ગયા. જમ્યા પછી છચ્છર શેઠાણી પાસે ગયો અને શેઠાણી પણ શેઠ જેવી જ માયાળુ અને ભલા સ્વભાવની હોવાથી તેને માનપૂર્વક બેસાડીને શાંતિથી જે કામ હતું તે તેણે તેને બતાવી દીધું.

“આ બધું કામ તૈયાર થતાં કેટલાક દિવસ લાગશે વારુ ?” શેઠાણીએ સવાલ કર્યો.

“થશે તો વીસ દિવસમાં જ; પણ બહુ બહુ તો એક મહિના કરતાં વધારે વખત તો નહિ જ થાય.” છચ્છરે જણાવ્યું.

“તો તો તમારો મોટો ઉપકાર; કારણ કે, લગ્નને સવ્વામહિનો જ બાકી છે. શેઠને કહી કહીને થાકી ગઈ, પણ દુકાનના કામથી એમને તો, અવકાશ જ મળતો નથી ! આ તો ઠીક થયું કે તમે આવી ગયા, નહિ તો કામ એમનું એમ રખડી જ પડત તો !” શેઠાણીએ સ્ત્રીસ્વભાવને અનુસરીને ધણીપર તાશેરો કર્યો.

છચ્છર એવી રીતે પોતાના કાર્યમાં પ્રવૃત્ત થયો.

હવે આપણે કુમારોની શી દશા થઇ તેનું અવલોકન કરવામાટે તેમની પાછળ જ પ્રવાસ કરીશું.

# તૃતીય ખણ્ડ–ઉષા

## પ્રથમ પરિચ્છેદ

## ભાગ્યોદયનો આરંભ

ધ્રાંગધરાથી વિદાય થયેલા ખેંગારજી, સાયબજી તથા તેમનો સાથી લગભગ આઠેક ગાઉનો પંથ કાપ્યા પછી એક ગામના પાદરમાં આવી પહોંચ્યા. આ ગામ એક ઝાલા ગરાશિયાનું હતું. ગ્રામના બાહ્ય ભાગમાં એક તળાવ હતું અને તેની પાળપર મહાદેવનું એક સુન્દર મન્દિર પણ શોભી રહ્યું હતું. આસપાસ દીર્ઘ વિસ્તારમાં સતીઓ તેમ જ ધીંગાણુંમાં મરાયલા શૂરવીર પુરુષોનાં પાળિયાં પણ ઊભેલાં જોવામાં આવતાં હતાં તેમજ વડ, પીપળો, પીપળી, લીંબડો, બેલ તથા એવાં જ નાના પ્રકારનાં અન્ય વૃક્ષો પણ આકાશ સાથે વાર્ત્તાલાપ કરતાં હોયની! એવો તેમની ઊંચાઇને જોતાં ભાસ થયા કરતો હતો. તળાવમાં જો કે જળ અતિશય અલ્પ પરિમાણમાં હતું, પરંતુ તેમાં બે ત્રણ કૂવા હોવાથી ગામના લોકો તે કૂવામાંથી પાણી ભરીને લઇ જતા હતા અને તેથી તેમને જળના દુષ્કાળની બાધા સહન કરવી પડતી નહોતી. સારાંશ કે, એ એક સાધારણ ગ્રામ હોવા છતાં એની બાહ્ય પ્રાકૃતિક શોભા આકર્ષક હતી અને તેથી ખેંગારજીએ ત્યાં જ રાતવાસો કરવાના વિચારથી પોતાના સાથીને ઉદ્દેશીને કહ્યું કે: "ભાઇ, આ સ્થાન અતિશય સુંદર તથા નિર્ભય હોવાથી મારો એવો વિચાર થાય છે કે રાત્રિ આપણે અહીં જ વીતાડીએ, તો સારૂં; કારણ કે, પ્રવાસમાં આગળ વધ્યા પછી જો રાત્રિનિવાસમાટે બીજું કોઇ આવું સ્થાન નહિ મળે, તો માર્ગમાં આપણે હેરાન થઇશું. રાતે અહીં ભોજન કરી યોગ્ય વિશ્રાંતિ લીધા પછી આવતી કાલે મળસકામાં જ આપણે પુનઃ આપણા પ્રવાસનો આરંભ કરીશું."

"જો આપની એવી જ ઇચ્છા હોય, તો આ દાસ આપની ઇચ્છાને સર્વથા આધીન છે." સાથે આવેલા અનુચરે યોગ્ય શબ્દોમાં પોતાની આધીનતાનું દર્શન કરાવ્યું.

એ સ્થાનમાં રાત્રિનિવાસ કરવાનો નિશ્ચય દૃઢ થવાથી મહાદેવના મંદિર પાસે ખેંગારજીએ પોતાના અશ્વને થોભાવ્યો અને ઊંટને પણ ત્યાં જ બેસાડવામાં આવ્યો. અશ્વના પૃષ્ઠપરની ઝૂલ શિવાલયના ઓટલાપર પાથરીને ખેંગારજી તથા સાયબજી તેનાપર બેઠા અને તેમના સાથીએ અશ્વ તથા ઊંટને થોડા થોડા અંતરપરનાં બે

જૂદાં જૂદાં ઝાડોના થડમાં બાંધી દીધા. એ પછી તેઓ રાત્રિભોજન તથા અશ્વ અને ઊંટમાટે ઘાસ દાણા વગેરેની શી વ્યવસ્થા કરવી એ વિશેનો વિચાર ચલાવવા લાગ્યા.

તેઓ આવી રીતે વાર્તાલાપમાં નિમગ્ન થયેલા હતા એટલામાં એક ભવ્ય અને તેજસ્વી પુરુષ ત્યાં આવ્યો અને તેને જોતાં હૃદયમાં કેટલીક અન્ય કલ્પનાઓનો ઉદ્ભવ થવાથી તેમના વાર્ત્તાલાપનો પ્રવાહ વચ્ચે જ અટકી પડ્યો. એ નવીન આગંતુક પુરુષનો દેહ ભીમના દેહ સમાન હતો, તેનું મુખમંડળ તેજસ્વી અને તેનો ભાલપ્રદેશ અત્યંત વિશાળ હતો. તેના મનોહર શ્યામવર્ણ તથા તેના મુખમંડળમાંના લાંબા કાતરાને જોતાં જોનારના હૃદયમાં તેનો જે એક પ્રકારનો પ્રભાવ પડતો હતો, તે સર્વથા અવર્ણનીય હતો. તેણે અત્યારે ચોયણું, અંગરખું, આડિયું અથવા ભેઠ અને મસ્તકપર વિશાળ ફેંટો ઇત્યાદિ વસ્ત્રો ધારણ કરેલાં હતાં, તેની કમ્મરે તલ્વાર તથા જંબિયો આદિ બે ત્રણ શસ્ત્રો શોભી રહ્યાં હતાં અને તેના હાથમાં રૂપાથી મઢેલો એક સુંદર હુક્કો હતો ને તેની ટોપીમાં ખેરના લાકડાનો દેવતા રખરખતો હતો. એ પુરુષ મહાદેવના મંદિરના ઓટલાપર બેઠેલા આ બે તરુણ પ્રવાસીઓને જોઇને પ્રથમ તો કાંઇક વિચારમાં પડી ગયો અને ક્ષણ બે ક્ષણ તેમને જોઈ રહ્યો; પરંતુ મુખથી કાંઈ પણ ન બોલતાં પ્રથમ જોડા ઊતારી મહાદેવના દર્શનનું કાર્ય તેણે આટોપી લીધું અને ત્યાર પછી ખેંગારજી પાસે આવીને તેની સાથે નીચે પ્રમાણે વાર્ત્તાલાપ આરંભ્યો.

"ભાઇઓ, તમો કોણ છો, ક્યાંથી આવો છો અને ક્યાં જવાના છો?" તે આગંતુક પુરુષે એ પ્રશ્નથી વાર્ત્તાલાપનું મંગળાચરણ કર્યું.

એ પ્રશ્નના ઉત્તરમાં ખેંગારજીએ ગંભીર મુખમુદ્રા તથા ગંભીર સ્વરથી જણાવ્યું કે: "અમો એક દૂર દેશના નિવાસી છીએ એટલે અમારા તે દેશમાંથી આવ્યા છીએ અને અહીંથી ગુજરાત ભણી જવાના છીએ."

"તમારો તે દેશ કયો છે, તે દેશમાંના તમારા ગ્રામ કે નગરનું નામ શું છે અને તમારા પિતા તથા પિતામહ આદિનાં નામો શું છે, તે કૃપા કરીને જણાવશો?" તે પુરુષે પૂછ્યું.

આ પ્રશ્નનું હવે શું ઉત્તર આપવું એનો ખેંગારજીથી તત્કાળ કશો પણ નિશ્ચય કરી શકાયો નહિ અને તેથી તેણે માત્ર એટલું જ કહ્યું કે: "મહાશય, અમારો દેશ અહીંથી બહુ દૂર હોવાથી જો અમો અમારા ગ્રામ તથા અમારા પિતા તથા પિતામહ આદિનાં

નામો આપને જણાવીશું, તો પણ આપ અમને ઓળખી શકવાના નથી, એ નિર્વિવાદ છે; તો પછી વિના કારણ એ લફ્રમાં શામાટે પડવું? આપણામાંથી કોઇને પણ આ ચર્ચાથી લાભ થવાનો સંભવ નથી અને તેટલામાટે આ પ્રશ્નોત્તરમાળાને આગળ લંબાવવાની આવશ્યકતા હોય, એવી મારી માન્યતા નથી. આપમાટે એટલું જાણી લેવું જ બસ થશે કે અમો કોઈ એક ગરાશિયાના કુંવર છીએ અને વખાના માર્યા બહાર નીકળ્યા છીએ. આપના પોશાક તથા દેખાવથી આપ પણ ગરાશિયા હો એમ જણાય છે અને તેથી આપ અમારા આટલા શબ્દોથી જ સર્વ રહસ્ય સમજી શકશો, એવી મારી દઢ ધારણા છે.”

તે ગરાશિયો ખેંગારજીના આવા ચાતુર્યભરેલા ઉત્તરના શ્રવણથી આશ્ચર્યચકિત તથા નિરુત્તર થઈ ગયો અને પોતાના મનમાં આપણા એ તરુણ રાજપ્રવાસીની અતિશય પ્રશંસા કરવા લાગ્યો. પરંતુ પોતાના એ આંતરિક ભાવોને હૃદયમાં જ ગુપ્ત રાખીને તેણે વળી પણ પૂછ્યું કે: “ત્યારે શું અહીં રાતવાસો કરવાનો તમારો વિચાર છે? જો એમ જ હોય, તો તો ગામમાં આ ગરીબના ઝૂપડામાં પધારો અને ત્યાં જ રાત્રિભોજન કરી આનંદથી રાત વીતાડો, એ જ વધારે સારું છે; કારણ કે, અતિથિ આવીને ગામને પાદર પડી રહે, તો ગામના ધણીને નીચું જોવું પડે. તમારાં વાહનોને પણ ત્યાં ઘાસ દાણાની યોગ્ય વ્યવસ્થા કરી આપવામાં આવશે અને તમારો પોતાનો પણ સર્વ પ્રકારનો યોગ્યતમ સત્કાર થશે, એ વિશે નિશ્ચિન્ત રહેશો. આ સ્થાનમાં રાત્રિના સમયમાં સર્પ નીકળે છે અને તેથી આ સ્થાનમાં અમો કોઇને પણ રાતવાસો કરવા દેતા નથી; કારણ કે, તે સર્પ દેવાંશી છે અને તેથી તેનાપર શસ્ત્ર ચલાવીને તેને કોઈ મારી પણ શકતું નથી; કિન્તુ જે કોઈ એવો પ્રયત્ન કરે છે, તે પોતે જ મરણશરણ થઈ જાય છે. આ કારણથી, આશા છે કે, તમો મારી પ્રાર્થનાને સ્વીકારશો અને મારી પર્ણકુટીમાં પધારવાની ઉદારતા અવશ્ય દર્શાવશો.”

“શું ત્યારે આપ પોતે જ આ ગ્રામના ધણી છો?” ખેંગારજીએ કાંઇક શંકાયુક્ત ભાવથી પૂછ્યું.

“જી હા, હું ઝાલો ગરાશિયો છું અને આ ગામ મારું જ છે. તમો કોઈ પણ વિષયની શંકા લાવશો નહિ અને મારા ઘરને પોતાનું જ ઘર માનજો.” ગરાશિયાએ સંતોષકારક ઉત્તર આપ્યું.

“ત્યારે આપનું નામ?” ખેંગારજીએ પૂછ્યું.

“મારું ખરું નામ તો જો કે ધર્મસિંહ છે; પરંતુ બે ચાર વાર

મોટા મોટા સિંહોને મેં મારી મુષ્ટિકાથી જ મારી નાખેલા હોવાથી અને કેટલાક બલિષ્ઠ બારવટિયાને પણ મલ્લયુદ્ધમાં હરાવીને રામશરણ કરેલા હોવાથી લોકો મને જાલિમસિંહના નામથી ઓળખવા લાગ્યા છે અને તેથી અત્યારે હું એ નામથી જ વિખ્યાત છું." જાલિમસિંહે પોતાના નામની કથાનો વિસ્તાર કરી સંભળાવ્યો.

"વીર પુરુષ જાલિમસિંહજી, આપ વયોવૃદ્ધ હોવાથી અમારા વડિલ સમાન છો અને વડિલના આગ્રહને માન આપવું એ અમારો ધર્મ હોવાથી અમો આપના આદરાતિથ્યને સ્વીકારવામાટે આપને ઘેર આવવાને તૈયાર છીએ." ખેંગારજીએ તેના આગ્રહનો સ્વીકાર કરી લીધો.

જાલિમસિંહ ખેંગારજી તથા સાયબજીને લઇને આગળ ચાલ્યો અને ખેંગારજીનો સાથી અશ્વ તથા ઊંટને લગામવડે દોરીને પાછળ પાછળ ચાલવા લાગ્યો. ગ્રામ નિકટમાં હોવાથી અલ્પ સમયમાં જ તેઓ ઇચ્છિત સ્થાનમાં આવી પહોંચ્યા. જાલિમસિંહે પોતાના ઘરની ડેલીમાં જ કુમારોને ઊતારો આપીને ઢોલિયો ઢળાવ્યો, ગાદલાં પથરાવ્યાં અને ઓછાડાવ્યાં, ઓસિકાં તથા ગાલમસુરિયાં રખાવ્યાં અને બન્ને કુમારોને ઢોલિયાપર બેસાડીને પાણી પાયા પછી વાળંદને બોલાવ્યો કે જે આવીને ખેંગારજીના પગ ચાંપવા લાગ્યો. થોડી વારમાં જ જાલિમસિંહના કેટલાક ભાયાતો પણ ત્યાં આવીને બેઠા અને સભા ભરીને નાના પ્રકારની વાર્ત્તાઓ કરવા લાગ્યા. રાત્રિનું આગમન થતાં જ અંધકારના પ્રતિકારમાટે દીપકોને પ્રકટાવવામાં આવ્યા અને ત્યાર પછી અલ્પ સમયમાં જ નિશાભોજનની વેળા થવાથી અંતઃપુરમાંથી ભોજન તૈયાર હોવાની સૂચના મળી ગઇ. સર્વ જનો જમવામાટે ઊઠ્યા. ઓસરીમાં ગોદડાં પાથરીને આગળ પાટલા મૂકવામાં આવ્યા તેમ જ પાણીના કળશિયા તથા ફૂલવાટકા ભરીને રાખવામાં આવ્યા. એ સર્વ પૂર્વ તૈયારી થઈ રહ્યા પછી દાસીઓ ભોજનના થાળ પીરસીને લઈ આવી અને તે સાથે જ નિશાભોજનને ન્યાય આપવાના કાર્યનો શુભ આરંભ થઈ ગયો.

જમતાં જમતાં એક અલૌકિક ચમત્કાર થયો અને તે ચમત્કારે ખેંગારજીના ચિત્તને ચકડોળે ચઢાવી દીધું. ચમત્કારમયી ઘટના એ હતી કે જે ઓસરીમાં જાલિમસિંહ, ખેંગારજી તથા સાયબજી જમવા બેઠા હતા, તે ઓસરીમાં પડતા રસોડાના દરવાજાની આડમાં પીરસનારી દાસીને જોઇતા ખાદ્ય પદાર્થો અંદરથી આપવામાટે એક પરમલાવણ્યવતી નવયૌવના બાળા ઊભી હતી તેના પર અચાનક ખેંગારજીની દૃષ્ટિ પડી; કારણ કે, ખેંગારજીનું આસન જે દરવાજાની

બરાબર સામે જ હતું. તે બાળા એવી તો સ્વરૂપવતી અને સુંદરી હતી કે જાણે સ્વર્ગમાંથી તિલોત્તમા કિંવા ઉર્વશી જ પૃથ્વીપટપર ઊતરી આવી હોયની! અથવા તો સ્વર્ગની અપ્સરાઓના ગર્વખંડન-માટે બ્રહ્માએ આ તેમની એક પ્રતિસ્પર્ધિનીને જ સંસારમાં નિર્માણ કરી હોયની! એવો જ તેને જોવાથી ભાસ થયા કરતો હતો. તે બાળાનું મનોહર અને શાંત મુખમંડળ પૂર્ણિમાના ચન્દ્રની સ્પર્ધા કરતું હતું; તેનો કૃષ્ણ તથા દીર્ઘ કેશકલાપ મણિધરના મદનું મર્દન કરવાને સર્વ પ્રકારે સમર્થ હતો; તેના વિશાળ ભાલપ્રદેશમાં ભાગ્યશાલિતાનાં ચિન્હો સ્પષ્ટ દેખાતાં હતાં; તેની નાસિકા શુકચંચુને પણ શર્માવતી હતી; તેના ગોળ કપોલના રંગથી ગુલાબનો રંગ ઝાંખો થઈ જતો હતો; તેના ઓષ્ઠોના રંગને જોઇને પ્રવાલના રંગનો સર્વ ગર્વ ગળી જતો હતો; તેની દંતપંક્તિઓને નિરખીને મૌક્તિકપંક્તિઓની અસૂયા સીમાને ઉલ્લંઘી જતી હતી; તેની ગ્રીવાને જોઇને મયૂરો નિઃશ્વાસ નાખતા હતા અને તેનાં નવીનોન્નત વક્ષો અપરિપક્વ આમ્રફળના કાઠિન્ય વિષયક ગર્વદુર્ગને ભેદી નાખતાં હતાં. નવયૌવનના આગમન સાથે તે બાળામાં મુગ્ધતાનો અસ્ત અને અનંગવિકારનો ધીમે ધીમે ઉદય થવા માંડ્યો હતો. તેની કૃશ કટિને નિહાળીને કેસરી ગર્વહીન થવાથી વનમાં પલાયન કરી ગયા હતા; તેના ચંપકવર્ણને જોઇને ચંપકપુષ્પના રંગનો ભંગ થઈ ગયો હતો; તેના હસ્તપાદાદિની કોમળતાને અવલોકીને કોમળતા પણ લજાતી હતી અને તેનાં નેત્રોની વિશાળતા તથા ચપળતાને જોઈ હરિણ તથા મીનની મહાદુર્દશા થતી દેખાતી હતી. તેના શરીરમાંથી જે એક પ્રકારનો હૃદયાલ્હાદક સુગંધ નીકળ્યા કરતો હતો, તે કસ્તૂરીમૃગોના ગર્વને હરતો હતો અને તેનો કોમળ તથા મધુર કંઠ કોકિલના હૃદયને નિરાશાના અગ્નિથી બાળીને ભસ્મીભૂત કરતો હતો. સારાંશ કે, તે નખથી શિખા પર્યન્ત એક સર્વાંગસુંદરી, પદ્મિની નારીનાં લક્ષણોથી ભૂષિતા અને પરમરમણીયા બાળા હતી, એવો ખેંગારજીનો નિશ્ચય થઈ ગયો અને અત્યારે તે બાળાએ રેશમનો ઘેરદાર ઘાઘરો, કંચુલી તથા જરીથી ભરેલી રેશમી ઓઢણી આદિ વસ્ત્રો ધારણ કરેલાં હોવાથી અને તેના હસ્તોમાં હાથીદાંતના ચૂડાનો તથા કપાળમાં સિંદૂરતિલકનો અભાવ હોવાથી તે બાળા અદ્યાપિ કુમારિકા હોવી જોઇએ, એ ભેદ પણ ખેંગારજીના જાણવામાં આવી ગયો. આવી અલૌકિકા સુંદરી બાળાને પોતા સમક્ષ ઊભેલી જોઇને ખેંગારજીને પોતાની વિપત્તિઓનું સર્વથા વિસ્મરણ થઈ ગયું અને તેના હૃદયમાં આશ્ચર્યને દર્શાવનાર 'અહા'

શબ્દનો વારંવાર ધ્વનિ થવા લાગ્યો. સભ્યતાનો ભંગ થવાના ભયથી માત્ર તેણે પોતાના એ આશ્ચર્યને મુખમાંથી શબ્દદ્વારા બહાર નીકળવા ન દીધું.

ખેંગારજી પણ એક સુંદર, મનોહર તથા રૂપસંપન્ન નવયુવક હોવાથી તેના અવલોકનથી તે લાવણ્યમૂર્ત્તિ કુમારિકા બાળાના હૃદયની પણ ખેંગારજીના હૃદય જેવી જ અવસ્થા થઈ હતી. તે પણ દ્વારની આડમાં ઊભી રહીને સ્થિર તથા એકાગ્ર દૃષ્ટિથી ખેંગારજીના મુખચંદ્રનું ચકોર સમાન નિરીક્ષણ કર્યા કરતી હતી. ખેંગારજીના સૌન્દર્યની સમીક્ષામાં તે એવી અને એટલી તલ્લીન થઈ ગઈ હતી કે, 'જો મારી આ ચેષ્ટા મારા પિતા, મારી માતા કિંવા દાસીના જોવામાં આવશે; તો તેઓ મારા વિશે શું ધારશે!' એ શિષ્ટાચારનું તો સર્વથા તેને વિસ્મરણ જ થઈ ગયું હતું. તે પોતાના સૌન્દર્ય સાથે ખેંગારજીના સૌન્દર્યને સરખાવતી મનોગત કહેવા લાગી કે: "વિધાતાએ મારા લાવણ્યમદ કિંવા સૌન્દર્યગર્વને ઊતારવામાટે જ આ તરુણ પુરુષને આવું અલૌકિક રૂપ તથા સૌન્દર્ય આપીને આજે મારા ગૃહમાં એક અતિથિરૂપે મોકલ્યો છે! મારા સૌન્દર્યમાં અને એના સૌન્દર્યમાં જો કાંઈ પણ ભેદ હોય, તો તે માત્ર એટલો જ છે કે મારા સૌન્દર્યમાં નારીજાત્યુચિત કોમળતાનો વિલાસ છે અને એના સૌન્દર્યમાં નરજાત્યુચિત કિંચિત્ કાઠિન્યનો વિકાસ છે; મારા શરીરમાં સ્ત્રીજાતિની વિશિષ્ટતા વિદ્યમાન છે અને એના શરીરમાં પુરુષજાતિની વિશિષ્ટતા વર્ત્તમાન છે! જો એ ભેદનો વિચાર કરવામાં ન આવે, તો અમો ઉભયનાં રૂપ તથા આકાર જાણે એકસરખાં જ હોયની! એવો જ વારંવાર ભાસ થયા કરે છે અને મનમાં એમ પણ થઈ આવે છે કે પરમાત્માએ અમો ઉભયને આ સંસારમાં દંપતી થવામાટે તો નિર્માણ નહિ કર્યાં હોય ને! અરેરે, મારાં એવાં ભાગ્ય ક્યાંથી કે મને આવા પુરુષની અર્ધાંગના થવાનો અલભ્ય અવસર પ્રાપ્ત થાય! એ નવયુવક કોણ જાણે કોણ હશે ને કોણ નહિ; અત્યારે અહીં છે અને આવતી કાલે તો પરમાત્મા જાણે ક્યાંય ચાલ્યો જશે. એની તેજસ્વિતા તો સ્પષ્ટ દર્શાવે છે કે અવશ્ય એ કોઈ રાજકુમાર છે; પણ વડિલોની લજ્જા તથા મર્યાદાને ત્યાગીને મારાથી એ અજ્ઞાત પુરુષ સાથે વાર્ત્તાલાપ કેમ કરીને કરી શકાય વારુ? હાય, આ મારા ચિત્તનો ચોર અતિથિ અહીંથી ચાલ્યો જશે એટલે પછી એના દર્શનનો બીજી વાર લાભ મળશે કે નહિ, એનો આધાર કેવળ પરમાત્માની ઇચ્છાપર જ રહેલો છે. અરે, બીજું તો રહ્યું, પણ એ છબીલા સાથે

બે ચાર વાતો કરીને હૃદયને શીતળ કરવાનો પણ અત્યારે મારી પાસે કોઈ ઉપાય નથી. હાય, નિષ્ઠુર વિધાતાની કેવી ક્રૂરતા!" આ અંતિમ વિચારથી તે પ્રેમોન્માદિની બાળાનાં નેત્રોમાંથી અશ્રુના બિન્દુઓ ટપકવા લાગ્યા અને તેની આવી દશા ખેંગારજીના જોવામાં આવતાં તેનું ચિત્ત પણ અતિશય વ્યગ્ર થઇ ગયું; પરંતુ ઉભય નિરુપાય હતાં. અર્થાત્ તેમનાથી કોઇ પણ ઉપાયે પરસ્પર વાર્તાલાપનો આનંદ લઈ શકાય તેમ તો હતું જ નહિ; પરંતુ અત્યાર સુધી તેમને પરસ્પર મુખાવલોકનનો જે એક મુગ્ધ આનંદ મળતો હતો, તે તેમના આનંદનો પણ ભોજનકાર્યના અંત સાથે અંત આવી ગયો. ભોજનકાર્યની સમાપ્તિ થતાં જાલિમસિંહ, ખેંગારજી અને સાયબજી પાછા ડેલીમાં આવ્યા અને ત્યાં પાછો દાયરો જામી ગયો. ખેંગારજીનું મન તો જો કે તે નવયૌવના કુમારિકામાં જ પરોવાયલું હતું, પરંતુ સભ્યતાને જાળવવામાટે બળાત્કારે પણ એ દાયરામાંના લોકો સાથે વાર્તાલાપ કર્યાં વિના તેનો છૂટકો નહોતો.

સાયબજીમાટે એક જૂદો ઢોલિયો ઢાળવામાં આવ્યો હતો એટલે ખેંગારજી તથા સાયબજી પોતપોતાના ઢોલિયાપર બેઠા અને નીચે પાથરેલા ગાલીચાપર ગૃહનો સ્વામી જાલિમસિંહ તથા અન્ય જનો બેસી ગયા. સોપારી ખાવાનો તથા હુક્કો પીવાનો વ્યવસાય ચાલવા લાગ્યો અને આમ તેમની કેટલીક વાતો પણ થવા લાગી. એટલામાં તે ગ્રામનો નિવાસી દેવભાણુ—દેવભાનુ—નામનો એક વૃદ્ધ ગઢવી એ અતિથિઓને મળવામાટે ત્યાં આવી લાગ્યો અને તેણે કેટલાંક છંદ તથા કવિત્ત આદિ છટાદાર ભાષામાં બોલી સંભળાવ્યાં. તેનાં ઉચ્ચારેલાં છંદો તથા કવિત્તોમાંનું એક કવિત્ત આ પ્રમાણેનું હતું:—

"સોમવંશ શિરતાજ, અખંડ પ્રતાપ લાજ,
કચ્છધરામહારાજ, નીકી મતિ ધીરકી;
દગા કિયા રાવર જુ સગા ભાઈ ન્યાઈ જામ,
લાગો મહાપાપ ભઈ બાત બડી પીરકી;
કુંવર કનૈયે જુગ ભગે લિયે છચ્છર જૂ,
ભગિનીકે પાસ જાત બાટમેં ખમીરકી:
લેવૈં તાત બૈર અરુ સેવૈં કચ્છ દેશ પુનિ,
ખેંગાર કુમાર જીવૌ પ્રતિમા હમ્મીરકી!"

ગઢવીના મુખમાંથી આ કવિત્ત નીકળતાં જ ખેંગારજીના મુખમંડળમાં કાંઇક ગંભીરતાની છાયા પ્રસરી ગઈ; કારણ કે, તેના મનમાં એવી આશંકા થવા માંડી હતી કે: 'આ કવિત્ત કદાચિત્ અમને

ઓળખીને જ બોલાયલું હોવું જોઈએ.' આવી શંકા આવવા છતાં પણ એ વિશેની ચર્ચા કરવાનું તેને યોગ્ય ન લાગ્યું અને તેથી તે મૌન ધારીને જ બેસી રહ્યો. પરંતુ એ કવિત્તના આશયથી જાલિમસિંહ અજ્ઞ હોવાથી તેણે ગઢવીને પૂછ્યું કે: "ગઢવી મહાશય, આપના આ કવિત્તનો આશય શો છે વારુ? શું કચ્છના જામ હમ્મીરજી ખરેખર જ દગાથી મરાયા છે અને તેમના કુમારો વિડંબનામાં આવી પડ્યા છે?"

એના ઉત્તરમાં વૃદ્ધ ગઢવી નિઃશ્વાસ નાખીને કહેવા લાગ્યો કે: "હું થોડા સમય પૂર્વે ફરતો ફરતો કચ્છ દેશમાં જઈ ચઢ્યો હતો અને ત્યાં જામ હમ્મીરજીએ મારો યોગ્ય આદર સત્કાર કરીને મને સોનાનાં કડાં, સોનાનું કોટિયું, શાલ, એક બહુ જ મૂલ્યવાન્ ઘોડો, પોશાક અને એક હજાર કોરી રોકડી, એ પ્રમાણેનો સરપાવ આપ્યો હતો. અર્થાત્ જીવની એવી ઉદારતાવાળો બીજો કોઈ પણ રાજા અદ્યાપિ મારા જોવા કે સાંભળવામાં આવ્યો નથી. પરંતુ હજી તો હું કચ્છમાં જ હતો ત્યાં મારા સાંભળવામાં આવ્યું કે જામ હમ્મીરજીને પોતાને ઘેર તેડી જઇને જામ રાવળે દગા અને વિશ્વાસઘાતથી તેમનો ઘાત કરાવ્યો હતો અને તેમનો કોઈ એક છચ્છરબૂટો નામક નોકર તેમના બે કુમારોને ત્યાંથી બચાવીને અમદાવાદ ભણી જવાને નાઠો હતો. એ દુઃખદાયક પ્રસંગને અનુસરીને મેં આ કવિત્તની રચના કરી હતી કે જે કવિત્ત અત્યારે મેં આપ સમક્ષ બોલી બતાવ્યું છે. હાય! જેના આપણાપર અનંત ઉપકાર થયા હોય, તે ઉદારાત્માને તે કેમ ભૂલી જવાય!"

"ખરેખર કચ્છમાં ત્યારે તો આ એક અતિશય શોકકારક ઘટના જ થયલી છે!" જાલિમસિંહે ઉદ્ગાર કાઢ્યો.

"અસ્તુઃ પરમાત્માની જેવી ઇચ્છા!" એમ કહીને ગઢવીએ ખેંગારજીને ઉદ્દેશીને કહ્યું કે: "પણ મોંઘેરા મેહમાન, જરા આપની ઓળખાણ તો આપો. એક તો મારી અવસ્થા મોટી થઈ છે અને તેમાં વળી રાતે બરાબર દેખાતું નથી; નહિ તો હું તો મોઢું જોતાં જ ઓળખી કાઢું તેવો છું. મેં સાંભળ્યું છે કે આપ કોઈ ગરાશિયાના કુમાર છો અને ગરાશિયાના દીકરા મારાથી અજ્ઞાત હોય, એ બની શકે જ નહિ."

હવે બોલ્યા વિના છૂટાય તેમ નથી એમ જાણીને ખેંગારજીએ કહ્યું કે: "ગઢવીજી, અમો સિંધુ દેશના નિવાસી છીએ અને સમા વંશના ક્ષત્રિય છીએ. અમો કોઈ કારણથી અત્યારે ગુજરાતના

પાટનગર ભણી જવાને નીકળ્યા છીએ અને અચાનક આ ગામમાં આવી ચઢ્યા છીએ. મુરબ્બી જાલિમસિંહજીએ ઓળખાણ ન હોવા છતાં પણ અમારો જે આવો સારો આદરસત્કાર કર્યો છે તેમાટે અમો એમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ."

ખેંગારજીએ બોલવાનો આરંભ કર્યો તે ક્ષણેજ ગઢવીએ તેને ઓળખી લીધો હતો અને તેથી તે આનંદથી ઉભરાઈ જતા અંતઃકરણવડે કહેવા લાગ્યો કે: "અન્નદાતા, હવે વધારે વાર પોતાને ગુપ્ત તથા અજ્ઞાત રાખવાની આવશ્યકતા નથી. કચ્છ દેશના ભાવિ ભૂપાલ ખેંગારજી સાહેબ, મેં આપને બરાબર ઓળખી લીધા છે. મેં આપનું લૂણ ખાધું છે અને આપનેજ ન ઓળખું, એ બની શકે ખરૂં કે? આપની સાથે જે બીજા કુમાર છે, તે આપના કનિષ્ઠ બંધુ સાયબજી જ હોવા જોઇએ. ઊઠો, આપણે મળીએ."

ખેંગારજી ઊઠ્યો અને ગઢવીને ભેટ્યો, ત્યાર પછી સાયબજી ભેટ્યો અને પછી જાલિમસિંહ આદિ અન્ય જનોને પણ તેઓ ભેટ્યા. ભેટવાના એ વિધિની સમાપ્તિ કરીને પુનઃ ઢોલિયાપર બેઠા પછી ખેંગારજી જાલિમસિંહ આદિ ત્યાં એકત્ર થયેલા પુરુષોને ઉદ્દેશીને ગંભીરતાથી કહેવા લાગ્યો કે: "તમોએ જ્યારે અમને ઓળખી જ લીધા છે, તો હવે અસત્ય ભાષણ કરીને પોતાને છુપાવવાની ચેષ્ટા કરવી વ્યર્થ છે. હવે અમો તમારા શરણાગત છીએ એમ માનીને અમારાં નામ ઠામ કૃપા કરીને કોઇને પણ બતાવશો નહિ; કારણ કે, અમને પકડવામાટે જામ રાવળના ઘોડેસવાર સિપાહીઓ ચારે તરફ ફર્યા કરે છે, એમ અમારા સાંભળવામાં આવ્યું છે. અમારી પાસે ખર્ચી ખૂટવાથી ધ્રાંગધરાના એક વ્યાપારી પાસેથી થોડા પૈસા લઇને અમો છચ્છરને જામિન તરીકે ત્યાં રાખી આવ્યા છીએ એટલે જ્યારે તે રકમ પાછી મોકલીશું, ત્યારે જ છચ્છર પાછો અમારી પાસે આવી શકશે. અમારી વિપત્તિનો વૃત્તાન્ત આ પ્રમાણેનો છે."

ખેંગારજીનો આ વૃત્તાન્ત સાંભળીને જાલિમસિંહ નિર્ભયતાદર્શક સ્વરથી કહેવા લાગ્યો કે: "હવે આપે કોઇ પણ પ્રકારની ચિંતા રાખવી નહિ. જો જામ રાવળના દશ હજાર સૈનિકો આવે, તો પણ તેમને મારીને નસાડી દેવાને ઇશ્વરકૃપાથી અમો સમર્થ છીએ. આપને અમો નિર્વિઘ્ન અમદાવાદ પહોંચાડી દઇશું; પરંતુ મારો એવો અભિપ્રાય છે કે આપ એક બે દિવસ અહીં રોકાઈ જાઓ એટલે હું છચ્છરને અહીં લઈ આવવામાટેની વ્યવસ્થા કરૂં છું; અર્થાત્ તે આવે એટલે

સર્વ સાથે જ અમદાવાદ સિધારજો. આ ઊંટની પણ આવશ્યકતા નથી; કારણ કે, આપણે ત્યાં વાહનોનો સુકાળ છે." ખેંગારજીને એવી રીતે આશ્વાસન આપીને જાલિમસિંહે પોતાના બંધુ વૈરિસિંહને સંબોધીને કહ્યું કે: "ભાઈ વૈરિસિંહ, તમો પ્રભાતમાં સો કોરી લઈને ધ્રાંગધરે જજો અને છચ્છરને છોડાવીને સંધ્યા સુધીમાં પાછા અહીં આવી પહોંચજો. છચ્છરમાટે ત્યાંથી કોઈનો સારો ઘોડો ભાડે કરી લેજો. કોઈ પણ કારણથી આવવામાં વિલંબ કરશો નહિ."

"એ કાર્યનો ભાર મારા શિરપર આવ્યો! આપ નિશ્ચિન્ત રહો." વૈરિસિંહે જ્યેષ્ઠ બંધુની આજ્ઞાનો તત્કાળ સ્વીકાર કરી લીધો અને ત્યારપછી વૈરિસિંહ ત્યાંથી ઊઠીને અંતઃપુરમાં ચાલ્યો ગયો.

* * * * *

વૈરિસિંહ જે વેળાયે અંતઃપુરમાં આવ્યો, તે વેળાયે તેની ભાભી એટલે કે જાલિમસિંહની પત્ની, તેની ભત્રીજી નન્દકુમારી એટલે કે કુમાર ખેંગારજીમાં આસક્ત થયેલી નવયૌવના બાળા અને જાલિમસિંહની પુત્રી, તેની પોતાની પત્ની તથા તેની પોતાની દ્વાદશવર્ષીયા દુહિતા રાજમણી તેમ જ બે દાસીઓ આદિ સ્ત્રીસમુદાય એ નવાગંતુક અતિથિઓ વિશે નાના પ્રકારની ચર્ચા ચલાવતો તેના જોવામાં આવ્યો. વૈરિસિંહ આવેલો જોઈને તેની પત્ની ઘૂંઘટો તાણીને ત્યાંથી ઊઠી બીજા ઓરડામાં ચાલી ગઈ; પરંતુ નન્દકુમારી તથા તેની પોતાની દુહિતા રાજમણી ત્યાં જ બેસી રહી એટલે પ્રથમ તેમને સંબોધીને વૈરિસિંહે કહ્યું કે: "બેટા, મારે મારાં પૂજ્ય ભાભી સાથે કાંઈ ખાનગી વાત કરવાની છે એટલે થોડીવાર તમો પણ અંદરના ઓરડામાં જઈને બેસો." તે ઉભય બાળાઓ ચાલી ગઈ અને ત્યાર પછી વૈરિસિંહ પોતાની માતાતુલ્ય ભાભીને ઉદ્દેશીને કહેવા લાગ્યો કે: "પૂજ્ય ભાભી, આપણે ઘેર આજે જે કુમારો અતિથિ તરીકે આવ્યા છે, તેમાંનો મોટો કુમાર તે કચ્છ દેશનો યુવરાજ ખેંગારજી છે અને નાનો કુમાર તેમનો સહોદર સાયબજી છે. જામ હમ્મીરજીનો વિશ્વાસઘાતથી જામ રાવળે વધ કરાવ્યો છે અને તેમના આ કુમારોને પણ મારી નાખવાના તેના પ્રયત્નો ચાલૂ છે એટલામાટે આ કુમારો કચ્છમાંથી નીકળીને અમદાવાદ પોતાની ભગિની પાસે જાય છે. અમદાવાદના સુલ્તાન મહમ્મદ બેગડા પાસેથી એઓ સૈન્ય આદિ સાધનો મેળવશે અને જામ રાવળ પાસેથી કચ્છનું રાજ્ય અવશ્ય પાછું લેશે. અર્થાત્ આજે આપણે તેમનો જે આટલો સત્કાર કર્યો છે, તે ભવિષ્યમાં આપણામાટે અતિશય લાભકારક થઈ પડશે, એમાં લેશ માત્ર પણ સંશય

નથી. મારી તો એવી જ માન્યતા છે કે આપ મારા વડિલ બંધુને સમજાવીને બહેન નન્દકુમારીનો ખેંગારજી સાથે સંબંધ કરી નાખો અને મારી પુત્રી રાજમણીનું સગપણ હું સાયબજી સાથે કરી નાખું, તો આપણે કન્યાઓને ઠેકાણે પાડવાની ચિન્તાથી પણ મુક્ત થઇએ અને આપણી કન્યાઓનાં ભાગ્ય પણ ઊઘડી જાય તેમ છે. આપની પુત્રી તો ખેંગારજી સાથે પરણવાથી કચ્છ દેશની પટરાણી થશે અને તેના પ્રતાપે મારી પુત્રી પણ સુખમાં રહી શકશે. હું પ્રભાતમાં એ કુમારોના નોકર છચ્છરને અહીં લાવવામાટે ધ્રાંગધરે જવાનો છું, ત્યાંથી આવતી કાલે સાંઝે પાછો આવીશ અને પરમ દિવસે પ્રભાતમાં તો એઓ અહીંથી રવાના થઇ જશે; એટલે જો આ શુભ કાર્ય આવતી કાલે રાતે જ કરી નાખવામાં આવે, તો વધારે સારું; કારણ કે, આવા શુભતમ અવસરો કાંઇ વારંવાર પ્રાપ્ત થતા નથી અને તેથી આવા કાર્યમાં વિલંબ કરવાથી અનિષ્ટ પરિણામ જ ભોગવવું પડે છે. આજ સુધી કચ્છમાં બહુધા વાઘેલા વંશની કન્યાઓ જ રાજ્ઞીપદે વિરાજતી હતી, પણ આ સંબંધ થવાથી ઝાલા વંશની કન્યાઓ કચ્છ દેશના રાજ્ઞીપદને ભોગવશે અને કચ્છમાં ઝાલી રાણીઓ થવાથી આપણા ઝાલાવંશની પ્રતિષ્ઠા વધશે. ઝાલાવંશની કન્યાના પુત્રો કચ્છ દેશના ભાવિ ભૂપાલ થાય, એ આપણામાટે અને આપણા વંશજોમાટે કાંઈ જેવા તેવા ગૌરવની વાર્ત્તા તો ન જ કહી શકાય!"

દીયરની આ વાર્ત્તા ભાભીને ગળે ઊતરતાં જરા પણ વાર ન લાગી અને તેથી તેણે પોતાના દીયરને કહ્યું કે: " ભાઇજી, તમારે હવે આ વિષયની લેશ માત્ર પણ ચિન્તા રાખવી નહિ. હું તમારા મોટા ભાઇને બરાબર સમજાવી દઇશ અને આવતી કાલે સંધ્યાકાળે તમારા આવતાં સુધીમાં તો કદાચિત્ આપણી બન્ને બાળાઓનું વાગ્દાન થઈ પણ ગયું હશે. પરમાત્માએ આપણા સદ્ભાગ્યના યોગે જે આ અલભ્ય યોગ મેળવી આપ્યો છે, તેને જો આપણે વ્યર્થ જવા દઇએ, તો તો પછી આપણે મૂર્ખશિરોમણિ જ કહેવાઇએ!" ભાભીના મુખથી આ ઉત્તર સાંભળીને વૈરિસિંહ ત્યાંથી ચાલ્યો ગયો.

પાસેના ઓરડામાં બેઠેલી નન્દકુમારી તથા રાજમણી દીયરભોજાઈ વચ્ચેના એ સંભાષણને એકધ્યાનથી સાંભળ્યા કરતી હતી. [રાજમણી અદ્યાપિ દ્વાદશવર્ષીયા બાલિકા હોવાથી અજ્ઞાતયૌવના હતી એટલે એ વાર્ત્તાના શ્રવણથી તેના હૃદયમાં આનંદવિકારના ઉદ્ભવનો સ્વાભાવિક જ ન્યૂન સંભવ હતો; પરંતુ નન્દકુમારી ષોડષવર્ષીયા જ્ઞાતયૌવના બાળા હોવાથી જેના પ્રતિ પ્રથમ દર્શને જ તેનું મન આકર્ષાયું હતું,]

તે પુરુષ સાથે જ પોતાના શરીરસંબંધની વાર્તા થતી સાંભળીને જો તેના અંતઃકરણમાંનો આનંદ છલકાઈ જાય, તો તે સ્વાભાવિક જ હતું. તે રૂપસુંદરી, લાવણ્યલતિકા, પ્રણયપ્રતિમા, શશાંકવદના અને સદ્ગુણવતી કુમારિકાના હૃદયમાં 'હું મારા મનના માન્યા પતિને પામીશ; માત્ર એટલું જ નહિ, પણ જો પરમાત્મા અનુકૂળ થશે, તો કચ્છ દેશના પ્રતાપી ભૂપાલની મહારાણી પણ થઇશ અને તેમ થતાં અનેક દીન જનોપર ઉપકાર કરવાનો અવસર મને પ્રાપ્ત થશે!' આવા પ્રકારના વિચારોથી આનંદ તથા હર્ષના ઓઘ આવવા લાગ્યા. જે પદાર્થની પ્રાપ્તિનો સ્વપ્નમાં પણ સંભવ ન હોવાથી નન્દકુમારીના હૃદયમાં કાંઇક નિરાશાનો આઘાત થવા લાગ્યો હતો; તે જ પદાર્થની અચાનક પ્રાપ્તિના સંપૂર્ણ રંગને નિહાળીને તેના હૃદયને બ્રહ્માનન્દ-સમાન આનંદનો સાક્ષાત્કાર થવા લાગ્યો અને તે આનંદના ઓઘમાં તણાતાં તે કેટલીક વાર સુધી તો પોતાના અસ્તિત્વને પણ સર્વથા ભૂલી ગઈ. સારું થયું કે, તેની કાકી પોતાની પુત્રી રાજમણિસહિત પોતાના શયનમંદિરમાં ચાલી ગઈ હતી, નહિ તો નન્દકુમારીના મુખ-મંડળમાં અત્યારે આભ્યન્તર આનંદની જે દૃશ્ય છટા વ્યાપી ગઈ હતી, તે જો તેની કાકીના જોવામાં આવી હોત, તો તેના ગુપ્ત ભાવોનો અવશ્ય કેટલેક અંશે સ્ફોટ થઈ જવાનો સંપૂર્ણ સંભવ હતો.

નન્દકુમારીના હૃદયમાં આવી રીતે આશાનો ઉદય થવા છતાં પણ 'આ શરીરસંબંધમાટે જો મારા પિતાશ્રી અનુમતિ નહિ આપે, તો?' એ પ્રશ્નથી પુનઃ કાંઇક નિરાશાનો આવિર્ભાવ થયા કરતો હતો; કારણ કે, તેની એ આશાની સફળતાનો સર્વ આધાર કેવળ તેના પિતા જાલિમસિંહની ઇચ્છા તથા અનુમતિપર જ રહેલો હતો. અર્થાત્ તે આવી રીતે આશા તથા નિરાશાના મધ્યમાં અટવાતી હતી એટલામાં જાલિમસિંહ પણ અંતઃપુરમાં આવ્યો અને ત્યાર પછી માતાપિતાનો નિમ્ન સંવાદ નન્દકુમારીના સાંભળવામાં આવતાં તેના આનંદનો અવધિ જ થઈ ગયો.

"પ્રાણેશ, મારા જાણવામાં આવ્યું છે કે આપણા આજના અતિથિઓ તે કચ્છના રાજા જામ હમ્મીરના કુમાર છે; જો એ વાર્તા સત્ય હોય, તો આ ઘર બેઠાં આવેલી ગંગામાં સ્નાન કરીને પવિત્ર થવામાટેનો એક વિચાર મારા મનમાં સ્ફુરી આવ્યો છે અને મારો તે વિચાર એ છે કેઃ—"

"આપણી રાજકુમારીનો શરીરસંબંધ મોટા કુમાર ખેંગારજી સાથે કરવો અને વૈરિસિંહની પુત્રીનો હસ્ત નાના કુમાર સાયબજીના હસ્તમાં

સમર્પવો; કેમ એમ જ કે નહિ?" જાલિમસિંહે પોતાની પત્નીના અપૂર્ણ વાક્યની વચ્ચે જ પૂર્ણાહુતિ કરીને કહ્યું.

"મારા હૃદયની વાર્ત્તા આપના જાણવામાં કેવી રીતે આવી વારુ?" પત્નીએ આશ્ચર્ય દર્શાવીને પૂછ્યું.

"એ તો મનોમન સાક્ષી છે. મારા મનમાં પણ ઘણી વારથી એ જ વિચાર રમી રહ્યો છે એટલે એ જ વિચાર તારા મનમાં પણ આવેલો હોવો જ જોઇએ, એવા અનુમાનથી જ મેં આ શબ્દો ઉચ્ચાર્યા છે અને મારું તે અનુમાન સત્ય સિદ્ધ થયું છે. ગઢવી સાથે મેં આ વિષયની વાતચીત કરી છે અને આવતી કાલનો દિવસ શુભ હોવાથી આવતી કાલે જ વાગ્દાનનો વિધિ કરી નાખવાનો મારો નિશ્ચય થઈ ચૂકયો છે." જાલિમસિંહે પોતાના મનોભાવને વ્યક્ત કરી બતાવ્યો.

પિતાના મુખમાંથી નીકળેલા આ શબ્દોએ નન્દકુમારીના હૃદયમાં જે અલ્પસ્વલ્પ નિરાશારૂપ અંધકાર હતો તેને પણ દૂર કરી દીધો અને તેથી તેના હૃદયમાં આશારૂપ પ્રકાશનો સંપૂર્ણ પ્રકાશ વિસ્તરી જવાથી તે બાળાનું અંતઃકરણ આનન્દપુલકિત થવા લાગ્યું. ખેંગારજી તથા સાયબજી ડેલીમાં નિદ્રાવશ થયા હતા અને ગૃહનાં અન્ય સર્વ મનુષ્યો પણ નિદ્રાવશ થઈ ગયાં; પરંતુ રાજનન્દિની નન્દકુમારીને તત્કાળ નિદ્રા ન આવી. તે પોતાની શય્યામાં પડી પડી વિચાર કરતી મનોગત કહેવા લાગી કેઃ—

"આ સદ્ભાગ્યનો પ્રતાપ કે પરમાત્માની કૃપાદૃષ્ટિનું પરિણામ? સાધારણતઃ એમ કહેવામાં આવે છે કે વિધાતાએ આ સંસારમાં સ્ત્રીપુરુષનું એક પણ જોડલું સરખું કર્યું નથી; એટલે કે, કોઇની પણ મનઃકામના સર્વાંશે પૂર્ણ થતી જ નથી, એવો આ વિલક્ષણ સંસારનો એક વિલક્ષણ નિયમ છે; છતાં આજે કુમાર ખેંગારજી તથા મારા વિષયમાં એ નિયમનું પરિવર્તન થયું હોય, એમ જ જણાય છે; કારણ કે, હજી તો બે દિવસ પૂર્વે જ મને પતિ ક્યારે મળશે અને કોણ જાણે કેવો મળશે, એ ચિન્તામાં હું નિમગ્ન થઇ હતી અને આજે તો જેની કલ્પના જ નહોતી તેવા રતિપતિસમાન રૂપસંપન્ન, તરુણ, ગુણવાન, વિનયશીલ તથા શૂરવીર સ્વામીની પ્રણયિની થવાનો સુયોગ પરમાત્માએ મેળવી આપ્યો! ખરેખર પૂર્વજન્મમાં મેં કાંઈ પણ એવાં સત્કર્મ કરેલાં હશે અથવા તો પ્રખર તપશ્ચર્યા કરી હશે, તેનું જ આ ઉત્તમ ફળ પરમેશ્વરે મને આપ્યું છે! નહિ તો કચ્છ દેશના યુવરાજ આવી અવસ્થામાં અમારા જેવા સાધારણ ગરાશિયાને ઘેર મેહમાન થઇને આવે જ શાના અને મારા ભાગ્યનો ઉદય થાય જ શાનો!

અસ્તુઃ આ સુયોગ તો જાણે આવ્યો અને આવતી કાલે વાગ્દાન પણ થઈ જશે; પરંતુ એ ઉભય બંધુઓ અત્યારે વિપત્તિમાં હોવાથી અમદાવાદ જવાના છે, તો પછી લગ્નસમારંભ ક્યારે થશે? જો લગ્નસમારંભમાં ધાર્યાં કરતાં બહુ જ દીર્ઘકાળ વીતી જશે, તો મારાથી મારા પ્રિયતમનો વિયોગ કેમ કરીને સહી શકાશે? મારા મનમાં તો એમ જ થયા કરે છે કે જો આવતી કાલે જ મારાં પિતામાતા કુમાર ખેંગારજી સાથે મારો લગ્નસંબંધ કરી આપે, તો હું પણ તેમની સાથે જ જાઉં અને વિપત્તિની વેળામાં તેમની સર્વ પ્રકારે સેવા કરી, તેમને આશ્વાસન આપી, 'અર્ધાંગના' નામની સાર્થકતા કરી બતાવવામાટે તેમનાં દુઃખોની પણ સમભાગિની થાઉં! સતી સીતા વનવાસમાં શ્રી રામચંદ્રજી સાથે ગયાં હતાં; દમયંતીએ આપત્તિના કાળમાં નળનો ત્યાગ કર્યો ન હોતો અને સતી દ્રૌપદી પણ પાંડવોના વનવાસના સમયમાં તેમની સાથે જ હતી; તો પછી મારા પ્રાણનાથના સંકટકાળમાં હું પણ તેમની સાથે જ રહું, તો તેમાં અયોગ્યતા શી છે? સુખના સમયમાં પતિની સંપત્તિમાં ભાગ લેવાના પ્રસંગો તો ઘણાય મળશે; પણ તેમની આપત્તિમાં ભાગ લેવાનો આવો અવસર પુનઃ પુનઃ પ્રાપ્ત થવાનો નથી! પરંતુ હાય! સમાજબંધન અને રૂઢિની પ્રબળતા એવી છે કે, મારી આ મનીષા પૂર્ણ થશે કે કેમ, એનો મનમાં સંપૂર્ણ સંશય જ રહ્યા કરે છે! જોઇએ કે હવે પરમાત્મા કેવો રંગ બતાવે છે!"

આવા પ્રકારના તર્કવિતર્ક કરતી તરુણી રાજકુમારી પણ અન્તે અસ્વસ્થ હૃદયથી નિદ્રાદેવીના અંકમાં પડીને કેટલાક સમયનેમાટે માનસિક વેદનાથી મુક્ત થઈ, એમ જો કે સામાન્ય દૃષ્ટિથી આપણે કહી શકીએ તેમ છે; પરંતુ વાસ્તવિક પ્રકાર તેવો નહોતો; કારણ કે, નિદ્રામાં પણ તેને સત્ય શાંતિનો સાક્ષાત્કાર કિંવા ઉપભોગ મળી શક્યો નહિ. નિદ્રામાં પડ્યા પછી તે બાળાને નાના પ્રકારનાં શુભાશુભ સ્વપ્નોનું દર્શન થવા લાગ્યું અને તે સ્વપ્નદર્શનમાં જ નિશાનો અંત થવાથી પ્રભાતમાં જ્યારે તેની નિદ્રાનો ભંગ થયો ત્યારે જાણે પોતે સમસ્ત નિશા અખંડ જાગરણમાં જ વીતાડી હોયની! એવો જ તેને ભાસ થવા લાગ્યો.

## દ્વિતીય પરિચ્છેદ

## ગૃહલક્ષ્મીનો લાભ

પ્રભાતમાં અર્ધ પ્રહર જેટલો દિવસ ચઢતાં જાલિમસિંહની ડેલીમાં પાછો ડાયરો જામી ગયો, કસૂંબા, હૂંગા તથા હુક્કા પાણીનો રંગ

ચાલવા લાગ્યો અને અગમનિગમની વાતો થવા લાગી. ખેંગારજી તથા સાયબજી આ આનંદમાં અલિપ્ત ભાવથી ભાગ લેતા અને વાર્ત્તાલાપ કરતા બેઠા હતા એટલામાં ગઢવીએ કસૂંબાની ત્રણ ચાર પ્યાલીઓ ચઢાવીને ટટાર થયા પછી જાલિમસિંહજીને સંબોધીને કહ્યું કે: "ઠાકોર સાહેબ, એક શ્રીફળ, લગાર કંકુ, થોડા અક્ષત અને પાણીનો ભરેલો એક લોટો લાવો તથા આપણા વીરજી જોશીને પણ સત્વર બોલાવો." જાલિમસિંહજીએ ગઢવીની આજ્ઞા પ્રમાણે સર્વ વસ્તુઓ તત્કાળ મગાવી લીધી અને જોશીને પણ બોલાવ્યો. જોશીએ શ્રીફળને પોતાના હાથમાં લઈ કંકુ પલાળીને શ્રીફળપર તેનો સાથિયો કર્યો અને ત્યાર પછી ખેંગારજીને ઉદ્દેશીને કહ્યું કે: "પૃથ્વીનાથ, જરા પૂર્વ દિશામાં મુખ રાખીને બેસો."

"પણ આ સર્વ શો પ્રકાર છે તે જરા જણાવો તો ખરા." ખેંગારજીએ કાંઇક આશ્ચર્ય દર્શાવીને કહ્યું અને ત્યાર પછી તે કાંઇક વિચારમાં પડી ગયો.

તેને આવી રીતે વિચારમાં પડી ગયેલો જોઇને ગઢવી દેવભાનુ તેને સંબોધીને ગંભીર વાણીથી કહેવા લાગ્યો કે: "પ્રતાપી જામ હમ્મીરજીના ઉત્તરાધિકારી અને કચ્છ દેશના ભાવિ ભૂપાલ ખેંગારજી, કૃપા કરીને અત્યારે કાંઈ પણ બોલ્યા ચાલ્યા વિના આ બ્રાહ્મણની આજ્ઞાને આધીન થાઓ અને શંકાને હૃદયમાં સ્થાન ન આપો. આપને આ અત્યંત શુભ શકુન થાય છે એટલે અત્યારે લગારે આનાકાની કરશો નહિ. અમો જે કાંઈ કરીએ છીએ તે આપના કલ્યાણમાટે જ કરીએ છીએ, એ નિશ્ચયપૂર્વક માનજો."

ગઢવીના વચનને માન આપીને ખેંગારજી પૂર્વ દિશામાંના ઉદિત સૂર્યનારાયણ સમક્ષ મુખ રાખીને બેઠા; એટલે બ્રાહ્મણ દેવે

'मंगलं भगवान् विष्णुर्मंगलं गरुडध्वजः ।
मंगलं पुंडरीकाक्षो मंगलायतनो हरिः ॥'

આ શ્લોકનો ઉચ્ચાર કરીને ખેંગારજીના ભાલપ્રદેશમાં કુંકુમનો તિલક કર્યો, તેપર અક્ષત ચોડ્યા, થોડાક અક્ષત મસ્તકપર ઉડાડ્યા અને ત્યારપછી તેમના ઉભય હસ્તમાં શ્રીફળ સમર્પીને કહ્યું કે; "અખંડપ્રૌઢપ્રતાપ, ગૌબ્રાહ્મણપ્રતિપાલ, શ્રીમન્મહારાજાધિરાજ, આ વિધિથી અત્યારે આં ગ્રામના સ્વામી ઠાકોર શ્રી જાલિમસિંહજીનાં સત્પુત્રી નન્દકુમારીબાના આપ સાથેના શરીરસંબંધનું વાગ્દાન થઈ ચૂકયું છે કે જેને આપણે સગપણ કહીએ છીએ. અર્થાત્ નન્દકુમારીબા આપશ્રીનાં ધર્મપત્ની થયાં છે, જાલિમસિંહજી આપના પૂજ્ય શ્વસુર થયા છે અને આપ જાલિમસિંહજીના જામાતા થયા છો. આ સંબંધ સૂર્ય-

નારાયણદેવની સાક્ષીથી થયેલો હોવાથી કોઇથી પણ તોડી શકાય તેવો નથી."

ખેંગારજીએ શ્રીફળનો તો સ્વીકાર કરી લીધો; પરંતુ ત્યાર પછી તે કાંઇક ખિન્નતા દર્શાવીને કહેવા લાગ્યો કે; "મારી આવી દુર્દશામાં પણ પોતાની પ્રિય કન્યા મને આપવાની ઉદારતા દર્શાવવામાટે હું વડિલ જાલિમસિંહજીનો જેટલો પણ આભાર માનું તેટલો ઓછો જ છે; છતાં મારે નિરુપાય થઇને કહેવું પડે છે કે આ કાર્યમાં આટલી બધી ઊતાવળ ન કરવામાં આવી હોત, તો વધારે સારું થાત; કારણ કે, અત્યારે હું વિપત્તિમાં છું, મારે અદ્યાપિ અમદાવાદ જવાનું છે, ત્યાંથી સુલ્તાનની સહાયતા મેળવવાની છે અને કચ્છમાં જઇને મારા પરમ શત્રુ જામ રાવળ સાથે ઘોર યુદ્ધ કરીને ભુજાના બળથી ભાગ્યની પરીક્ષા કરવાની છે. અર્થાત્ યુદ્ધમાં શું પરિણામ આવશે અને મારો વિજય થશે કે પરાજય થશે તેમ જ આ જીવન રહેશે કે મરણના મુખમાં પડવાનો પ્રસંગ આવશે, એ સર્વ ભેદો ભવિષ્યના ગર્ભમાં સમાયલા છે અને તેથી આ કાર્ય મને તો અપ્રાસંગિક તથા સાહસરૂપ જ જણાય છે. આવા પ્રસંગે મારા હૃદયમાં જે સ્વાભાવિક આનંદ થવો જોઇએ તેને બદલે આ સર્વ પરિસ્થિતિનો વિચાર કરતાં અત્યારે મારા હૃદયમાં તો કેવળ ખેદ જ થયા કરે છે. અસ્તુઃ જેવી પરમાત્માની ઇચ્છા!" એમ કહીને ખેંગારજીએ એક નિઃશ્વાસ નાખ્યો.

ખેંગારજીનાં આવાં નિરાશાદર્શક વચનો સાંભળીને ગઢવી દેવભાનુ તેને આશ્વાસન આપતો ઉત્સાહવર્ધક વાણીથી કહેવા લાગ્યો કેઃ "અન્નદાતા, જે વિધિ થવાનો હતો તે થઇ ગયો છે એટલે હવે આપને કાંઇ પણ અધિક બોલવાનો અધિકાર નથી. જાલિમસિંહની કન્યા નન્દકુમારીબા અત્યારથી આપની અર્ધાંગના થઇ ચૂકી છે; કારણ કે, તેના ભાગ્યમાં કચ્છના ભૂપાલની પટરાણી થવાના લેખ વિધાતાએ લખી દીધા છે અને વિધાતાના લેખને મિથ્યા કરવાને કોઇ પણ સમર્થ નથી. આજથી આપના ભાગ્યોદયનો આરંભ થયો છે અને તેથી ભવિષ્યમાં કદાપિ આપનો પરાજય થવાનો નથી. જો ગઢવીનાં આ વચનો મિથ્યા થાય, તો આપે એમ જ માનવું કે આ દેવભાનુ ગઢવીનો પુત્ર જ નહોતો! અમો શારદાના પુત્ર છીએ અને માતા શારદા જે કાંઇ બોલાવે છે તે જ બોલીએ છીએ! રાજાઓનો એવો ધર્મ છે કે શરણાગતને અવશ્ય શરણ આપવું જ જોઇએ અને આપ પણ રાજા છો એટલે આપથી હવે શરણાગતા રાજકુમારીનો કોઇ પણ પ્રકારે અનાદર કરી શકાય તેમ નથી."

ખેંગારજીએ "તથાસ્તુ" કહીને પછી પોતાના મનોગત ભાવને વ્યક્ત કરતાં જણાવ્યું કે: "આપ વડિલોની આજ્ઞાને હું આનંદથી સ્વીકારૂં છું; પરંતુ ઝાલા વંશના કુટુંબ સાથે કચ્છના જાડેજાવંશીય રાજકુટુંબનો આ પ્રથમ જ શરીરસંબંધ થાય છે એટલે હું પરમેશ્વર પાસેથી માત્ર એટલું જ માગું છું કે આ સંબંધ ઉભયપક્ષને સુખકારક થાય અને ઉભયના સુખમાં કોઇ પણ પ્રકારનું વિઘ્ન ન આવે!"

"પરમાત્મા આપની આ ભાવનાને સફળ કરો અને આપના સંસારસુખમાં કોઇ પણ પ્રકારનું વિઘ્ન ન આવો!" ગઢવીએ અંતઃકરણપૂર્વક આશીર્વાદ આપ્યો.

એ પછી આગળથી કરી રાખેલા સંકેત અનુસાર ભૂદેવે એક બીજું શ્રીફળ વિધિપૂર્વક સાયબજીના હાથમાં આપ્યું અને જાલિમસિંહજીની ભત્રીજી રાજમણી સાથે સાયબજીનું સગપણ થઈ ગયું. આ વાગ્દાનની વાર્તાનો ગ્રામમાં વિસ્તાર થતાં સમસ્ત ગ્રામમાં આનંદ વ્યાપી ગયો; પરંતુ નન્દકુમારીના હૃદયમાં જે આનંદ થયો હતો તે સર્વથા અલૌકિક તથા અવર્ણનીય જ હતો. જાલિમસિંહે એ દિવસને સુવર્ણ દિવસ માનીને બ્રાહ્મણોને ભોજન કરાવ્યાં, દીન જનોને યથાશક્તિ દાન આપ્યાં અને ગઢવીને પણ આદરપૂર્વક જમાડીને યોગ્ય સરપાવ આપ્યો. હવે ખેંગારજી તથા સાયબજીનો જામાતા તરીકે વળી વિશેષ આદરપૂર્વક સત્કાર થવા લાગ્યો અને તેથી તે ઉભય બંધુઓને વિપત્તિમાં પણ સંપત્તિની છટા દેખાવા લાગી.

આ સર્વ ધામધૂમ ચાલતી હતી અને ખેંગારજી તથા સાયબજી હજી તો હમણાં જ મધ્યાહ્નભોજનથી પરવારીને ડેલીમાં આવી બેઠા હતા એટલામાં ધ્રાંગધરે ગયેલો વૈરિસિંહ છચ્છર સહિત પાછો ત્યાં આવી પહોંચ્યો. તેને આટલો બધો વ્હેલો પાછો આવેલો જોઇને સર્વને આશ્ચર્ય થયું અને તે આશ્ચર્યનું નિવારણ કરતો છચ્છર કહેવા લાગ્યો કે: "યુવરાજશ્રી ખેંગારજી તથા કુમારશ્રી સાયબજીને ધ્રાંગધરાથી રવાના કર્યા પછી મારાં નેત્રોમાંથી અશ્રુ પડતાં જોઇને તે વ્યાપારીએ આગ્રહ કરીને અમારો વૃત્તાન્ત પૂછ્યો અને જ્યારે અમારો સત્ય વૃત્તાંત તેણે જાણ્યો એટલે તત્કાળ મને જામિનગિરીના બંધનથી મુક્ત કરીને કહ્યું કે: 'જો આ વૃત્તાંત તમોએ પ્રથમથી જ જણાવ્યો હોત, તો અમો રૂપિયા પણ આપત અને તમને કુમારોથી જૂદા પાડીને અહીં રાખત નહિ. ખયર; હજી કુમારો બહુ દૂર તો નહિ જ ગયા હોય, માટે જાઓ અને તેમના સહાયક થાઓ. જ્યારે સારો સમય આવે ત્યારે આ ગરીબ વાણિયાને ભૂલી જશો નહિ. આમ

કહીને તેણે બીજી બસેં કોરી મને આપી અને પોતાના ઊંટપર બેસાડીને મને રવાના કરી દીધો. માર્ગમાં અમને વૈરિસિંહજી મળ્યા અને તેમણે અનુમાનથી મને ઓળખી લીધો. આ કારણથી અમો વ્હેલા આવ્યા છીએ." ખેંગારજીએ તે વાણિયાના ઉપકારને પણ સ્મરણમાં રાખી લીધો અને ત્યાર પછી, એ વેળાએ ત્યાં અન્ય કોઈ મનુષ્ય ન હોવાથી, પોતાના તથા સાયબજીના શરીરસંબંધની વાર્ત્તા છચ્છરને કહી સંભળાવી. આ વાર્ત્તા સાંભળીને છચ્છર આનન્દમગ્ન થઈને કહેવા લાગ્યો કે: પરમાત્મા આપના સંસારને સર્વ પ્રકારે સુખમય કરો. કહો, ત્યારે આપણે હવે અહીંથી ક્યારે પ્રયાણ કરીશું?"

હજી તો છચ્છરના આ પ્રશ્નનું ઉત્તર આપવામાટે ખેંગારજી પોતાની જિહ્વાને ખોલતો હતો એટલામાં ગઢવી દેવભાનુ, જાલિમસિંહ અને વૈરિસિંહ ત્યાં આવી લાગ્યા અને ગઢવી દેવભાનુ ખેંગારજીને સંબોધીને પોતાની મધુર તથા આકર્ષક વાણીથી કહેવા લાગ્યો કે; "શ્રી કચ્છનરેશ, આપ ઉભય બંધુઓનાં અનુક્રમે રાજકુમારી નન્દકુમારી તથા કુમારિકા રાજમણી સાથે સગપણ તો થઈ ગયાં છે; પરંતુ નન્દકુમારી વિવાહને યોગ્ય વયનાં થયેલાં હોવાથી જાલિમસિંહ આદિનો એવો વિચાર છે કે પાણિગ્રહણનો વિધિ પણ અત્યારે જ થઈ જાય, તો વધારે સારું; અને જો નન્દકુમારીનાં લગ્ન થાય, તો પછી સાથે સાથે રાજમણીના લગ્નનું કાર્ય પણ આટોપી લેવું, એ ઉભયપક્ષને હિતાવહ છે. ત્યારે હવે આપનો શો અભિપ્રાય છે?"

ખેંગારજી થોડી વાર વિચાર કર્યા પછી ગંભીર ભાવથી કહેવા લાગ્યો કે: "ગઢવીજી, એ તો હવે તમો જાણી ચૂકયા છો કે અમારી પાસે અત્યારે એક કપર્દિકા પણ નથી અને લગ્ન જેવા પ્રસંગે અમારા કુળની પ્રતિષ્ઠા અનુસાર અમારે કાંઈક તો ખર્ચ કરવો જ જોઈએ; અર્થાત્ અમો અમદાવાદથી કચ્છમાં જવામાટે પાછા ફરીએ, ત્યાં સુધી જો આ લગ્નસમારંભને મુલતવી રાખવામાં આવે, તો સારું, એવો જ મારો અભિપ્રાય છે; કારણ કે, ત્યાંથી કદાચિત અમને જોઈતું ધન મળી શકશે, એવો અમારો દૃઢ નિશ્ચય છે."

ગઢવીએ અમુક આશયથી જાલિમસિંહ પ્રતિ દૃષ્ટિપાત કર્યો અને તેના આશયને સમજીને જાલિમસિંહે ખેંગારજીને કહ્યું કે; "એ વિષયની આપ લેશ માત્ર પણ ચિન્તા રાખશો નહિ; કારણ કે, આપને અત્યારે પાંચ હજાર કોરી અમો ઉછીની આપીશું. જો કે આપની કુલપ્રતિષ્ઠા સાથે સરખાવતાં પાંચ હજાર કોરી કશી પણ બિસાતમાં નથી: પણ હાલ તરત પ્રસંગ નભી જશે અને લગ્નનો જે અધિક ઉત્સવ

કરવાનો હોય, તે જ્યારે સારો સમય આવે ત્યારે કરશો તો પણ ચાલશે. અર્થાત્ કોઈ પણ રીતે લગ્નના કાર્યને મુલ્તવી ન રાખો, તો આપનો અતિશય આભાર !"

હવે ખેંગારજીથી કોઈ પણ રીતે આનાકાની કરી શકાય તેમ ન હોવાથી તેણે લગ્નમાટે પોતાની અનુમતિ આપી દીધી અને એ અનુમતિ મળતાં જ જાલિમસિંહે લગ્નમાટેની ધૂમધડાકે તૈયારીઓ કરાવવા માંડી. ખેંગારજી તથા સાયબજીને એક જૂદા ઘરમાં ઊતારો આપવામાં આવ્યો અને ત્યાં તેમના પોતાના ગૃહસમાન સર્વ યોગ્ય વ્યવસ્થાઓ કરી આપવામાં આવી. માંડવો બાંધવામાં આવ્યો અને ગીત ગવડાવવાનો પણ આરંભ કરી દેવાયો. રાજપૂતોની રીતિ પ્રમાણે બીજે દિવસે ગોધૂલી સમયે ખેંગારજી તથા સાયબજીનાં ખાંડા સાથે નન્દકુમારી તથા રાજમણીનાં લગ્નનો વિધિ થયો અને તે કન્યાઓ પોતાના પિતૃગૃહમાં તે ખાંડા સાથે બે મંગળ ફેરા ફરીને પતિના ગૃહપ્રતિ પ્રયાણ કરવાને નીકળી. પતિના ગૃહમાં આવ્યા પછી પતિ સાથે બાકીના બે મંગળ ફેરા ફરીને તેઓ કુમારિકા મટીને અખંડસૌભાગ્યવતીના પદને પામી અને સ્વામીની સેવાનો અધિકાર તેમને પ્રાપ્ત થયો. એ પછી બીજી પણ જે જે ઉચિત ક્રિયાઓ થવાની હતી તે થઈ અને મધ્યરાત્રિ પછી નવવિવાહિત દંપતીઓએ પોતપોતાના શયનમંદિરમાં પ્રવેશ કર્યો. પ્રિય પાઠક તથા પાઠિકાઓ આપણે પણ હવે એમાંનાં તારુણ્યસંપન્ન દંપતીના શયન મંદિરમાં અદૃશ્ય પ્રવેશ કરીને ત્યાંની દામ્પત્યલીલાનું કાંઇક અવલોકન કરીશું.

* * * * *

જે ખેંગારજી તથા નન્દકુમારીનાં હૃદયો પ્રથમ દૃષ્ટિસંમેલનથી જ પરસ્પર આકર્ષાયાં હતાં, તેમનો આવી રીતે અચાનક શરીરસંબંધ થતાં તેમના હૃદયમાં એક બીજાને મળવાની, પરસ્પર પ્રેમાલાપ કરવાની અને કેલીવિનોદમાં નિશા વીતાડવાની કેવી અને કેટલી તીવ્ર અભિલાષા રમી રહી હશે, એની સહજ કલ્પના કરી શકાય તેમ છે. નન્દકુમારી ષોડશ શૃંગારોથી પોતાના દેવાંગનાતુલ્ય શરીરને શૃંગારીને પુષ્પશય્યામાં પતિની પ્રતીક્ષા કરતી બેઠી હતી અને તેનું પ્રેમાતુર હૃદય અનંગરંગના અભંગ રસનો આસ્વાદ લેવામાટે આતુર થઈ રહ્યું હતું. ખેંગારજીએ વીરવેષમાં શયનમંદિરમાં પ્રવેશ કર્યો એટલે નન્દકુમારીએ શય્યાપરથી ઉઠીને તેનો સત્કાર કર્યો અને મસ્તક નમાવીને નમન કર્યું: ત્યાર પછી માનપૂર્વક તેનો હસ્ત ઝાલીને તેને પુષ્પશય્યામાં બેસાડ્યો અને પોતાના સુકોમળ હસ્તથી સુવર્ણપાત્રમાં

ઉત્તમ મદિરા ભરીને તેનું પોતાના પ્રાણનાથને તેણે અનુરાગસહિત પાન કરાવ્યું. નન્દકુમારીના 'અર્ધાંગનાપદ'ની સાર્થકતા થતાં હર્ષનો અતિરેક થવાથી તે આ સંસારમાં સ્વર્ગસુખની છટાને અનુભવવા લાગી અને ત્યાર પછી ખેંગારજીને સંબોધીને બોલી કે:—

"હૃદયેશ્વર, પ્રાણજીવન, પ્રાણવલ્લભ, અત્યારે તો આ કિંકરીને આપે આનંદના અર્ણવમાં નિમજ્જન કરાવ્યું છે; પરંતુ આવતી કાલે જ્યારે આપ આ અનુરક્તા દાસીને અહીં જ ત્યાગીને પરદેશમાં જવા-માટે પ્રયાણ કરી જશો, તે વેળાયે આ વિરહિણી વનિતાની શી અને કેવી દુર્દશા થશે, એનો પણ આપે કાંઈ વિચાર કર્યો છે ખરો કે? મારી આપનાં ચરણોમાં માત્ર એટલી જ પ્રાર્થના છે કે, આપ મને અહીં છોડીને ક્યાંય ચાલ્યા ન જશો; કિન્તુ આપની સેવામાટે મને જ્યાં જાઓ ત્યાં સાથે જ લઈ જજો."

પત્નીની આ પ્રાર્થના સાંભળીને ખેંગારજી ગંભીરતાથી કહેવા લાગ્યો કે: "હૃદયેશ્વરી હૃદયવલ્લભે, જો કે તારા વિયોગથી મારા હૃદયમાં પણ અસહ્ય વેદના થવાનો સંભવ છે; છતાં પણ અત્યારે તારા આ પ્રસ્તાવનો મારાથી સ્વીકાર કરી શકાય તેમ નથી અને એમાટે મને પણ અતિશય શોક થાય છે."

"તો પછી આપના વિયોગમાં મારાથી કેમ કરીને જીવી શકાશે?" નન્દકુમારીએ એક વિલક્ષણ પ્રશ્ન ઉપસ્થિત કર્યો.

"પ્રાણેશ્વરી, આ તું શું બોલે છે? આ અલ્પકાલિક વિયોગનો અંત આવી જશે અને ઈશ્વરની કૃપાથી આપણો પુનઃ સત્વર જ સંયોગ થશે. જે પતિ તથા પત્નીનાં અંતઃકરણો એક હોય છે તેમને વિયો-ગમાં પણ સંયોગનો સાક્ષાત્કાર થાય છે અને જે દંપતીનાં હૃદયો ભિન્ન હોય છે તેમનો સંયોગ પણ વિયોગ સમાન થઈ પડે છે. અર્થાત્ જો તારો મારામાંનો પ્રેમ અખંડ હશે, તો તારે એમ જ માનવાનું છે કે હું સદાસર્વદા તારી પાસે જ છું; હું પણ તારી પ્રતિ-માને મારા હૃદયમાંથી કદાપિ દૂર કરવાનો નથી. રાણીઓ કદાપિ પ્રવાસમાં પોતાના પતિ સાથે જતી નથી અને હું તો વળી અત્યારે મહાવિપત્તિમાં હોવાથી અમદાવાદના સુલ્તાનનો આશ્રય મેળવવામાટે જાઉં છું અને ત્યાંથી સહાયતા મેળવી શત્રુ સાથે યુદ્ધ કરીને મારે મારા પૂર્વજોના ગયેલા રાજ્યને પાછું મેળવવાનું છે એટલે આવા સમ-યમાં તો તને મારાથી સાથે લેવાય જ નહિ. જ્યારે યોગ્ય અવસર આવશે, તે વેળાયે હું તને મારી પાસે બોલાવીશ. અત્યારે તો ધૈર્ય

ધારવામાં જ આપણી શોભા છે અને સહિષ્ણુતામાં જ આપણું કલ્યાણ છે. ધૈર્ય, ધર્મ, મિત્ર તથા સ્ત્રીની દક્ષતાની પરીક્ષા આવા સંકટના સમયમાં જ થાય છે." ખેંગારજીએ યોગ્ય ઉપદેશદ્વારા પોતાની પત્નીના હૃદયસાંત્વનનો પ્રયત્ન કર્યો.

પરંતુ નન્દકુમારી પણ બુદ્ધિમતી યુવતી હોવાથી પોતાના પ્રાણેશ્વરના એ વાદનો પ્રતિવાદ કરતી કહેવા લાગી કે: "મારા સૌભાગ્યના આધાર, સંકટના સમયમાં શું સતી સીતાને શ્રી રામચંદ્રજી પોતા સાથે વનવાસમાં નહોતા લઈ ગયા? શું દમયંતી પોતાના પતિના સંકટકાળમાં પતિ નળરાજ સાથે રહી નહોતી? દ્રૌપદીએ શું વનવાસી પાંડવો સાથે વનગમન નહોતું કર્યું અને ધારાનગરીના પરમારવંશાવતંસ જગદેવ સાથે તેની પત્ની વીરમતી પણ દુઃખની વેળામાં છાયા સમાન અભિન્ન જ રહી નહોતી કે શું? આટઆટલાં ઐતિહાસિક ઉદાહરણો આપણાં નેત્રો સમક્ષ પ્રત્યક્ષ હોવા છતાં પણ આપ મને પોતા સાથે લઈ જવાની ના પાડો છો, એથી મને આશ્ચર્ય થાય છે અને એમ જ ભાસે છે કે મારામાં આપનો જોઇએ તેવો પ્રેમ કિંવા પ્રણય નથી. હું પણ ઝાલાવંશના ક્ષત્રિયની કુમારી છું અને તેથી જો એવો જ પ્રસંગ આવશે, તો ચાવડી વીરમતી પ્રમાણે અવશ્ય પરાક્રમ કરી બતાવીશ અને આપના નામ તથા આપની પ્રતિષ્ઠાને ખોવા કરતાં મારા પ્રાણને ખોવાનું જ વધારે પસંદ કરીશ. મારો આટલો બધો આગ્રહ હોવા છતાં પણ જો આપ મને ત્યાગીને ચાલ્યા જશો, તો અવશ્ય હું ઝૂરીઝૂરીને મરી જઇશ. પછી તો જેવો આપનો વિચાર; કારણ કે, આપ મારા પતિદેવ હોવાથી આપને મારાથી અધિક કંઈ પણ કહી શકાય તેમ નથી; અધિક બોલવાનો મારો અધિકાર નથી."

"ધન્ય છે, તારી વીરભાવનાને! ક્ષત્રિયજાતિની એક વીરદુહિતા તથા વીરનારીના મુખમાંથી આવા જ ઉદ્‌ગારો નીકળવા જોઇએ!" આવી રીતે પોતાની પત્નીની પ્રશંસા કરીને ખેંગારજી કાંઇક આગળ બોલવા જતો હતો એટલામાં અચાનક દાસીએ આવીને શયનમંદિરનાં બારણાં ખખડાવ્યાં અને તેથી એ દંપતીનો વાર્તાલાપ એટલેથી જ અટકી પડ્યો.

નન્દકુમારીએ દ્વાર ઉઘાડ્યું અને દાસીએ અંદર આવીને ખેંગારજીને નમ્રતાપૂર્વક જણાવ્યું કે: "ખમ્મા મહારાજાને! આપને આપના પૂજ્ય શ્વસુર જાલિમસિંહજી કોઈ અગત્યના કાર્યમાટે અત્યારે અને આ ક્ષણે જ તેમની ડેલીમાં બોલાવે છે. તેઓ પોતે જ અહીં આવવાના હતા, પણ તેમના આવવાથી તેમની મર્યાદાનો ભંગ થવાનો સંભવ

હોવાથી છચ્છરભાઈ સાથે તેઓ ડેલીમાં આપની વાટ જોતા બેઠા છે અને મને આ સંદેશો સંભળાવવામાટે મોકલી છે."

. દાસીના મુખની આ વાર્તા સાંભળીને નન્દકુમારીના રંગનો ભંગ થયો અને ખેંગારજીના મુખમંડળમાં પણ કાંઇક વિષાદનો રંગ આવી ગયો. ખેંગારજી વસ્ત્ર પરિધાન કરીને નન્દકુમારીની આજ્ઞા લઈ શ્વસુર પાસે જવામાટે શયનમંદિરમાંથી બહાર નીકળ્યો અને તેના જવા પછી નન્દકુમારી શય્યામાં પડી પડી અનેક પ્રકારના શુભાશુભ તર્કવિતર્કો કરવા લાગી. તે રમણીના હૃદયસમુદ્રમાં અશાંતિરૂપ અવરકંદનો ઉદ્ભવ થતાં મહાવિક્ષોભ થવા લાગ્યો અને તે અશાંતિની પ્રબળ લહરીએ તેના અંતઃકરણની શાંતિનો સર્વથા લોપ કરી નાખ્યો. "અત્યારે આટલી મોડી રાતે મારા પિતાએ મારા પ્રાણેશને મારા શયનમંદિરમાંથી શામાટે બોલાવ્યા હશે? વળી કોઈ નવીન ભયનું કારણ તો આવીને ઉપસ્થિત નહિ થયું હોય?" આવા પ્રકારના પોતાના મનમાં ઉદ્ભવતા સંશયોનું તત્કાળ રાજકુમારીથી ·ઉચિત સમાધાન કરી શકાયું નહિ અને તે મુંઝાવા લાગી.

* * * * *

દાસી સાથે ખેંગાર જ્યારે જાલિમસિંહની ડેલીમાં આવ્યો, તે વેળાયે ત્યાં જાલિમસિંહ, વૈરિસિંહ, છચ્છર અને એક બીજો કોઈ અજ્ઞાત પુરુષ એવી રીતે ચાર મનુષ્યો વાર્ત્તાલાપ કરતા બેઠા હતા. ખેંગારજીને ઉત્થાન આપીને જાલિમસિંહે ઢોલિયાપર બેસાર્યો અને ત્યાર પછી અજ્ઞાત પુરુષને ઉદ્દેશીને કહ્યું કે: "રણમલ્લજી, જે વાર્ત્તા તમોએ અમને સંભળાવી છે, તે જ વાર્ત્તા અક્ષરશઃ આ કુમારશ્રીને બીજી વાર કહી સંભળાવો."

[જાલિમસિંહની આજ્ઞા થતાં રણમલ્લ ખેંગારજીને સંબોધીને કહેવા લાગ્યો કે: "મહારાજ, વાત જાણે એમ છે કે હું પરમ દિવસ અહીંથી કોઈ કારણવશાત્ ધ્રાંગધરે ગયો હતો અને ગઈ કાલે પણ ત્યાં જ હતો. આજે સાંઝે હું ત્યાંથી નીકળવાની તૈયારી કરતો હતો એવામાં અચાનક કચ્છ દેશના અત્યારના રાજા જામ રાવળના પાંચ સો ઘોડેસવાર સિપાહીઓ ત્યાં આવ્યા અને થોડી વારમાં જ નગરમાં સર્વત્ર એવી ચર્ચા ચાલવા લાગી કે, 'કચ્છના દગાથી મરાયલા રાજા જામ હમ્મીરજીના બે કુમારો કચ્છમાંથી નાઠા છે, તેમને શોધીને પકડી લઈ જવામાટે જ એ ઘોડેસવારો આવ્યા છે.' આપ અહીં છો, એ વાર્ત્તા મારા જાણવામાં નહોતી, પણ મારી સ્ત્રીએ આપના અહીં આવ્યાની અને આપના લગ્નની વાર્ત્તા મને જણાવી અને તેથી આ સમાચાર

મેં અમારા ગામધણીના કાને નાખી દીધા. આપ જાલિમસિંહજીના જમાઇ છો એટલે અમારા પણ સંબંધી છો અને તેથી આપનું કલ્યાણ ઇચ્છવું એ અમારું પરમ કર્તવ્ય છે. તે ઘોડેસવારો કદાચિત્ આપને શોધતા શોધતા અહીં પણ આવી પહોંચશે, એવો સંભવ છે; કારણ કે, આપ અમદાવાદ ભણી જવાના છો એ સમાચાર તેમને મળી ગયા છે. અર્થાત્ અત્યારે હવે જે યોગ્ય લાગે તે આત્મરક્ષણનો ઉપાય આપે તત્કાળ યોજવાનો છે; કારણ કે, વિલંબ તથા દીર્ઘ વિચારથી આવા કટોકટીના સમયમાં ઘણીક વાર હાનિ થવાનો સંભવ હોય છે, એ તો સ્પષ્ટ જ છે. હવે પરમાત્મા આપને જેવી બુદ્ધિ આપે તદનુસાર વર્ત્તો. મારી સેવાની આવશ્યકતા હોય, તો હું આપની યથાશક્ય સેવા કરવાને તૈયાર છું."

"આપની આ લાગણીમાટે હું આપનો અત્યંત આભાર માનું છું અને અંતઃકરણપૂર્વક આપને ધન્યવાદ આપું છું." એવી રીતે ખેંગારજીએ રણમલ્લનો યોગ્ય શબ્દોવડે આભાર માનીને પછી પોતાના શ્વસુર જાલિમસિંહજીને સંબોધીને કહ્યું કે: "વડિલશ્રી, અત્યારે અમો આપના આશ્રિત છીએ અને તેથી આપ જે માર્ગ દર્શાવો તે માર્ગનું અવલંબન કરવાને તૈયાર છીએ. ત્યારે હવે દર્શાવો કે આપ વડિલનો આ વિષયમાં શો અભિપ્રાય છે?"

"આપ અત્યારે મારા અતિથિ છો તેમજ જામાતા થયા છો એટલે આપના જીવનનું સર્વ પ્રકારે સંરક્ષણ કરવું, એ મારો તથા મારા આપ્તજનોનો તેમજ મારા પ્રજાજનોનો પરમ ધર્મ હોવાથી જો રાવળના તે સૈનિકો અહીં આવશે, તો અમો તેમની સાથે તુમુલ યુદ્ધ કરીશું અને પ્રસંગ આવતાં રણયજ્ઞમાં આનંદથી પ્રાણનું બલિદાન આપીશું; પણ આ દેહમાં પ્રાણ છે ત્યાં સુધી તો આપને શત્રુઓના હાથમાં જવા નહિ દઇએ તે નહિજ દઇએ." જાલિમસિંહે પોતાની વીરતા તથા નિર્ભયતાનું વાણીદ્વારા દર્શન કરાવ્યું.

"પરંતુ મારો એવો અભિપ્રાય નથી; કારણ કે, ધારો કે કદાચિત્ ધીંગાણું થાય અને તેમાં હારીને રાવળના સૈનિકો પાછા ચાલ્યા જાય, તો પણ અમારે અમદાવાદ તો જવાનુંજ છે; કારણ કે, જો અમદાવાદના સુલ્તાનની સહાયતા ન મળે, તો કચ્છનું રાજ્ય ખેંગારજી બાવાથી પાછું લઈ શકાય તેમ નથી. અર્થાત્ જ્યારે અમદાવાદ ગયા વિના તો અમારો છૂટકો છેજ નહિ, તો પછી આ અકારણ યુદ્ધ શામાટે કરવું અને આપણાં થોડાંઘણાં માણસોની હાનિ પણ શામાટે કરાવવી વારુ? આમ કદાચિત્ બે દિવસ પછી અહીંથી પ્રયાણ

કરત અને આ કારણ આવ્યું છે તો અત્યારેજ પ્રયાણ કરવું પડશે, એટલો જ માત્ર ભેદ છે. આ પ્રમાણેની પરિસ્થિતિ હોવાથી મારો તો એ જ આગ્રહ છે કે અત્યારેજ અમને પ્રવાસનાં સાધનો તૈયાર કરી આપો અને અમને વિદાય કરી દ્યો. હવે અમદાવાદ વધારે દૂર નથી એટલે અમો કોઈ પણ પ્રકારના વિઘ્ન વિના ત્યાં પહોંચી જઇશું અને આપનો પરિશ્રમ પણ ટળી જશે. યોગ્ય અવસર આવતાં દુષ્ટ રાવળ પાસેથી તેની આ સર્વ દુષ્ટતાનો બદલો આપણે વ્યાજ સુદ્ધાં લઇશું, એ વિશે આપે નિશ્ચિન્ત રહેવું." છચ્છરે પરિસ્થિતિનો વિચાર કરીને જાલિમસિંહના અભિપ્રાયથી સર્વથા વિરુદ્ધ અભિપ્રાય દર્શાવ્યો.

"અને મારો પોતાનો પણ એજ અભિપ્રાય છે." ખેંગારજીએ પોતાના નમકહલાલ નોકરના અભિપ્રાયને અનુમોદન આપ્યું.

"મારી પણ એજ માન્યતા છે કે ભાઈ છચ્છર તથા મહારાજશ્રી ખેંગારજીનો અભિપ્રાય યોગ્ય છે; કારણ કે, અત્યારના અકારણ યુદ્ધથી કોઈ પણ પ્રકારના અધિક લાભનો સંભવ નથી." રણમલ્લે પણ છચ્છરના મતનેજ પુષ્ટિ આપી.

"હું પણ અત્યારે વેળા પ્રમાણે વર્ત્તવાનુંજ યોગ્ય ધારું છું." વૈરિસિંહ પણ તેમના મતનેજ મળતો થયો.

સર્વના અભિપ્રાયને પોતાના અભિપ્રાયથી ભિન્ન જોઇને જાલિમસિંહ પણ સમયનો વિચાર કરીને તેમના અભિપ્રાય સાથે એકમત થઈ કહેવા લાગ્યો કે: "જ્યારે તમો સર્વનો આવોજ અભિપ્રાય છે, તો પછી પરમાત્માનીજ એ ઇચ્છા હોય એમ જણાય છે; કારણ કે, પંચ ત્યાં પરમેશ્વર એ આપણો એક પુરાતન સિદ્ધાન્ત છે. અસ્તુઃ જો અહીંથી પ્રયાણ કરવાનીજ આપની ઇચ્છા હોય, તો પછી વિલંબ કરવો વ્યર્થ છે. આપ પાસે એક અશ્વ છે અને મારો એક સારામાં સારો ઊંટ હું સાજ નખાવીને તૈયાર કરાવું છું તેપર કુમાર સાયબજી તથા છચ્છર બેસશે અને મારા બીજા ઊંટપર બે રાજપૂતો સવાર થઇને આપને ઠેઠ અમદાવાદ પહોંચાડી આવશે. હાલ તરત એક હજાર કોરી રોકડી પણ સાથે લેતા જજો કે જેથી અમદાવાદમાં જતાંની સાથે તરત કોઈ પાસેથી પૈસા માગવા ન પડે અને માર્ગમાં પણ કાંઈ અડચણ ભોગવવાનો પ્રસંગ ન આવે."

"પરમાત્મા આપના આ ઉપકારોનો બદલો વાળી આપવાનું અમને સત્વર સામર્થ્ય આપે, એજ અમારી તે પરમકૃપાળુ પરમાત્માનાં ચરણોમાં અનન્યભાવયુત પ્રાર્થના છે." ખેંગારજીએ આર્મિક શબ્દોમાં કૃતજ્ઞતા દર્શાવી.

જાલિમસિંહે પોતાના બન્ધુ વૈરિસિંહને ખેંગારજી, સાયબજી તથા છચ્છરમાટે પ્રવાસનાં સાધનો તૈયાર કરાવવાની આજ્ઞા આપી દીધી. ખેંગારજી પોતાની પ્રાણેશ્વરીની આજ્ઞા લેવામાટે અને સાયબજીને નિદ્રામાંથી જગાડીને પ્રવાસની સૂચના આપવામાટે પાછા પોતાના ઉતારાભણી ચાલ્યો અને જાલિમસિંહ માર્ગમાં ખાવામાટે કાંઇક ભાતું અથવા ટીમણુ તૈયાર કરી લેવાની પોતાની પત્નીને આજ્ઞા આપવામાટે પોતાના અંતઃપુરમાં ગયો. છચ્છર તથા રણમલ્લ વાતો કરતા ડેલીમાં જ બેસી રહ્યા. રણમલ્લ હુક્કો ભરીને ઘેરથી લેતો આવ્યો હતો એટલે વાર્તાલાપ સાથે તેઓ હુક્કાને પણ યોગ્ય ન્યાય આપીને ધૂમ્રપાનનો વ્યવસાય પણ ચલાવ્યા કરતા હતા. દાસી ખેંગારજીના ઉતારાના મોટા દ્વારમાં જ નન્દકુમારીની આજ્ઞાથી ખેંગારજીના આવવાની વાટ જોતી ઉભી હતી એટલે તે દાસીને ખેંગારજીએ સાયબજીને જાગ્રત કરવાની તથા પ્રવાસવિષયક સૂચના આપવાની આજ્ઞા કરી દીધી અને પોતે પોતાના શયનમંદિરમાં પ્રવેશ કર્યો.

* * * * *

જે વેળાયે ખેંગારજીએ શયનમંદિરમાં પ્રવેશ કર્યો, તે વેળાયે નન્દકુમારી અત્યંત શોકાતુર થઇને શય્યામાં લમણે હાથ દઈ ચિંતામગ્ન અવસ્થામાં બેઠી હતી; કારણ કે, દાસીના મુખથી અચાનક આવીને ઉપસ્થિત થયેલા ભયના સમાચાર ખેંગારજીની અનુપસ્થિતિમાં તેણે સાંભળ્યા હતા અને તેથી હવે ખેંગારજી સાથે જવાનો હઠ કરવો કે હાલ તરત થોડા દિવસ પીયરિયામાં જ વીતાડવા, એ વિષયના ગહન વિચારમાં તે પડી ગઈ હતી અને તેથી ખેંગારજી આવ્યો એનું પણ તેને ભાન રહ્યું નહિ. જ્યારે ખેંગારજીના મુખમાંથી નીકળેલો 'પ્રિયતમે!' શબ્દ તેના સાંભળવામાં આવ્યો ત્યારે જ તેની વિચારનિદ્રા કિંવા ચિંતાનિદ્રાનો ભંગ થયો અને તે શય્યાપરથી ઉઠીને ખેંગારજીના હસ્તને પોતાના સુકોમળ હસ્તોમાં ધારણ કરી અત્યંત મૃદુતા તથા આશ્વાસક ભાવથી કહેવા લાગી કેઃ—

"મારા પ્રાણજીવન પ્રાણેશ, અત્યારે આપ અને મારા દીયરજી કેવી આપત્તિમાં છો, એ હું સારી રીતે જાણું છું અને સમયનો વિચાર કરી આવા કટાકટીના પ્રસંગે હું આપને બાધક ચિંતામાં નાખવા નથી ઇચ્છતી. અત્યાર સૂધી તો મારો એવો જ અભિપ્રાય હતો કે હું મારાં માતુશ્રીને સમજાવીશ અને તેમની મધ્યસ્થતાથી મારા પિતાશ્રીની આજ્ઞા મેળવીને અવશ્ય આપની સાથે જ અહીંથી પ્રયાણ કરીશ; પરંતુ આ ક્ષણે જ અચાનક આપના પ્રયાણનો નિશ્ચય

થવાથી હવે એ હઠને વળગી રહેવામાં સાર નથી અને તેથી હું આનંદથી આપને અહીંથી વિદાય થવાની અનુમતિ આપું છું. આવા પ્રસંગે હઠને ત્યાગવામાં જ લલનાનું ભૂષણ છે. માત્ર આપની આ દીન તથા આધીન કિંકરીની આપનાં ચરણોમાં એટલી જ નમ્ર પ્રાર્થના છે કે આપ જ્યાં જાઓ અથવા જ્યાં હો ત્યાં આ દાસીને વિસારશો નહિ અને જો કોઈ અનિવાર્ય કારણવશાત્ અમદાવાદમાંથી ઇચ્છિત સહાયતા મેળવવાના કાર્યમાં વિલંબ થાય અને તેથી જો અમદાવાદમાં વિશેષ કાળ કાઢવો પડે, તો કૃપા કરીને મને પણ ત્યાં બોલાવી લેજો અને આપની ચરણસેવાથી કૃતાર્થ થવાનો અવસર સત્વર પ્રાપ્ત કરાવજો. મારી મનોદેવતા મને અત્યારે એમ જ કહે છે કે આ સંકટોનો હવે અલ્પ સમયમાં જ અંત આવી જશે અને આપનું સર્વ પ્રકારે કલ્યાણ થતાં વિજયશ્રી અવશ્ય આપના ગળામાં વરમાળા આરોપશે. હું પણ નિરંતર અહીં આપના નામનું સ્મરણ કરતી રહીશ અને આપના કલ્યાણમાટે કરુણાસિંધુ કમલાપતિને અનન્ય ભાવથી વિનવતી રહીશ. ધૈર્યને ત્યાગશો નહિ અને પરમાત્મામાં અવિચલ વિશ્વાસ રાખજો એટલે વિજય આપનો જ છે।”

ખેંગારજીએ જ્યારે શયનમંદિરમાં પ્રવેશ કર્યો, ત્યારે તેના મનમાં એવો ભય હતો કે: ‘જો પ્રાણેશ્વરી અત્યારે સાથે આવવાનો હઠ કરશે અને હું ના પાડીશ, તો એક પ્રકારના કલેશનો આરંભ થશે અને ખિન્ન હૃદયથી પ્રયાણ કરવું પડશે.’ પરંતુ નન્દકુમારીના ઉપર્યુક્ત ઉદ્‌ગારો જ્યારે તેના સાંભળવામાં આવ્યા એટલે તેના ભયનો લોપ થયો અને તેના હૃદયમાં એક પ્રકારનો ઉત્સાહજન્ય આનંદ પ્રસરી ગયો. તે પોતાની પ્રાણેશ્વરીને ધન્યવાદ આપતો કહેવા લાગ્યો કે: “પ્રાણવલ્લભે, તારા આવા યોગ્ય ઉદ્‌ગારોના શ્રવણથી તથા તારી ધૈર્યશીલતાના સાક્ષાત્કારથી મારા હૃદયમાં તારા વિશે જે ઉચ્ચ ભાવો બંધાયા છે તેમને વાણીદ્વારા વ્યક્ત કરવામાટેના યોગ્ય શબ્દો મારી પાસે નથી. હું જ્યાં જઇશ અને જ્યાં રહીશ, ત્યાં એક ક્ષણ માત્ર પણ તને તથા તારા પ્રેમને ભૂલવાનો નથી. મારું શરીર ત્યાં હશે, પણ હૃદય તો અહીં જ રહેવાનું છે. પરમાત્માની કૃપા થશે, તો આ દુઃખના દિવસો પણ વીતી જશે અને સત્વર જ સુખનો સમય આવી લાગશે. તું પણ પરમાત્મામાં શ્રદ્ધા રાખજે એટલે તે આપણું કલ્યાણ જ કરશે. હું પણ તારાથી વિયુક્ત થવા ઇચ્છતો નથી, પણ નિરુપાય થઇને મારે જવું પડે છે, તેની ક્ષમા કરજે. જો કોઈ કારણથી અમદાવાદમાં વધારે સમય વીતાડવાનો રંગ જણાશે, તો હું અવશ્ય તને

ત્યાં બોલાવીશ; કારણ કે, હવે મને પણ તારા સમાગમ વિના ગૃહ સ્મશાનતુલ્ય જ ભાસશે. અસ્તુ: હવે વાર્તાલાપમાં વીતાડી શકાય તેટલો સમય અત્યારે આપણી પાસે નથી. પ્રણામ, પ્રાણેશ્વરી, પ્રણામ!"

"પ્રણામ, મારા હૃદયવિશ્રામ, આ દીન દારના સહસ્ર વાર સ્વીકારી લેજો પ્રણામ!!" નન્દકુમારીએ નેત્રમાં નીર લાવીને સદ્‌ગદિત સ્વરથી આ શબ્દો ઉચ્ચાર્યા.

ખેંગારજીનાં નયનોમાંથી પણ અશ્રુની ધારા વહી નીકળી, પરંતુ હૃદયને વજ્ર કરતાં પણ કઠિન કરીને અધિક કાંઈ પણ ન બોલતાં તત્કાળ તે ત્યાંથી ચાલતો થઈ ગયો.

ખેંગારજીના ચાલ્યા જવા પછી નન્દકુમારી હૃદય ભરાઈ આવવાથી ખેદપૂર્વક અશ્રુપાત કરવા લાગી અને તેના આ કલ્પાંતને જોઇને તેની દાસી તેને વાયુ ઢોળતી યોગ્ય શબ્દોમાં આશ્વાસન આપવા લાગી. નન્દકુમારીના મુખમાંથી એવા ઉદ્‌ગાર નીકળ્યા કેઃ—

"પરદેશીના પ્રેમનો, વિષમ વિકટ છે પંથ;
પ્રમદા પરણીને ત્યજી, કયારે મળશો કંથ!"

ખેંગારજી જ્યારે જાલિમસિંહની ડેલીમાં આવ્યો, તે વેળાયે જાલિમસિંહજી એકલો જ તેની વાટ જોઇને ઊભો હતો એટલે તેણે ખેંગારજીને કહ્યું કેઃ "ચાલો, પાદરમાં વાહનો તૈયાર છે અને કુમાર સાયબજી તથા છચ્છર પણ ત્યાંજ વૈરિસિંહ સાથે આગળથી જઇને આપની વાટ જોતા ઊભા છે. માત્ર ગઢવી દેવભાનુ વિના ગ્રામના અન્ય કોઈ પણ મનુષ્યને આપના આ અચાનક પ્રયાણની વાર્ત્તા જણાવવામાં આવી નથી."

શ્વસુર તથા જામાતા ત્યાંથી ચાલીને ગ્રામના પાદરમાં આવ્યા એટલે ત્યાં પોતાનો કૃષ્ણ અશ્વ તથા બે ઊંટ સુસજ્જિત અવસ્થામાં પ્રવાસમાટે તૈયાર થઇને ઊભેલા ખેંગારજીને દેખાયા. ખેંગારજી પોતે પોતાના અશ્વપર બેઠો, એક ઊંટપર સાયબજી તથા છચ્છર બેઠા અને જે બે મનુષ્યો તેમને અમદાવાદ સૂધી પહોંચાડવાને જવાના હતા તેઓ બીજા ઊંટપર બેઠા. એ બે મનુષ્યોમાંનો એક રણમલ્લ હતો અને બીજો તેનો ભત્રીજો હતો. ઉષઃકાળ વીતી ગયો હતો અને પ્રભાત થવામાં અધિક વિલંબ નહોતો એટલે ચાલવાની તૈયારી કરવામાં આવી; પણ ખેંગારજીએ પોતાપાસેની એક હજાર કોરીમાંથી કોરી બસેં કાઢીને ગઢવી દેવભાનુને આપતાં કહ્યું કેઃ "ગઢવીજી, અત્યારે અમારી વેળા ન હોવાથી આ ફૂલ નહિ ને ફૂલની પાંખડી જે કાંઇ

અમો આપીએ છીએ તે સ્વીકારશો અને એવો આશીર્વાદ આપતા રહેશો કે આપનો યોગ્ય સત્કાર કરવાનો અવસર પરમાત્મા અમને સત્વરજ આપે!"

"જાડેજાવંશભૂષણ, ધન્ય છે આપની ઉદારતાને! પણ અન્નદાતા, અત્યારે હું આ લાભની આશાથી અહીં આવ્યો નથી, કિંતુ કેવળ આપને આશીર્વાદ આપવામાટે જ આવ્યો છું. આપ ધર્માત્મા છો એટલે પરમાત્મા અવશ્ય આપનો વિજય કરશે, એ નિશ્ચયપૂર્વક માનજો. આ કોરી બસેં હાલ તરત સાથે લેતા જાઓ; કારણ કે, અત્યારે આપને એ સાધનની આવશ્યકતા છે. જ્યારે પરમાત્મા આપનો સારો સમય લાવે, ત્યારે આનાથી દશગણી દક્ષિણા આપશો તો તેનો આ ગઢવી આનંદથી સ્વીકાર કરશે." આ પ્રમાણે બોલીને ગઢવીએ કોરી પાછી આપવાનો પ્રયત્ન કર્યો.

પરંતુ ખેંગારજીએ તેનો અસ્વીકાર કરીને કહ્યું કે: "ગઢવીજી, આપ્યાં દાન પાછાં લેવાતાં નથી; માટે આ કોરી રાખો અને સમય આવશે, ત્યારે આનાથી દશગણી તો શું પણ પચાસ ગણી રકમ હું આપીશ અને ત્યારે જ મારા અંતઃકરણમાં સંતોષ થશે."

ગઢવી જાણી ગયો કે, ખેંગારજી આપેલી કોરી પાછી લે તેમ નથી એટલે તે વધારે કાંઇ પણ બોલ્યો નહિ અને ત્યાર પછી તરત જ ખેંગારજીએ સર્વને પ્રણામ કરીને પોતાના અશ્વને ચલાવવાનો આરંભ કરી દીધો. અશ્વની પાછળ બે ઊંટો પણ ચાલતા થયા. જાલિમસિંહ તથા વૈરિસિંહ લગભગ અડધા ગાઉ સુધી તેમની સાથે વાતો કરતા ચાલ્યા ગયા અને ત્યાર પછી ખેંગારજીના આગ્રહથી ઘેર આવવામાટે પાછા વળ્યા. ખેંગારજી, સાયબજી, છચ્છર, રણમલ્લ તથા રણમલ્લનો ભત્રીજો હવે વાહનોને દ્રુત ગતિથી ચલાવીને અમદાવાદની દિશામાં આગળ વધવા લાગ્યા.

## તૃતીય પરિચ્છેદ

## અહુમ્મદાબાદ (અમદાવાદ) દર્શન

[જાલીમસિંહના ગ્રામમાંથી નીકળેલા ખેંગારજી, સાયબજી, તથા છચ્છર અને તેમના બે અંગરક્ષકો ત્યાંથી નીકળ્યા પછી છઠ્ઠે દિવસે પ્રભાતમાં સાભ્રમતી (સાબરમતી)ના પશ્ચિમતીરપ્રાંતમાં નિર્વિઘ્ન આવી પહોંચ્યા] અને ત્યાં ઊભા રહી સાભ્રમતી નદીના જલપ્રવાહ, ત્યાં સ્નાન

કરતાં સ્ત્રીપુરુષો તથા અહમ્મદાબાદ નગરનાં ગગનચુંબિત રાજમહાલયો અને અન્યાન્ય હવેલીઓનાં દર્શન તથા નિરીક્ષણથી પોતાનાં નેત્રોને આનંદ આપવા લાગ્યા. હવે આપણે અહીં સાભ્રમતી નદી તથા અહમ્મદાબાદ—અમદાવાદ—નગરનું કિંચિત્ પૌરાણિક તથા ઐતિહાસિક દિગ્દર્શન કરીશું.

તે સમયમાં પણ અત્યારે જ્યાં નગરની પશ્ચિમે સાભ્રમતીનો પ્રવાહ દૃષ્ટિગોચર થાય છે, ત્યાં જ એ પ્રવાહ વહેતો હતો. નગરની પાસે તેની પહોળાઇ ૫૦૦ થી ૬૦૦ ગજની હતી. ગ્રીષ્મ ઋતુ વર્તમાન હોવાથી તે સમયે નદીમાં જલની એટલી વિપુલતા નહોતી કે તેમાં નૌકાઓ તરી શકે અને ચાલી શકે; અર્થાત્ લોકો પગે ચાલીને, ઊંટપર બેસીને, ગાડામાં બેસીને અથવા અશ્વારૂઢ થઇને તે પારથી આ પાર આવતા હતા અને આ પારથી પેલે પાર જતા હતા; કારણ કે, તે સમયમાં અત્યારના 'એલિસ્ બ્રિજ' જેવો કોઇ સેતુ (પુલ) અસ્તિત્વમાં નહોતો. સાભ્રમતીના તીરપ્રાંતમાં નીલકંઠ મહાદેવ, ખડ્ગધારેશ્વર મહાદેવ, અને ભીમનાથ મહાદેવ આદિ પ્રખ્યાત શિવાલયો તે કાળમાં પણ વિદ્યમાન હતાં અને તે ઉપરાંત કેટલાક ઘાટો પણ એવા તો સુંદર બાંધેલા હતા કે તેમના યોગે તીરપ્રાંતને સ્વર્ગીય શોભા પ્રાપ્ત થયેલી હતી.

એ સાભ્રમતીની ઉત્પત્તિ વિશે 'પદ્મપુરાણ'માં જે એક પ્રાચીન કથા આપવામાં આવી છે, તેનો સંક્ષિપ્ત સાર આ પ્રમાણે છે:— પવિત્ર સરસ્વતી નદીવડે મંડિત અર્બુદાચલ નામક પર્વતમાં કશ્યપજીએ અનેક વર્ષો પર્યન્ત મહાભારત તપ કર્યું હતું; એટલે કે, મુનિજનોએ કશ્યપજીને એવી પ્રાર્થના કરી હતી કે, 'લોકોના કલ્યાણમાટે તમો ગંગા નદીને આ સ્થાનમાં લાવો;' અર્થાત્ તેમની એ પ્રાર્થના સાંભળીને કશ્યપે અર્બુદ વનમાં સરસ્વતી નદીના તીરપ્રાંતમાં તપનો આરંભ કરી દીધો અને તેમની સાથે અન્ય ઋષિઓ પણ શિવની આરાધના કરવા લાગ્યા. અંતે તેમના તપથી પ્રસન્ન થયેલા મહાદેવે ત્યાં પ્રકટ થઇને કહ્યું કે: "હે કશ્યપ, તમો મારી પાસેથી ઇચ્છિત વર માગી લ્યો." એટલે કશ્યપે કહ્યું કે: "આપના શિરમાં જે પવિત્ર ગંગાજી છે, તે આપ મને આપી દ્યો." આ શબ્દો સાંભળતાં જ મહાદેવજીએ પોતાની એક જટામાંથી ગંગાજી આપી દીધાં. કશ્યપ ગંગાને પોતાના આશ્રમમાં લઈ ગયો અને તે સમયથી જ કશ્યપનો આશ્રમ 'કેશરંધ્ર તીર્થ'ના નામથી તથા ગંગા 'કાશ્યપી ગંગા'ના નામથી ઓળખાવા લાગ્યાં. 'કાશ્યપી ગંગા'ના દર્શન માત્રથી જ બ્રહ્મ-

હત્યા આદિ પાપોનો નાશ થાય છે. એનું નામ સત્યયુગમાં કૃતવતી, ત્રેતામાં ગિરિકર્ણિકા, દ્વાપરમાં ચન્દના તથા કલિયુગમાં સાભ્રમતી હોય છે. એ 'કાશ્યપી ગંગા' અથવા સાભ્રમતીના તીરપ્રાંતમાં અનેક મહર્ષિઓ વસ્યા કરે છે; એ સરિતાના સલિલમાં સર્વ તીર્થોનો નિવાસ છે; એ નદીના તીરપ્રાંતમાં શ્રાદ્ધ કરવાથી પિતૃઓનો સત્વર ઉદ્ધાર થઈ જાય છે અને એ નદીના તીરપ્રાંતમાં જે બ્રહ્મચારીશ તથા ગંગાધર નામક શિવલિંગો તેમ જ રાજખડ્ગ નામક પવિત્ર તીર્થ છે, તે તીર્થમાં સ્નાન કરવાથી બ્રહ્મહત્યા આદિ પાપોનું નિવારણ થઈ જાય છે. આટલો વૃત્તાંત પદ્મપુરાણ, ઉત્તરખંડ, ૧૩૫ મા અધ્યાયમાં અપાયેલો છે અને ત્યાર પછીના એ જ ખંડના જે બીજા કેટલાક અધ્યાયોમાં એ વિશે વિશેષ ઉલ્લેખો કરાયા છે, તેમનો સાર આ પ્રમાણે છે:— સાભ્રમતી નદી નન્દીકુંડમાંથી નીકળી અર્બુદ પર્વતને ઉલ્લંઘીને આગળ વધેલી છે. નન્દીકુંડની પાસે કપાલમોચન તીર્થ તથા કપાલેશ્વ શિવલિંગ છે. (૧૩૬ મો અધ્યાય). સાભ્રમતી નદી નન્દીપ્રદેશમાંથી વિકીર્ણ વનમાં જઇને પર્વતોની ધારાને કાપતી સપ્તધારામાં વિભક્ત થઇને દક્ષિણ દિશામાં સમુદ્રમાં મળી ગઈ છે. તેની એ સપ્તધારાઓનાં અનુક્રમે સાભ્રમતી, સેટિકા, બલ્કિની, હિરણ્યા, હસ્તિમતી, વેત્રમતી અને ભદ્રામુખી એ સાત નામો છે. (૧૩૭મો અધ્યાય). માતૃતીર્થ સમીપ સાભ્રમતીમાં સ્નાન કરવાથી માતૃમંડળમાં નિવાસ થાય છે. સાભ્રમતી તથા ગોક્ષુરાના સંગમમાં સ્નાન કરનારને કોટિ યજ્ઞના ફળની પ્રાપ્તિ થાય છે. (૧૩૯ મો અધ્યાય). સાભ્રમતીના તીરે ખડ્ગ તીર્થમાં સ્નાન કરીને ખડ્ગધારેશ્વર મહાદેવના દર્શન કરવાથી મનુષ્યને સ્વર્ગલોક મળે છે. કાર્તિક માસમાં ખડ્ગધારેશ્વર મહાદેવની પૂજા કરવાથી મનોવાંચ્છિત ફળ મળે છે અને વૈશાખ માસમાં પૂજા કરવાથી રાજ્યની પ્રાપ્તિ અથવા રાજ્યલાભ થાય છે. (૧૪૭ મો અધ્યાય). સમુદ્ર તથા સાભ્રમતીના સંગમમાં સ્નાન કરવાથી મહાપાતકોનો પણ નાશ થઇ જાય છે અને ત્યાં શ્રાદ્ધ કરવાથી બ્રહ્મહત્યા આદિ પાપોનો લોપ થતાં મનુષ્ય પિતૃલોકમાં નિવાસ કરી શકે છે. (૧૭૦ મો અધ્યાય). સાભ્રમતીના તીરપ્રાંતમાંના નીલકંઠ તીર્થમાં નીલકંઠ મહાદેવના દર્શન તથા પૂજન આદિ કરવાથી મનોવાંચ્છિત ફળ મળે છે અને મોક્ષનો પણ લાભ થાય છે.*

---

* અત્યાર સુધી કેટલાક લોકોની એવી માન્યતા હતી કે, ઉદયપુર રાજ્ય (મેવાડ) માંના ઢેબર નામક પ્રચંડ તડાગ (તળાવ)માંથી જ સાભ્રમતી (સાબરમતી) નદીનો ઉદ્ભવ થયેલો છે અને ત્યાંથી તેનો પ્રવાહ ગુજરાતમાં આવ્યો છે:

"અમદાવાદ નગર વસ્યા વિશે* એક એવી આખ્યાયિકા સાંભળવામાં આવે છે કે, જે વેળાયે અમદાવાદ વસ્યું નહોતું, તે વેળાયે તે સ્થાનમાં આસપાસ ધાટી ઝાડી અને તેની વચ્ચે આસ્તોડિયું અથવા આશાવલ્લી નામક એક નાનું ગામ હતું. સંસ્કૃતમાં એ ગામનું નામ 'આશાપલ્લી,' લખેલું છે. એ ગામમાં આશો નામનો એક ભિલ્લ વસતો હતો, અને તેની ગુર્જરકુમારી-ગુજર કુંવરી-નામક એક અત્યંત સૌન્દર્યવતી પુત્રી હતી. તે સમયમાં અત્યારે જ્યાં

---

પરંતુ સાભ્રમતી સરિતા અંબા ભવાની (અંબાજી માતા) ની પાસેના પાર્વત્ય પ્રદેશમાંથી એટલે કે, અર્બુદાચલ (આબૂ) માંથી નીકળીને ગુજરાતમાં આવે છે, એ વાર્તા નિર્વિવાદ સિદ્ધ થવાથી પૂર્વ માન્યતા સર્વથા અસત્ય સિદ્ધ થઇ ચૂકી છે. એ વિષે મિસ્ટર હેન્રી જ્યોર્જ બ્રિગ્સ પોતાના "The cities of Gujarashtra" નામક ગ્રંથના ૨૦૮ મા પૃષ્ઠમાં લખે છે કે:—

"The Sàharmati (*vulgace* Sabermaty)-frequently confounded with Saraswati, the Arethusa of Gujarat takes its rise in a mountain not far from Amba Bhavàni, a celebrated Hindu Shrine on the confines of Marwar and Gujarat: it flows thence in a due South South-westerly direction, and disembogues itself in the Gulf of Cambay and its junction with the river Mahi........... It was formerly believed that the Sàharmati had its origin in the Debar lake in the province of Udipur; but this idea has become exploded with more accurate knowledge."

અહીં જે એક વાર્તા વિશેષતઃ ધ્યાનમાં રાખવાની છે, તે એ છે કે, કેટલીક વાર પુરાણોમાંથી પણ કેટલીક વાર્તાઓ કેટલીબધી સત્ય તથા ઉપયુક્ત થઇ પડે તેવી મળી આવે છે; અર્થાત્ પુરાણોમાં કેટલાકો માને છે તેમ સર્વથા ગપાષ્ટકોનો જ સુકાળ નથી હોતો અને આ એનું એક પ્રત્યક્ષ પ્રમાણ છે. બ્રિગ્સ્ જેવા ઇતિહાસવેત્તાએ સાભ્રમતીના ઉત્પત્તિસ્થાનનો અત્યારના સમયમાં અમુક શોધ પછી જે નિર્ણય કર્યો છે, તે વાર્તાનો 'પદ્મપુરાણ'માં પ્રથમથી જ ઉલ્લેખ કરાયલો છે; એટલે કે, સાભ્રમતીનો ઉદ્દ્ભવ અર્બુદ પર્વતમાંથી થયો છે, એવું 'પદ્મપુરાણ'માં સ્પષ્ટ વિધાન કરેલું છે. આવી જ રીતે જો પુરાણોનું એકાગ્રતાથી અવલોકન કરવામાં આવે તો અન્ય પણ કેટલાક વિવાદગ્રસ્ત ઇતિહાસોપયોગી વિષયોનું પુરાણોની સહાયતાથી નિરાકરણ થઇ શકે તેમ છે.

* 'ગુજરાતી' ની ૨૭ મી ભેટ તરીકે પ્રકટ થયેલી '**ભદ્રકાળી અથવા પાવાગઢનો પ્રલય**' નામક ઐતિહાસિક નવલકથામાં જે ઐતહાસિક પ્રસંગ ચર્ચવામાં આવ્યો છે, તે પ્રસંગ સાથે તે સમયના અમદાવાદના સુલ્તાન મહમ્મદ બેગડાનો ગાઢ સંબંધ હોવાથી તે નવલકથાના પૃષ્ઠ ૯૯,૧૦૦ અને

માણેકચોક છે, ત્યાં સાભ્રમતી નદીનો વહનમાર્ગ* હતો. એ સ્થળે તે બાળા નિત્ય પાણી ભરવા આવતી હતી. એક દિવસ પાટણના બાદશાહ અહમ્મદશાહનો રાવત બાદશાહના ઘોડાને પાણી પાવા ત્યાં આવ્યો અને તેનો એ ગુર્જરકુમારી સાથે અચાનક મેળાપ થઇ ગયો. એ પછી તે રાવત નિત્ય તે ઘોડાને લઇને પાટણથી આવતો અને તે જ રાતે ગુર્જરકુમારીને મળીને પાછો પાટણ પહોંચી જતો હતો. અંતે એ વાર્ત્તા બાદશાહના જાણવામાં આવી અને તેથી બાદશાહે ત્યાં આવીને સંવત્ ૧૪૬૭ માં પોતાના નામથી અહમ્મદાબાદ નામક નગર વસાવ્યું કે જેનું પછીથી 'અમદાવાદ' એવું અશુદ્ધ કિંવા અપભ્રષ્ટ રૂપ થઇ ગયું અને તે અત્યાર સૂધી પ્રચલિત છે. બાદશાહોનું સિંહાસન અમદાવાદમાં હોવાથી કેટલાકો એ નગરને રાજનગર નામથી પણ ઓળખે છે અને તે યોગ્ય જ છે. અહમ્મદાવાદ વસાવ્યા પછી બાદશાહે ગુર્જરકુમારીને પોતાના અંતઃપુરમાં રાખી. વનવાસિનીને રાજમંદિરનિવાસિની બનાવી. એ સમયમાં સાભ્રમતી નદીના તીરપ્રાંતમાં માણેકનાથ બાવો વસતો હતો. બાદશાહે જ્યારે નગરની આસપાસ ફરતો કોટ ચણાવવા માંડ્યો ત્યારે ચમત્કાર એવો થયો કે, જે વેળાયે દિવસે કોટના ચણતરનું કામ ચાલતું, તે વેળાયે બાવો માણેકનાથ પોતાની એક જૂની ફાટેલી ગોદડીમાં દોરા ભરવા બેસતો અને રાતે ગોદડીમાંથી તે દોરા કાઢી નાખતો એટલે ચણાયલો બધો કોટ કડડ ભૂસ દઇને પડી જતો. આ વાર્ત્તા જે વેળાયે બાદશાહના જાણવામાં આવી તે વેળાયે બાદશાહે એમ ન કરવાને બાવાને નમ્રતા

---

૧૦૧ માં અમદાવાદ વસ્યા વિશેની પ્રચલિત બે આખ્યાયિકાઓ આપવામાં આવી છે અને પ્રસ્તુત નવલકથામાં પણ સુલ્તાન મહમ્મદ બેગડાનો તથા અમદાવાદનો કેટલોક મહત્ત્વનો સંબંધ આવતો હોવાથી પ્રસંગને અનુકૂળ જાણીને અમદાવાદ વસ્યા વિશેની તે બે આખ્યાયિકાઓ અહીં પણ આપવામાં આવી છે; માત્ર એટલું જ નહિ, પણ તે અક્ષરશઃ 'ભદ્રકાળી'માંથી જ ઉતારી લેવામાં આવી છે; કારણ કે, જો અહીં એ આખ્યાયિકાઓ આપવામાં ન આવે, તો અમદાવાદનું વર્ણન અપૂર્ણ રહી જાય, એ સ્વાભાવિક જ છે.

* ફ્રિગ્સ્ પોતાના "The Cities of Gujarashtra" નામક ગ્રંથના ૨૦૮ મા પૃષ્ઠમાં જણાવે છે કે: "સાભ્રમતી નદી પ્રથમ ભદ્ર, કારંજ અને ત્રણ દરવાજાની વચ્ચે ચતુષ્કોણ ભૂભાગમાંથી વહન કરતી હતી, પરંતુ જ્યારે હિજરી સન્ ૮૯૧ (ઇ. સ. ૧૪૮૫)માં મહમૂદ બેગડાની આજ્ઞાથી કિલ્લો બાંધવાનું કામ ચાલતું હતું, તે વેળાયે નદીના પ્રવાહને સ્થાનાન્તરિત કરવામાં આવ્યો હતો." ("The Saharmati, which originally ran through the square area about the Karanj, and between the Bhadra and Three

પૂર્વક પ્રાર્થના કરી એટલે બાવાએ જણાવ્યું કે: 'જો તમો મારું નામ કાયમ રાખો તો કોટ ચણાય અને શહેર પણ આબાદ થાય.' બાદશાહે તેની માગણીને માન આપી તેના નામનો 'માણેકબુર્જ' ચણાવ્યો અને ચોકનું 'માણેકચોક' નામ રાખ્યું કે જે અદ્યાપિ અવિચલ છે.

"બીજી એક આખ્યાયિકા કિંવા ઐતિહાસિક કથા એવી છે કે જે વેળાયે સુલ્તાન મુજફ્ફરશાહ મરી ગયો, તે વેળાયે તેનો પૌત્ર અહમ્મદશાહ ગુજરાતનો સુલ્તાન થયો. પરંતુ તેનો પિત્રાઇ ફીરોજશાહ તેના સુલ્તાનપદનો અસ્વીકાર કરીને પોતે સુલ્તાન થવાની આકાંક્ષાથી ભૃગુપુર (ભરૂચ)માં સાત કે આઠ હજાર માણસનું સૈન્ય એકઠું કરી નર્મદાના તીરે છાવણી નાખીને પડ્યો. એ બળવાખોર ફીરોજશાહને દાબી દેવામાટે જ્યારે અહમ્મદશાહ પાટણથી ભરૂચ તરફ આવવા નીકળ્યો ત્યારે વચ્ચે સાભ્રમતીના તીરપ્રાંતમાં આવેલા આશાવલી ગામ પાસે તેના લશ્કરે છાવણી નાખી. એ સ્થાનનાં હવાપાણી બાદશાહને ઘણાં જ સારાં લાગવાથી ફીરોજશાહને પરાજિત કર્યાં પછી તેણે એ સ્થાનમાં પોતાના નામથી નવીન નગર વસાવ્યું અને તેને જ પોતાની રાજધાનીનું કેન્દ્રસ્થાન બનાવ્યું. એ પછી પાટણના સુલ્તાનો અહમ્મદાબાદ (અમદાવાદ)માં વસવા લાગ્યા અને તેઓ અમદાવાદના સુલ્તાનના નામથી ઓળખાતા થયા.

"અમદાવાદના આબાદ થવા વિશેની એ બન્ને આખ્યાયિકાઓમાં કેટલોક ભેદ હોવા છતાં એટલું તો નિર્વિવાદ જણાઈ આવે છે કે, અમદાવાદનો વસાવનાર તો અહમ્મદશાહ પહેલો જ હતો અને અત્યારે એ નગર તેના નામથી જ ઓળખાય છે; માત્ર એટલું જ નહિ, પણ મૂળ આસ્તોડિયા અથવા આશાવલી ગામના સ્મારકરૂપ 'આસ્તોડિયો દરવાજો' પણ અત્યાર સૂધી કાયમ છે. અસ્તુ.

"અમદાવાદનો મૂળ વસાવનાર તો અહમ્મદશાહ હતો, પણ મહમૂદ બેગડો ગુજરાતનો એક મહાપ્રતાપી સુલ્તાન હોવાથી તેના સમયમાં અમદાવાદની જાહોજલાલી ઘણી જ વધી ગઇ હતી. અત્યારે અમદાવાદમાં મુસલ્માનોના સમયની જે સારી સારી ઇમારતોનાં જોવા-

---

Gates, but the course of the stream was diverted by Mahmud Shabâi the First, Surnamed Begadà, when the city walls were constructed under his mandate in 891 A. H., corresponding with 1485, of the Christian era.") જો કે અહીં કિંચિત્ મતભેદ છે, છતાં એ તો નિર્વિવાદ સિદ્ધ થાય છે કે, અત્યારે જ્યાં છે ત્યાં અમદાવાદ વસ્યા પૂર્વે સાભ્રમતીનો પ્રવાહ નહોતો.

લાયક ખંડિયેરો છે, તેમાંની ઘણીખરી ઇમારતો એ મહમૂદ બેગડાના સમયમાં જ અસ્તિત્વમાં આવી હતી. અર્થાત્ એટલાથી જ અમદાવાદની તે વખતની જાહોજલાલીની કાંઇક કલ્પના કરી શકાય એમ છે.”

અમદાવાદના વસાવનાર અહમ્મદશાહ પહેલા એ જ અમદાવાદનો કિલ્લો ચણાવવાના કાર્યનો આરંભ કર્યો હતો, એ તો ઉપર દર્શાવેલું જ છે; પરંતુ તેના જીવનકાળમાં એ કિલ્લો આખો તૈયાર થઈ શકયો નહોતો; માત્ર એટલું જ નહિ, પણ તેની પછીના બે સુલ્તાન મહમૂદશાહ ૧ લો તથા જલાલખાન ઉર્ફે કુતુબુદ્દીનના રાજત્વકાળમાં પણ કિલ્લો અપૂર્ણ અવસ્થામાં જ રહ્યો હતો; કારણ કે, એ દુર્ગની સમાપ્તિનો યશ મહમૂદ બેગડાના ભાગ્યમાં લખાયલો હોવાથી તેના હસ્તે જ એ કાર્યની પૂર્ણાહુતિ થઇ હતી. કહેવામાં આવે છે કે, બેગડાના સમયમાં અમદાવાદના કિલ્લાનો વિસ્તાર લગભગ છ માઇલનો એટલે કે ત્રણ ગાઉનો હતો, તેની ઉંચાઈ પંદર ફીટની હતી અને સાધારણ દીવાલોની પહોળાઈ ચારથી પાંચ ફીટની હતી. પ્રત્યેક પચાસ કદમને અંતરે મોટા મોટા બુર્જ બાંધવામાં આવ્યા હતા અને તેમાં અંદરથી ગોળીબાર કરવામાટે નાનાં મોટાં છિદ્રો રાખવામાં આવ્યાં હતાં. તે સમયમાં અમદાવાદના દુર્ગમાં બધા મળીને અઢાર દરવાજા હતા અને તે એટલા તો વિશાળ હતા કે ઉંચી અંબાડીઓ સુદ્ધાં હાથીઓ તેમાંથી નીકળી જતા હતા અને તો પણ ઉપર કેટલોક ભાગ ખાલી રહેતો હતો. એ દુર્ગદ્વારોનાં બારણાં લોહ તથા કાષ્ઠના મિશ્રણથી બનાવેલાં હોવાથી એવાં તો મજબૂત હતાં કે તોપના ગોળા આવીને તેમનાપર પડે, તો પણ ભાગ્યે જ તેમને ઇજા પહોંચવાનો સંભવ માની શકાય. ફરિશ્તા પોતાના ઇતિહાસગ્રંથમાં એક સ્થળે લખે છે કે: ‘તે સમયમાં અમદાવાદના ૩૬૦ મહલ્લા દીવાલોથી સુરક્ષિત હતા.’ (એ કદાચિત્ પોળો જ હોવી જોઇએ; કારણ કે, હજી પણ જૂની પોળોના દરવાજા કિલ્લાના દરવાજા જેવા જ જોવામાં આવે છે); અને ‘તે કાળમાં અમદાવાદ નગરની વસતી નવ લાખ મનુષ્યોની સંખ્યાએ પહોંચી હતી.’

‘મીરાતે સિકન્દરી’ નામક ગુજરાતના ઇતિહાસમાં તેનો કર્ત્તા લખે છે કે: “બેગડાના રાજત્વકાળમાં ગુજરાત દેશને પણ નવી તેજી આવી હતી અને તે એવી કે એવી તેજી તે પૂર્વે કદાપિ આવી જ નહોતી. સિપાહીઓની સ્થિતિ સારી હતી અને પ્રજાને કોઇ પણ પ્રકારનો ઉપદ્રવ નહોતો. સાધુ સંતો સ્થિર ચિત્તથી પરમેશ્વરની પ્રાર્થનામાં નિમગ્ન રહેતા હતા અને વ્યાપારીઓ વ્યાપાર તથા નફાથી ખુશખુશાલ જોવામાં આવતા હતા. દેશમાં સર્વત્ર નિર્ભયતા હતી અને ચોરોનો

ભય તો હતો જ નહિ. અર્થાત્ સુવર્ણ ઉછાળતા લોકો ચાલ્યા જાય, તો પણ કોઈ તેમના સુવર્ણપર દૃષ્ટિપાત કરી શકતું નહોતું અને તેથી કોઇને પોકાર કે ફરિયાદ કરવાનું કાંઇ પણ કારણ હતું નહિ. સુલ્તાને એવું ફર્માન જારી કર્યું હતું કે, 'અમીર અથવા લશ્કરમાંનો કોઇ પણ સિપાહી લડાઇમાં મરી જાય અથવા કુદરતી રીતે તેનું મરણ થાય, તે વેળાયે તેની જાગીર તેના પુત્રને આપવી; જો તેને પુત્ર ન હોય, તો તેની જાગીરનો અર્ધ ભાગ તેની પુત્રીને આપવો અને જો પુત્રી પણ ન હોય, તો તેના આશ્રિતોને આજીવિકામાટેની એવી વ્યવસ્થા કરી આપવી કે તેમને કોઇ પણ પ્રકારની હરકત ન થવા પામે.' એમ કહેવામાં આવે છે કે, એક મનુષ્યે સુલ્તાન બેગડાને આવીને કહ્યું કે: 'અમુક એક અમીર સ્વર્ગવાસી થયો છે અને તેનો પુત્ર તેની પદવીને લાયક નથી.' એટલે એના ઉત્તરમાં સુલ્તાને જણાવ્યું કે: 'ચિન્તા નહિ; પદવી પોતાની મેળે જ તેને લાયક બનાવશે.' ત્યાર પછી આ વિષયમાં કોઇથી એક શબ્દ પણ ઉચ્ચારી શકાયો નહિ. બેગડાના સમયમાં પ્રજા સર્વ પ્રકારનાં સુખો ભોગવતી હતી અને ધનધાન્યવડે સમૃદ્ધ હતી તેનું કારણ એ હતું કે, અત્યાચાર તથા અનાચાર જેવા અપરાધો વિના અન્ય કોઇ પણ કારણથી જાગીરદારોની જાગીરો પાછી લઈ લેવામાં આવતી નહોતી અને સરકારી મેહસૂલ જેટલું પ્રથમ ઠરાવવામાં આવ્યું હોય તેટલું જ તેમની પાસેથી વસૂલ કરવામાં આવતું હતું. સંક્ષેપમાં કહેવાનું એટલું જ કે જ્યારે સુલ્તાન મહમૂદ શહીદના સમયમાં કેટલાક કરકસરિયા વજીરોએ દેશની ઉપજની તપાસ કરી જોઈ ત્યારે તેમને ઉપજમાં દશગણો વધારો થયેલો દેખાયો અને કોઈ પણ ગામમાં બેવડાથી ઓછો વધારો તો નહોતો જ. વ્યાપારીઓને લૂટારાનાનો ભય તો હતો જ નહિ; કારણ કે, માર્ગોમાં નિર્ભયતાના કઠિન ઉપાયો યોજવામાં આવ્યા હતા અને તેથી સુલ્તાનના સમસ્ત રાજ્યમાં ચોર તથા લૂટારાની ઉત્પત્તિ થતી અટકી ગઈ હતી. સાધુ સંતો નિર્ભયતામાં રહી શકતા હતા તેનું કારણ એ હતું કે સુલ્તાન પોતે જ એ માન્યવર સાધુ સંતોનો એક આજ્ઞાધીન શિષ્ય તથા ભાવિક ભક્ત હતો. તે પ્રતિવર્ષ તેમની જાગીરમાં વધારો કરી આપતો હતો અને જ્યાં તેમની ઇચ્છા હોય ત્યાં તેમને વજીફા (પેન્શન) આપતો હતો. પ્રવાસીઓમાટે રાજ્યમાં સર્વત્ર તેણે મોટી મોટી ધર્મશાળાઓ ચણાવી હતી તથા સ્વર્ગ સમાન પાઠશાળાઓ અને મસ્જિદો પણ બંધાવી હતી. સુલ્તાન બેગડો અત્યંત ન્યાયપ્રિય હોવાથી કોઈ પણ મનુષ્ય બીજા કોઈ મનુષ્યની હાનિ કરી શકતો નહોતો." અર્થાત્

જેના સમસ્ત રાજ્યમાં આવી સુવ્યવસ્થા તથા સમૃદ્ધિનો વિસ્તાર હોય, તેની રાજધાનીમાંની સુવ્યવસ્થા તથા સમૃદ્ધિ કેવી અને કેટલી હોવી જોઇએ એની સહજ કલ્પના કરી શકાય તેમ છે.

"સુલ્તાન બેગડાના સમયમાં અનાજની મોંઘવારી કદાપિ થઇ જ નહોતી અને તે એટલે સુધી કે પ્રત્યેક વસ્તુ સોંઘી હતી. ત્યાર પછી ગુજરાતના લોકોએ એવી સોંઘવારી સ્વપ્નમાં પણ જોઈ નથી. કોઈ પણ દિવસ બેગડાના લશ્કરે ચંગીજખાન મુગલની પેઠે હાર ખાધી નહોતી અને તેથી સુલ્તાનને નવી નવી જીતો જ મળ્યા કરતી હતી. સુલ્તાનનો એવો સખ્ત હુકમ હતો કે: 'લશ્કરનાં માણસોએ કર્જ કરવું નહિ.' એ લશ્કરી માણસોમાટે મેહસૂલનો અમુક ભાગ જૂદો રાખવામાં આવતો હતો અને તેમાંથી સિપાહીઓને અગત્ય પડે ત્યારે નાણું આપીને પાછું તે વસૂલ કરવામાં આવતું હતું. આ વ્યવસ્થાથી વ્યાજખોર લોકો મહાસંકટમાં આવી પડ્યા હતા અને લોકો તે વ્યાજખાઉઓને શ્વાન કરતાં પણ વધારે હલકા માનતા હતા. સુલ્તાન વારંવાર કહેતો કે: 'જો મુસલ્માન વ્યાજે રૂપિયા લે, તો તેમનાથી ધર્મયુદ્ધ કરી શકાય જ નહિ.' આ કારણથી પરમેશ્વર તેને નિરંતર વિજય અને વિજય જ આપ્યા કરતો હતો."

સુલ્તાન મહમૂદ બેગડાને સુશોભિત, વિશાળ અને સારી ઇમારતો બંધાવવાનો શૌક હોવાથી અમદાવાદના તે સમયના આગારો ગગન સાથે વાર્ત્તાલાપ કરતા હતા અને કેટલાક ગાઉના અંતરપરથી પણ બેગડાના મહાલયના ગુંબજો સ્પષ્ટ દેખાતાં હતાં. સુલ્તાનને રાજી રાખવામાટે અમીર ઉમરા તથા મોટા મોટા વ્યાપારીઓએ પણ એવી હવેલીઓ બંધાવી હતી કે જે બીજા કોઈ દેશનાં રાજમંદિરોની સ્પર્ધા કરવાને સમર્થ હતી. એ ઉપરાંત પોતાના રાજ્યમાં નાના પ્રકારનાં પુષ્પવૃક્ષ તથા ફળવૃક્ષોને વધારવાનો પણ સુલ્તાનને એટલો બધો શૌક હતો કે રૈયતનો કોઈ પણ મનુષ્ય પોતાની જમીનમાં વૃક્ષ વાવે, તો તેને તે યોગ્ય ઉત્તેજન આપતો હતો. એ વિશે એવું કહેવામાં આવે છે કે માર્ગમાં અથવા તો કોઈ ગરીબની ઝૂપડી આગળ કોઈ વૃક્ષ ઉછરેલું સુલ્તાનના જોવામાં આવતું, તો સુલ્તાન પોતાના અશ્વને ઊભો રાખી તે વૃક્ષના ઉછેરનારને પોતા પાસે બોલાવીને મેહરબાની બતાવતો અને પૂછતો કે: 'આ વૃક્ષને પાણી ક્યાંથી લાવીને તું પાય છે?' જો તે ગરીબ માણસ એમ કહેતો કે: 'પાણી દૂરથી લાવું છું અને રસ્તામાં મુસ્કેલી છે,' તો તરત જ સુલ્તાન તેને નજદીકમાં કૂવો ખોદાવી આપતો હતો અને કહેતો હતો કે: 'જો તું

અમુક વૃક્ષોને ઉછેરીશ, તો તને સારું ઇનામ આપવામાં આવશે.' સુલ્તાનના આ શૌકના કારણથીજ ગુજરાતમાં આંબા, દાડમડી, રાયણ, જાંબુ, નાળિયેર, બેલ અને મહુડા આદિ વૃક્ષોનો સુકાળ થયો હતો કે જે અદ્યાપિ ગુજરાતમાં વિપુલ પરિમાણમાં જોવામાં આવે છે. સુલ્તાને પોતે અમદાવાદ નગરના બાહ્ય ભાગમાં પાંચ કોસ લાંબો અને એક કોસ પહોળો 'ફિરદોસ' નામક બગીચો બનાવ્યો હતો અને તે ખરેખર 'ફિરદોસ' એટલે કે, સ્વર્ગનો જ બગીચો હતો અને 'શાબાન' નામક એક બીજો સ્વર્ગસ્પર્ધિત બાગ પણ એ સુલ્તાનના સમયમાં જ અસ્તિત્વમાં આવ્યો હતો. આવી જ રીતે રાજધાની, અન્ય નગર અથવા કસ્બામાં જો કોઈ પણ દુકાન અથવા ઘરને તે ખાલી જોતો, તો ત્યાંના અધિકારી તથા અનુચરોને તેનું કારણ પૂછીને જે કાંઇ આવશ્યકતા હોય તે પૂરી પાડી તેને આબાદ કરવાનો હુકમ ફર્માવતો હતો. આ પ્રમાણે સમસ્ત ગુજરાત દેશ કુરાન શરીફની આયાત 'જે દાખલ થાય છે તે સહીસલામત છે' પ્રમાણે સુખી હતો; તો પછી જો અમદાવાદની પ્રજા સુખના શિખરભાગમાં વિરાજતી હોય, તો તે સ્વાભાવિક છે. અસ્તુઃ હવે આપણે આપણી કથાના અનુસંધાનમાં આગળ વધીશું.

આપણા ખેંગારજી, સાયબજી, છચ્છર, રણમલ્લ તથા તેના ભત્રીજા આદિ પાંચે પ્રવાસીઓએ ત્યાં પડાવ નાખી એટલે કે સાભ્રમતી નદીના પશ્ચિમતીરપ્રાંતમાં રોકાઈ શૌચ, દંતધાવન તથા સ્નાન આદિ કાર્યોથી મુક્ત થઇને હવે નગરમાં કેવી રીતે પ્રવેશ કરવો અને અલૈયાજીને પ્રથમ ખબર આપ્યા પછી તેમની પાસે જવું કે અચાનક જઈ પહોંચવું, એ વિશેનો વિચાર કરવા માંડ્યો. કેટલીક વાર સુધી વિચાર ચલાવ્યા પછી તેઓ એવા નિશ્ચયપર આવ્યા કે, છચ્છર તથા રણમલ્લે પ્રથમ અમદાવાદ નગરમાં જવું, અલૈયાજીના નિવાસસ્થાનનો પત્તો મેળવવો, અલૈયાજીને મળીને ખેંગારજી તથા સાયબજીના આગમનના સમાચાર આપવા અને ત્યાર પછી અલૈયાજીનો જેવો અભિપ્રાય હોય, તદનુસાર ખેંગારજી તથા સાયબજીએ અમદાવાદ નગરમાં પ્રવેશ કરવો. આ નિશ્ચય અનુસાર છચ્છર તથા રણમલ્લ નગરમાં જવાને તૈયાર થયા, પરંતુ એટલામાં છચ્છરના મનમાં અચાનક એક વિચાર આવવાથી તે ખેંગારજીને સંબોધીને કહેવા લાગ્યો કેઃ—

"અન્નદાતા, આ અમદાવાદ નગર અતિશય વિશાળ છે એટલે અલૈયાજીના નિવાસસ્થાનને શોધતાં જ કદાચિત્ વધારે સમય થઈ જાય, એવો સંભવ છે; અથવા તેમના ગૃહનો પત્તો તત્કાળ મળી જાય અને તેમનો પોતાનો મેળાપ ન થાય, તો પણ વિલંબ થવાની સંભાવના

છે, એટલામાટે આપણે પ્રથમ નાસ્તા પાણીની વ્યવસ્થા કરી લઇએ અને ત્યાર પછી જ અમો બન્ને નગરમાં જઇએ, એ વધારે સારું છે; કારણ કે, ત્યાર પછી અમો કદાચિત્ મોડા આવીએ, તો પણ ચિન્તાનું કારણ રહેશે નહિ."

આ વાર્ત્તા સર્વને યોગ્ય લાગવાથી પાસે જ એક શિવાલય હતો ત્યાં એ સર્વ પ્રવાસીઓ ગયા અને શિવાલયના પશ્ચાદ્ભાગમાં ઊભેલા એક વિશાળ વટવૃક્ષની છાયામાં બેસીને પોતા પાસે જે ભાતું હતું તે કાઢીને તેઓ નાસ્તાની તૈયારી કરવા લાગ્યા. શિવાલયમાં એક બાવો રહેતો હતો તેની પાસેથી એક કોરો ઘડો લઇને રણુમલ્લનો ભત્રીજો નદીમાંથી પાણી ભરી આવ્યો અને સર્વ જનો નાશ્તાને ઇન્સાફ આપવા બેસી ગયા. ખાદ્ય પદાર્થો સાધારણ પ્રકારના હતા અને તે પણ એટલા અલ્પ પરિમાણમાં હતા કે જો છચ્છર, રણુમલ્લ તથા રણુમલ્લનો ભત્રીજો પેટ ભરીને ખાય, તો ખેંગારજી તથા સાયબજીમાટે કાંઈ પણ બાકી ન રહે અને છચ્છર આદિનું પેટ પણ ભરાય કે કેમ, એની પણ શંકા જ હતી. આવી પરિસ્થિતિને જોઇને છચ્છરે પ્રથમ ખેંગારજી તથા સાયબજીને તેમના પૂરતો ભાગ કાઢી આપ્યો અને રણુમલ્લના ભત્રીજાને પણ કાંઇક વિશેષ ભાગ આપીને કહ્યું કે: "આપ પેટ ભરીને જમી લ્યો; કારણ કે, અમો બન્ને નગરમાં જઇએ છીએ એટલે જો જરૂર પડશે, તો અમે તો ત્યાંથી કાંઈ વેચાતું લઇને પણ ખાઈ શકીશું." નાસ્તો થઈ રહ્યા પછી છચ્છરે દશેક કોરી ખેંગારજી પાસેથી લઈ લીધી અને રણુમલ્લને સાથે લઇને નગરમાં જવામાટે ત્યાંથી પ્રયાણ કર્યું.

છચ્છર તથા રણુમલ્લના જવા પછી અશ્વ તથા ઊંટપરના સાજ તથા કાઠાને ઊતારીને રણુમલ્લના ભત્રીજાએ વટવૃક્ષની છાયામાં પથારી કરી અને ખેંગારજી તથા સાયબજીને તેપર બેસાડીને કહ્યું કે: "અન્નદાતા, આપ અહીં વિરાજો અને વિશ્રામ કરો. છચ્છરભાઈ તથા મારા રણુમલ્લ કાકા નગરમાંથી પાછા આવે, ત્યાં સુધી હું પણ આપના આ અશ્વ તથા અમારા બે ઊંટોને જંગલમાં લઈ જઇને ચારી આવું."

"આનંદથી જાઓ અને અશ્વ તથા ઊંટોને ચારીને પાછા વહેલા આવી પહોંચો; કારણ કે, છચ્છર ભાઈ તથા તમારા કાકા જો વહેલા આવી લાગશે, તો અમારે વળી આપને શોધવા પડશે" ખેંગારજીએ જવાની અનુમતિ સાથે સત્વર પાછા આવવાની સૂચના પણ આપી દીધી.

આ વેળાયે લગભગ એક પ્રહર જેટલો દિવસ ચઢ્યો હતો એટલે રણમલ્લના ભત્રીજાએ કહ્યું કે: "મહારાજ, એ વિશે આપ ચિન્તા રાખશો નહિ; બહુધા એક અથવા દોઢ પ્રહર જેટલા સમયમાં એટલે કે, મધ્યાન્હ પછી અલ્પ વેળામાં જ હું પાછો અહીં આવી પહોંચીશ." આ પ્રમાણે કહી તે અશ્વ તથા ઊંટોને દોરીને જંગલ ભણી ચાલતો થઈ ગયો.

સૂર્યના તાપની પ્રખરતા જો કે ક્ષણે ક્ષણે વધતી જતી હતી, છતાં જે વટવૃક્ષની છાયામાં ખેંગારજી તથા સાયબજી બેઠા હતા, તે સ્થાનમાં વિશાળ વૃક્ષની ઘનચ્છાયાનો વિસ્તાર હોવાથી તથા પશ્ચિમ દિશાના નદીના પ્રવાહપર થઇને આવતા શીતલ વાયુની મંદ લહરી પ્રચલિત હોવાથી એ બંધુદ્વયને સૂર્યના તાપનો લેશ માત્ર પણ ઉત્તાપ થતો નહોતો; માત્ર એટલું જ નહિ, પણ એ સ્થાનમાં ખેંગારજીને શાંતિ તથા વિશ્રાંતિનો એટલો બધો સાક્ષાત્કાર થવા લાગ્યો કે નિદ્રાધીન થવાની ઇચ્છા ન હોવા છતાં. પણ પ્રવાસના પરિશ્રમના યોગે તેનાં નેત્રોમાં નિદ્રાનો આવિર્ભાવ થતાં નેત્રો ઘેરાવા લાગ્યાં. તેની આવી અવસ્થાને જોઇને સાયબજીએ કહ્યું કે: "જ્યેષ્ઠ બંધુ, તમારી આંખો ઊંઘતી ઘેરાતી હોય એમ જણાય છે; તો જો તમારી ઇચ્છા હોય તો સર્વ ચિન્તાને વિસારી પ્રવાસજન્ય શ્રમના પરિહારમાટે બે ઘડી વિશ્રામ કરો. હું જાગતો બેઠો છું અને આપણી વસ્તુઓની સંભાળ રાખું છું. જ્યારે તમો જાગશો, ત્યારે અવકાશ હશે અને છચ્છર કાકા નહિ આવ્યા હોય, તો હું પણ બે ઘડી આડું પડખું કરીને નિદ્રાનો આસ્વાદ લઇશ."

"પ્રવાસમાં અત્યંત સાવધ રહેવાની આવશ્યકતા હોવાથી અને તેમાં પણ આપણાં શિરપર તો ડગલે ને પગલે સંકટ આવવાનો સંભવ હોવાથી મારી આંખો ઘેરાય છે, છતાં પણ ઊંઘવાની મારી ઇચ્છા થતી નથી; પરંતુ તમો જ્યારે જાગ્રત રહેવાનું કહો છો, એટલે હું બે ઘડી વિશ્રામ લેવાને લલચાઉં છું; પણ સાવધ રહેજો અને જો તમને વધારે ઊંઘ આવતી જણાય, તો મને જગાડીને જ સૂજો; આમને આમ નિદ્રાધીન થશો નહિ." ખેંગારજીએ સાયબજીને આ પ્રમાણે સાવધ રહેવાની યોગ્ય સૂચના આપી અને ત્યાર પછી પરિશ્રમહારિણી નિદ્રાદેવીની ઉપાસનાનો નિશ્ચિન્તતાથી આરંભ કર્યો.

સાયબજી સાવધ રહીને જાગતો બેઠો હતો. સમય પાણીના રેલાની પેઠે સરી ગયો અને જ્યારે સૂર્ય ગગનમંડળના મધ્યભાગમાં આવ્યો, તે વેળાયે પચીસ વર્ષના વયની એક પરમલાવણ્યમયી

અને ઉત્કૃષ્ટવસ્ત્રાલંકારમંડિતા રમણી મસ્તકપર ચાંદીનું બેડું લઇને ઝાંઝરને ઝમકાવતી ત્યાંથી નીકળી અને શિવાલયના સંરક્ષક ખાકી બાવાની ઝૂપડીમાં ચાલી ગઈ. આ વિલક્ષણ દૃશ્યને જોઇને સાયબજીના મનમાં અનેક પ્રકારની કુશંકાઓ થવા લાગી અને એમાં કાંઈ પણ ભેદ હોવો જોઇએ એમ તેની મનોદેવતા તેને કહેવા લાગી. તેણે એ ભેદને જાણવાનો પોતાના મનમાં નિશ્ચય કરી લીધો.

## ચતુર્થ પરિચ્છેદ

## કાપાલિકની કુટિલતા અને અબળાનો ઉદ્ધાર

જે પરમલ વણ્યવતી અને ઉત્કૃષ્ટવસ્ત્રાલંકારમંડિતા રમણી મધ્યાહ્નકાળે એ એકાંત અને બહુધા નિર્જન સ્થાનમાં આવી હતી, તે તેનાં વસ્ત્રોથી એટલે કે વસ્ત્રોની વિશિષ્ટ પદ્ધતિથી જાતિની બહુધા વૈશ્ય વનિતા હોય, એવું કેટલેક અંશે અનુમાન કરી શકાતું હતું; તેમ જ તેનાં મૂલ્યવાન્ વસ્ત્રો તથા બહુમૂલ્ય અલંકારોને જોતાં તે કોઈ ધનાઢ્ય કુટુંબની કામિની હોવી જોઇએ, એ પણ સ્પષ્ટ જણાઈ આવતું હતું. વળી તેના શરીરસૌન્દર્ય તથા લાવણ્યની છટા એવી તો આકર્ષક તથા મનોહારિણી હતી કે તેને જોઇને મુનિવરોનાં મન પણ ચળી જાય, તો પછી તેના રૂપમાં કોઈ વિકારી પુરુષનું મન લુબ્ધ થાય એ તો સ્વાભાવિક જ હતું. અર્થાત્ તેની મુખપ્રભા અને તેજસ્વિતાથી તેની કુલીનતાની પણ સહજ કલ્પના કરી શકાતી હતી. આવી એક ધનાઢ્ય, સૌન્દર્યસંપન્ન તથા કુલીન તરુણીને મધ્યાન્હના સમયમાં અરણ્યસમાન નિર્જનસ્થાનમાં વસતા એક ખાકી બાવાની ઝૂપડીમાં પ્રવેશ કરતી જોઇને કોઇના પણ મનમાં શંકા આવવાનો સંભવ હતો, તો પછી જો સાયબજીના મનમાં એવી શંકાનો આવિર્ભાવ થયો હોય, તો તેમાં આશ્ચર્ય કે નવીનતા જેવું કાંઇ હતું જ નહિ.

અસ્તુઃ ખાકી બાવાના જે નિવાસસ્થાનને આપણે 'ઝૂપડી' નામ આપ્યું છે, તે વાસ્તવિક 'ઝૂપડી' નહોતી, કિન્તુ પાકી લાલ ઈંટોનું ચણેલું એક સારું ઘર જ હતું; પરંતુ એ ખાકી બાવાનું ઘર હોવાથી લોકો તેને બાવાની ઝૂપડી જ કહેતા હતા અને તેથી અમોએ પણ અહીં 'ઝૂપડી' શબ્દનો જ પ્રયોગ કર્યો છે. એ ઘરમાં બે ઓરડા કરેલા હતા, પરંતુ બહારનું બારણું એક હોવાથી એક ઓરડામાં પ્રવેશ કરી બે ઓરડાની વચ્ચેની દીવાલમાંના બીજા દરવાજામાં થઇને બીજા ઓરડામાં જઈ શકાતું હતું. બહારના બારણાવાળા ઓરડાને બીજી બે દિશામાં બે બારીઓ હતી અને અંદરના ઓરડાને ત્રણ દિશામાં ત્રણ

બારીઓ કરેલી હતી; એ સઘળી બારીઓમાં લોઢાના સળિયાં નાખેલાં હતાં અને મજબૂત બારણાં પણ બેસાડેલાં હતાં. ખેંગારજી તથા સાયબજીએ જે વટવૃક્ષની છાયામાં પોતાની છાવણી નાખી હતી, ત્યાંથી એ ઝૂંપડી લગભગ ત્રીસથી ચાળીસ કદમના અંતરપર આવેલી હતી અને ઝૂંપડીનું પછવાડું વટવૃક્ષની બરાબર સામે જ પડતું હતું. ત્યાં બે બારીઓ હતી અને તેમનાં બારણાં અત્યારે બંધ હતાં. 'જો બારીમાં ક્યાંક ફાંકું અથવા તેડ હશે, તો તેમાંથી અંદરની ઘટના પણ જોઈ શકાશે અને નિદ્રાધીન ખેંગારજી તથા પોતાની વસ્તુઓપર પણ દૃષ્ટિ રાખી શકાશે, એટલે જો બની શકે, તો એ રમણીના ભેદને જાણવાની ચેષ્ટા કરવી જ જોઈએ;' આવા વિચારથી સાયબજી પોતાના સ્થાનપરથી ઊઠ્યો અને ઝૂંપડીની પાછલી દીવાલમાંની એક બારી પાસે જઈ પહોંચ્યો. બારીના એક બારણાને હાથ અડકાડતાં જ તે બારી અંદરથી વાસેલી ન હોતી, એમ તેના જાણવામાં આવી ગયું. બારણાને સહજ ઊઘાડતાં આંતરિક ભાગમાંનું જે દૃશ્ય તેના જોવામાં આવ્યું અને તે રમણી તથા ખાકી બાવાનો જે પરસ્પર વાર્ત્તાલાપ તેના સાંભળવામાં આવ્યો તેથી તે કેવળ આશ્ચર્યચકિત જ નહિ, કિન્તુ કેટલેક અંશે ભયભીત પણ થઈ ગયો.

બાવો આ વેળાયે પોતાના સ્વાભાવિક ખાકી બાવાના વેશમાં નહોતો, કિન્તુ એક પ્રકારના રાજસી વેશમાં સજ્જ થઈને એક સુંદર પર્યંકશય્યામાં કામદર્શક છટાથી બેઠો હતો. ઓરડામાં એ વેળાયે બળતી સુવાસિકા અગરબત્તીઓનો તેમ જ સુવાસિક તૈલ તથા અત્તર ઇત્યાદિના સુગંધનો વિસ્તાર થયેલો હતો અને તે સુગંધ સાયબજીની નાસિકામાં પણ પ્રવેશ કરતો હતો. તે આગંતુકા અબળા હસ્તદ્વય જોડીને બાવાજી સમક્ષ દીન ભાવને દર્શાવતી ઊભી હતી અને બાવો તેના મુખમંડળના અવલોકનથી પુલકિત થતો દેખાતો હતો. થોડી વાર સુધી ત્યાં મૌનનું સામ્રાજ્ય અખંડ રહ્યા પછી બાવાજીએ અચાનક મૌનનો ભંગ કર્યો અને ગંભીર સ્વરથી તે રમણીને પૂછ્યું કે:—

"મનોહારિણી રમણી, ભાવિક ભક્તા અને આસ્તિક આર્ય અબળા, તું આજે આ વેળાયે અહીં આવવાની છે એ સમાચાર મને આજે પ્રભાતમાં મળી ચૂક્યા હતા અને તેથી આ રાજસી વેશ ધારીને તારી મનઃકામનાને પૂર્ણ કરવામાટે હું તારી વાટ જોતો જ બેઠો હતો. હવે સ્પષ્ટ શબ્દોમાં જણાવી દે કે, તારી શી આશા છે, શી વાંચ્છના છે અને શી અભિલાષા છે?"

"આપ જેવા મહાત્મા પુરુષો આ કલિકાળમાં દુર્લભ છે; કારણ

;, આપનું પ્રત્યેક વચન સિદ્ધ થાય છે અને આપના કૃપાપ્રસાદથી મનેક ગૃહસ્થોનાં અંધકારમય ગૃહોમાં પ્રકાશનો વિસ્તાર થયો છે, એ ાર્ત્તા મારા જાણવામાં આવતાં હું પણ આપના કૃપાપ્રસાદને મેળ-વાની આશાથી જ અત્યારે કોઇના જાણવામાં ન આવે તેવી રીતે આપની પાસે આવી છું અને ગુરુ તથા દેવ સમક્ષ ખાલી હાથે ન જવું એવો શાસ્ત્રનો દર્શાવેલો નિયમ હોવાથી યથાશક્તિ આપને આપવામાટેની ગુરુદક્ષિણા પણ સાથે લેતી આવી છું." તે રમણીએ અત્યંત વિનીત ભાવથી પ્રાર્થનાના સ્વરૂપમાં એ શબ્દો ઉચ્ચાર્યાં.

"તારૂં મધુર નામ માધુરી છે, કેમ ખરૂં કે નહિ?" બાવાએ વલક્ષણ કટાક્ષપાત કરીને પૂછ્યું.

"જી હા, મહારાજ, આ સ્ત્રીશરીરને લોકો માધુરી નામથી જ ઓળખે છે; પરંતુ વસ્તુતઃ માધુરીમાં માધુરીનો અભાવ છે." માધુરીએ શ્લેષાત્મક વાક્યમાં ઉત્તર આપીને પોતાની સુશિક્ષિતતાનો ાંઇક પરિચય કરાવ્યો.

"માધુરીની સાક્ષાત્ પ્રતિમામાં તે વળી કઇ માધુરીનો અભાવ છે, તે મારાથી સમજી શકાતું નથી. સ્પષ્ટ શબ્દોમાં સાંભળ્યા વિના ારા આશયને હું જાણી શકું તેમ નથી." બાવાજીએ તેના આશયને જાણવા છતાં પણ ન જાણવાનો ભાવ દર્શાવ્યો.

માધુરી હવે કિંચિદંશે લજ્જાને ત્યાગીને કહેવા લાગી કે: "મહા-મન્, કેવળ સંતાનસુખમાં જ સ્ત્રીના અવતારની સત્ય માધુરી અથવા મધુરતા સમાયલી હોય છે, એ તો એક સાધારણ વાર્ત્તા છે એટલે આપના જાણવામાં પણ હોવી જ જોઇએ. અર્થાત્ એક ગૃહસ્થ સ્ત્રીને સંતાનસુખહીન જીવન કેવળ અમધુર જ નહિ, પણ સર્વથા વેષ સમાન ભાસ્યા કરે છે અને મારી પણ અત્યારે એ જ અવસ્થા . મારા પતિ તરુણ, સુંદર, રતિપતિમૂર્ત્તિ અને અતુલધનસંપત્તિના સ્વામી છે, તેમનો મારામાં અગાધ અનુરાગ છે અને મારા સંસાર-સુખમાં કોઈ પણ પ્રકારની ન્યૂનતા નથી; પરમાત્માએ અમને સુખ આપવામાં આવી રીતે સર્વ પ્રકારની ઉદારતા દર્શાવવા છતાં માત્ર એક શેર માટી આપવામાંજ અદ્યાપિ કૃપણતા દર્શાવી છે; સારાંશ , સંતાનસુખ વિના એ સર્વ સુખો મને તુચ્છ ભાસે છે અને એ સંતાનસુખની ભિક્ષા લેવામાટે જ અત્યારે સાહસ કરીને હું આ સ્થાનમાં આવી છું; કારણ કે, મારી સખી અને પાડોશણ જેકોર જયકુમારી)ના વંધ્યત્વનું નિવારણ થયું છે અને તે અત્યારે સુંદર પુત્ર સંતાનને રમાડવાના ભાગ્યને પ્રાપ્ત કરી શકી છે, એ સર્વથા આપના

કૃપાપ્રસાદનું જ સુખદ પરિણામ છે અને એવી જ રીતે આપે અન્ય પણ કેટલાંક દંપતીને સંતાનસુખ આપ્યું છે, એમ જેઠારના મુખથી જ મારા જાણવામાં આવ્યું છે અને તેની પ્રેરણાથી જ હું આપની સેવામાં ઉપસ્થિત થઈ છું, એ તો આપ જાણો જ છો, એટલે વિશેષ વિવેચનની આવશ્યકતા હોય, એવી મારી માન્યતા નથી."

માધુરીના આ ભાષણનું શ્રવણ કરીને બાવો કાંઇક વિચારમાં પડી ગયો અને ત્યાર પછી તેણે પૂછ્યું કે: "ગુરુદક્ષિણા તું કેટલી લાવી છે?"

"આ ચાંદીના હાંડામાં પાંચસો સોના મોહોર ભરીને અત્યારે હું લાવી છું અને જ્યારે મારી આશા સફળ થશે, ત્યારે બીજી પણ એટલીજ સુવર્ણમુદ્રા લાવી આપવાનું હું આપને વચન આપું છું." માધુરીએ એમ કહીને ચાંદીના હાંડામાંની સુવર્ણમુદ્રાઓનો ભોંયપર ઢગલો કરીને તેમને ગણવાનો આરંભ કરી દીધો અને પચાસ પચાસ સોના મોહોરોની થોકડીઓ કરીને બાવાની શય્યામાં રાખવા માંડી.

એ વેળાએ સાયબજીએ ખેંગારજી પ્રતિ દૃષ્ટિપાત કર્યો તો તે જાગ્રત થયેલો દેખાયો અને તેથી સાયબજી પોતાના જ્યેષ્ઠ બંધુ પાસે આવીને સંક્ષેપમાં માધુરી તથા ખાકી બાવાના તે ઝૂપડીમાં ચાલતા અભિનયની કથા તેને સંભળાવવા લાગ્યો. ખેંગારજીના મનમાં પણ એ કૌતુકને જોવાની અભિલાષા થવાથી ઉભય બંધુઓ પાછા તે બારી પાસે આવીને ઊભા રહ્યા. એ વેળાયે માધુરીએ છેલ્લી પચાસ મોહોરોની થોકડીને બાવાની શય્યામાં રાખી અને પૂછ્યું કે: "પરમાત્માના કૃપાભાજન, ત્યારે હવે જણાવો કે, મને મારી ઇચ્છિત માધુરીનો લાભ ક્યારે મળશે?"

બાવાજીએ વિલક્ષણ હાસ્ય કરીને કહ્યું કે: "માધુરી, આ પાંચસો સુવર્ણમુદ્રા તો મહાદેવજીના એક જ રુદ્રાભિષેકમાં સમાપ્ત થઈ જશે અને તારી મનોવાંચ્છનાની સિદ્ધિમાટે ઓછામાં ઓછા ત્રણ રુદ્રાભિષેક તો અવશ્ય કરવાજ પડશે. અર્થાત્ ઓછામાં ઓછી પંદરસો મોહોરો તો પ્રથમ જ જોઇશે અને ત્યાર પછી પણ તેટલી જ બીજી ગુરુદક્ષિણા તારે આપવી પડશે. આ તો થઈ જાણે આપવા લેવાની વાત; પણ એ ઉપરાંત તારે મારી એક બીજી આજ્ઞાનો પણ સ્વીકાર કરવો પડશે; કારણ કે, મારી તે આજ્ઞાના પાલન વિના તને સંતાનસુખની પ્રાપ્તિ થાય, એ સર્વથા અશક્ય તથા અસંભવનીય છે."

"જો ત્રણ રુદ્રાભિષેક માટે પંદરસો સુવર્ણમુદ્રાની આવશ્યકતા હશે, તો બીજી એક હજાર સુવર્ણમુદ્રા હું એક બે દિવસમાં જ

આપને મળી જાય તેવો પ્રબંધ કરીશ અને તે ઉપરાંત આપની જે આજ્ઞા છે, તે આજ્ઞા જો યોગ્ય હશે, તો તે આજ્ઞાનું પણ યથાર્થ પાલન કરવાને હું તત્પર છું." માધુરીએ કહ્યું.

હવે લફંગો લંગોટો પોતાના પ્રપંચજાળને વિસ્તારતો આગળ વધીને ગંભીરતાથી કહેવા લાગ્યો કે: "માનસમોહિની માધુરી, ધનસંપત્તિ આપવામાં તો તારી ઉદારતા અલૌકિક છે એટલે એ વિશે અધિક બોલવાનું કાંઈ રહેતું જ નથી. પરંતુ જે પ્રત્યવાયના કારણથી મારે તને જે એક બીજી આજ્ઞા સંભળાવવાની છે, તે પ્રત્યવાયનો તારા સમક્ષ યોગ્ય સ્ફોટ કરવાની આવશ્યકતા છે. શાસ્ત્રોનો એ તો એક સર્વસાધારણ સિદ્ધાન્ત છે કે, લક્ષ્મી સ્ત્રીના ભાગ્યની હોય છે અને સંતાનસંપત્તિ પુરુષના ભાગ્યની હોય છે. અર્થાત્ જો પુરુષના ભાગ્યમાં સંતાનસુખ ન જ લખાયલું હોય, તો અનેક પ્રયત્નો કરવા છતાં પણ સ્ત્રીને સંતાનસુખનો સાક્ષાત્કાર થઈ શકતો નથી. [જોકે તારના મુખથી તારી અભિલાષાને જાણી લીધા પછી મેં સમાધિમાં જોયું તો તારા પતિના ભાગ્યમાં સંતાનસુખ નથી એમ જ મારા જોવામાં આવ્યું છે; છતાં જો સંતાનને મેળવવાની જ તારી ઇચ્છા હોય, તો તેની પ્રાપ્તિનો અન્યપુરુષસમાગમ વિના બીજો કોઈ માર્ગ છે જ નહિ. મહાદેવજીએ મને સ્વપ્નમાં જણાવ્યું છે કે: 'વત્સ, તારા ભાગ્યમાં એક સંતાનનો યોગ છે એટલામાટે તું સંસારત્યાગી હોવા છતાં પણ જે સ્ત્રીના સૌન્દર્યમાં તારૂં મન લુબ્ધ થાય, તે સ્ત્રીસાથે પ્રેમસંબંધ કરીને તે સંતાન તેને આપજે અને સિદ્ધિનાશનો લેશ માત્ર પણ ભય રાખીશ નહિ.' મહાદેવજીના એ શબ્દો આજે મને સંપૂર્ણ સિદ્ધ થયેલા દેખાય છે; કારણ કે, તારા આ વિશ્વમોહન સૌન્દર્યને જોઇને આજે પ્રથમ વાર જ મારૂં મન તારામાં લુબ્ધ થયું છે અને તેથી તારી સાથે પ્રેમસંબંધ કરીને તને સંતાનવતી કરવાના દૃઢ નિશ્ચયપર હું આવી ગયો છું. આ કારણથી મારી એવી આજ્ઞા છે કે, હે ભાગ્યવતી ભદ્રનારી, તું મારા પ્રેમને સ્વીકારી લે, તારા અવતારને સુધારી લે અને આ સુકોમળ શય્યામાં પદાર્પણ કરીને અનુરાગવડે મારા બાહુને તારા કંઠમાં ધારી લે! મારા જેવો એક બ્રહ્મચારી યોગી તારા લાવણ્યમાં લોભાયો છે, એ તારા મહાભાગ્યનું જ એક ચિન્હ છે અને આજે આ રાજસી વેશ પણ મેં કેવળ તારા મનોરંજનમાટે જ ધાર્યો છે."]

અત્યાર સુધી શાંત, ગંભીર અને લજ્જાશીલ દેખાતી માધુરીના મુખમંડળમાં એ વેશધારી અને દંભમૂર્ત્તિ યોગીના મુખમાંથી નીકળેલાં આવાં અયોગ્ય વચનો સાંભળતાં જ અશાંતિ, ક્રોધ તથા તિરસ્કાર-

નાં ચિન્હો પ્રકટી નીકળ્યાં અને તેનાં નેત્રો રક્તવર્ણું થઇ ગયાં. તે યોગીની શય્યામાં ગણીને રાખેલી સુવર્ણમુદ્રાને પાછી ઉપાડીને પોતાના રજતપાત્રમાં નાખતી ધિક્કારદર્શક વાણીથી તે પાખંડપ્રતિમા બાવાને સંબોધીને કહેવા લાગી કે: "દુષ્ટ નરપિશાચ, તું આવો નીચાશય અને વિષયલોલુપ છે એ વાર્ત્તા જો પ્રથમ મારા જાણુવામાં આવી હોત, તો હું અહીં આવવાનું સાહસ કદાપિ કરત નહિ. રાંડ જેઠાએ આ વાર્ત્તા મને ન જણાવી તેનું કારણ એ જ હોવું જોઇએ કે, તે તારા હસ્તથી ભ્રષ્ટ થઈ ચૂકી છે અને હવે તેનો પોતાની નકટાજમાતને વધારવાનો વિચાર થયો છે. મારી તો એવી જ ધારણા હતી કે કેવળ તારા યોગબળ, બ્રહ્મચર્ય તથા દેવારાધનના પ્રતાપે તારા આશીર્વાદથી જ નિઃસંતાન દંપતીઓને સંતાનસુખની પ્રાપ્તિ થાય છે અને એ ધારણાથી હું તારો આશીર્વાદ લેવા-માટે જ અહીં આવી હતી; પરંતુ તારા અચારના વર્ત્તનથી સ્પષ્ટ રીતે મારા જાણુવામાં આવી ગયું છે કે જે સ્ત્રીઓ તારા જેવા પાખંડીઓની કાલ્પનિક સિદ્ધિમાં વિશ્વાસ રાખીને સંતાનવતી થવાની અભિલાષા રાખે છે, તે સ્ત્રીઓના લક્ષ્મીધન, યૌવનધન, સતીત્વધન તથા પ્રતિષ્ઠાધનની તારા જેવા વ્યભિચારી પુરુષોની ઇન્દ્રિયલોલુપતામાં આહુતિ અપાય છે અને તેઓ આ લોકમાં નિંદ્ય તથા પરલોકમાંના શાશ્વત સુખથી સદાને માટે વંચિત થાય છે! સંતાનની પ્રાપ્તિ કે અપ્રાપ્તિનો આધાર કેવળ પરમાત્માની ઇચ્છાપર જ રહેલો છે એટલે જો પરમાત્માની કૃપા હશે, તો તે અવશ્ય અમને સંતાન આપશે અને સંતાન નહિ આપે, તો હું મારી વંધ્યતામાં જ સંતુષ્ટ રહીશ. આવી રીતે વ્યભિચાર તથા ભ્રષ્ટતાના માર્ગમાં પ્રવેશ કરીને વર્ણસંકર પ્રજાને ઉત્પન્ન કરવાની અને મારા ધર્મથી પતિત થઇને સંતાનસુખને મેળવવાની મારી લેશ માત્ર પણ ઇચ્છા હતી નહિ, છે નહિ અને હોવાની કે થવાની પણ નથી. હું હવે અન્ય સ્ત્રીઓને પણ ઉપદેશ આપીશ અને તેમને તારા જેવા પિશાચોના પ્રપંચજાળમાં સપડાતી અટકાવીશ!"

માધુરીના આ ધિક્કારદર્શક દીર્ઘ ભાષણુના શ્રવણુથી હવે તે બાવાએ, તે યોગિકુલકલંક રાક્ષસે પણ પોતાના સત્ય-સ્વરૂપનું દર્શન કરાવવાનો પોતાના મનમાં દૃઢ નિર્ધાર કરી લીધો અને એક પ્રકારનું વિકટ હાસ્ય કરીને તે કહેવા લાગ્યો કે: "માધુરી, તારી આ ઓજસ્વિતાને જોઇને હું જાણી ગયો છું કે તું સહજમાં જ કોઈ પરપુરુષની વિકારવૃાંચ્છનાને વશ થઈ જાય તેવા નિર્બળ હૃદયની અને કામાતુરા કામિની નથી. પરંતુ એ સાથે તારે એ પણ જાણી લેવાનું છે

કે, તારા જેવી પક્ષિણીને પોતાના પિંજરમાંથી સહજમાં છટકી જવા દે, તેવો ભોળો અને નિર્બળ હૃદયનો આ ખાકી બાવો પણ નથી. હવે હું તને સ્પષ્ટ શબ્દોમાં જણાવું છું કે હું યોગી નહિ, પણ ભોગી છું અને ભોળી ભામાઓને ઠગીને તેમના ધન તથા યૌવનનો યથેચ્છ ઉપભોગ કરવામાટે જ મેં આ ખાકી બાવાનો વેશ ધારી લીધો છે. આ કારણથી તેં અત્યારે મારા વિશે જે કાંઈ પણ શબ્દો ઉચ્ચાર્યાં છે તે સર્વથા યથાર્થ જ છે. છતાં પણ ઇચ્છાથી કે અનિચ્છાથી તારે તારી આ સુવર્ણમુદ્રાઓ તથા તારા આ મૂલ્યવાન્ અલંકારોને મારાં ચરણોમાં સમર્પવાં જ પડશે; માત્ર એટલું જ નહિ પણ મારી વિકારવાસનાને પણ તૃપ્ત કરવી જ પડશે. અહીંથી હું તને હવે ભ્રષ્ટ કર્યા વિના તો જવા નથી જ દેવાનો. જો મૂક મુખથી તું મારી આજ્ઞાને આધીન નહિ થાય, તો હું બળાત્કારે તને મારી શય્યાભાગિની બનાવીશ; કારણ કે, જેવી રીતે સ્મશાનમાંથી શબ પાછું ઘેર નથી જતું, તેવી જ રીતે અહીં આવેલી અબળાની શુદ્ધતા પણ તેના મૂળ સ્વરૂપમાં ઘેર જઈ શકતી નથી, એવો અહીંનો નિયમ જ છે. જો આનાકાની કર્યા વિના જ તું મારી ઇચ્છાને વશ થઇશ, તો તારા પ્રાણ બચશે અને નહિ તો તારા સતીત્વના નાશ સાથે તારા જીવનનો પણ નાશ થઈ જશે. હું કાપાલિક હોવાથી માનવહત્યા કરવી એ તો મારો નિત્યનો તથા સાધારણ આચાર છે; જો મારા વચનમાં વિશ્વાસ ન બંધાતો હોય, તો તારા સમક્ષ આ ભીષણ દૃશ્ય તૈયાર છે!"

આ શબ્દો ઉચ્ચારતાંની સાથે જ તે ક્રૂર કાપાલિકે બે ઓરડાની વચ્ચેની દીવાલમાંના કપાટનાં બારણાંને ઉઘાડી નાખ્યાં અને તે બારણાં ઊઘડતાં જ તેમાંના એક ભીષણ દૃશ્યપર માધુરીની દૃષ્ટિ પડી. એ દૃશ્યને જોઇને તે અર્ધમૃતા થઈ ગઈ અને ભયથી થરથર કંપવા લાગી. એ કપાટની લંબાઈ અને પહોળાઈ લાંબામાં લાંબા તથા ઉંચામાં ઉંચા મનુષ્ય કરતાં પણ કાંઇક વધારે હોવાથી તેમાં મનુષ્યને સરળતાથી પૂરી શકાય તેમ હતું. અર્થાત્ અત્યારે તેમાં એક તરુણી તથા સુંદરી સ્ત્રીનું મૃત શરીર પ્રાકૃત અવસ્થામાં લટકતું હતું અને એ કાપાલિકના અત્યાચારનો સાક્ષાત્કાર કરાવતું હતું. તે સ્ત્રીને તેના ગળામાં ફાંસો નાખીને મારી નાખવામાં આવી હોય અથવા તો મારી નાખ્યા પછી ગળામાં ફાંસો નાખીને આવી રીતે લટકાવવામાં આવી હોય, એવું તેને જોવાથી અનુમાન કરી શકાતું હતું. તે મૃતદેહને બતાવતો ક્રૂર કાપાલિક માધુરીને સંબોધીને કહેવા લાગ્યો કેઃ—

"આ એક અજ્ઞાત અને પ્રવાસિની પ્રમદા પોતાની એક પંચવર્ષીયા પુત્રી સાથે ગઈ કાલે સંધ્યાસમયે આ સ્થાનમાં આવી હતી અને અમદાવાદમાં એનું કોઈ ઓળખીતું ન હોવાથી આ સ્થાનમાં રાતવાસો કરવાનો ઉપદેશ આપીને મારી ઉદારતાથી મેં એને લલચાવી હતી. મધ્યરાત્રે એણે મારી વિકારવાસનાનો અનાદર કરવાથી બળાત્કારે એના સતીત્વનો ભંગ કરીને એના ગળામાં ફાંસો નાખી મેં આ કપાટમાં લટકાવી હતી અને મારી એક ગુપ્તદૂતીદ્વારા એની પંચવર્ષીયા પુત્રીને એક વેશ્યાને ત્યાં વેચાવી તેની એક હજાર સુવર્ણમુદ્રા જેટલી કીમત આજે પ્રભાતમાં જ ઉપજાવી હતી. જો હઠવાદિની થઇશ તો તારી પણ આવી જ દુર્દશા થવાની છે અને આ મૃત શરીરની સાથે તારી મૃત કાયા પણ આ કાળના વિકરાળ મુખરૂપ ભૂમિગર્ભમાં પડીને સદાને માટે અદૃશ્ય થવાની છે!"

આ શબ્દો ઉચ્ચારીને તે ક્રૂરકર્મી કાપાલિકે પર્યંક પાસેની ભૂમિપરના ગાલીચાને દૂર ખસેડીને એક શિલામાં જડેલા લોઢાના બે કડામાં બે હાથ નાખી એક વિશાળ શિલાખંડને બહાર કાઢી લીધો અને તે શિલાખંડ દૂર થતાં જ નીચે એક ઊંડો ખાડો વિસ્તરેલો માધુરીના જોવામાં આવ્યો. તે ખાડામાં મનુષ્યનાં અસ્થિઓનો જે રાશિ જોવામાં આવતો હતો તેને બતાવીને કાપાલિકે કહ્યું કે: "આ સર્વ તારા જેવી હઠવાદિની સ્ત્રીઓનાં શરીરોનાં જ અસ્થિ છે, તે જોઈ લે. આ ખાડામાં દટાઇને જો આ સ્થિતિને પ્રાપ્ત કરવાની તારી ઇચ્છા હોય તો જ મારી ઇચ્છાનો અનાદર કરજે અને મારા વાદની પ્રતિવાદિની થજે. બોલ ત્યારે હવે તારો શો વિચાર છે?"

જો કે માધુરી વાયુના પ્રબળ આઘાતથી કંપતી એક કોમળ લતિકા પ્રમાણે ભયના આઘાતથી કંપતી ઊભી હતી, તો પણ કાપાલિકના આ વાદનો પ્રતિવાદ કરતી તે દૃઢતાથી બોલી કે: "આ સંસારમાં ભ્રષ્ટ જીવનને ધારણ કરીને મૃત સમાન અવસ્થામાં જીવવા કરતાં આ ધર્મશીલા માધુરી ધર્મના રક્ષણમાટે આનંદથી પોતાના તુચ્છ પ્રાણનું બલિદાન આપવાને તૈયાર છે!"

"જો એમ જ છે, તો તારા વધમાટે તૈયાર મારી આ તલ્વાર છે!" એમ કહીને તે નિર્દય કાપાલિકે પર્યંકશય્યા તળેથી પોતાની તલ્વારને કાઢી લીધી અને તે દેવીના નામને ઉચ્ચારતો માધુરીના વધની તૈયારી કરવા લાગ્યો; તલ્વારને માધુરીપર ઉગામીને તે બોલ્યો કે: "કરી લે ત્યારે આનંદથી મરણનો સત્કાર!"

"ખબરદાર; જો આ હત્યા કરી છે, તો તારામાટે પણ મરણનો

હસ્ત છે તૈયાર!" અંતિમ ઘટિકાને આવેલી જોઇને ખેંગારજીએ તે બારીનાં બારણાંને ઉઘાડી નાખીને એ શબ્દોનો ભીષણતાથી ઉચ્ચાર કર્યો અને તે સાંભળીને કાપાલિકનો માધુરીના સંહારમાટે ઉપડેલો હાથ પાછો નીચે પડી ગયો. કાપાલિકના એ ભયનો લાભ લઇને માધુરીએ તે ઝૂપડીના દરવાજાની અંદરથી વાસેલી સાંકળ ઉઘાડી નાખી અને તેનું ભાન થતાં તે વાસવાને કાપાલિક દોડ્યો, પણ એટલામાં ખેંગારજી તથા સાયબજીએ ત્યાં દોડીને લાતના આઘાતથી બારણાંને ઉઘાડી નાખ્યાં અને ત્યારપછી ઝૂપડીમાં પ્રવેશ કરીને તે બંધુદ્વય પોતાની તલ્વારોને તાણી તે કાપાલિક સમક્ષ ઊભા રહ્યા.

સાયબજીએ ખેંગારજીને પૂછ્યું કે: "ત્યારે જ્યેષ્ઠ બંધુ, હવે આપનો શો વિચાર છે?"

"આવા નરપિશાચના જીવનની સમાપ્તિ થવામાં જ ધર્માત્માઓના જીવનની નિર્ભયતા છે, ધર્માત્માઓનો ઉદ્ધાર છે." ખેંગારજીએ માર્મિકતાથી તે કાપાલિકના વધનો માર્મિક વિચાર દર્શાવ્યો.

કાપાલિક પણ હૃષ્ટપુષ્ટ અને બળવાન્ હોવાથી ખેંગારજીના આ ઉદ્‌ગારને સાંભળી તે ઉભય બંધુઓને મારી નાખવાના વિચારપર આવી ગયો અને કહેવા લાગ્યો કે: "મને મારી નાખવાની ઇચ્છા રાખનાર પોતે જ અહીં મરનાર છે; મારી તલ્વારના એક જ વારથી તમો બન્નેનાં માથાં માટીમાં મળી જનાર છે!"

આમ કહીને તે જેવો તલ્વારનો વાર ખેંગારજીપર કરવા જતો હતો તેવામાં સાયબજીએ તેના તલ્વારવાળા—જમણા—હાથપર પોતાની તલ્વારનો એવો તો વાર કર્યો કે તત્કાળ તેનો હાથ કપાઈ ગયો અને તે કપાયલા હાથ સાથે તેની તલ્વાર પણ દૂર પડી ગઈ. હવે ખેંગારજી તેના શિરને ધડથી ભિન્ન કરવાને તૈયાર થયો, પણ તેને તેમ કરતો અટકાવીને તે કાપાલિક કરગરીને કહેવા લાગ્યો કે: "હે વીર પુરુષો, કૃપા કરીને મારી હત્યા ન કરો; આ ખાડામાં અસ્થિઓની નીચે લક્ષાવધિ સુવર્ણમુદ્રાઓ અને સુવર્ણ, મૌક્તિક તથા હીરક આદિના અસંખ્ય અલંકારોનો ભંડાર મેં ભરી રાખ્યો છે, તે જોઇએ તો લઈ જાઓ; પરંતુ મને જીવનદાન આપો; કારણ કે, આજની આ ઘટનાથી મારા હૃદયમાં ઈશ્વરની ઈશ્વરતાનો પ્રકાશ પડ્યો છે અને પશ્ચાત્તાપથી મારા જીવનના ઉત્તરભાગને સુધારવાનો મારો દૃઢ નિર્ધાર થયો છે. જો આપ મને અત્યારે મારી નાખશો, તો પશ્ચાત્તાપથી મારા જીવનને સુધારવાનો પ્રસંગ મારા હાથમાંથી ચાલ્યો જશે અને મારો રૌરવ નરકમાં નિવાસ થશે! મારાપર દયા કરો અને મારા ઘોરતમ અપરા-

ધોની મને ક્ષમા આપો. માતા માધુરી, હું તારી પણ ક્ષમા માગું છું અને આજથી મારી પિશાચવૃત્તિને સદાને માટે ત્યાગું છું. તું મારી ગુરુ થઈ છે; કારણ કે, આજે તારા કારણથી જ હું સત્ય ધર્મને ઓળખી શકયો છું. પુરુષો કરતાં સ્ત્રીઓનાં અંતઃકરણો અધિક કોમળ તથા દયાળુ હોય છે અને તેથી મને આશા છે કે અવશ્ય તું તારી દયાલુતા તથા કોમળતાનો પરિચય કરાવીશ !"

માધુરી ખરેખર દયા, અનુકંપા તથા કરુણાની માધુરી જ હતી; કારણ કે, જે પુરુષપિશાચ અલ્પ સમય પૂર્વે તેના સતીત્વનો બળાત્કારે ભંગ કરી તેના પ્રાણનું બલિદાન લેવાને નિર્દયતાથી તત્પર થયો હતો; તે જ પુરુષપિશાચના મરણની ઘટિકા જ્યારે આવી પહોંચી અને તે દીનતાથી આવી પ્રાર્થના કરવા લાગ્યો એટલે તેથી કરુણામયી માધુરીનું કોમળ અંતઃકરણ પીગળી ગયું અને તેથી તે પોતાના ઉદ્ધારક ખેંગારજીને સંબોધીને કહેવા લાગી કે: "વીરબંધુ, હવે આ પાપાત્માની હત્યા કરીને તમો મનુષ્યવધના ભાગી થશો નહિ. પરમાત્માની કૃપાથી અને તમારી સહાયતાથી મારા સતીધર્મનું તથા મારા પ્રાણનું રક્ષણ થયું છે એટલે હવે આને મારી નાખવાની આવશ્યકતા રહી નથી. બળ્યું; એનાં કર્યાં એ ભોગવશે."

ખેંગારજી તેની એ દયાશીલતાને જોઈ કાંઇક હસીને કહેવા લાગ્યો કે: "પવિત્ર ભગિની, તમો હજી ભોળાં છો અને તેથી જ અત્યારે આવી અયોગ્ય દયા દર્શાવવાનો મને ઉપદેશ આપી રહ્યાં છો. નીતિશાસ્ત્રનો એક એવો સર્વમાન્ય સિદ્ધાન્ત છે કે સર્પને અર્ધમૃત અવસ્થામાં જીવતો રાખવો, એ ભવિષ્યમાં તેને વૈરના પ્રતિશોધનો પ્રસંગ આપ્યા સમાન છે; અર્થાત્ ચગદાયલો નાગ પોતાના વૈરનો બદલો લીધા વિના કદાપિ જંપીને બેસતો નથી અને તેથી આપણું જીવન પ્રતિક્ષણ ભય અને ભયમાં જ રહ્યા કરે છે. આ મનુષ્ય નથી, પણ એક મહા ભયંકર વિષધર નાગ છે અને તેથી જો એને અત્યારે આપણે જીવતો રહેવા દઇશું, તો કોઈ વાર પ્રસંગ મળતાં એ નાગ અવશ્ય દંશવાનો પ્રયત્ન કર્યા વિના રહેવાનો નથી, એ નિશ્ચયપૂર્વક માનજો. આવા પિશાચ આત્માઓને તો જેમ બને તેમ સત્વર નરકાલયમાં મોકલી દેવામાં જ સાર છે; કારણ કે, નરકાલયમાં નિવાસ એ જ એમનો ઉદ્ધાર છે!" આમ બોલતાંની સાથે જ ખેંગારજીએ માધુરીના ઉત્તરની પ્રતીક્ષા ન કરતાં અથવા તો તેમને અધિક બોલવાનો પ્રસંગ ન આપતાં પોતાની તીક્ષ્ણ ધારવાળી તલ્વારથી તે પુરુષરાક્ષસના મસ્તકને ધડથી જૂદું કરી નાખ્યું અને ત્યાર પછી કપાટ-

માંના મૃત સ્ત્રીશરીરને તથા કાપાલિકના શબને તે ખાડામાં પધરાવીને તે ખાડાના મુખને શિલાખંડવડે પાછું બંધ કરી દીધું.] આ સર્વ કાર્યની સમાપ્તિ પછી ખેંગારજીએ માધુરીને સંબોધીને કહ્યું કે:–

"બહેન, તમારા અંતઃકરણની શુદ્ધતા, પવિત્રતા તથા ધર્મશીલતાને જોઇને અમો ઉભય બંધુઓ આજે અત્યંત પ્રસન્ન થયા છીએ અને આ અમારા સંકટનો કાળ હોવા છતાં પણ આ પિશાચના પંજામાંથી તમારા જેવી એક સતી સુંદરીને બચાવવાનો જે અલભ્ય પ્રસંગ અમને પ્રાપ્ત થયો છે, તેથી અમો અમને પોતાને અત્યંત ભાગ્યશાળી માનીએ છીએ. અમો તમને આજથી અમારી ધર્મભગિનીનું પદ આપીએ છીએ અને આશા છે કે તમો પણ અમને પોતાના ધર્મબન્ધુ તરીકે સ્વીકારશો અને ભવિષ્યમાં અમારી સાથે ધર્મભગિની તરીકે જ વર્તશો."

"મારાં એવાં ભાગ્ય કયાંથી કે મને તમારા જેવા–રામ અને લક્ષ્મણની સાક્ષાત પ્રતિમા સમાન–ધર્મબન્ધુઓની પ્રાપ્તિ થાય? હું આજથી તમને મારા ધર્મબન્ધુ તરીકે આનંદથી સ્વીકારું છું અને તમારી સાથે ભગિની ધર્મથી વર્તવાના ભાવને હૃદયમાં ધારું છું." આ પ્રમાણે પોતાની કૃતજ્ઞતાને વ્યક્ત કર્યા પછી માધુરી ખેંગારજી તથા સાયબજીને કહેવા લાગી કે: "મારા ધર્મબંધુઓ, તમો મારા ધર્મબંધુ તો થયા છો, પણ અદ્યાપિ તમારી જાતિ, તમારો દેશ અને તમારાં કુળ તથા નામ ઇત્યાદિ મારા જાણવામાં આવ્યાં નથી તે કૃપા કરીને જણાવશો? કારણ કે, તમારા વેશથી તમો આ ગુજરાત દેશના વાસી નથી, એ તો પ્રત્યક્ષ જણાઈ આવે છે."

માધુરીના એ પ્રશ્નના ઉત્તરમાં ખેંગારજીએ સંક્ષેપમાં પોતાનો સમસ્ત વૃત્તાન્ત કહી સંભળાવ્યો અને ત્યાર પછી કહ્યું કે: "માધુરી બહેન, તમને મેં અમારો આ વૃત્તાંત સંભળાવ્યો તો છે, પણ હાલ-તરત ક્યાંય કોઇની આગળ અમારાં નામોનો સ્ફોટ કરશો નહિ; કારણ કે, કેટલાક દિવસ અમદાવાદમાં અમારે ગુપ્તનિવાસમાં જ વીતાડવાના છે."

"આપની એવી ઇચ્છા છે તો એમ જ થશે; પરંતુ બંધુ, તમો અત્યારે સંકટમાં છો, તો આ પાંચસો સુવર્ણમુદ્રા મારી પાસે તૈયાર છે તે સ્વીકારો; કારણ કે, એથી તમોએ મારા શિરપર ઉપકારનો જે ભાર ચઢાવ્યો છે તે પણ કાંઈક હલકો થશે અને સંકટના સમયમાં આ અલ્પ ધન પણ તમને ઉપયોગી થઈ પડશે." માધુરીએ પોતાની ઉદારતાનો પરિચય કરાવ્યો.

પરંતુ ખેંગારજી તેની એ ઉદારતાનો અસ્વીકાર કરતો કહેવા

બાબ્યો કે: "અમો તમારા બંધુ હોવાથી અમારે જ તમને કાંઈ પણ આપવું જોઇએ; પણ અત્યારે આપવાની અમારી શક્તિ નથી અને તેથી અમને શોક થાય છે. અસ્તુ: અમો અમારી બહેનને સારી રીતે સંતુષ્ટ કરી શકીશું, એવો સમય પણ આવશે. તમારી આ ઉદારતામાટે અમો તમારો આભાર માનીએ છીએ, પણ ભગિની પાસેથી ઉપકારનો બદલો લેવાની અમારી ઇચ્છા નથી. કૃપા કરીને માત્ર તમારા પતિ તથા શ્વસુરનાં નામો અમને જણાવો અને પછી સત્વર જ અહીંથી પ્રયાણ કરી જાઓ; કારણ કે, કુલીન ગૃહની વધૂ દીર્ઘ કાળ પર્યન્ત અકારણ બહાર રોકાઈ રહે, તો અવશ્ય ગૃહનાં મનુષ્યોનાં મનમાં કોઈ કુશંકાનો ઉદ્ભવ થાય, એ સ્વાભાવિક જ છે. અંતે માત્ર મારો એજ ઉપદેશ છે કે આવા દુષ્ટ તાંત્રિક અને માંત્રિક ખલ સાધુઓના ચમત્કારોમાં કદાપિ વિશ્વાસ રાખશો નહિ અને અન્ય અબળાઓને પણ કેવળ પરમેશ્વરમાં શ્રદ્ધા રાખવાનો યોગ્ય ઉપદેશ આપતાં રહેજો."

માધુરીએ પોતાના પતિ તથા શ્વસુરનાં નામો ખેંગારજીને જણાવ્યાં અને ત્યાર પછી ખેંગારજીના ઉપદેશને અંતઃકરણમાં ધારણ કરીને પોતાના ઉદ્ધારક તે ઉભય બંધુઓના શિરપર આશીર્વાદોની વૃષ્ટિ વર્ષાવતી તે ત્યાંથી ચાંદીના બેડાને ઉપાડીને જેવી રીતે ઝાંઝર ઝમકાવતી આવી હતી તેવી જ રીતે ઝાંઝર ઝમકાવતી ચાલી ગઈ.

ખેંગારજી તથા સાયબજીએ ઝૂપડીમાં તાળું શોધવા માંડ્યું અને તે તત્કાળ તેમને મળી આવ્યું એટલે ઝૂપડીની બધી બારીઓ બરાબર બંધ કરી બારણાંને તાળું વાસીને તેઓ જાણે કાંઈ બન્યું જ ન હોય ને તેવી રીતે શાંત ભાવથી પાછા વટવૃક્ષની છાયામાં આવીને બેસી રહ્યા અને છચ્છર તથા રણમલ્લના આવવાની વાટ જોવા લાગ્યા. આ વેળાયે દિવસના તૃતીય પ્રહરનો અંત થઇને ચતુર્થ પ્રહરનો આરંભ થઈ ચૂકયો હતો અને તેથી સૂર્યાસ્ત થવામાં અદ્યાપિ લગભગ એક પ્રહરનો અવકાશ હતો. ચતુર્થ પ્રહરનો કેટલોક સમય વીત્યા પછી છચ્છર તથા રણમલ્લ ત્યાં આવી લાગ્યા અને તેમણે ખેંગારજીને જણાવ્યું કે: "આપના ઓરમાન ભાઈ કુમાર અલૈયાજીને જામ શ્રી હમ્મીરજીના કપટથી થયેલા વધના સમાચાર કેટલાક દિવસ પૂર્વે જ મળી ચૂકયા છે અને તેઓ આપના આગમનના સમાચાર સાંભળીને બહુ જ પ્રસન્ન થયા છે. તેઓ પોતાના ત્રણ ચાર અનુચરો સહિત આપને માનપૂર્વક પોતાને ત્યાં લઇ જવામાટે હમણાં જ અહીં આવી પહોંચશે."

આ શુભ સંવાદ સાંભળીને ખેંગારજી તથા સાયબજીને પરમ સંતોષ થયો. થોડી વારમાં વાહનોને ચારીને જંગલમાંથી રણમલ્લનો ભત્રીજો પણ પાછો આવી લાગ્યો. અલૈયાજીના આગમનમાં કાંઇક વિલંબ થવાથી ખેંગારજીએ છચ્છરને જરા દૂર લઈ જઈને કાપાલિકના વધની ઘટના કહી સંભળાવી અને તે સાંભળીને છચ્છર વળી એક અન્ય પ્રકારના નિશ્ચયપર આવી ગયો.

## પંચમ પરિચ્છેદ

## બન્ધુમિલન અને ગુપ્ત ધનભંડાર

અલૈયાજી જ્યાં ખેંગારજી તથા સાયબજીએ ઉતારો કર્યો હતો, ત્યાં આવી પહોંચ્યો અને પોતાના બંધુઓને બાથ ભીડીને ભેટ્યો. ત્રણે બંધુઓને એ પ્રસંગે જે એક પ્રકારનો અપૂર્વ હર્ષ થયો તે હર્ષના પરિણામે તેમનાં નેત્રોમાંથી અશ્રુબિન્દુઓ ટપકી પડ્યાં; પરંતુ તેમના એ અશ્રુઓમાં જેમ હર્ષનો ભાવ સમાયલો હતો તેમ અમુક અંશે શોકનો ભાવ પણ સમાયલો હતો; કારણ કે, આ સંમેલન તેમના હર્ષનું કારણ હતું અને જામ હમ્મીરનું અકાળ મરણ તેમના શોકનું કારણ હતું, એ અહીં નવેસરથી કહેવાની આવશ્યકતા નથી. જામ-હમ્મીરના દુષ્ટ જામ રાવળના હસ્તથી થયેલા ઘાતના સમાચાર પ્રથમથી જ અલૈયાજીના જાણવામાં આવી ગયેલા હોવાથી એ સમાચાર નવીનતાથી સાંભળવાની કે જાણવાની તેને આવશ્યકતા નહોતી અને તેથી એ વિષયનું પિષ્ટપેષણ ન કરતાં ત્યાં નીરાંતે બેઠા પછી ખેંગારજીને ઉદ્દેશીને અલૈયાજીએ ગંભીરતાથી કહેવા માંડ્યું કે:—

"બંધુ ખેંગારજી, જ્યારથી આપણા પૂજ્ય પિતાશ્રીના પ્રપંચ તથા કપટથી થયેલા ઘાતના શોકકારક સમાચાર મારા અને આપણાં પૂજ્ય ભગિની કમાબાઇના સાંભળવામાં આવ્યા છે, ત્યારથી અમારાં હૃદય નિરંતર વ્યગ્ર રહ્યાં કરે છે. અમારા મનમાં વિશેષ વિચાર તો એ જ વિષયનો થયા કરતો હતો કે પિતાશ્રીનું તો જે કાંઈ થવાનું હતું તે થયું; પણ તે દુષ્ટાત્મા નરપિશાચ જામ રાવળ તમારી, સાયબજીની અને રાયબજીની પણ હત્યા કરી નાખશે, તો કચ્છનું રાજ્ય આપણા પિતાશ્રીના વંશમાંથી સદાને માટે ચાલ્યું જશે; કારણ કે આપણા પિતાશ્રી પછી કચ્છ રાજ્યના સિંહાસનના પ્રથમ ઉત્તરાધિકારી તમે છો, તમારા અભાવે સાયબજી છે અને સાયબજી ન હોય, તો રાયબજી છે. પરંતુ પરમાત્માએ તમને શત્રુરૂપ કાળના મુખમાંથી બચાવ્યા છે અને અત્યારે નિર્વિઘ્ન અમદાવાદમાં પહોંચાડી દીધા છે, એમાટે

આપણે પરમાત્માનો જેટલો પણ આભાર માનીએ તેટલો ઓછો જ છે. મહાભયંકર પ્રાણઘાતક પ્રસંગોમાંથી નિર્વિઘ્ન છટકીને તમો અહીં પહોંચી શકયા છો, એથી સ્પષ્ટ જણાઈ આવે છે કે પરમકૃપાળુ અને પરમદયામય ન્યાયશીલ જગત્પિતાની તમારા હસ્તથી તે દુષ્ટ જામ રાવળને યોગ્ય શિક્ષા અપાવીને તમને જ પાછા કચ્છના રાજસિંહાસનપર સ્થાપવાની દઢ ઇચ્છા હોવી જોઇએ; કારણ કે, નહિ તો તે જગદાધાર તમને બચાવીને અહિં પહોંચાડેજ નહિ. અસ્તુઃ હવે તમો અહીંથી ચાલો અને આપણા ગૃહમાં આનન્દથી મારી સાથે રહો. આપણે નીરાંતે આપણા શત્રુના અધિકારમાં ગયેલા રાજ્યને પાછું મેળવવામાટે શો પ્રયત્ન કરવો એ વિશેનો યોગ્ય ઊહાપોહ પૂર્વક નિર્ણય કરીશું અને મારો નિશ્ચય છે કે સુલ્તાન મહમ્મદ બેગડો આપણો સંબંધી હોવાથી અવશ્ય આપણને જોઇતી સહાયતા આપશે.”

એના ઉત્તરમાં [ખેંગારજીએ તેવી જ ગંભીરતાને ધારણ કરીને જણાવ્યું કેઃ] “જ્યેષ્ઠ બંધુ અલૈયાજી, આપના આ વિચારો જો કે યોગ્ય છે; છતાં પણ આ કાર્યમાં આટલી બધી શીઘ્રતા કરવાની આવશ્યકતા નથી; કારણ કે, કોઇ પણ વસ્તુને નષ્ટ કરતાં વિલંબ લાગતો નથી, પણ કોઇ પણ બગડેલા કાર્યને સુધારતાં અથવા તો બગડેલી વસ્તુને પુનઃ તેના મૂળ સ્વરૂપમાં લાવતાં વિલંબ પણ થાય છે અને તેમાટે કેટલોક પરિશ્રમ પણ કરવો પડે છે. અમો અહીં સુલ્તાન બેગડાની સહાયતા મેળવવાના આશયથી જ આવ્યા છીએ અને સુલ્તાન બેગડાની સહાયતા જ્યાં સુધી ન મળે, ત્યાં સુધી આપણા કાર્યની સિદ્ધિનો પણ સંભવ નથી. [વસ્તુસ્થિતિ આવી હોવા છતાં પણ અત્યારે જ આવી દીન તથા હીન સ્થિતિમાં સુલ્તાન બેગડો આપણો સંબંધી હોવા છતાં તેના સમક્ષ રજૂ થવાનો અને તેની પાસેથી એક ભિક્ષુક પ્રમાણે સહાયતાની ભિક્ષા માગવાનો મારો વિચાર નથી. મારો એવો જ મનોભાવ છે કે અત્યારે કોઇના પણ જાણવામાં ન આવી શકે કે અમો કચ્છના રાજા જામ હમ્મીરના કુમારો છીએ અને અહીં સુલ્તાનની સહાયતા મેળવવાની અભિલાષાથી આવ્યા છીએ એવા ગુપ્ત ભાવથી અને ગુપ્ત વેષથી અમદાવાદમાં રહેવું અને જ્યારે સુલ્તાનપર ઉપકાર કરવાનો અથવા તો પોતાના શૌર્યથી સુલ્તાનને પ્રસન્ન કરવાનો કોઈ યોગ્ય પ્રસંગ પ્રાપ્ત થાય, તે વેળાયે તે ઉપકાર અથવા તો શૌર્યના બદલામાં જ આપણને જોઇતી સહાયતાની તેની પાસેથી યાચના કરવી.] એવા પ્રસંગને આવતાં કેટલોક સમય વીતી જાય, તો તેની ચિન્તા નથી; કારણ કે, એવા પ્રસંગે સુલ્તાન જે સહાયતા આપશે,

તેથી આપણા ગૌરવની વૃદ્ધિ થશે અને અત્યારે તે જે સહાયતા આપશે, તેથી આપણા ગૌરવની હાનિ થવાનો સંભવ છે. વળી આ સંસારનો એક એવો નિયમ છે કે વિપદ્ગ્રસ્ત મનુષ્યનો બહુધા સત્તાધીશ પુરુષના હૃદયમાં જોઇએ તેવો પ્રભાવ પડી શકતો નથી; તેમ જ મારા અલ્પ વચનો પણ યોગ્ય પ્રભાવ પડે કે ન પડે એ વિશેની પણ મારા હૃદયમાં શંકા રહ્યા કરે છે એટલે કદાચિત્ અત્યારે જ સુલ્તાન પાસેથી આપણે સહાયતાની યાચના કરીએ અને 'નગારખાનામાં તૂતેડીનો અવાજ કોણ સાંભળે છે' એ નિયમ પ્રમાણે આપણી યાચના પ્રતિ સુલ્તાન લક્ષ ન આપે, તો પછી ભવિષ્યમાં પણ એવી માગણી કરવામાટેનો આપણો માર્ગ બંધ થઈ જાય. આ સર્વ કારણોથી અત્યારે તો અમદાવાદમાં ગુપ્ત રહીને યોગ્ય પ્રસંગની પ્રતીક્ષા કરવી એ જ આપણામાટે અધિક ઉત્તમ માર્ગ છે અને એટલામાટે જ આપની સાથે આપના ગૃહમાં રહેવાની પણ મારી ઇચ્છા નથી; કારણ કે, આપના ગૃહમાં એકત્ર નિવાસ કરવાથી આપનાં દાસદાસીઓ અમારા ભેદને જાણી જાય અને અમારી વાર્ત્તા સુલ્તાન સુધી પહોંચી જાય, તો આપણા મનની અભિલાષા મનમાં જ રહી જાય. અર્થાત્ આજની રાત તો અમો અહીં જ વીતાડીશું. આવતી કાલે અમદાવાદ નગરના કોઈ એકાંત ભાગમાં અમારા નિવાસમાટે આપ કોઈ સારું ભાડાનું મકાન રાખીને અને તેમાં આવશ્યકીય વસ્તુઓની સર્વ યોગ્ય વ્યવસ્થા કરાવીને અમને સંદેશો મોકલજો એટલે અમો તે મકાનમાં જ જઇને રહીશું અને વારંવાર આપને મળ્યા કરીશું. અમને હાલ જોઇએ તેટલા પૈસા ટકાની સગવડ અમારી પાસે છે એટલે એ વિશેની અત્યારે આપે કશી પણ ચિન્તા રાખવાની નથી; ભવિષ્યમાં જો અગત્ય પડશે, તો આપને પરિશ્રમ આપીશું. ભિન્ન ગૃહમાં નિવાસ કરવાનો બીજો હેતુ એ છે કે માર્ગમાં આવતાં ઝાલાવંશની એક ઉત્તમ કન્યા સાથે મારો લગ્નસંબંધ થયો છે અને તેથી જો અહીં ધાર્યા કરતાં વધારે સમય વીતવાનો સંભવ હોય, તો મારાં પત્નીને પણ મારે અહીં બોલાવવાં પડશે; કારણ કે, મેં તેમને એ પ્રમાણેનું વચન આપેલું છે." આ પ્રમાણે કહીને ખેંગારજીએ પોતાના તથા સાયબજીના થયેલા લગ્નસમારંભનો વૃત્તાંત પણ અલૈયાજીને કહી સંભળાવ્યો.

ખેંગારજીના એ વિચારોને જાણીને અલૈયાજીને પણ એમ જ લાગ્યું કે તેના એ વિચારો સર્વ પ્રકારે યોગ્ય હતા અને તે સાથે ઉભય ભ્રાતાઓના લગ્નની વાર્ત્તા સાંભળીને તેના મનમાં એક પ્રકારનો સ્વાભાવિક આનંદ થવા લાગ્યો. છતાં પણ તે ખેંગારજીને આગ્રહ

કરતો કહેવા લાગ્યો કે: "ભલે તમારો ગુપ્ત રહેવાનો અને પોતાના ભિન્ન ગૃહમાં વસવાનો વિચાર છે, તો હું તે માટેની આવતી કાલે સર્વ વ્યવસ્થા કરી આપીશ; પરંતુ આજની રાત મારે ઘેર મેહમાન તરીકે રહેવામાં શો વાંધો છે? કાંઈ એક જ રાતમાં તમારો ભેદ ખુલ્લો નહિ પડી જાય. અહીં જંગલમાં રહેવું સારું નથી અને તેમાં પણ આ સ્થાન તો વળી મહાભયંકર મનાય છે. આ સ્થાનમાં આ મહાદેવનો પૂજારી ખાકી બાવો જ માત્ર રાતે રહી શકે છે; કારણ કે, મધ્યરાત્રિના સમયમાં અહીં કેટલાક પિશાચો, ભૂતો અને ડાકિનીઓ વિહાર તથા નૃત્ય કરવામાટે આવે છે અને જે કોઈ પણ મનુષ્ય તે વેળાયે અહીં તેમના જોવામાં આવે છે, તો તેનો તેઓ તત્કાળ ભક્ષ કરી જાય છે એવી અહીંના લોકોની દૃઢ માન્યતા છે; માત્ર માન્યતા છે એટલું જ નહિ, પણ એવી રીતે અનેક પ્રવાસીઓ અહીં રાતવાસો કરવાથી અદૃશ્ય થઈ ગયા છે અને તેથી નિશાના સમયમાં આ સ્થાનમાં વાસ કરવાની કોઈ પણ હિંમત કરી શકતું નથી. આ મહાદેવનો પૂજારી ખાકી બાવો એક મહાવિલક્ષણ માંત્રિક, તંત્રવિદ્યાવિષારદ તથા સિદ્ધ પુરુષ હોવાથી માત્ર એને એકલાને જ એ પિશાચ આદિ કશી પણ બાધા કરી શકતાં નથી અને આ કારણથી લોકો એ ખાકી બાવાને બહુ જ માનની દૃષ્ટિથી નિહાળે છે."

અલૈયાજીના મુખથી તે સ્થાનની ભયંકરતાનો તથા તે ખાકી બાવાની સિદ્ધતાનો આવો અદ્દ્ભુત વૃત્તાન્ત સાંભળીને ખેંગારજીને મનમાં તો બહુ જ હસવું આવ્યું; છતાં પોતાના મનના એ ભાવને મનમાં જ દબાવી રાખીને બાહ્ય ગંભીરતાને અવિચલ રાખી ખેંગારજીએ કહ્યું કે: "પ્રિય બંધુવર્ય, ક્ષત્રિયના કુમારો ભૂત પિશાચ આદિથી કદાપિ ડરતા નથી અને જો પોતાના હસ્તમાં પોતાની અસિ દૃઢ હોય, તો તેઓ એકવાર તો કાળ સાથે લડવાને પણ તૈયાર થઈ જાય છે, એ તો આપ જાણો જ છો એટલે ભૂત પિશાચાદિના ભયથી અમો આ સ્થાનનો પરિત્યાગ કરીએ, એ તો સંભવતું જ નથી; અને તેમાં વળી અહીં રાતવાસો કરવાનું બીજું કારણ એ છે કે જે ખાકી બાવાની સિદ્ધતાની આપ આટલી બધી પ્રશંસા કરો છો, તે ખાકી બાવો અમો જ્યારે અહીં આવ્યા ત્યારે અહીં હતો, પણ ત્યાર પછી તે કોઈ અગત્યના કાર્યમાટે અહીંથી આઠ દશ ગાઉપરના કોઈ સ્થાનમાં જવામાટે ચાલ્યો ગયો છે અને આવતી કાલે તેના પાછા આવતાં સુધી આ મહાદેવના મંદિર તથા તેની પોતાની પર્ણકુટીને સંભાળવાનો ભાર તે અમારા શિરપર નાખતો ગયો છે. અર્થાત્ અમોએ તેનસ

આવતાં સુધી આ સ્થાનમાં રહીને શિવમંદિર તથા પર્ણકુટીને સંભાળવાનું વચન આપેલું હોવાથી વચનનું પાલન અમારે કરવું જ જોઇએ અને તેથી અત્યારે તો નગરમાં અમારાથી કોઈ પણ રીતે આવી શકાય તેમ નથી. અમો અહીં પાંચ જણ હોવાથી આપ અમારા વિશે કોઈ પણ પ્રકારની ચિંતા રાખશો નહિ."

"અન્નદાતા, અમો સ્વામિનિષ્ઠ સેવકો આપના બંધુ કુમારશ્રી ખેંગારજી તથા કુમારશ્રી સાયબજીની સેવામાં જ્યાં સુધી હાજર છીએ, ત્યાં સુધી આપે એમની લેશ માત્ર પણ ચિન્તા રાખવાની નથી. જો અમારા પ્રાણપક્ષી આ શરીરપિંજરમાંથી ઊડી જશે, તો જ એમનો વાળ વાંકો થશે; અર્થાત્ જ્યાં સુધી અમો જીવતા છીએ, ત્યાં સુધી તો એમનો એક વાળ પણ વાંકો થવાનો નથી." ખેંગારજીએ છચ્છરને ખાકી બાવાના અથવા તો કાપાલિકના વધનો અને ત્યાંના ગુપ્ત ધનભંડારનો સમસ્ત ભેદ જણાવેલો હોવાથી છચ્છરે અલૈયાજીને આ પ્રમાણેનું યોગ્ય આશ્વાસન આપ્યું.

છચ્છર પ્રમાણે જ રણમલ્લ તથા તેના ભત્રીજાએ પણ અલૈયાજીના હૃદયનું સાંત્વન કરીને નિર્ભય રહેવાનું જણાવ્યું અને તેથી અંતે નિરુપાય થઇને અલૈયાજી ત્યાંથી જવાની તૈયારી કરતો કહેવા લાગ્યો કે: "વારુ, ત્યારે હવે રાત્રિના આગમનમાં અધિક વિલંબ ન હોવાથી હું ઘેર જવાની આજ્ઞા લઉં છું. આવતી કાલે ગૃહ, ગૃહમાં જોઇતી આવશ્યકીય વસ્તુઓ અને બે ચાર દાસ દાસી આદિની વ્યવસ્થા કર્યા પછી હું તમને સંદેશો કહાવીશ એટલે સંદેશ લાવનાર મનુષ્ય સાથે તમો અમદાવાદમાં આવી તમારા પોતાના ગૃહમાં નિવાસ કરજો અને રાત્રિના સમયમાં હું પણ તમારી મુલાકાતે ત્યાં આવીશ ત્યારે આપણે વિશેષ વાર્ત્તાલાપ કરીશું."

"પરંતુ અમારા આગમનની વાર્ત્તા હાલ તરત જ્યાં સુધી અમો આપને અનુમતિ ન આપીએ, ત્યાં સુધી આપણાં ભગિની કમાબાઇને પણ કૃપા કરીને જણાવશો નહિ." ખેંગારજીએ એક વિશેષ સૂચના આપી દીધી.

"જો તમારી એવી જ ઇચ્છા છે, તો તમારા આગમનની વાર્ત્તા હું તમારી અનુમતિ મળ્યા પૂર્વે બહેન કમાબાઇને જણાવીશ નહિ; કારણ કે, હું જામ હમ્મીરનાં ઉપપત્નીનો પુત્ર હોવાથી એક રીતે આપનો બંધુ છું; પરંતુ કચ્છ રાજ્યના સિંહાસનના ઉત્તરાધિકારી અને રાણીજાયા રજપૂત હોવાથી અમો બીજી રીતે આપનાં પ્રજાજન છીએ અને તેથી આપની આજ્ઞાથી વિરુદ્ધ વર્ત્તવું એ મારો ધર્મ નથી. આપ

મને પોતાનો જ્યેષ્ઠ ભ્રાતા માનો છો અને મારું આટલું બધું માન જાળવો છો, એ આપની ઉદારતા તથા સદ્‌ગુણગ્રાહકતા છે; બાકી હું તો મને પોતાને આપનો એક રાજનિષ્ઠ સેવક જ માનું છું અને આપની સેવાનો આ પ્રસંગ પ્રાપ્ત થયો છે એ મારાં પરમ સદ્‌ભાગ્ય છે, એમ જ ધારું છું." અલૈયાજીએ નમ્રતા તથા વિવેકિતાની પરમસીમા કરી બતાવી.

અલૈયાજીની આ શાલીનતાથી ખેંગારજીની પ્રસન્નતાનો પરમાવધિ થયો અને તેથી તે અલૈયાજીને ધન્યવાદ આપતો કહેવા લાગ્યો કે: "જ્યેષ્ઠ ભ્રાતા, આપનાં માતુશ્રી ભલે આપણા પિતાશ્રીનાં ઉપપત્ની હતાં, છતાં એક ક્ષત્રિય સ્ત્રીમાં હોવા જોઇએ તે સર્વ સદ્‌ગુણોનો તેમનામાં નિવાસ હતો અને તેથી જ તેમણે મારાં માતુશ્રી પ્રમાણે જ આપણા પિતાશ્રીની ચિતામાં તેમની સાથે સ્વર્ગગમન કર્યું છે. અર્થાત્ અમો આપનાં માતુશ્રીને અમારાં સગાં માતુશ્રી કરતાં પણ અધિક પૂજ્ય માનતા હતા અને અંત પર્યંત માનીશું. આ દૃષ્ટિથી તો કચ્છ રાજ્યના સિંહાસનના ઉત્તરાધિકારી આપ જ છો, છતાં સાંસારિક વ્યવહાર અથવા રૂઢિએ મને જ કચ્છ રાજ્યનો રાજા ઠરાવ્યો છે અને એ રૂઢિને માન આપવામાં આપે કોઇ પણ પ્રકારના લોભ તથા દ્વેષ આદિ વિકારને વશ ન થતાં જે ઉદારતા દર્શાવી છે, એ આપનો મારાપર એક પ્રકારનો અગાધ ઉપકાર થયો છે. ધારો કે, હું કચ્છનો રાજા થઇશ, તો પણ મેવાડના ચંદાવતો પ્રમાણે આપનું આસન મારા સિંહાસનની જમણી બાજૂએ રહેશે અને આપની અનુમતિ વિના આપનો આ કનિષ્ઠ ભ્રાતા ખેંગારજી રાજ્યવિષયક કોઇ પણ ગંભીર કાર્ય કરશે નહિ, એ નિશ્ચયપૂર્વક માનજો. માત્ર આપના વિશે મારા હૃદયમાં જે સમભાવ તથા પૂજ્ય ભાવનો નિવાસ છે, તેને વ્યક્ત કરવાનો અને વ્યવહારમાં યોજી બતાવવાનો પ્રસંગ મને પરમાત્મા સત્વર આપે, એટલી જ તે પરમકૃપાળુ પરમાત્માનાં ચરણોમાં મારી પ્રાર્થના છે."

"પરમાત્મા આપની શુભ મનઃકામનાઓને સત્વર સિદ્ધ કરો, એ જ મારી પણ તે દયાધન પ્રભુના પદપંકજમાં અનન્ય અભ્યર્થના છે." અલૈયાજીએ પણ શુભ વાસના દર્શાવી.

એ પછી અલૈયાજી ત્યાંથી નગરપ્રતિ ચાલ્યો ગયો અને તેના જવા પછી ખેંગારજીએ રણમલ્લ તથા તેના ભત્રીજાને પણ પોતાના વિશ્વાસપાત્ર સેવકો માનીને કાપાલિકના વધનો, તેના અત્યાચારોનો તથા તેના ગુપ્ત ભંડારનો વૃત્તાન્ત કહી સંભળાવ્યો અને ત્યાર પછી જણાવ્યું કે: "આજે રાતે આપણે અહીં સર્વથી પ્રથમ જે કાર્ય કરવાનું છે તે એ છે કે આ પર્ણકુટીના ભોંયરામાં કાપાલિકનું જે શબ પડેલું

છે તેને બહાર કાઢીને ચિતામાં બાળી નાખવું કે જેથી તેના વધનું કાંઇ ચિન્હ જ અવશિષ્ટ ન રહે; ત્યાર પછી ભૂગર્ભમાંના તે સ્થાનમાં જે અસ્થિઓનો રાશિ છે, તેમાંનાં અસ્થિઓને ત્યાંથી ખસેડીને ધનભંડારનો શોધ કરવાનો છે; કારણ કે જો તે ધનભંડારમાંથી આપણને સારા પરિમાણમાં ધનસંપત્તિ મળી જશે, તો તેના યોગે અત્યારે આપણે અમદાવાદમાં આડંબરથી રહી શકીશું અને ભવિષ્યમાં જામ રાવળ સાથેના યુદ્ધના સમયમાં પણ એ ધનસંપત્તિ આપણામાટે બહુ જ ઉપયોગિની થઇ પડશે. ભૂત પિશાચ આદિના ભયથી રાત્રિના સમયમાં અહીં કોઇ આવતું નથી એટલે કાપાલિકના શબને નિર્ભયતાથી બાળી નાખવામાં કાંઇ પણ બાધા આવે તેમ નથી અને દૂરથી જો કોઇ ચિતાની જ્વાળા જોશે, તો તે એ જ્વાળાને પિશાચની લીલા માની લેશે એટલે લોકોની આ માન્યતા આપણામાટે તો લાભકારક અને નિર્ભયતાને લાવનારી જ થઇ પડવાનો સંભવ છે."

"કાપાલિકની પર્ણકુટીમાં ખાનપાનની વસ્તુઓ પણ અવશ્ય હોવી જોઇએ અને એટલામાટે મારો એવો વિચાર છે કે અત્યારે આપણે રાંધવાના કાર્યનો આરંભ કરી દઇએ એટલે ભોજન તૈયાર થશે અને આપણે ઉદરપૂજાના કાર્યથી નિવૃત્ત થઇશું તેટલામાં રાતનો પણ કેટલોક સમય વીતી જશે અને ત્યાર પછી કાપાલિકના શબને અગ્નિસંસ્કાર કરવાનો સમય થતાં તે કાર્ય પણ શાંતિથી કરી શકાશે." છચ્છરે પોતાનો અભિપ્રાય દર્શાવ્યો.

છચ્છરના આ અભિપ્રાયને સર્વનું અનુમોદન મળવાથી છચ્છર તથા રણમલ્લે કાપાલિકની પર્ણકુટીમાં પ્રવેશ કર્યો અને શોધ કર્યો, તો ત્યાં ખાનપાનનાં નાનાવિધ સાધનો તેમને મળી આવ્યાં. છચ્છર પાકનિષ્પત્તિની કળામાં પણ નિપુણ હોવાથી એક પ્રહરથી પણ અલ્પ સમયમાં તેણે ભોજનની સામગ્રીને તૈયાર કરી જૂદા જૂદા પાંચ કે છ ભોજ્ય પદાર્થો બનાવ્યા અને થાળીઓ પીરસી દીધી; કારણ કે, કાપાલિકની પર્ણકુટીમાં કેવળ ત્રાંબા પીતળનાં જ નહિ, પણ સુવર્ણ તથા રૌપ્યકનાં પાત્રોનો પણ સુકાળ હતો. રાજકુમારોને સુવર્ણના થાળોમાં ભોજન પીરસવામાં આવ્યું હતું અને છચ્છર, રણમલ્લ તથા રણમલ્લના ભત્રીજાએ ત્રાંબા પીતળનાં પાત્રોમાં જ ભોજન લીધું. ખેંગારજી, સાયબજી તથા છચ્છરને કચ્છ છોડ્યા પછી ભોજનને ન્યાય આપવાનો આવો શાંતિમય, નિર્ભયતાયુક્ત તથા આનંદવર્ધક પ્રસંગ મળ્યો જ નહોતો એટલે તેઓ આજના આ વનભોજનથી અત્યંત સંતુષ્ટ થયા. ભોજનકાર્યની સમાપ્તિ પછી કાપાલિકે ધૂણી સળગાવવામાટે

સૂકા લાકડાના જે ત્રણ ચાર ગંજ ખડકી રાખ્યા હતા તેમાંથી મોટાં મોટાં લાકડાં કાઢીને છચ્છર તથા રણમલ્લે જોતજોતામાં એક ચિતા ત્યાંથી કેટલાક અંતરપર ખડકી દીધી અને કાપાલિકના શબને તે ચિતાપર રાખી તેમાં અગ્નિ પ્રકટાવી દીધો. મધ્યનિશા થવા પૂર્વે તો કાપાલિકનું મૃતશરીર ભસ્મીભૂત થઇને હતું નહોતું થઇ ગયું. ચિતા-ભસ્મને તત્કાળ આમ તેમ વિખેરી નાખવામાં આવી અને ત્યાંની ભૂમિને એવી તો સ્વચ્છ કરી નાખવામાં આવી કે ત્યાં ચિતા પ્રકટાવ-વામાં આવી હતી એવી કોઇના મસ્તિષ્કમાં કલ્પના માત્ર પણ ન આવી શકે. એ કાર્યની સમાપ્તિ પછી ખેંગારજી, છચ્છર તથા રણમલ્લ કાપા-લિકની પર્ણકુટીમાંના ભૂગર્ભમાંના ગુપ્ત સ્થાનમાં દીપક લઇને ઊતર્યા અને સાયબજી તથા રણમલ્લનો ભત્રીજો બહાર જ દેખરેખમાટે પર્ણ-કુટીની આસપાસ ભ્રમણ કરવા લાગ્યા.

તે ભૂગર્ભવાસમાં પ્રથમ તો નિર્દયતાથી કાપાલિકના હસ્તથી મરાયલાં અનેક નિર્દોષ મનુષ્યોનાં અસ્થિઓનો એક મહાન્ રાશિ પડેલો તેમના જોવામાં આવ્યો અને તેને જોઇને તેમના હૃદયમાં ત્રાસ, શોક તથા સંતાપયુક્ત ધિક્કાર છૂટવા લાગ્યો. એક મહાપા-પિષ્ઠ, નિર્દય તથા કાળસ્વરૂપ કાપાલિક નરપિશાચના અસ્તિત્વને મટાડી અસંખ્ય જનોને ભયમુક્ત કરવાનું પુણ્ય કિંવા શ્રેય આજે પોતાને પ્રાપ્ત થયેલું હોવાથી ખેંગારજી પોતાને ધન્ય તથા ભાગ્યશાળી માનવા લાગ્યો અને છચ્છર તથા રણમલ્લ પણ તેને તેના એ પરો-પકારમય વીરકૃત્યમાટે અનેકશઃ ધન્યવાદો આપવા લાગ્યા. મનુષ્યા-સ્થિના આવા વિશાળ રાશિને જોતાં પ્રથમ તો તેમનો એવો જ અભિપ્રાય બંધાયો હતો કે કાપાલિકનો ધનભંડાર એ અસ્થિઓની નીચે હોવાથી અસ્થિના રાશિને દૂર કર્યા વિના તે દૃષ્ટિગોચર થવાનો નથી; પરંતુ એટલામાં તેમને એમ જણાયું કે ઉપરના ભાગમાં જેવા બે ઓરડા હતા તેવા જ નીચેના ભાગમાં પણ બે ઓરડા હતા; તેમાંના એક અસ્થિરાશિવાળા ઓરડામાં અત્યારે તેઓ ઊભા હતા અને બીજા ઓરડામાં જવાનું દ્વાર તેમની સામે જ હતું. તે દ્વાર જો કે વાસેલું હતું, પરંતુ સાંકળ કે તાળાથી વાસેલું નહોતું એટલે ત્યાંના થોડાંક અસ્થિ-ઓને ખસેડીને તેમણે તે દ્વારને ઉઘાડી નાખ્યું અને તે બીજા ઓર-ડામાં પ્રવેશ કર્યો. તે ઓરડાના મધ્યભાગમાં પાષાણનો જાણે ચતુષ્કોણ ઓટલો જ કરેલો હોયની! તેવા આકારનો પાષાણનો બનાવેલો એક વિશાળ મંજૂષ અથવા પટારો પડેલો તેમના જોવામાં આવ્યો કે જે મંજૂષને મજબૂત તાળાથી બંધ કરી દેવામાં આવ્યો હતો. ચાર

ખૂણામાં બીજી ચાર પેટીઓ લોઢાની બનાવેલી પડી હતી અને તે અડધી જમીનમાં દાટેલી હોવાથી કોઇથી પણ તરત ઉપાડી શકાય તેમ નહોતું. એ સઘળી પેટીઓને પણ તાળાં વાંસેલાં હતાં. દીપકને પાષાણમંજૂષપર મૂકીને હવે એ મજબૂત તાળાંને ઉઘાડવાં કેવી રીતે ? ચાવીઓનો શોધ કરવો કે તાળાંને તોડી નાખવાં એ વિશેનો તેઓ પોતપોતામાં વિચાર કરવા લાગ્યા. એટલામાં તે ઓરડાની સામેની ભીંતપરના એક શિલાલેખપર ખેંગારજીની દૃષ્ટિ પડી અને તેથી કૌતુક થતાં દીપકને હાથમાં લઈ તે દીવાલ પાસે જઇને તેણે તે શિલાલેખના આશયને જાણવાનો પ્રયત્ન કર્યો; પરંતુ તે શિલાલેખ તેની ભાષા તથા લિપિ વિલક્ષણ હોવાથી તેનાથી વાંચી શકાયો નહિ. અંતે તેઓ તે પેટીઓનાં તાળાંને તોડી નાખવાના અને સંપત્તિસાથે દીવાલમાંના તે શિલાલેખને પણ કાઢીને લઈ જવાના નિશ્ચયપર આવ્યા અને છચ્છર ઉપર જઇને તાળાં તોડવાનાં સાધનો લઈ આવ્યો એટલે તત્કાળ તે મંજૂષ તથા પેટીઓનાં તાળાં તે સાધનોવડે તૂટી જતાં તેમનો એ પ્રત્યવાય દૂર થઈ ગયો.

પ્રથમ તેમણે પાષાણના મંજૂષને ઊઘાડ્યો અને તેમાંની વસ્તુઓને જોઇને તેઓ સર્વથા આશ્ચર્યચકિત તથા દિઙ્મૂઢ થઈ ગયા. તે પાષાણમંજૂષમાં દેવાધિદેવ મહાદેવની સમસ્ત સુવર્ણની બનાવેલી એક અર્ધપ્રતિમા હતી અને તેને જ્યારે બહાર કાઢવામાં આવી ત્યારે તે પ્રતિમાનાં નેત્રો, તેની જટામાં વિરાજતી ગંગાનાં નેત્રો, તેના ગળામાં લપટાયલા ભુજંગોનાં નેત્રો અને મસ્તકવિભાગમાંના ચંદ્રનો સમસ્ત ભાગ નાનાવિધ રત્નોવડે ખચિત (જડેલાં) હતાં અને તે રત્નોના ચમકાટનો દીપકના પ્રકાશ સાથે મિશ્રીભાવ થતાં ત્યાં એક પ્રકારના વિલક્ષણ પ્રકાશનો વિસ્તાર થઈ રહ્યો. એ પ્રતિમા પોલી નહિ, પણ પીન (નક્કર) હોવાથી ઓછામાં ઓછું પણ તેનું વજન દોઢ મણ જેટલું હોવું જોઇએ, એવું સાધારણ અનુમાન કરી શકાતું હતું. મહાદેવની એ અર્ધપ્રતિમાનો કોઈ ઉત્સવને દિવસે પાલખીમાં બેસાડીને દર્શન કરાવવાના પ્રસંગે ઉપયોગ થતો હોવો જોઇએ, એવી તેમણે કલ્પના કરી લીધી. એ ઉપરાંત તે પાષાણમંજૂષમાં અષ્ટભુજા દેવીની પણ એક લઘુ સુવર્ણપ્રતિમા હતી અને તેમાં પણ નાનાવિધ રત્નો બહુ જ સારી સંખ્યામાં જડવામાં આવ્યાં હતાં; તેમ જ રત્નજડિત સુવર્ણના કેટલાક અલંકારો પણ તેમાં હતા. લોઢાની જે ચાર પેટીઓ હતી તેમાંની એક પેટીમાં આકંઠ સુવર્ણમુદ્રાઓ ભરેલી હતી, બીજી પેટીમાં આકંઠ રજતમુદ્રાઓ ભરેલી હતી, ત્રીજી પેટીમાં સોનાની લગ-

ડીઓ ભરેલી હતી અને ચોથી પેટીમાં તાલપત્રપર લખેલાં તંત્રવિદ્યા તથા મંત્રવિદ્યાનાં કેટલાંક જીર્ણ પુસ્તકો ભરેલાં હતાં તેમ જ મનુષ્યની બે ખોપરીઓ, બાહુ તથા એવા જ અન્ય મૃત મનુષ્યના અસ્થિમય અવયવો પડેલા હતા. એ ધનભંડારને જોઇને આપણા કથાનાયક ખેંગારજીના હૃદયમાં શોક તથા હર્ષની મિશ્ર ભાવનાઓ ઉદ્ભવવા લાગી.

ખેંગારજીએ છચ્છરને ઉદ્દેશીને કહ્યું કે: "ભાઈ છચ્છર, દુષ્ટ કાપાલિકે આ સર્વ સંપત્તિ અનેક મનુષ્યોના કપટથી ઘાત કરીને આ સ્થાનમાં એકત્ર કરી છે તેથી આ સંપત્તિ દૈવી સંપત્તિ નહિ, કિન્તુ આસુરી સંપત્તિ છે, એ તો સર્વથા નિર્વિવાદ વાર્ત્તા છે અને તેથી આવી સંપત્તિનો ઉપયોગ કરવો એ જો કે યોગ્ય નથી; છતાં આપણો અત્યારે સારો સમય ન હોવાથી અને આપણે જે કાર્યની સિદ્ધિમાટે આ દેશમાં આવ્યા છીએ તે કાર્યની સિદ્ધિમાં ધનની અત્યંત આવશ્યકતા હોવાથી અત્યારે તો આ સંપત્તિનો ઉપયોગ કર્યા વિના આપણો છૂટકો જ નથી; પરંતુ જ્યારે આપણો સારો સમય આવશે, ત્યારે એટલી જ સંપત્તિનો ધર્મદાનમાં આપણે વ્યય કરીશું એટલે મારી માન્યતા છે કે આ સંપત્તિના ઉપયોગથી આપણું કાંઈ પણ અનિષ્ટ થશે નહિ. અસ્તુ: પરંતુ જો આ સંપત્તિ આ સ્થાનમાં જ રહે, તો તો તે આપણામાટે કશા પણ ઉપયોગની થઇ શકે નહિ; એટલે હવે આ સંપત્તિને આપણા અધિકારમાં લઈ લેવાનો શો પ્રયત્ન કરવો, એનો જ અત્યારે આપણે સર્વથી પ્રથમ વિચાર કરવાનો છે."

એના સમાધાનકારક નિર્ણયના માર્ગને દર્શાવતો છચ્છર કહેવા લાગ્યો કે: "અન્નદાતા, એ વિશે આપ લેશ માત્ર પણ ચિંતા રાખશો નહિ. આપ આવતી કાલે નગરમાં નિવાસ કરવામાટે આનન્દથી ચાલ્યા જજો અને હું તે કાપાલિકના શિષ્ય તરીકે સાધુના વેષમાં અહીં જ રહીશ. આપ સર્વ નિત્ય અહીં અમસ્તા ફરવામાટે આવ્યા કરજો અને હું એ સંપત્તિનો જે થોડો ભાગ બહાર કાઢી રાખું તે સાથે લેતા જજો એટલે કોઇના મનમાં કશી શંકા પણ નહિ આવે અને ધીમે ધીમે આ સર્વ સંપત્તિ આપણા ગૃહમાં પહોંચી જશે. રોકડ સંપત્તિ તથા રત્નખચિત અલંકારો આપણા ગૃહમાં પહોંચી ગયા પછી આ મૂર્ત્તિઓને તથા ગ્રંથોને પણ અન્ય કોઈ યુક્તિથી આપણે અહીંથી ઉપાડી જઇશું. રાજાને કોઇ પણ પ્રકારની સંપત્તિના ઉપયોગનો નિષેધ હોતો નથી અને તેમાં પણ વળી જો પરમાત્માની ઇચ્છા ન હોત, તો અચાનક આટલી બધી સંપત્તિ આપના અધિકારમાં આવત જ નહિ; અર્થાત્ પરમાત્માએ આ સંપત્તિ આપના

કલ્યાણમાટે જ આ સ્થાનમાં એકત્ર કરાવી રાખી છે એમ માનીને આ સંપત્તિના યોગ્ય ઉપયોગમાટે કોઈ પણ પ્રકારના સંકોચ કિવા સંશયને હૃદયમાં સ્થાન આપવાનું કાંઈ પણ કારણ નથી. છતાં પણ યોગ્ય સમય આવતાં આપ ધર્મદાન કરો, તો તેમાટે પણ મારી કાંઈ ના નથી. અસ્તુઃ આપણે અત્યારના આપણા કાર્યની સમાપ્તિ કરેલી હોવાથી ઉપર જઇને નિદ્રા લઇએ અને વિશ્રાંતિમાં નિશા વીતાડીએ, તો સારું; કારણ કે, રાત વધારે વીતી ગઈ છે અને તેથી જો આપ વિશ્રાંતિ નહિ લ્યો, તો કદાચિત્ આપની પ્રકૃતિ મંદ થઈ જશે, એવી મારા મનમાં ભીતિ રહ્યા કરે છે.”

અર્થાત્ પાષાણમંજૂષ તથા લોઢાની પેટીઓને બંધ કરીને તેમ જ તે ઓરડાના દરવાજાને બંધ કરી સાંકળ ચઢાવીને ખેંગારજી, છચ્છર તથા રણમલ્લે ઉપર જવામાટેની તૈયારી કરી અને પ્રથમ ખેંગારજી, પછી છચ્છર અને છેવટે રણમલ્લ અનુક્રમે ઉપરના ઓરડામાં આવી ગયા. છચ્છરે ત્યાર પછી નીચેના ભૂગર્ભકક્ષમાં જવાના ઉપરના મુખરૂપ દ્વારને ઢાંકી દીધું અને તેની ઉપર ગાલીચો પાથરી દીધો. ખેંગારજી તથા સાયબજીને કાપાલિકની પર્યંકશય્યામાં સૂવાડીને છચ્છર પોતે હસ્તમાં નાગી તલ્વારને રાખી તેમના રક્ષણમાટે ત્યાં જાગતો જ બેસી રહ્યો. રણમલ્લ અને તેનો ભત્રીજો પોતાના ઊંટ પાસે બિસ્તર લગાવીને નિદ્રાવશ થયા. ખેંગારજીના કૃષ્ણાશ્વને તો છચ્છરે પર્ણકુટીની પાસે જ લાવીને બાંધી દીધો હતો; કારણ કે, તે અશ્વ શુભશકુનરૂપ હોવાથી તેના રક્ષણની પણ અત્યંત આવશ્યકતા હતી. કોઈ પણ પ્રકારના વિઘ્ન વિના રાત્રિનો અવશિષ્ટ સમય આનંદમાં વીતી ગયો અને બીજા દિવસના રમણીય પ્રભાતના ઉત્સાહવર્ધક દર્શનનો વિશ્વના જીવોને લાભ મળી ચૂક્યો. આખી રાતનું અખંડ જાગરણ હોવા છતાં પણ પ્રભાતમાં સ્નાન આદિ કાર્યથી નિવૃત્ત થઇને છચ્છરે રસોઇની તૈયારી કરવા માંડી અને મધ્યાહ્ન પૂર્વે તો તેઓ ભોજનના કાર્યથી પણ નિવૃત્ત થઈ ગયા. બહુધા તૃતીય પ્રહરની સમાપ્તિ અને ચતુર્થ પ્રહરના આરંભના સંધિકાળમાં અલૈયાજીનો એક અનુચર ખેંગારજી પાસે આવ્યો અને તેણે નગરમાં ચાલવામાટેનો અલૈયાજીનો સંદેશ તેને સંભળાવ્યો. છચ્છર તથા રણમલ્લને ત્યાં જ રાખીને ખેંગારજી પોતાના બંધુ સાયબજી તથા રણમલ્લના ભત્રીજાને પોતાની સાથે લઇને નગરપ્રતિ જવાને પ્રયાણ કરી ગયો. આ વેળાએ ખેંગારજી પોતાના અશ્વપર તથા સાયબજી અને રણમલ્લનો ભત્રીજો ઊંટપર આરૂઢ થયા હતા અને અલૈયાજીનો અનુચર તેમને માર્ગ બતાવતો તેમની આગળ આગળ ચાલ્યો જતો હતો.

## ષષ્ઠ પરિચ્છેદ

## અહમ્મદાબાદમાં નિવાસ

અલેયાજીએ દિલ્લી દરવાજા પાસેના એક ઐકાંતિક ભાગમાં એક ઉત્તમ આગાર ખેંગારજીના નિવાસમાટે ભાડે રાખીને પોતાના અનુચરદ્વારા સર્વ આવશ્યકીય વસ્તુઓ ત્યાં મોકલીને યોગ્ય વ્યવસ્થા કરાવી રાખી હતી અને એક રસોઇઆને તથા બે અનુચરોને તેમ જ બે ત્રણ સુંદર દાસીઓને પણ તેણે નોકરીમાં રાખી લીધાં હતાં. જે વેળાયે ખેંગારજી તથા સાયબજી તેમના નિવાસમાટે રખાયલા એ આગારમાં આવી પહોંચ્યા, તે વેળાયે જાણે તેમનો ત્યાં કેટલાંક વર્ષથી નિવાસ હોયની ! એવા પ્રકારની સર્વ યોગ્ય વ્યવસ્થા તેમના જોવામાં આવી. એ આગારમાં નીચેના ભાગમાં ચાર વિશાળ ખંડો હતા. એમાંના એક ખંડમાં બેસવા ઊઠવાની તથા જો કોઈ અતિથિ અથવા સદ્‍ગૃહસ્થ મળવામાટે આવે તો તેને બેસાડીને તેનો યોગ્ય સત્કાર કરી શકાય, એવી ગોઠવણ કરવામાં આવી હતી; બીજા ખંડમાં શયનમંદિરની રચના હતી, તૃતીય ખંડમાં ભોજનમાટે બેસવાનાં સાધનો રખાયાં હતાં અને ચોથા ખંડમાં કોઠાર હતો. એ ઉપરાંત ઉપરના ભાગમાં મોટા બે ઓરડા હતા અને તે જો ખેંગારજીનાં પત્ની ત્યાં આવે, તો અંતઃપુર તરીકેના ઉપયોગમાટે રાખવામાં આવ્યા હતા. એ આગારના વિશાળ આંગણામાં એક તરફ એક મોટું રસોડું હતું, બીજી તરફ દાસદાસીઓના નિવાસમાટેની ઓરડીઓ હતી અને ત્રીજી તરફ અશ્વ ઇત્યાદિને બાંધવામાટેનો તબેલો પણ હતો. એ આગાર અમદાવાદના એક ધનાઢ્ય વૈશ્યે અમદાવાદમાં આવતા કેટલાક માંડલિક રાજાઓ તથા જાગીરદારોના ઊતારામાટે બંધાવ્યો હતો અને તેથી જ તેમાં આવા પ્રકારની સર્વ સગવડો કરેલી હતી. આંગણાના પાછળના ભાગમાં એક કૂવો પણ હતો એટલે પાણીની પણ તાણ પડે તેમ નહોતું. ખેંગારજી તથા સાયબજી આ સર્વ વ્યવસ્થાને જોઇને અત્યંત પ્રસન્ન થયા અને પરમાત્માના નામોચ્ચાર સહિત તેમણે પોતાના એ નવીન નિવાસસ્થાનમાં પ્રવેશ કર્યો. તે દિવસ અને તે રાત્રિનો સમય તો તેમણે ત્યાં જ વીતાડ્યો અને બીજે દિવસે મધ્યાહ્ન ભોજન તથા વામકુક્ષી કર્યા પછી તેઓ નદીપાર છચ્છરને મળવામાટે પગે ચાલતા જ ગયા.

ત્રીજે દિવસે ખેંગારજીએ શુક્રવારની ગુજરીમાંથી બે સારા અશ્વો ખરીદી લીધા અને ત્યાર પછી જ્યારે પણ ખેંગારજી, સાયબજી તથા રણમલ્લનો ભત્રીજો નદીપાર જતા હતા, ત્યારે અશ્વારૂઢ થઇને જ

જતા હતા અને ખેંગારજી તથા સાયબજીનાં પ્રભાવશાલી તથા તેજસ્વી મુખમંડળોને જોઇને અહમ્મદાબાદ નગરનાં લોકો—સ્ત્રીઓ તથા પુરુષો—આશ્ચર્યચકિત તથા સ્તબ્ધ થઇ જતાં હતાં. ખેંગારજી તથા સાયબજીએ તેમનો હાલ તરત અહમ્મદાબાદમાં ગુપ્ત નિવાસ હોવાથી ઇન્દ્રસિંહ અને ચંદ્રસિંહ એવાં બીજાં નામો ધારણ કરી લીધાં હતાં અને તેથી ત્યાંનાં લોકો તેમને એ નામોથી જ ઓળખતાં હતાં.

ખેંગારજીએ સારા કારીગર સુતારોને બોલાવી ચાર મોટા મંજૂષ (મજૂસ) તૈયાર કરાવી લીધા. પછી કાપાલિકના ગુપ્ત ધનભંડારને નિત્ય અલ્પ પ્રમાણમાં લઇ આવવાના કાર્યનો આરંભ કરી દીધો. નિત્ય ત્રણ મનુષ્ય પોતાના અશ્વના ખુર્જિનમાં ભરીને સુવર્ણમુદ્રા, રજતમુદ્રા તથા અલંકારો લાવતા હોવાથી આઠ દશ દિવસમાં તે સર્વ સંપત્તિ અહમ્મદાબાદમાંના તેમના આગારમાં આવી ગઈ અને ત્યાર પછી મહાદેવની અર્ધમૂર્ત્તિ તથા અષ્ટભુજા દેવીની લઘુ મૂર્ત્તિને પણ તેમનાપર માટીનું લેપન કરીને માટીની મૂર્ત્તિઓ તરીકે તેઓ ઉપડાવી લાવ્યા. તંત્રવિદ્યા તથા મંત્રવિદ્યાનાં પુસ્તકો પણ ત્યાં આવી ગયાં; માત્ર એટલું જ નહિ, પણ કાપાલિકની કેટલીક અન્ય વસ્તુઓ પણ ખેંગારજીના આગારમાં વિરાજવા લાગી. રણમલ્લનો ઉંટ પણ નગરમાં આવી ગયો હતો એટલે હવે નદીપારના કાપાલિકના સ્થાનમાં તો માત્ર છચ્છર અને રણમલ્લ એ બે જણ જ ખાકી બાવા પ્રમાણે ખાઇ પીને પડ્યા રહેતા હતા.

એક દિવસ ખેંગારજીએ છચ્છરને કહ્યું કે: "છચ્છર ભાઈ, હવે આ સ્થાનમાં તમો શામાટે પડ્યા રહ્યા છો વારુ? કારણ કે, આપણા કાર્યની તો ક્યારનીયે સમાપ્તિ થઈ ચૂકી છે એટલે હવે તમો તથા રણમલ્લભાઈ પણ નગરમાં આવીને અમારી સાથે જ રહો, તો વધારે સારું; કારણ કે, અમને તમારા વિના ત્યાં જરા પણ ગમતું નથી. આ શિવાલય અને કાપાલિકની આ પર્ણકુટી એ કાંઇ આપણું સદાનું નિવાસસ્થાન નથી અને તેથી આ પર્ણકુટીમાં આવીને ભલે ભૂતો નાચતા, એની ચિંતા આપણે શામાટે રાખવી જોઇએ?"

"મહારાજ, આ સ્થાન આપણું નિવાસસ્થાન છે એમ ધારીને અથવા તો આ પર્ણકુટીની શી અવસ્થા થશે એવી ચિન્તાથી હું આ સ્થાનમાં પડ્યો રહ્યો છું, એમ જો આપ ધારતા હો, તો એમ ધારવામાં આપની ભૂલ થાય છે. હું અહીં જ પડ્યો રહ્યો છું એનું કારણ માત્ર એટલું જ છે કે ચાંડાલ જામ રાવળનો સ્વભાવ અત્યંત નીચ હોવાથી તે હજી પણ આપને અને સાયબજીને શોધી કાઢવાના અને

બની શકે તો પકડી મગાવવાના અને નહિ તો બારોબાર આપ ઉભય ભ્રાતાઓના જીવનો નાશ કરાવી નાખવાના પોતાના પ્રયત્નમાં અટક્યો હશે અને શાંત થઇને બેઠો હશે, એવી મારી માન્યતા નથી: અર્થાત્ કદાચિત્ તેના ગુપ્ત દૂતો આપનો પત્તો મેળવવાને અહમ્મદાબાદમાં પણ આવી પહોંચશે, એવો મારા મનમાં દૃઢ તથા નિશ્ચયાત્મક સંશય રહ્યા કરે છે. હવે જો મારો એ સંશય સત્ય સિદ્ધ થાય અને જામ રાવળનો કોઈ ગુપ્ત દૂત અહીં આવી લાગે, તો કચ્છમાંથી અમદાવાદમાં આવનાર મનુષ્યમાટે અમદાવાદ નગરમાં પ્રવેશ કરવામાટેનો બહુધા આજ માર્ગ હોવાથી કચ્છનો કોઇ પણ મનુષ્ય આવશે, તો તે મારા ઓળખવામાં આવી જશે અને જો તે કોઈ દુષ્ટ વાસનાથી આવ્યો હશે અને તેની દુષ્ટ વાસના મારા જાણવામાં આવશે, તો તેની તે વાસનાને વ્યવહારમાં યોજાતી આપણાથી અટકાવી શકાશે, આવી ધારણાથી જ હું અહીં છાવણી નાખીને પડ્યો છું અને કોઇ મને ઓળખી ન શકે એટલામાટે આવતી કાલથી મારા વેષમાં પણ પરિવર્ત્તન કરીને મારો ખાકી બાવાના રૂપમાં ફેરવાઈ જવાનો વિચાર છે; માત્ર એટલું જ નહિ, પણ હું ધીમે ધીમે આ સ્થાન વિશે લોકોના મનમાં જે ભય છે તે ભયને દૂર હટાવીશ, અહીં બાવા ફકીરોનો અડ્ડો કરીને ભાંગ, ગાંજા, અફીણ તથા તંબાકુ ઇત્યાદિનું સદાવ્રત માંડીશ અને પ્રવાસીઓને રાતવાસો કે દિવસવાસો કરવાની સગવડો કરી આપીશ એટલે આ સ્થાન પણ એક ધર્મશાળા અથવા મુસાફિરખાનાના રૂપમાં ફેરવાઇ જશે અને તેથી જે પ્રવાસી અહીં નહિ આવતો હોય, તે પણ આનન્દથી આવશે. મારી યોજના આ પ્રમાણેની છે અને મને આશા છે કે મારી આ યોજના આપને પણ અવશ્ય યોગ્ય લાગવી જ જોઇએ." છચ્છરબૂટાએ પોતાના નિર્જન સ્થાનમાંના નિવાસનાં યોગ્ય કારણો દર્શાવ્યાં અને ત્યાર પછી તે ખેંગારજીના ઉત્તરની આતુરતાથી પ્રતીક્ષા કરવા લાગ્યો.

કેટલીક વાર વિચાર કર્યા પછી ખેંગારજીને છચ્છરના ત્યાંજ રહેવાનાં એ કારણો યોગ્ય જણાયાં અને તેથી તેણે કહ્યું કે: "છચ્છર ભાઈ, ધન્ય છે તમારી ચાણાક્યબુદ્ધિને અને ધન્ય છે તમારી અખંડ સ્વામિનિષ્ઠાને ! કેવળ અમો ઉભય ભ્રાતાઓના કલ્યાણમાટે જ એક બાવાના વેષમાં તમો આ સ્થાનમાં રહેવા માગો છો એટલે મારાથી એમાટેની ના પાડી શકાય તેમ નથી. અસ્તુઃ તમો અહીં રહેશો, તો અમો પણ નિત્ય એક વાર અહીં આવીને તમારા દર્શનનો લાભ લીધા કરીશું અને તમને જે કાંઈ આવશ્યકતા હશે તે પૂરી કર્યા કરીશું. કોઈ

પણ વસ્તુમાટે મુંઝાશો નહિ અને લેશ માત્ર પણ દુઃખ ભોગવશો નહિ; કારણ કે, પરમેશ્વરે આપણને અનાયાસ સર્વ સાધનો મેળવી આપ્યાં છે એટલે પરમાત્મામાં શ્રદ્ધા રાખીને આપણી યોગ્યતા તથા પદવી પ્રમાણે વર્ત્તવું એ જ આપણું કર્ત્તવ્ય છે."

અસ્તુઃ એ પછીના પાંચ સાત દિવસો તો એમના એમ વીતી ગયા; પરંતુ ત્યાર પછી એવા ઉદ્દેશહીન તથા વ્યવસાયહીન જીવનનો ખેંગારજીને કંટાળો આવવા લાગ્યો અને તેથી તેણે પોતાના બંધુ સાયબજીને એક દિવસ કહ્યું કેઃ "ભાઈ, આપણે ક્ષત્રિય રાજાના કુમારો હોવાથી આવી રીતે ઘરમાં ને ઘરમાં હાથ પગ બાંધીને બેસી રહીએ અથવા તો નગરમાં આંટા માર્યાં કરીએ, એ તો આપણા માટે યોગ્ય ન જ કહેવાય. અર્થાત્ અચાનક આપણે આ અહમ્મદાબાદ જેવા ગુજરાતના પાટનગરમાં આવ્યા છીએ, તો અહીંથી જે કાંઈ પણ વિદ્યા અને કળા આપણને પ્રાપ્ત થવાનો સંભવ હોય, તે ક્ષત્રિયોચિત વિદ્યા અને કળાની પ્રાપ્તિનો ઉચિત પ્રયત્ન આપણે કરવો જોઈએ. તેમ જ મૃગયા, શસ્ત્રાસ્ત્રસંચાલન, શરસંધાન અને મલ્લવિદ્યા આદિના અભ્યાસની પણ વૃદ્ધિ કરવી જોઈએ; કારણ કે, ભવિષ્યમાં આપણા શિરપર યુદ્ધ, રાજ્યશાસન તથા પ્રજાપાલન ઇત્યાદિ પ્રસંગો આવવાના છે અને તેથી જો આ વીરવિદ્યામાં આપણે નિષ્ણાત થયેલા ન હોઇએ, તો તે પ્રસંગોમાંથી નિર્વિઘ્ન અને યોગ્યતા પૂર્વક પાર ન પડી શકીએ, એ સર્વથા સ્વાભાવિક જ છે. મારા સાંભળવામાં આવ્યું છે કે સુલ્તાને બોલાવેલા જેસલમેરના ભટ્ટી નામક રાજપૂત જાતિના જયચંદ્ર તથા દેવચંદ્ર નામક બે મલ્લરાજોનો એક અખાડો અમદાવાદમાં છે અને ત્યાં તે બન્ને મલ્લબંધુઓ પોતાના શિષ્યોને મલ્લવિદ્યાનાં ભિન્ન ભિન્ન અંગોનું બહુ જ ઉત્તમ પ્રકારનું શિક્ષણ આપે છે એટલે મારો પણ એવો વિચાર થયો છે કે આપણે તે મલ્લોના શિષ્ય થઇને તેમના અખાડામાં પ્રવેશ કરીએ અને ત્યાં તેમની વિદ્યાનો પદ્ધતિપુરઃસર અભ્યાસ કરવા માંડીએ. મલ્લવિદ્યાના અભ્યાસ ઉપરાંત આપણને જે અવકાશનો સમય મળશે તેનો આપણે મૃગયા આદિમાં વ્યય કરીશું અને તેથી આપણી શૂરતા તથા વીરતાનો નિત્ય વિશેષ અને વિશેષ વિકાસ થતો રહેશે. સુલ્તાન બેગડાના દરબારમાં આપણો માનપૂર્વક સત્કાર થાય તે પ્રસંગ ક્યારે આવશે, એનો કશો નિશ્ચય ન હોવાથી મળેલા સમયનો સદુપયોગ કરી લેવો, એ જ આપણી બુદ્ધિમત્તા છે."

"જ્યેષ્ઠ ભ્રાતા, આપનો આ અભિપ્રાય સર્વથા માન્ય કરવા યોગ્ય અને પ્રસંગોચિત હોવાથી એમાટેની મારાથી ના પાડી શકાય

તેમ છે જ નહિ અને વળી આપની આજ્ઞાને સર્વદા માન આપીને વર્ત્તવું એ જ મારો ધર્મ હોવાથી એ દૃષ્ટિથી જોતાં પણ આપની આજ્ઞાનો મારાથી અનાદર કરી શકાય તેમ નથી. ભલે આપની ઇચ્છા હશે, તે વેળાયે આપણે તે મલ્લોના અખાડામાં ચાલીશું અને તેમના શિષ્ય થઇને મલ્લવિદ્યાના અભ્યાસનો આરંભ કરીશું." સાયબજીએ અત્યંત વિનયપૂર્વક જ્યેષ્ઠ ભ્રાતાની ઇચ્છાને અનુમોદન આપી દીધું.

બીજે જ દિવસે ખેંગારજી તથા સાયબજી મલ્લરાજ જયચંદ્ર તથા દેવચંદ્ર પાસે જઈ વિધિપૂર્વક તેમના શિષ્ય થઇને તેમની મલ્લ-વિદ્યાશાળામાં પ્રવિષ્ટ થયા અને નિત્ય નિયમપૂર્વક ત્યાં જઇને મલ્લ-વિદ્યાનાં ભિન્ન ભિન્ન અંગોનો અભ્યાસ કરવા લાગ્યા. એ વિદ્યાના અભ્યાસમાં તેમણે પોતાની બુદ્ધિની એવી તો તીવ્રતા તથા તીક્ષ્ણતા બતાવવા માંડી કે ગુરુ એક દાવ બતાવે તો બીજા પાંચ દાવ તેઓ પોતાની બુદ્ધિથી જ શોધી કાઢતા હતા અને અન્ય સાધારણ વિદ્યાર્થી જેટલું શિક્ષણ એક માસમાં પણ ન મેળવી શકે તેટલું શિક્ષણ તેઓ માત્ર એક દિવસમાં જ મેળવી લેતા હતા. લગભગ છ કે સાત માસ જેટલા અલ્પ કાલાવધિમાં તેઓ અસિચાલન, ગદાચાલન, શરસંધાન, નાલિકાચાલન, ખડ્ગચક્ર, ભાલાબાજી, મલ્લયુદ્ધ, અશ્વવિદ્યા, શબ્દવેધ અને પ્રમાણુવેધ આદિમાં એટલાબધા નિષ્ણાત થઈ ગયા કે સર્વત્ર તેમની બુદ્ધિમત્તા તથા બલિષ્ટતાની પ્રશંસા થવા લાગી અને આવા તેજસ્વી, પ્રતિભાશાળી તથા કુલીન શિષ્યોના યોગે તેમના વિદ્યાદાતા ગુરુજનોનું પણ સર્વત્ર આગળ કરતાં સોગણું વધારે ગૌરવ થવા લાગ્યું. આપણામાં એક એવી કહેવત પ્રચલિત છે કે: 'બાપ અચ્છા તો બેટે કાવ; ઔર બેટા અચ્છા તો બાપે લા'વ!' અર્થાત્ જો પિતા સારો હોય, તો પુત્રને શું? અને પુત્ર સારો હોય, તો પિતાને તો બહુ જ લ્હાવો છે; કારણ કે, કોઇ વાર એવા બનાવો પણ બને છે કે, પિતા સારો હોવા છતાં જો પુત્ર નઠારો નીવડે છે, તો સારા પિતાના પ્રભાવથી તેના દુર્ગુણો ઢંકાતા નથી; પરંતુ પિતા નઠારો હોવા છતાં જો પુત્ર સારો નીવડે છે, તો તે પુત્રના સદ્ગુણોના યોગે પિતાના દુર્ગુણો ઢંકાઈ જાય છે અને લોકો એમ જ બોલવા માંડે છે કે: 'સારા પિતાનો પુત્ર પણ સારો જ થાય છે!' એ જ નિયમ અનુસાર જો શિષ્ય નામાંકિત નીવડે છે, તો તેના યોગે ગુરુની પ્રતિષ્ઠા પણ વધે છે અને એ જ નિયમ અત્યારે એ ગુરુશિષ્યોના સંબંધમાં અક્ષરશઃ સત્ય સિદ્ધ થયેલો જોવામાં આવતો હતો. આવા ઉત્કૃષ્ટ શિષ્યોના યોગે ગુરુઓને અલભ્ય ગૌરવ તથા કીર્ત્તિની પ્રાપ્તિ તો થઈ

જ હતી, પરંતુ તે ઉપરાંત વારંવાર ખેંગારજી ગુરુજનોને ધન, કેટલીક અન્ય ઉત્તમ વસ્તુઓ અને કૃતજ્ઞતાદર્શનથી પણ સંતુષ્ટ રાખ્યા કરતો હતો અને તેથી તે ઉભય બંધુઓપર જે ગુરુજનોની અનન્ય કૃપા તથા નિષ્કપટ પ્રીતિ રહે, તો તે સર્વથા સ્વાભાવિક જ હતું.

ખેંગારજીનો વિદ્યાના વ્યાસંગમાં પણ અપૂર્વ અનુરાગ હોવાથી બન્ને ભ્રાતાઓએ કેટલાક પંડિતોની મિત્રતા કરીને સંસ્કૃત, ફારસી તથા ઉર્દુ ભાષાનો અભ્યાસ પણ કરવા માંડ્યો અને પાંચ કે છ માસ જેટલા અલ્પ કાલાવધિમાં તો તેઓ એ ત્રણે ભાષાઓથી સાધારણતઃ સારી રીતે પરિચિત થઈ ગયા. ત્યાર પછી તેમણે રાજનીતિ તથા સામાન્ય નીતિના કેટલાક પુરાતન સંસ્કૃત તથા ફારસી ગ્રંથોના અભ્યાસનો આરંભ કરી દીધો.

જો કે પોતાની અતુલરૂપવતી અને સ્નેહમૂર્ત્તિ પત્ની નન્દકુમારીનું ખેંગારજીના હૃદયમાં વારંવાર સ્મરણ થયા કરતું હતું અને તેને પોતાના વચન અનુસાર અમદાવાદમાં બોલાવી લેવાની તેની વારંવાર ઇચ્છા થયા કરતી હતી; છતાં પણ તેના સમાગમમાં જો વિશેષ સમય જશે, તો આ સર્વ વિદ્યાના અભ્યાસમાં વ્યત્યય આવશે, એવા વિચારથી અત્યાર સુધી નન્દકુમારીને અમદાવાદમાં બોલાવવાની તેણે કાંઈ પણ ચેષ્ટા કરી નહોતી. પરંતુ વિદ્યાભ્યાસ વિષયક તેનો હેતુ કેટલેક અંશે સફળ થઈ ગયો અને અમદાવાદમાં આવ્યાને લગભગ સવા વર્ષ જેટલો કાળ વીતી ગયો એટલે પછી અર્ધાંગનાનો વિયોગ અસહ્ય લાગવાથી અને ગૃહિણીહીન ગૃહ સ્મશાનતુલ્ય ભાસવાથી ખેંગારજીએ પોતાના શ્વસુર જાલિમસિંહના નામનું એક પત્ર આપીને રણમલ્લના ભત્રીજાને છચ્છર તથા રણમલ્લની અનુમતિથી નન્દકુમારીને લઈ આવવામાટે અમદાવાદથી રવાના કરી દીધો.

કચ્છદેશમાંથી સિદ્ધપુર આદિ ગુજરાતનાં પવિત્ર સ્થાનોની યાત્રામાટે ગુજરાતમાં આવતાં કેટલાંક સ્ત્રી પુરુષ યાત્રાળુઓ અમદાવાદમાં સાભ્રમતીના સ્નાનથી પવિત્ર થવાની તથા રાજધાનીને જોવાની આકાંક્ષાથી અમદાવાદમાં પણ આવતાં હતાં અને સાભ્રમતીના પશ્ચિમતીરપ્રાંતમાં છાવણી નાખીને પડેલા સાધુવેષધારી છચ્છરને તેમના સમાગમનો લાભ મળ્યા કરતો હોવાથી કચ્છદેશમાં વ્યાપેલાં અનાચાર, અત્યાચાર તથા અરાજકતા આદિના દુઃખદ સમાચાર નિરંતર તેના સાંભળવામાં આવ્યા કરતા હતા અને તેના મુખથી તે સમાચાર જ્યારે ખેંગારજીના સાંભળવામાં આવતા હતા, ત્યારે તેના ક્રોધનો અગ્નિ તેના શરીરમાં નખથી શિખાપર્યન્ત વ્યાપી જતો હતો અને

કચ્છદેશની પ્રજાને એ અત્યાચાર તથા અરાજકતામાંથી ઉદ્ધાર કરવા-માટે તેમ જ જામ રાવળ પાસેથી વૈરનો બદલો લેવામાટે તેનું હૃદય અધીર તથા આકુલવ્યાકુલ થઈ જતું હતું; છતાં અદ્યાપિ અનુકૂલ સમય આવેલો ન હોવાથી તેને હાથ મારી શાંત થઇને બેસી રહેવું પડતું હતું.

બહુધા વીસ દિવસ પછી રણમલ્લનો ભત્રીજો ખેંગારજીની પત્ની તથા સાયબજીની પત્નીને લઇને નિર્વિઘ્ન અમદાવાદમાં આવી પહોંચ્યો. જાલિમસિંહે પોતાની પુત્રી તથા ભત્રીજીને અમદાવાદ પહોંચાડવા-માટે પોતાના વીસેક હથિયારબંધ માણસોને મોકલેલા હોવાથી માર્ગમાં બહુધા વિઘ્ન આવવાનો સંભવ હતો જ નહિ. ઉભય દંપતીઓ પરસ્પર મિલનથી આનન્દિત થયાં અને આનન્દવિનોદમાં પોતાનો સમય વીતાડવા લાગ્યાં.

પ્રિય પાઠક તથા પાઠિકાઓ, હવે આપણે એ જોવાનું છે કે જામ રાવળના ખેંગારજી તથા સાયબજીને મારી નાખવામાટેના પ્રયત્નો મંદ પડી ગયા હતા કે કેમ અને ખેંગારજી તથા સાયબજી અમદાવાદમાં સર્વથા નિર્ભય હતા કે કેમ? આ સ્થિતિનું અવલોકન કરવામાટે હાલ તરત તો એ કુમારોને અમદાવાદમાં મૂકીને આપણે પાછા કચ્છદેશમાં જ પ્રયાણ કરવું પડશે.

## સપ્તમ પરિચ્છેદ

## વિપત્તિના મેઘોની એક નવીન ઘટા!

“કેવળ મારા પરમપ્રતિસ્પર્ધી જામ હમ્મીરની હત્યાનું કાર્ય જ મારી ઈચ્છા અનુસાર નિર્વિઘ્ન પાર પડ્યું; પરંતુ ત્યાર પછીનાં મારાં સર્વ કાર્યો મારી ઈચ્છાથી ઉલટાં થતાં જાય છે; મારા ભાગ્યમાં છિદ્ર પડેલાં દેખાય છે. જામ હમ્મીરના બે કુમારો ખેંગારજી અને સાય-બજી મારા હાથમાંથી આબાદ છટકી ગયા છે અને રાયબજી પણ તેના મોશાળમાં સુરક્ષિત હોવાથી મારા હાથમાં આવી શકે તેમ નથી. જો જામ હમ્મીર સાથે તેના એ ત્રણે રાજકુમારોના પ્રાણનો પણ નાશ થઈ ગયો હોત, તો પર્વત પ્રમાણે મારી સત્તા આ કચ્છ-દેશમાં અચલ થઈ ગઈ હોત અને અંતરિક્ષમાં જેવી રીતે વાયુ અવ્યાહત સંચાર કરે છે, તેવી રીતે મારી સત્તા પણ અવશ્ય સર્વત્ર સંચારિણી થઈ શકી હોત! પરંતુ અફસોસ; મારા શત્રુના તે કુમારો મારા હાથમાંથી છટકી ગયેલા હોવાથી એક કેદખાનામાં પૂરાયલા અથવા તો જેના પગોને ભાંગી નાખેલા હોય છે, તેવા મનુષ્ય

જેવી જ મારી સર્વથા દયાજનક દશા થઈ પડી છે! કદાચિત્ ખેંગારજી, સાયબજી અથવા રાયબજી આ રાજ્ય અને આ સત્તાને મારી પાસેથી છીનવી લેશે, તો? આ શંકા અને આ ભીતિથી દિવસ અને નિશા મારા હૃદયને ત્રાસ તથા અશાંતિનો સાક્ષાત્કાર થયા કરે છે. મારામાટે સુખ પણ નથી અને વિશ્રામ પણ નથી. આવા ભયંકર રાજ્યસુખ કરતાં તો જેમાં ચિન્તાનો ભાસ માત્ર પણ નથી એવો અંતકાળ આવીને મને આ સંસારમાંથી સદાને માટે લઈ જાય, તે જ વધારે સારું છે!!"

જામ રાવળ પોતાના મહાલયમાંના એક ભાગમાં પોતાના વિશ્વાસપાત્ર રાજકર્મચારીઓ તથા શુભેચ્છકોની ગુપ્ત સભા ભરીને બેઠો હતો; ચામુંડરાજ તથા શિવજી આદિ પણ એ ગુપ્ત સભામાં હાજર હતા; મદિરા તથા કસૂંબાના પાનનો વ્યવસાય ચાલી રહ્યો હતો; બે ખવાસણો જામ રાવળને મદિરા પાતી અને પંખાવડે હવા નાખતી 'ખમ્મા ખમ્મા' કરતી ઊભી હતી; બે ત્રણ ખવાસો બાપૂના મોઢામાંથી પડતા બોલને ઝીલી લેવામાટે હાથ જોડીને હજૂરીમાં હાજર ઊભા હતા અને નાનાપ્રકારની વાર્તાઓ ચાલી રહી હતી એવામાં જામ રાવળના મુખમંડળમાં નિરાશાની કાલિમા વિસ્તરી ગઈ અને તેના મુખમાંથી ઉપર્યુક્ત નિરાશાજનક ઉદ્ગારો અચિંત્ય નીકળી પડ્યા.

જામ રાવળના આવા નિરાશાજનક અથવા નિરાશાદર્શક ઉદ્ગારોના શ્રવણથી પ્રથમ તો એ ગુપ્ત સભામાં ભયંકર મૌન કિંવા નિઃસ્તબ્ધતાનું સામ્રાજ્ય વ્યાપી ગયું અને કેટલીક વાર સુધી કોઇના મુખમાંથી એક પણ શબ્દ બહાર ન નીકળ્યો. કેટલીક વાર પછી ચામુંડરાજ મૌનનો ભંગ કરીને ગંભીરતાથી કહેવા લાગ્યો કેઃ "અન્નદાતા, જામ હમ્મીરની હત્યા કરી નાખ્યા પછી તેમના કુમારોને પકડીને આપણી તલ્વારોના શિકાર બનાવવામાટે આપણે કાંઈ થોડા ઘણા અથવા જેવા તેવા પ્રયત્નો તો નથી જ કર્યા; છતાં પણ તેઓ આપણા પંજામાંથી છટકી ગયા છે, તો એ આપણો દોષ નથી; કારણ કે, 'यत्ने कृते यदि न सिद्ध्यति कोऽत्र दोषः' એ ન્યાય વિશ્વવિખ્યાત છે અને તેથી હવે એ વિષયની ચિન્તા રાખવી સર્વથા નિષ્પ્રયોજન છે. અત્યારે આપ શ્રીમાન્ કચ્છદેશના સર્વસત્તાધીશ અને સ્વતંત્ર ભૂપાલ છો એટલે હવે આપની પાસેથી આ કચ્છદેશની રાજસત્તા તેઓ આવીને છીનવી લે, એ કદાપિ બની શકે તેમ નથી; કારણ કે, કચ્છરાજ્યની રાજલક્ષ્મી, રાજસત્તા અને રાજસેના આદિ સર્વ આપના અધિકારમાં છે; આસપાસના કેટલાક રાજાઓ આપના મિત્ર છે અને આપની

સત્તાનો પાયો આ ભૂમિમાં દિવસાનુદિવસ વધારે અને વધારે દૃઢ થતો જાય છે એટલે આવા ભયને હૃદયમાં સ્થાન આપવાનું કાંઈ પણ પ્રયોજન નથી. ખેંગારજી, સાયબજી તથા રાયબજી કાં તો રખડી રઝળીને ક્યાંક મરી ગયા હશે અને કદાચિત્ જીવતા હશે, તો પણ તેઓ સાધનહીન, દીન અને દરિદ્ર હોવાથી મૃતસમાન છે અને મૃત મનુષ્યોથી ભયભીત થવું, એ વીરપુરુષનો સ્વભાવ નથી. હવે તો સર્વ ભય તથા ચિન્તાઓને ત્યાગીને રાજવૈભવને સ્વચ્છંદતાથી ભોગવો અને આનન્દવિલાસમાં નિમગ્ન રહો; કારણ કે, જીવનની સાર્થકતાનો સત્ય માર્ગ એ જ છે."

ચામુંડરાજની એવી ધારણા હતી કે આવા પ્રકારના ઉપદેશથી જામ રાવળના સંતપ્ત હૃદયને આશ્વાસન મળશે અને તેના હૃદયમાં તત્કાળ આનન્દવિકારનો અધિકાર જામી જશે, પરંતુ તેની એ ધારણા સફળ ન થઈ શકી; કારણ કે, તેના આ ઉપદેશથી તો જામ રાવળની મુખમુદ્રામાં અધિકતર ગંભીરતાનો આવિર્ભાવ થયો અને વળી પણ તે પૂર્વવત્ નિરાશાને દર્શાવતો જ કહેવા લાગ્યો કે: "ચામુંડરાજ, મારા પરમવિશ્વાસપાત્ર સૈનાધ્યક્ષ, આપણે આ કચ્છદેશનું રાજ્ય મેળવીને સર્વથા નિર્ભય થઈ ગયા છીએ અને ખેંગારજી, સાયબજી તથા રાયબજી જીવતા હોવા છતાં પણ સાધનહીન હોવાથી આપણામાટે તેમનાથી ડરવાનું કાંઈ પણ કારણ છે જ નહિ; એવી જ જો તમારી ધારણા હોય, તો તે તમારી ધારણા ખોટી છે, એમ જ મારે નિરુપાય થઇને કહેવું પડે છે; કારણ કે, તેઓ ગમે તેવા પણ ક્ષત્રિયકુમાર હોવાથી સિંહના બાળકો છે અને ચગદાયલો સર્પ જેવી રીતે વૈરના પ્રતિશોધ વિના કદાપિ શાંત થતો નથી, તે જ પ્રમાણે જો તેઓ જીવતા હશે, તો વૈરના પ્રતિશોધનો અવશ્ય પ્રયત્ન કરશે, એમ મારી મનોદેવી મને વારંવાર કહ્યા કરે છે. વળી તેઓ અદ્યાપિ મરી ગયા નથી, પણ જીવતા જ છે, એવા સમાચાર પણ મને મળી ચૂક્યા છે. ગુજરાતમાં જઈ આવેલા કેટલાક લોકોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે ખેંગારજી તથા સાયબજી અમદાવાદમાં છે; કારણ કે, તેઓ તેમને ત્યાં જોઈ આવ્યા છે. જો કે ગુજરાતમાં જઈ આવેલા એ લોકો નિશ્ચયાત્મક કાંઈ પણ જણાવી શકતા નથી, પરંતુ તેમણે જે બે કુમારોને ત્યાં જોયા છે અને તેમનું જે વર્ણન તેઓ કરી સંભળાવે છે, તે વર્ણનથી તો એમ જ જણાય છે કે તેઓ ખેંગારજી તથા સાયબજી જ હોવા જોઇએ અને તેઓ અમદાવાદમાં જઇને રહ્યા હોય તો તે સંભવનીય પણ છે; કારણ કે,

જામ હમ્મીરની રખાયત રાજબાની પુત્રી કમાબાઈ અમદાવાદના સુલ્તાન મહમ્મદ બેગડાને આપેલી છે અને રાજબાનો પુત્ર અલૈયાજી પણ અમદાવાદમાં પોતાની બહેન પાસે રહે છે, એ તો તમો સારી રીતે જાણો જ છો. અર્થાત્ અલૈયાજીદ્વારા કમાબાઇને અને કમાબાઈદ્વારા સુલ્તાન બેગડાને પોતાના પક્ષમાં લઈ તેની પાસેથી જોઇતી સહાયતા મેળવીને જો ખેંગારજી તથા સાયબજી મારી સાથે યુદ્ધ કરવામાટે આવવાની તૈયારી કરે, તો તે સર્વથા શક્ય છે અને જો તેઓ બેગડાના સૈન્ય સહિત કચ્છરાજ્યપર આક્રમણ કરે, તો આપણામાટે અવશ્ય તેમના પરાજયનું કાર્ય વિચારભરેલું થઇ પડે, એ પણ સર્વથા નિર્વિવાદ છે અને એટલામાટે જ મારું મન આજકાલ આટલું બધું ચિંતામગ્ન, શોકાતુર તથા નિરાશ રહ્યા કરે છે. આ ચિંતાથી મુક્ત થવાનો યોગ્ય ઉપાય જ્યાં સુધી ન યોજાય, ત્યાં સુધી ચિંતામુક્ત ન થઈ શકાય, એ સર્વથા નૈસર્ગિક જ છે.”

અહીં જણાવવાની ખાસ અગત્ય છે કે જામ રાવળની એ ગુપ્ત સભામાં કેવળ ‘હા જી હા’ના મહામંત્રથી પોતાના જીવનશકટને યથેચ્છ દિશામાં ચલાવનારા અને એ જ મહામંત્રથી મોટા મોટા રાજકર્મચારી તરીકે પ્રકાશમાં આવેલા ખુશામદી ટટ્ટુઓનો જોઇએ તેવો સુકાળ હતો અને તે ખુશામદી ટટ્ટુઓનો કેવળ:—

“ખુશામદહીસે આમદ હય, બડી ઇસલિયે ખુશામદ હય;
મહારાજને કહા એક દિન, બૈંગન બડા બુરા હય.
હમને ઝટ કહ દિયા, તભી તો બેગુન નામ પડા હય;
ખુશામદસે સબ કુછ રદ હય, બડી ઇસલિયે ખુશામદ હય.
મહારાજ કુછ દેરમેં બોલે, બૈંગન તો અચ્છા હય;
હમને ભી ઝટ કહા તભી તો સરપર મુકુટ ધરા હય.
ખુશામદકી ભી કુછ હદ હય, બડી સબસે ખુશામદ હય;
સ્વામી દિનકો રાત કહેં, તો હમ તારે ચમકા દેં.
યદી રાતકો દિન કહેં તો હમ સૂરજ ભી દિખલા દેં;
ખુશામદમેં ઇતના મદ હય, બડી ઇસલિયે ખુશામદ હય!*”

આ જ અષ્ટૌપ્રહરનો ધર્મ અને નિત્યપાઠ હોવાથી તેઓ જામ રાવળના વિચારો જે પક્ષમાં જાય, તે જ પક્ષના પ્રતિપાદક થઈ જતા હતા. પોતાના એ મહાધર્મ ખુશામદને અનુસરીને જામ રાવળના એ ઉદ્‌ગારો નીકળતાં જ તેના એ ઉદ્‌ગારોને પુષ્ટિ તથા અનુમોદન

* આ ગાયન નવી આલ્ફ્રેડ નાટક મંડળીના પંડિત રાધેશ્યામ કવિરત્નકૃત ‘વીર અભિમન્યુ’ નાટકમાંથી લેવામાં આવ્યું છે.

આપતા તેઓ એકસ્વર તથા એકવાક્યતાથી બોલી ઊઠ્યા કે: "મહારાજનું કથન યથાર્થ છે, અક્ષરશ: સત્ય છે! જો ખેંગારજી તથા સાયબજી સાંભળવા પ્રમાણે અમદાવાદમાં હોય અને સુલ્તાન બેગડાની સહાયતાથી કચ્છદેશપર સૈન્ય સહિત ચઢી આવે, તો આપણે કોઈ પણ પ્રકારે નિર્ભય નથી. અર્થાત્ એ કાંટાઓને આપણા માર્ગમાંથી છાંટી નાખીને જો આપણા માર્ગને નિષ્કંટક કરવાનો યથા-સમય યોગ્ય ઉપાય યોજાય, તો જ આપણી નિર્ભયતારૂપ ઇમારતનો પાયો દૃઢ થાય!"

માત્ર લુહાણો શિવજી અદ્યાપિ કોઈ પણ પ્રકારનો અભિપ્રાય દર્શાવ્યા વિના તટસ્થ વૃત્તિથી મૌન ધારીને બેસી રહ્યો હતો; કારણ કે, યોગ્ય પ્રસંગ આવ્યા વિના કાંઈ પણ બોલવાનો પ્રથમથી જ તેનો મનોભાવ નહોતો.

ચામુંડરાજ પણ એક પ્રપંચપરાયણ, કુટિલનીતિવિશારદ અને પ્રસંગાનુસાર વેષપરિવર્તક હોવાથી સભાના બદલાયલા રંગને નિમેષ માત્રમાં ઓળખી ગયો અને તેથી પોતે પણ જામ રાવળના અભિપ્રાયને અનુકૂળ થઇને બોલ્યો કે: "જો વસ્તુસ્થિતિ આવી જ હોય, તો તો પછી આ દુ:ખ તથા ચિન્તાથી નિવૃત્ત થવામાટેનો કોઈ પણ યોગ્ય ઉપાય આપણે સત્વર જ યોજવો જોઇએ."

"પરંતુ અમદાવાદમાં આપણી રાજસત્તાનો વિસ્તાર નથી અને તેથી જો ખેંગારજી તથા સાયબજી ત્યાં હોય, તો તેમના જીવન નાટકની ગુપ્ત રીતિથી જ સમાપ્તિ થઈ જાય, એવા કોઈ ઉપાયને યોજવાની આવશ્યકતા છે; નહિ તો ક્યાંક આપણા ટાંટિયા આપણા ગળામાં જ આવી જાય, તો બહુ ભૂંડી થઈ કહેવાય!" જામ રાવળે કહ્યું.

"ત્યારે તો પ્રથમ આપણે આપણા બે ગુપ્ત દૂતોને અમદાવાદ મોકલીને એ નિશ્ચય કરી લઇએ કે, ખેંગારજી તથા સાયબજી ત્યાં છે કે નહિ; જો તેઓ ત્યાં છે, એવો આપણો નિશ્ચય થઈ જાય, તો પછી તેમને ગુપ્ત રીતે મારી નખાવવાનો આપણે યોગ્ય પ્રબંધ કરીશું" ચામુંડરાજે કાર્યને લાંબી મુદતપર ધકેલી દેવાના ઉદ્દેશથી કહ્યું.

પરંતુ જામ રાવળ એ વિશે પોતાના વિરોધને દર્શાવતો કહેવા લાગ્યો કે: "અહીંથી આપણે ગુપ્તચરોને મોકલીએ, તેઓ ત્યાંના સમાચાર લઇને પાછા અહીં આવે અને ત્યાર પછી ખેંગારજી તથા સાયબજીને મારી નાખવાનો પ્રબંધ કરી આપણે બીજા મનુષ્યોને રવાના કરીએ, તેટલામાં તો એક વર્ષ જેટલો દીર્ઘ કાળ વીતી જાય અને તેટલા સમયમાં તો કદાચિત્ જો તેઓ ત્યાં જ હોય, તો સુલ્તાનની સહાયતા મેળવીને

આપણી સાથેના યુદ્ધનો આરંભ પણ કરી દે. આ કારણથી મારો એવો અભિપ્રાય છે કે ચામુંડરાજ, આપણા ચાર પાંચ અત્યંત વિશ્વાસપાત્ર રાજકર્મચારીઓને લઇને તમો પોતે જ ગુપ્ત વેષથી અમદાવાદ ભણી જવાને આવતી કાલે જ રવાના થાઓ, ત્યાં તેમની યોગ્ય તપાસ કરો અને જો તેઓ ત્યાં હોય, તો કોઈ પણ ઉપાયે, કોઈ પણ જોખમે અને ગમે તેટલા ધનના ભોગે તેમનો નાશ કરાવી નાખો. માત્ર એ કાર્ય કરતાં આપણો ભેદ પ્રકાશમાં ન આવી જાય અને તમારાં જીવન ભયમાં ન આવી પડે, એની તમારે બહુ જ સંભાળ રાખવી અને અવિચારથી સાહસકર્મ ન કરવું. જો તેઓ અમદાવાદમાં ન હોય અને તેમના કોઈ અન્ય સ્થાનમાં હોવાનો પત્તો તમને અચાનક ક્યાંકથી મળી જાય, તો તે સ્થાનમાં જઇને તેમના નાશમાટેના યોગ્ય પ્રયત્નો કરજો; પણ કાર્યની સિદ્ધિ થયા વિના પાછા અહીં આવશો નહિ. તમને જોઇએ તેટલું ધન અને અન્ય સાધન લઈ જાઓ; પણ કાર્યની સિદ્ધિ કરી બતાવો."

આટલી વાર સુધી મૌન ધારીને વિચારમગ્ન અવસ્થામાં બેઠેલો લુહાણો શિવજી બોલવાના પ્રસંગને આવેલો જોઇને નમ્રતાથી જામ રાવળને ઉદ્દેશીને પ્રાર્થનાના રૂપમાં કહેવા લાગ્યો કે: "મહારાજાધિરાજ, અમારા મુકુટમણિ અને અમારા અન્નદાતા, આપણા રાજનિષ્ઠ, શૂરવીર તથા ઉદારાત્મા સેનાધ્યક્ષ ચામુંડરાજ સાથે આ દાસને પણ જો અમદાવાદ જવાની આજ્ઞા આપશો, તો આ દાસપર આપ શ્રીમાનનો અત્યન્ત આભાર થશે; કારણ કે, આ પ્રસંગે આપ શ્રીમાન્‌ની સેવા બજાવીને કૃતકૃત્ય થવાની મારી પરમ આકાંક્ષા છે. જો ખેંગારજી અને સાયબજી અમદાવાદમાં હશે, તો હું અવશ્ય તેમને ગમે ત્યાંથી પણ ખોળી કાઢીશ અને તેમનો એવી તો દક્ષતાથી ઘાત કરી નાખીશ કે જમણા હાથથી થયેલા કૃત્યની ડાબા હાથને પણ જાણ ન થાય! મારા હૃદયમાં એવી આશા છે કે જો આપ શ્રીમાનના આ કાર્યની મારા હસ્તથી સિદ્ધિ થશે, તો મને ઇનામમાં મોટી જાગીર મળશે, હું કોઈ મોટી પદવીનો અધિકારી થઇશ અને મારું દારિદ્ર્ય સદાને માટે ટળી જશે! અર્થાત્ એ આશાથી હું આ કાર્ય મારા જીવના જોખમથી પણ સિદ્ધ કરીશ, એ આપ નિશ્ચયપૂર્વક માનશો."

જામ રાવળના હૃદયમાં શિવજીની એ પ્રાર્થનાનું તેની ધારણા પ્રમાણેનું જ પરિણામ થયું અને તેથી જામ રાવળ તેને ધન્યવાદ આપતો કહેવા લાગ્યો કે: "ધન્ય છે, શિવજીભાઇ, તમારી રાજભક્તિને! ખરેખર રાજનિષ્ઠા તો આવી જ હોવી જોઇએ. હું તમને

ચામુંડરાજ સાથે અમદાવાદ જવાની આનંદથી અનુમતિ આપું છું અને જો મારા આ કાર્યની સિદ્ધિ તમારા હસ્તથી થશે, તો તમને તમારી ઇચ્છા પ્રમાણેનાં સર્વ પારિતોષિકો અવશ્ય મળશે, એમાં લેશ માત્ર પણ શંકા નથી."

"મહારાજાની આ દાસપર જે આટલી સીમા પર્યન્ત કૃપાદૃષ્ટિ છે, તે પણ કાંઈ જેવું તેવું પારિતોષિક તો ન જ કહી શકાય; કારણ કે, અન્ય સર્વ પારિતોષિકોનું આદિકારણ તો એ જ છે." શિવજીએ ખુશામદની છટાનું દર્શન કરાવીને એ શબ્દો ઉચ્ચાર્યા.

એ પછી જ્યારે જામ રાવળે ખુશામદી ટટ્ટુઓમાંના બીજા ચાર રાજકર્મચારીઓને ચામુંડરાજ સાથે અમદાવાદ જવાની આજ્ઞા સંભળાવી એટલે ઔપચારિક વિધિથી તો તેમણે તેની તે આજ્ઞાને બાહ્ય પ્રસન્નતા દર્શાવીને તત્કાળ મસ્તકે ધારણ કરી લીધી; પરંતુ તેઓ અંતઃકરણમાં એટલાબધા શોકાતુર તથા નિરાશ થઇ ગયા કે તેમના તે શોક તથા તેમની તે નિરાશાનાં ચિન્હો તેમનાં મુખમંડળોમાં પણ વ્યક્ત થવા લાગ્યાં; કારણ કે, એ સર્વ કેવળ 'હાજી હા'નો પાઠ ભણી આવી પ્રજાને ગમે તેમ પીડી, પરધન તથા પરદાર આદિનો અપહાર કરી, પોતાના વિશ્રામભવનમાં પડ્યા પડ્યા નાના પ્રકારના ઉપભોગોને ભોગવનારા, ઇન્દ્રિયલોલુપ, સ્વાર્થપરાયણ તથા પરિશ્રમભીરુ પુરુષ કિંવા ખરી રીતે કહીએ તો કાપુરુષ જ હતા અને તેથી જામ રાવળની આ આજ્ઞાથી પ્રવાસના અગાધ પરિશ્રમોનો વિચાર આવતાં તેમનાં ગાત્રો એ ક્ષણેજ ગળી જવા લાગ્યાં હતાં. 'કામના ન કાજના; દુશ્મન અનાજના' એ કહેવત જે લોકોને લાગૂ પડે છે, તે લોકોમાંના જ એ રાજકર્મચારીઓ પણ હતા, એ નવેસરથી કહેવાની કે લખવાની આવશ્યકતા નથી. પ્રવાસના પરિશ્રમોને સહન કરવાની શક્તિનો તેમનામાં સર્વથા અભાવ હોવાથી જો કે તેમની અમદાવાદ જવાની આંતરિક ઇચ્છા લેશ માત્ર પણ નહોતી, છતાં પણ જામ રાવળના ભયથી અમદાવાદ જવા વિના કોઇ પણ પ્રકારે તેમનો છૂટકો નહોતો અને તેથી તેઓ જામ રાવળની આજ્ઞા લઇને પ્રવાસની તૈયારી કરવામાટે ત્યાંથી રવાના થઇ ગયા. તેમના ગમન પછી ચામુંડરાજ તથા શિવજી પણ સભામાંથી પ્રયાણ કરી ગયા અને અન્યાન્ય સભાસદો પણ રવાના થવાથી એ ગુપ્ત સભાનું લગભગ મધ્યરાત્રિના સમયમાં વિસર્જન થઇ ગયું.

અસ્તુઃ હવે અહીં જે એક અન્ય શંકા ઉપસ્થિત થાય છે તે એ છે કે, ભીયાં કક્કલના ગ્રામમાં જે વેળાયે ઘાસની ગંજીઓ (કાલર)

માં છુપાયલા ખેંગારજી તથા સાયબજીને, તેમના ભેદને જાણવા છતાં પણ, શિવજીએ જાણી જોઇને જામ રાવળના પંજામાંથી બચાવ્યા હતા, તે વેળાયે એ શિવજી બીજો હતો અને આજે તે જ ખેંગારજી તથા સાયબજીને મારી નાખવામાટેનું બીડું ઝડપીને અમદાવાદ જવા-માટે તૈયાર થયેલો શિવજી બીજો હતો? અથવા તો શિવજીની તે સમયની ભાવના બીજી હતી અને અત્યારની ભાવના બીજી હતી? શું તે સમયનો દયાળુ, અનુકંપાશીલ, ન્યાયપરાયણ અને નિસ્પૃહ શિવજી અત્યારે પિશાચના પ્રપંચજાળમાં કિંવા માયાના મોહજાળમાં સપડાઇને દયાહીન, અનુકંપારહિત, અન્યાયપરાયણ અને સ્વાર્થલોલુપ થતાં ધર્મ તથા અધર્મ, નીતિ તથા અનીતિ અને સત્કર્મ તથા કુકર્મના વિવેકને સર્વથા ભૂલી ગયો હતો અને પાપના પંકમાં આવચારથી ડૂબી ગયો હતો? આ શંકાના સમાધાનમાં અમો કેવળ એટલું જ જણાવી શકીએ તેમ છીએ કે કેટલીક વાર અત્યંત અધર્માચારી પુરુષો કોઈ એક કારણથી ક્ષણ માત્રમાં જ પરમ ધર્માત્મા થઈ જાય છે અને કેટલીક વાર પરમધાર્મિક પુરુષ પણ માયામોહનીમાં સપડાઇને અધર્મ તથા પાપના અનન્ય ઉપાસક બની જાય છે એટલે શિવજીના હૃદયનું પણ જો એવા કોઈ કારણથી અચાનક પરિવર્તન થઈ ગયું હોય, તો તેમાં વિશેષ આશ્ચર્ય પામવા જેવું કાંઈ પણ નથી. છતાં પણ અત્યારે, શિવજી અવશ્ય પાપાત્મા જ થયો હતો, એમ નિશ્ચયપૂર્વક તો આપણાથી કહી શકાય તેમ નથી; કારણ કે, કેટલીક વાર એવા પ્રસંગો પણ આવી પડે છે કે જે પ્રસંગે મનુષ્યને પોતાની વાણી અને ભાવનાને અથવા તો વાચા અને કૃતિને ભિન્ન કરી નાખવી પડે છે. અર્થાત્ ભવિષ્યમાં શિવજીના હસ્તથી જે કૃતિ થશે, તે કૃતિના આધારે આપણાથી તેની પાપિષ્ઠતા કિંવા ધર્મશીલતાનો નિર્ણય કરી શકાશે; એ કારણથી અત્યારે તો એ વિષયમાં મૌનને ધારણ કરી લેવામાં જ અધિક સાર સમાયલો છે.

[ બીજે દિવસે ચામુંડરાજ, શિવજી અને અન્ય ચાર રાજકર્મચારીઓ તેમ જ તેમના છ અનુચરો મળીને બાર મનુષ્ય કચ્છની નવીન રાજધાનીમાંથી અમદાવાદ ભણી જવાને રવાના થયા અથવા અન્ય શબ્દોમાં કહીએ, તો ખેંગારજી તથા સાયબજીના શિરપર વિપત્તિના મેઘોની એક નવીન ઘટા ઘેરાવા લાગી.

## અષ્ટમ પરિચ્છેદ

## અમદાવાદમાં હાહાકાર !

ખેંગારજી તથા સાયબજી પોતપોતાની પત્નીના સમાગમમાં અહમ્મદાબાદમાં અનુકૂલ સમયની પ્રતીક્ષા કરતા આનન્દથી સમય વીતાડી રહ્યા હતા અને જામ રાવળ તરફથી અમદાવાદમાં દીર્ઘ કાળથી તેમને કશો પણ ઉપદ્રવ થયેલો ન હોવાથી તેઓ તેના તરફથી તેવો ઉપદ્રવ થવાની વાર્ત્તાને તથા છચ્છરની શંકાને બહુધા ભૂલી જ ગયા હતા; પરંતુ છચ્છરની શંકા સત્ય સિદ્ધ થવાનો સમય કેટલો બધો નિકટમાં આવતો જતો હતો, એ તો ગત પરિચ્છેદમાં આપણે જોઈ ચૂકયા છીએ. અસ્તુઃ પણ હજી ચામુંડરાજ આદિ રાવળના મોકલેલા ખેંગારજીના પ્રાણશત્રુ અમદાવાદમાં પહોંચ્યા નહોતા એટલામાં બનાવ એવો બન્યો કે અમદાવાદની પાસેના એટલે કે સાબ્રમતી નદીના પશ્ચિમતીરપ્રાંતમાં વિસ્તરેલા એક નિબિડ અરણ્યમાં વસતા એક મૃગરાજ સિંહે લોકોને અત્યંત ત્રાસ આપવા માંડ્યો અને તેથી અમદાવાદમાં સર્વત્ર હાહાકાર વ્યાપી ગયો.

જે નિબિડ અરણ્યમાં તે મૃગરાજ સિંહ વસતો હતો, તે અરણ્યમાં વૃક્ષોનો એટલો બધો વિસ્તાર હતો અને વૃક્ષોની એવી તો ધાટી ઘટા જામી ગઈ હતી કે ધોળે દિવસે પણ તે વૃક્ષઘટામાં સૂર્યનાં કિરણોનો પ્રવેશ થઈ શકતો નહોતો અને તેથી ત્યાં દિવારાત અંધકાર અને અંધકાર જ વ્યાપેલો રહેતો હતો. હિંસ્ર પશુઓના નિવાસમાટે એ અરણ્ય એક સર્વથા નિર્ભય સ્થાન હોવાથી તેમાં અનેક પ્રકારનાં હિંસ્ર પશુઓ વ્યાઘ્ર, વરાહ, રીંછ, વરુ અને ભુંડ તથા ડુક્કર આદિ વસતાં હતાં અને તેઓ આજે કેટલાંક વર્ષથી અમદાવાદની આસપાસનાં પરાંના નિવાસીઓને તથા પ્રવાસીઓને અસહ્ય ત્રાસ આપ્યાં કરતાં હતાં; કારણ કે, તેઓ રાત્રિના સમયમાં અરણ્યમાંના પોતપોતાનાં સ્થાનોમાંથી નીકળીને પરાંની ભાગોળો પાસે આવી પોતાના વિલક્ષણ અને ભયંકર ધ્વનિથી પ્રથમ સર્વને ભયભીત કરતાં હતાં અને ત્યાર પછી ગાય, ભેંસ, બળદ, બકરું કે મેઢું જે કાંઈ નજરે પડે તેને મારીને તેના માંસના ભક્ષણથી પોતાની ક્ષુધાને શાંત કરતાં હતાં; માત્ર એટલુંજ નહિ, પણ કેટલીક વાર તો પરાંના અંતર્ભાગમાં પ્રવેશીને મનુષ્યોનો પણ સંહાર કરી નાખતાં હતાં. તેમના એ અસહ્ય ઉપદ્રવ તથા ઉપદ્રવ્યાપની વાર્ત્તા જ્યારે સુલ્તાન મહંમદ બેગડાના સાંભળવામાં આવી એટલે તેણે તત્કાળ તે સમસ્ત અરણ્યને

બાળી નાખવાની અને તે હિંસ્ર પશુઓને વીણીવીણીને મારી નાખવાની પોતાના બહાદુર તથા જવાંમર્દ સિપાહોને આજ્ઞા આપી દીધી. સુલ્તાનની આજ્ઞાનુસાર તે અરણ્યને બાળવાના તથા હિંસ્ર પશુઓને મારવાના કાર્યનો આરંભ તો થઈ ગયો; પરંતુ અરણ્યનો અર્ધ ભાગ પણ હજી ભાગ્યે બળ્યો હશે અને એવાં સો એક હિંસ્ર પ્રાણીઓ ભાગ્યે જ મરાયાં હશે એટલામાં ત્યાં એક મહાભયંકર, વિશાળકાય, ક્રૂરાત્મા અને પોતાની ગર્જનાથી મેઘની ગર્જનાની સ્પર્ધા કરનાર વનરાજ સિંહ અથવા કેસરીની ભૂમિ તથા આકાશને કંપાવનારી એક ભીષણતમ ગર્જના તે સિપાહો અથવા સૈનિકોના સાંભળવામાં આવી અને એ ગર્જનાને સાંભળતાની સાથે જ ગર્ભગળિત થઇને તેઓ પ્રાણરક્ષામાટે ત્યાંથી પલાયનનો પ્રયત્ન કરવા લાગ્યા; પરંતુ એટલામાં તો તે સિંહ પોતાની ગુહામાંથી બહાર નીકળી આવ્યો અને તત્કાળ તેણે પાંચપંદર સૈનિકોનો ઘાણ કાઢી નાખ્યો. એ સિંહ જો કે તે સ્થાનમાં ઘણા કાળથી વસતો હતો, પરંતુ અન્ય વનપશુઓની તે અરણ્યમાં વિપુલતા હોવાથી તેને પોતાનો આહાર ત્યાં જ મળી જતો હતો અને તેથી અરણ્યમાંથી બહાર નીકળીને તેણે મનુષ્યોને કદાપિ ત્રાસ આપ્યો નહોતો. હવે તે અરણ્યને બાળી નાખવાની ચેષ્ટા થવાથી એક તો તેનું નિવાસસ્થાન ઉજ્જડ થઈ ગયું હતું અને તેના નિત્યના આહારરૂપ વનપશુઓનો પણ નાશ થવા માંડ્યો હતો એટલે તે સ્વાભાવિક જ એટલો બધો છેડાઈ ગયો હતો કે સૈનિકોને જોતાં જ તેમનાપર લપકતો હતો અને જ્યારે બે ચાર મનુષ્યોનાં રક્તમાંસ તેના ઉદરમાં જતાં હતાં ત્યારે જ તે તૃપ્ત અને શાંત થતો હતો. આ કારણથી અરણ્યને બાળવાનું તથા અન્ય હિંસ્ર પશુઓને મારવાનું કામ હાલ તરત મુલ્તવી રાખીને એ વિકરાળ વનરાજને મારવાનું કામ પ્રથમ હાથમાં લેવામાં આવ્યું અને તેને મારી નાખવાના અનેક પ્રયત્નો કરવામાં આવ્યા, પણ તેમાંનો એક પણ પ્રયત્ન સફળ થયો નહિ અને સિંહના પંજામાંથી નિત્ય પાંચ દશ મનુષ્યો આ સંસારમાંથી સદાને માટે સ્વર્ગમાં પ્રયાણ કરી જવા લાગ્યા. આથી સ્વાભાવિક જ અમદાવાદમાં હાહાકાર વર્ત્તી ગયો અને લોકો 'ત્રાહિ ત્રાહિ' પોકારવા લાગ્યા.

જ્યારે એ કાળસ્વરૂપ સિંહને મારવામાટે કોઇ પણ સમર્થ ન થઈ શક્યો અને લોકોનો પોકાર અત્યંત વધી ગયો એટલે મહાશૂરવીર અને રણયોધ સુલ્તાન મહમ્મદ બેગડાએ પોતે જ તે સિંહને પોતાના હસ્તથી મારી નાખવાનો અને પોતાની પ્રજાને તેના ત્રાસથી

સદામે માટે મુક્ત કરવાનો પોતાના મનમાં દૃઢ નિશ્ચય કરી લીધો. તેણે પોતાના સેનાપતિ (સિપાહસાલાર) ને એક દિવસ પોતાપાસે બોલાવીને અત્યંત ગંભીર ભાવથી કહ્યું કે: "મારા જંગબહાદુર સિપાહસાલાર, મને જણાવતાં અત્યંત શોક થાય છે કે મારા લશ્કરમાં આટઆટલા બહાદુર સિપાહો હોવા છતાં એક અદના શેર આજ સુધી કોઇથી મરાયો નથી અને મારી રૈયતમાં આટલો બધો પોકાર થઈ ગયો છે. જો આવી રીતે મારી રૈયતનો પોકાર ચાલૂ રહે અને મારા હાથથી રૈયતના દુઃખને દૂર કરવાનો ઉપાય યથાસમય ન થાય, તો મારા નામને દાગ લાગે અને હું નામનો જ સુલ્તાન રહી જાઉં; એટલામાટે મેં એવો નિશ્ચય કરેલો છે કે કોઇ પણ રીતે મારે પોતે જ એ શેરનો શિકાર કરીને મારી રૈયતના ત્રાસને ટાળવો અને રૈયતની દુઆ લેવી. આ સાહસમાં કદાચિત્ મારા જીવનું જોખમ થઈ જાય, તો પણ મને તેની પરવા નથી. આ કારણથી મારી તમને એવી આજ્ઞા છે કે આપણા લશ્કરમાંના ચુંટી કાઢેલા બે હજાર ઘોડેસવાર સિપાહીઓને આવતી કાલે સુબહમાં 'ભદ્ર' ના દરવાજાપર તૈયાર રાખજો અને હાથીખાનામાં મારા માવતને મારા હાથીને અંબાડી સહિત તૈયાર કરીને સવારમાં અહીં લાવવાનો હુકમ કહાવી દેજો. એ ઉપરાંત તે શેરના નિવાસસ્થાનને જાણનારા જંગલના ભોમીઆ પારધી તથા વાઘરીઓને પણ તૈયાર રાખજો કે જેથી તે શેરને શોધી કાઢતાં આપણને વધારે વિલંબ ન થાય. મારી રૈયત પીડાતી હોય અને આર્ત્તનાદ કરતી હોય, તેવા સમયમાં અયશોઆરામ ભોગવતો હું મારા જનાનખાનામાં પડયો રહું અને રૈયતના દુઃખનિવારણનો પ્રયત્ન ન કરું, તો મારા સુલ્તાનપદનું ગૌરવ લેશ માત્ર પણ ન જળવાય, એ સર્વથા સ્વાભાવિક જ છે. અર્થાત્ રૈયતનું દુઃખ તે મારું પોતાનું જ દુઃખ હોવાથી મારે રૈયતના સુખને સ્થાપવાનો યોગ્ય ઉદ્યોગ કરવો જ જોઇએ. જાઓ અને મારી આજ્ઞાના પાલનમાં રંચ માત્ર પણ પ્રમાદ ન થાય તેવી રીતે સર્વ પ્રબંધ કરી નાખો."

સિપાહસાલાર સુલ્તાનને નમન કરીને છાવણીમાં જવામાટે રવાના થયો અને ત્યાં ઘોડેસવાર સિપાહોને સુલ્તાનનું ફર્માન સંભળાવીને બીજા દિવસના પ્રભાતમાં 'ભદ્ર'ના દ્વાર સમક્ષ આવીને હાજર રહેવાની આજ્ઞા આપી દીધી. સુલ્તાનના માવતને પણ સુલ્તાનની આજ્ઞા પહોંચાડી દેવામાં આવી અને સિંહના શિકારમાટેની બાદશાહી સવારીની ધામધૂમથી તૈયારીઓ થવા લાગી. 'આવતી કાલે સુલ્તાન સલામત પોતે સિંહના શિકારમાટે જવાના છે!' એ સમા-

ચાર મધ્યાન્હ થતાં સુધીમાં તો સમસ્ત અમદાવાદમાં વ્યાપી ગયા અને તેથી સર્વત્ર સુલ્તાનની પ્રજાવત્સલતાની એકવાક્યતાથી પ્રશંસા થવા લાગી. ખેંગારજીના બજારમાં ગયેલા અનુચરોએ આ વાર્ત્તા સાંભળી અને તેમણે ઘેર આવીને એ વાર્ત્તા ખેંગારજીને સંભળાવી. સુલ્તાન પોતે જ તે સિંહને મારવામાટે જવાના છે, એ વાર્ત્તા ખેંગારજીના જાણવામાં આવતાં જ તેના મનમાં એક વિશિષ્ટ આકાંક્ષાનો ઉદ્‌ભવ થયો અને તેથી તત્કાળ અલૈયાજીને પોતા પાસે બોલાવીને તે કહેવા લાગ્યો કે:—

"વડિલ બંધુ અલૈયાજી, મારી મનોદેવતા આજે મને એમ જ કહ્યા કરે છે કે: 'ખેંગાર, તું અમદાવાદના સુલ્તાનને પોતાના શૌર્યથી પ્રસન્ન કરવાના જે પ્રસંગની પ્રતીક્ષા કરે છે, તે પ્રસંગ આજે આવી લાગ્યો છે; એટલામાટે આ અલભ્ય પ્રસંગને હાથમાંથી જવા દઈશ નહિ અને તારા શૌર્યનું સુલ્તાનને આ પ્રસંગે સંપૂર્ણ દર્શન કરાવી દેજે; કારણ કે, તારા અત્યારના શૌર્યથી જ તારા ભાગ્યોદયનો સમય નિકટ આવવાનો છે.' તો હવે આપનો એ વિશે શો અભિપ્રાય છે?"

"ભાઈ, હું આપના આ સંદિગ્ધ સંભાષણના મર્મને સમજી શકતો નથી; તો કૃપા કરીને આપનો જે કાંઈ પણ આશય હોય, તે સ્પષ્ટતાથી કહી સંભળાવો એટલે પછી હું મારો જે અભિપ્રાય હશે, તે વિચાર કરીને દર્શાવીશ." અલૈયાજીએ કહ્યું.

અલૈયાજીના આ શબ્દો સાંભળીને ખેંગારજીએ પોતાના આશયને સ્પષ્ટ શબ્દોમાં વ્યક્ત કરતાં કહેવા માંડ્યું કે:—

"આવતી કાલે પ્રભાતમાં સુલ્તાન પોતે પેલા વિકરાળ સિંહને મારવામાટે હાથીની અંબાડીમાં બેસીને બે હજાર ઘોડેસવારોના લશ્કર સહિત જવાના છે, એ વાર્ત્તા તો આપના સાંભળવામાં પણ આવી ચૂકી હશે; એટલે મારી એવી આકાંક્ષા છે કે સિંહપરના એ બાદશાહી આક્રમણસમારંભમાં મારે પણ યોગ્ય રીતે અગ્રેસર ભાગ લેવો અને જો પ્રસંગ મળે, તો તે ઉન્મત્ત સિંહને મારીને સુલ્તાનના અનુગ્રહને પાત્ર થવું. બાહુબળથી ભાગ્યપરીક્ષાનો આવો અવસર વારંવાર પ્રાપ્ત થવાનો નથી અને તેથી આ અવસરનો યોગ્ય લાભ લઈ લેવો, એ જ મારામાટે ઇષ્ટ છે. મને લાગે છે કે મારી ભાગ્યદેવી અવશ્ય મને આ સાહસકર્મમાં યશ અપાવશે અને તે યશના પરિણામે અવશ્ય મારી અન્ય આશાઓ પણ સફળ થઈ જશે."

ખેંગારજીના આ વિચારોને જાણીને અલૈયાજી કેટલીક વાર સુધી તો આશ્ચર્યમાં પડી જતાં અવાક્ થઈ ગયો અને ત્યાર પછી

શાંત તથા ગંભીર ભાવથી કહેવા લાગ્યો કે: "ભાઈ ખેંગારજી, આપના વિચારો જો કે એક વીર ક્ષત્રિયકુમારને શોભાવે તેવા જ છે; છતાં પણ આ સાહસકર્મમાં પ્રવૃત્ત થવામાટેનો અનુકૂળ અભિપ્રાય હું આપને આપી શકતો નથી; કારણ કે, એ સિંહ એવો તો ક્રૂર, વિકરાળ અને મરણિયો છે કે બંદૂકમાંથી વર્ષતા ગોળીઓના વર્ષાદની પણ ભીતિ રાખતો નથી અને મનુષ્યને જોતાંની સાથે જ ઉન્મત્ત થઇને તેના શરીરપર તૂટી પડે છે; એટલામાટે જો આ સાહસ કરવા જતાં ક્યાંક આપના પ્રાણની હાનિ થઈ જાય, તો લેવાના દેવા થઈ પડે અને 'ક્યાં ગયા હતા તો કહે ક્યાંય નહિ' એ પ્રમાણેનો ઘાટ આવીને ઊભો રહે. અર્થાત્ જો અન્ય કોઈ પ્રસંગે શૌર્ય બતાવો, તો તે એક જૂદી વાત છે; આ પ્રસંગ શૌર્યને દર્શાવવાનો નથી. આપે હજી જામ રાવળ પાસેથી પિતૃહત્યાના વેરનો બદલો લેવાનો છે અને કચ્છરાજ્યના સિંહાસનને દીપાવવાનું છે, એનું કદાપિ વિસ્મરણ ન થવા દ્યો અને આવા સાહસમાં પડવા પૂર્વે કાંઈક વિચાર કરો."

"પૂજ્ય ભ્રાતા, આપનો આ ઉપદેશ જો કે યોગ્ય છે, છતાં પણ મારે એટલું તો કહેવું જ જોઇએ કે મરણના ભયથી જો ક્ષત્રિયો આવા સાહસમાં પ્રવૃત્ત થતા અટકી જાય, તો પછી તેઓ શત્રુ સાથેના ભયાનક યુદ્ધમાં પ્રાણોપર ઉદાર થઇને કેવી રીતે ઝૂંઝી શકે, એ એક પ્રશ્ન છે? શૌર્ય દર્શાવતાં જો મરણ આવે, તો તે ક્ષત્રિયોમાટે તો એક અલૌકિક ગૌરવનો વિષય મનાય છે, એ આપ નથી જાણતા કે શું? જો મારા ભાગ્યમાં આપણા જનકની હત્યાના વૈરનો શત્રુ પાસેથી બદલો લેવાનો તથા કચ્છરાજ્યના સિંહાસનને શોભાવવાનો યોગ લખાયલો હશે, તો સિંહને મારવાના આ સાહસકર્મમાં મારો વાળ પણ વાંકો થવાનો નથી અને અવસ્ય મારો વિજય થશે, એ આપે નિશ્ચયપૂર્વક માની લેવાનું છે; જો મરણ થવાનું હશે, તો તે કોઇ પણ નિમિત્તે થશે જ; કારણ કે, કાળના આઘાતને અટકાવવાનું સામર્થ્ય કોઇમાં છે જ નહિ. વળી ધારો કે, કદાચિત્ મારું મરણ થઇ જાય, તો પણ સાયબજી તથા રાયબજી શત્રુ પાસેથી વેરનો બદલો લેનાર જીવતા બેઠા છે એટલે એ વિષયથી પણ મારે અધિક ચિન્તા રાખવાની નથી. મારાં પત્નીએ પણ મને આ સાહસકર્મમાં પ્રવૃત્ત થઇને ભાગ્યપરીક્ષા કરવાની અનુમતિ આપી દીધી છે એટલે હવે માત્ર આપની અનુમતિની જ આવસ્યતા છે."

ખેંગારજીની આવી દૃઢતાને જોઇને અલૈયાજીએ જાણી લીધું કે ખેંગારજી કોઈ પણ ઉપાયે પોતાના નિશ્ચયથી ચળે તેમ નથી અને

તેથી હવે ખેંગારજીના જીવનરક્ષણનો ભાર પરમાત્માના શિરપર નાખી દઇને વિશેષ આગ્રહ ન કરતાં તેણે ખેંગારજીને એ વિષયમાં તેની ઇચ્છા અનુસાર વર્ત્તવાની આનન્દથી અનુમતિ આપી દીધી. ખેંગારજી અત્યંત પ્રસન્ન થયો અને અલૈયાજીના ગમન પછી તત્કાળ તેણે સિંહના સંહારસમારંભમાં જવામાટેની યોગ્ય તૈયારીઓ કરવા માંડી.

* * * * *

પ્રભાત થવા પૂર્વે જ ઉષ:કાળમાં નિદ્રામાંથી જાગ્રત થઇને ખેંગારજી તથા સાયબજીએ નિત્યકર્મથી મુક્ત થઇ સ્નાનાદિક કરી પોતાનાં શરીરોપર કવચ ધારી લીધાં. [ખેંગારજીએ દેવીની આપેલી સાંગને પોતાના દક્ષિણ બાહુમાં ઉપાડી લીધી અને બીજાં શસ્ત્રો પણ ધારણ કરી લીધાં. સાયબજીએ પણ ઢાલ, તલ્વાર, ધનુષ્ય બાણ તથા નાલિકા આદિ શસ્ત્રાસ્ત્રોવડે પોતાના શરીરને શૃંગાર્યું અને ત્યાર પછી ઉભય ભ્રાતાઓ પોતપોતાના અશ્વપર આરૂઢ થઇને પોતાની પત્ની તથા દાસદાસીઓને પ્રણામ કરી તેમના આશીર્વાદોને સ્વીકારીને 'ભદ્ર' ભણી જવાને વીરવેષથી રવાના થઈ ગયા.] જ્યારે તેઓ 'ભદ્ર'ના દ્વારપાસે આવી પહોંચ્યા ત્યારે ત્યાંની સૈન્યરચનાને તથા ત્યાંની તૈયારીને જોઈને તેઓ આશ્ચર્યચકિત થયા અને તેમનાં તેજસ્વી મુખમંડળોને જોઇને અન્ય જનો આશ્ચર્યમુગ્ધ થવા લાગ્યાં. અર્થાત્ કેટલીક વાર સૂધી ત્યાં પરસ્પર આશ્ચર્યનો વ્યાપાર ચાલી રહ્યો.

'ભદ્ર'ના દ્વાર સમક્ષ સુલ્તાનના બે હજાર ઘોડેસવાર સિપાહો પંક્તિબદ્ધ થઇને ઊભા હતા અને સુલ્તાનનો અંબાડીદાર હાથી પોતાની દૃષ્ટિને 'ભદ્ર'ના દ્વારમાં સ્થિર કરીને સૂંઢને હીલવતો ઊભેલો હોવાથી જાણે પોતાના સ્વામી સુલ્તાનના આગમનની તે આતુરતાથી પ્રતીક્ષા કરી રહ્યો હોયની! એવો જ ભાસ થતો હતો. સૈનિકોના અગ્રભાગમાં અને સુલ્તાનના હાથીની પાસે સિપાહસાલાર પોતે પોતાના આરબી અશ્વને લગામથી કાબૂમાં રાખવાની ચેષ્ટા કરતો ઊભો હતો; વાદ્ય-વાદકો પણ હાજર હતા અને એક ઘોડેસવારે ઇસ્લામની અર્ધચંદ્ર-ચિન્હાંકિત પતાકાને હસ્તમાં ધારણ કરેલી હતી. શેરના શિકારમાટે જનારી સુલ્તાનની એ સવારીના સમારંભને જોવામાટે ત્યાં એકત્ર થયેલા નાગરિકોની પણ એટલી બધી ભીડ જામી ગઈ હતી કે જો એક બાજૂથી થાળીને ચક્રાકાર ફેરવીને નાખી હોય, તો તે ફરતી ફરતી મનુષ્યોનાં શિરપરથી જ બીજી બાજૂએ નીકળી જાય, પણ તેને ભૂમિનો સ્પર્શ થઈ શકે નહિ. કેટલોક સમય એવી રીતે વીત્યા પછી ચોબદારે નેકી પુકારીને સુલ્તાનના આગમનની સૂચના આપી, સુલ્તાન આવ્યો

અને સર્વ સૈનિકો તથા સેનાપતિએ શસ્ત્રો નમાવીને તેને માન આપ્યું; હાથીને બેસાડીને માવતે સીડી માંડી દીધી એટલે તેપર ચઢીને સુલ્તાન અંબાડીમાં બેઠો અને અત્યારે તેણે વીરોચિત પોષાક ધારણ કરેલો હોવાથી તેના બેસવાથી હાથીને પણ શોભાની પ્રાપ્તિ થવા લાગી. અર્ધચંદ્રચિન્હાંકિત પતાકાનો વાહક અગ્રભાગમાં ચાલવા લાગ્યો, તેની પાછળ વાદ્યવાદકો અને એક હજાર ઘોડેસવારો ચાલવા લાગ્યા, તે પછી સેનાપતિ તથા સુલ્તાનનો હાથી ચાલતા હતા અને બાકીના એક હજાર સૈનિકો પાછળ ચાલ્યા આવતા હતા. ખેંગારજી અને સાયબજી પોતાના અશ્વોને સુલ્તાનના હાથીની બે બાજૂએ રાખીને ચાલ્યા જતા હતા. આવા સમારંભથી સુલ્તાન બેગડાની સવારી 'ભદ્ર'ના દ્વારમાંથી નીકળીને નદીની દિશામાં ચાલવા લાગી અને નદીને ઓળંગ્યા પછી બહુ જ અલ્પ સમયમાં એ સવારી જે અરણ્યમાં તે વિકરાળ સિંહનો નિવાસ હતો, તે અરણ્યના સીમાપ્રાંતમાં આવી પહોંચી. ત્યાર પછી ધીમે ધીમે સુલ્તાનની સવારીએ અરણ્યના આંતરિક ભાગમાં પ્રવેશ કરવા માંડ્યો.

## નવમ પરિચ્છેદ

## બાહુબળથી ભાગ્યપરીક્ષા

અરણ્યમાંના અમુક સ્થાનમાં આવ્યા પછી ત્યાંના જાણીતા પારધીઓ તથા વાઘરીઓના કહેવાથી સવારીને આગળ વધતી રોકવામાં આવી; કારણ કે, તે નરઘાતક સિંહરાજની ગુહા ક્યાંક એટલામાં જ હતી. સવારીને રોકયા પછી વાદ્યોના ધ્વનિ તથા અન્ય પ્રકારના નાદ તેમ જ કેટલાક અન્યાન્ય પ્રયત્નોવડે તે સિંહને તેની ગુહામાંથી બહાર કાઢવાના ઉદ્યોગોનો આરંભ કરવામાં આવ્યો. એટલા બધા પ્રયત્નો તેને તેની ગુહામાંથી બહાર કાઢવામાટે કરાતા હતા તેનું કારણ એ હતું કે વૃક્ષોની એક ઘાટી ઘટાના અત્યંત ગંભીર ભાગમાં તેની ગુહા આવેલી હતી અને તે વૃક્ષઘટામાં એક અશ્વારોહી સૈનિક પણ પ્રવેશ કરી શકે તેમ નહોતું. જો મનુષ્ય એકલો જાય, તો પણ તે વૃક્ષરાજીમાં તેને નમીને ચાલવું પડે તેમ હતું અને માર્ગ સંકુચિત હોવાથી જો સામેથી તે સિંહ આવી ચડે, તો તે મનુષ્યના જીવનની રક્ષા સર્વથા અસંભવિત હતી એટલે તે વૃક્ષરાજીમાંથી બહાર નીકળીને તે મૃગરાજ મેદાનમાં ન આવે, ત્યાં સુધી તેના સંહારનો સંભવ બહુધા નહોતો જ, એમ કહેવામાં કોઈ પણ પ્રકારની અતિશયોક્તિ થાય તેમ નથી. અનેક પ્રકારના નાદો કરવા છતાં પણ જ્યારે

સિંહ તેની ગુહામાંથી બહાર ન આવ્યો એટલે કોપવશ થઇને સુલ્તાને માવતને એવી આજ્ઞા આપી કે: "આપણા હાથીને એ વૃક્ષઘટાના મુખભાગમાં લઈ જઇને ઊભો રાખો." આજ્ઞા પ્રમાણે માવતે હાથીને ત્યાં લઈ જઇને ઊભો રાખ્યો એટલે સુલ્તાને પોતાના ભીષણ તથા કર્કશ સ્વરથી આકાશભેદક ગર્જના કરીને કહ્યું કે: "અરે કૂતરા, આમ ગુફામાં લપાઇને બેસી શું રહ્યો છે? જો તું ખરેખરો શેર હોય, તો નીકળી આવ બહાર અને મરવામાટે થઈ જા તૈયાર! આજે તારા શિકારમાટે સુલ્તાન બેગડો પોતે આવેલો હોવાથી તારા દિવસો ગણાઈ ચૂકયા છે, એમ જ તારે માનવાનું છે. તું ઘણાકોના હાથમાંથી છટકી ગયો છે અને નિઃશસ્ત્ર તથા ભીરુ મનુષ્યોની નિર્ભયતાથી હત્યા કરતો રહ્યો છે; પણ આજે હવે આ શેર સુલ્તાનના હાથમાંથી કોઈ પણ ઉપાયે તું છટકી શકે તેમ નથી!"

મહાભિમાની મૃગપતિ કેસરીના કર્ણોમાં સુલ્તાન બેગડાનો ધ્વનિ આવીને અથડાયો અને પોતાને 'કૂતરા'નું સંબોધન અપાયલું તેણે સાંભળ્યું એટલે પછી તે પોતાના ક્રોધને શમાવી શકયો નહિ અને તેના પ્રાણ લેવામાટે વિશાળ સૈન્ય આવેલું હોવા છતાં તેની લેશ માત્ર પણ ભીતિ ન રાખીને તે પરાક્રમી સિંહરાજ પોતાની મહાભીષણ ગર્જનાથી આકાશ તથા પૃથ્વીને કંપાવતો અને સર્વના હૃદયમાં મરણના ભયાનક ચિત્રને આલેખતો બે છલાંગ સાથે તે વૃક્ષઘટાના મુખભાગમાં આવીને ઊભો રહ્યો અને જાણે પોતાને 'શ્વાન'ના સંબોધનથી બોલાવનાર સુલ્તાન પાસેથી તે અપમાનનો બદલો લેવાને તલસી રહ્યો હોયની! તદ્વત્ સુલ્તાનને તેની અંબાડીમાં તાકી તાકીને જોવા લાગ્યો. નરપતિ તથા મૃગપતિના યુદ્ધની ભયાનક વેળા આવીને ઉપસ્થિત થઇ. પરંતુ આશ્ચર્યનો વિષય તો એ હતો કે તે વનરાજને પોતાની ગુહામાંથી ગર્જના કરીને બહાર નીકળતો જોઇને સુલ્તાનના સૈનિકોમાં તેમ જ અન્યાન્ય જનોમાં નાસભાગનો આરંભ થઈ ગયો; કારણ કે, સર્વના મનમાં પોતપોતાના પ્રાણની ચિન્તા હોવાથી અગ્રભાગે રહીને સર્વથી પ્રથમ તે સિંહપર તલ્વાર, તીર, ભાલો, બંદૂકની ગોળી કે અન્યાન્ય શસ્ત્રાસ્ત્ર ચલાવવાની કોઇની પણ હિંમત ચાલી શકતી નહોતી. સિંહનો એવો સ્વભાવ જ હોય છે કે તે પોતાના સમબળ શત્રુપર અથવા તો બળમાં પોતાના કરતાં પણ અધિક બળવાન ગણાતા પ્રાણીપર પ્રથમ આક્રમણ કરે છે અને તેમાં પણ ગજરાજ તેનો સ્વાભાવિક શત્રુ હોવાથી ગજરાજનાં ગંડસ્થળોને વિદારવામાટે તો તે નિમેષમાત્રમાં જ તત્પર થઇ જાય છે. અર્થાત્ સિંહની વક્ર

દૃષ્ટિ તો સુલ્તાન અને સુલ્તાનના ગજરાજમાં જ તલ્લીન થયેલી હતી અને ગજરાજપર આક્રમણ કરવામાટેના યોગ્ય અવસરની તે પ્રતીક્ષા કરતો જ બેઠો હતો. સુલ્તાને તેને આવી રીતે શાંતિથી બેઠેલો જોઇને વળી પણ તિરસ્કારદર્શક શબ્દોથી કહ્યું કે: "અરે શિયાળવા, આમ શાંત થઇને આ નરસિંહને જોઈ શું રહ્યો છે? ઊઠ, ઊભો થઈ જા, આગળ વધી આવ અને મારા ભાલાના આઘાતને શરીરપર ઝીલી લેવામાટે તૈયાર થા!" આમ કહીને સુલ્તાને પોતાના હાથમાંના ચમકતા ભાલાને તે મૃગપતિપર ઉગામ્યો અને તે જોઇને તત્કાળ તે વિકરાળ વનરાજ ઊઠીને ઊભો થઈ ગયો.

વનરાજે પોતાના પુચ્છને પોતાના પૃષ્ઠભાગપર અફાળીને જેવી બીજી ભયાનક ગર્જના કરી કે તેવા જ પોતાના પૃષ્ઠપર સૈનિકોને ધારણ કરીને ઊભેલા અશ્વો ત્યાંથી પ્રાણ લઇને પલાયન કરવા લાગ્યા અને સૈનિકોની તથા સુલ્તાનના અંગરક્ષકોની સુલ્તાનથી દૂર થવાની ઇચ્છા ન હોવા છતાં પણ અશ્વો તેમને તેનાથી દૂર લઇ ગયા. સાયબજીનો અશ્વ પણ જરાક પાછો હટી ગયો, પણ ખેંગારજીનો અશ્વ માત્ર પોતાના સ્થાનથી લેશ માત્ર પણ ભ્રષ્ટ ન થતાં પર્વત પ્રમાણે અચલતાથી ત્યાંનો ત્યાં જ ઊભો રહ્યો. વનરાજ સિંહ સંપૂર્ણ નિર્ભયતાથી એક જબરી છલાંગ મારીને ઉચ્છળતાંની સાથે જ ગજરાજના કુંભસ્થળપર જઇ પડ્યો અને તેથી ગભરાયલો માવત આંખોમાં અંધારાં આવવાથી તમ્મર ખાઇને ભૂમિપર પછડાઈ પડ્યો. પ્રબળ સિંહરાજનું પોતાપર આક્રમણ થતાં એક લઘુ ગિરિરાજ સમાન વિશાળકાય ગજરાજ પણ ભયથી થરથર કંપવા લાગ્યો. મદોન્મત્ત સિંહ સુલ્તાનની અંબાડીની એટલો અડોઅડ આવી રહ્યો હતો કે જો તે પોતાના વિશાળ પંજાને આગળ લંબાવે, તો સુલ્તાનને અંબાડીમાંથી બહાર ખેંચી કાઢતાં તેને જરા પણ વિલંબ થવાનો સંભવ ન હતો તેમ જ વળી ગજરાજના ગંડસ્થળને તે એવી રીતે ચોંટયો હતો કે સુલ્તાનથી તેનાપર શસ્ત્રનો આઘાત કરી શકાય તેમ હતું જ નહિ. અર્થાત્ સુલ્તાનને અત્યારે બે બાબતોની સંભાળ રાખવાની હતી અને તે એ કે-તે સિંહ પોતાનો પંજો ક્યારે ઉઠાવે છે તે જોયા કરવું અને જો તે આક્રમણ કરે, તો આત્મરક્ષણના પ્રયત્નમાટે તત્પર રહેવું. પોતાના સૈનિકો તથા અંગરક્ષકોના અશ્વોને ચારે દિશામાં પલાયન કરતા જોઇને સુલ્તાન અત્યંત નિરાશ થઇ ગયો અને તેથી થોડી વાર પૂર્વે જે સિંહને તેણે તુચ્છતાદર્શક 'શ્વાન'ના સંબોધનથી બોલાવ્યો હતો, તે જ સિંહ હવે તેને યમરાજ અથવા 'મલકુલમ-

મોત'ના સ્વરૂપમાં દેખાવા લાગ્યો. બહુ-અંશે તેણે પોતાના જીવનની આશાનો ત્યાગ કરી દીધો અને તેના મુખમાંથી એવા નિરાશાજનક શબ્દો નીકળી ગયા કે: "યા પરવરદિગાર, શું ત્યારે મારા નસીબમાં આ શેરના પંજામાં સપડાઈને મરી જવાનો યોગ લખાયલો હતો? આ કેવું ખોફનાક તૂફાન! અલ અમાન, અલ અમાન!!" સિંહે પંજો ઉઠાવ્યો અને અણીનો સમય આવી લાગ્યો.

સુલ્તાન બેગડા જેવો હિંમતબહાદુર અને શેરનર પણ મરણના આ સાક્ષાત્કારથી ગર્વગલિત થઈ ગયો; પરંતુ એટલામાં જાણે કોઈ ફરિશ્તો તેની મદદે આવ્યો હોયની! તેવી રીતે સિંહને સંબોધીને ઉચ્ચારાયલા "કૂતરા, ગજના ગંડસ્થળપરથી નીચે ઊતર અને મરવાને તૈયાર થા!" એ પ્રમાણેના ખેંગારજીના શબ્દો તેના સાંભળવામાં આવ્યા અને હજી તો તે શબ્દો ઉચ્ચારનારના મુખને જોવાનો તે પ્રયત્ન કરતો હતો એટલામાં તો ખેંગારજીએ તે સિંહના શરીરપર ભાલાનો આઘાત કરીને સુલ્તાનની વિપત્તિને પોતાના શિરપર વ્હોરી લીધી. સિંહે હવે પોતાનાં નેત્રોને સુલ્તાન તરફથી ફેરવીને ખેંગારજીના મુખમંડળમાં સ્થિર કર્યાં અને સમય એવો આવી લાગ્યો કે જો ખેંગારજી તેનાપર આઘાત અથવા શસ્ત્રપ્રહાર કરવામાં નિમેષ માત્રનો પણ વિલંબ કરે, તો તેના પ્રાણપર જ આવી બને એ નિશ્ચિત હતું. આ રહસ્યને ખેંગારજી પણ સારી રીતે જાણતો હતો એટલે ખેંગારજીએ પોતાના ઉચ્ચ જાતિના અશ્વને એડી મારતાં જ અશ્વ એકદમ એક પુરુષ પ્રમાણમાં ઊંચો થઈ ગયો અને તેથી સિંહપર પ્રહાર કરવાનો ઠીક લાગ મળતાં તેણે માણેકમેરજીની આપેલી સાંગનો 'જય દેવી!' ઉચ્ચાર સહિત એવા તો અતુલ બળથી સિંહના કપાળપર પ્રહાર કર્યો કે તે સાંગ કપાળમાં લાગતાની સાથે જ વનરાજ સિંહ ગજરાજના ગંડસ્થળને છોડી એક ભયંકર ચીત્કાર સહિત પૃથ્વીપર પછડાઈ પડ્યો. છતાં અદ્યાપિ તે ભયાનક પ્રાણી મરણને શરણ થયેલો ન હોવાથી જ્યાં પડ્યો ત્યાંથી ચોગણા બળથી પાછો ઊછળ્યો અને તેથી ખેંગારજી તથા સાયબજી સુલ્તાનની જે ભીતિને તેમણે ટાળી હતી તેના કરતાં પણ વધારે ભીતિમાં આવી પડ્યા. સિંહ ભૂરાટો થઈને એકદમ ખેંગારજીના અશ્વપર જઈ પડ્યો અને પોતાના ભયંકર પંજાના એક જ પ્રહારથી તેણે તે અશ્વને સ્વર્ગના માર્ગનો પ્રવાસી કરી દીધો; એ વેળાયે ખેંગારજીએ પણ સમયસૂચકતા વાપરીને પોતાની તલ્વારને તેની છાતીમાં પેસાડી દીધી હતી, છતાં તેની પર્વા કર્યા વિના સિંહે ખેંગારજીના પોતાના શરીરપર તરાપ

મારી, પણ એટલામાં સાયબજીએ પોતાની તલ્વારને સિંહની ગ્રીવા-પર ચલાવી દીધી અને તેથી તેનું શરીર બે ભાગોમાં વિભક્ત થઈ જવાથી તેના જીવનનાટકની પરિસમાપ્તિ થઈ ગઈ.

સારાંશ એટલો જ કે, જે મહાભયાનક વનરાજ સિંહે થોડી વાર પહેલાં સુલ્તાન મહમ્મદ બેગડાને, તેના ગજરાજપર ભયંકર આક્રમણ કરીને, મરણનો સાક્ષાત્કાર કરાવી દીધો હતો અને જેણે એક વાર અમદાવાદની પ્રજામાં હાહાકારનો વિસ્તાર કર્યો હતો; તે મહામદોન્મત્ત કેસરીસિંહના અસ્તિત્વને સદાને માટે મટાડી દઇને ખેંગારજી તથા સાયબજીએ અથવા બીજા શબ્દોમાં કહીએ તો કચ્છદેશના બે રાજકેસરીઓએ સુલ્તાન બેગડાના પ્રાણ પણ બચાવ્યા અને અમદાવાદની પ્રજાને પણ તે સિંહના ત્રાસથી સર્વથા મુક્ત કરી દીધી. જ્યારે વનરાજ સિંહનો પાત થયો, ત્યારે જ સુલ્તાનના જીવમાં જીવ આવ્યો. હવે તેણે પોતાના ઉદ્ધારક બે વીરકુમારોને સ્નેહપૂર્ણ દૃષ્ટિથી જોયા અને કહ્યું કે: "વીરકુમારો, જો કે હું તમને ઓળખતો નથી, છતાં પણ તમારાં મુખમંડળોમાં વ્યાપેલી ઓજસ્વિતાથી તથા તમારી આજની અદ્ભુત વીરતાથી એટલું તો અવશ્ય જણાઈ આવે છે કે તમો અવશ્ય કોઈ કુલીન તથા વીર ક્ષત્રિય પિતાના પુત્રો છો. અસ્તુઃ અત્યારે વિશેષ વાર્ત્તાલાપ કરવાનો સમય ન હોવાથી હું માત્ર એટલું જ કહું છું કે, આજે તમોએ પોતાના પ્રાણોને ભયમાં નાખીને આ સુલ્તાન બેગડાના પ્રાણની રક્ષા કરી છે, તો આ સુલ્તાન બેગડો તમારી આ વીરતાનું અને તમારી આ રાજભક્તિનું તમને યોગ્ય પારિતોષિક અવશ્ય આપશે જ. આવતી કાલે તમારા સન્માન તથા ગૌરવમાટે હું એક ખાસ દરબાર ભરવા ઇચ્છું છું, અને તે દરબારમાં પધારવાનું તમને અત્યારે જ આમંત્રણ આપી મૂકું છું. લ્યો આ મારી રાજચિન્હાંકિત સુવર્ણમુદ્રિકા. એ મુદ્રિકા દ્વારપાળને દેખાડશો એટલે તે દરબારમાં તો શું, પણ મારા ખાનગી મહલમાં પણ તમને બેધડક આવવા દેશે."

ખેંગારજીએ કૃતજ્ઞતા દર્શાવીને તે રાજમુદ્રા લઈ લીધી અને સુલ્તાનનો તેની ઉદારતામાટે યોગ્ય શબ્દોમાં ઉપકાર માન્યો. માવત શુદ્ધિમાં આવીને સુલ્તાનના ગજરાજને નગરભણી લઈ ચાલ્યો અને ત્યાર પછી ખેંગારજીએ, તેનો પોતાનો અશ્વ મરી ગયેલો હોવાથી, કોઈ સૈનિકના એક ખાલી અશ્વને પકડી લઇને તેનાપર આરોહણ કર્યું અને ઉભય બંધુઓ સુલ્તાનની કૃપાને મેળવીને ત્યાંથી ઘરભણી જવાને ચાલતા થયા.

## દશમ પરિચ્છેદ
## 'રાયો' પદવી અને સાધનપ્રાપ્તિ

ખેંગારજી અને સાયબજી સિંહના સંહારના કાર્યમાં વિજય મેળવીને તથા સુલ્તાન મહમ્મદ બેગડાના કૃપાભાજન થઈને અરણ્યમાંથી પાછા વળતાં માર્ગમાં નદીતીરસ્થ મહાદેવના મંદિરમાં સાધુવેષધારી છચ્છરને પોતાના વિજયની વાર્તા સંભળાવવામાટે રોકાયા હતા અને તે વેળાયે અલૈયાજી પણ ત્યાં આવેલો હોવાથી ખેંગારજી તથા સાયબજીના અદ્ભુત પરાક્રમની વાર્તા તેણે પણ સાંભળી હતી; માત્ર એટલું જ નહિ, પણ સુલ્તાન બેગડાએ પોતાની રાજચિન્હાંકિત મુદ્રિકા આપીને તે ઉભય બંધુઓને બીજા દિવસના દરબારમાં પધારવાનું આમંત્રણ કર્યું હતું, એ કથા સાંભળીને તો અલૈયાજીના આનન્દનો પરમાવધિ જ થઈ ગયો હતો. અર્થાત્ ખેંગારજી તથા સાયબજી જ્યારે છચ્છર પાસેથી પોતાના નિવાસસ્થાન પ્રતિ જવાને રવાના થયા, તે વેળાયે અલૈયાજી પણ તેમની સાથે જ હતો. પરંતુ જ્યારે તેઓ 'ભદ્ર' પાસે આવ્યા એટલે અલૈયાજી તેમની આજ્ઞા લઈ તેમનાથી જૂદો પડીને સુલ્તાનના મહાલયમાં ચાલ્યો ગયો અને ખેંગારજી તથા સાયબજી પોતાના નિવાસસ્થાનમાં જઈ પહોંચ્યા. જે વેળાયે અલૈયાજી સુલ્તાનના મહાલયમાં ગયો અને ખેંગારજી તથા સાયબજી પોતાના આગારમાં જઈ પહોંચ્યા તે વેળાયે દિવસના ત્રણ પ્રહર વીતી ચૂક્યા હતા અને ચતુર્થ પ્રહરનો આરંભ થયેલો હોવાથી સંધ્યાના આગમનમાં વિશેષ વિલંબ નહોતો.

* * * * *

"પ્યારી બેગમ! આજે પરવરદિગારના ફજલો કરમથી પેલો જાલિમ શેર માર્યો ગયો છે અને આપણી રૈયતની પીડા ટળી ગઈ છે. પરંતુ આજે તે શેરનો શિકાર કરવા જતાં મારા પોતાના જીવનું જોખમ થવાનો વખત આવી લાગ્યો હતો અને જો પેલા બે અજ્ઞાત ક્ષત્રિયકુમારોએ આવી તે શેરને મારી નાખીને મારો બચાવ ન કર્યો હોત, તો અત્યારે તો મારી લાશને આપણા સરખેજમાંના મકબિરામાંની કબ્રમાં દફનાવવાની કદાચિત્ તૈયારીઓ ચાલતી હોત; કારણ કે, શેરના પોકારથી આપણા સઘળા સિપાહીઓ ભાગી ગયા હતા અને શેર હાથીની સૂંઢપરથી ઉપર ચઢી આવીને મારાપર પોતાના પંજાને ચલાવવાની તૈયારીમાં હતો; પરંતુ એટલામાં જાણે ખુદાતાલાએ પોતે જ કોઈ ફરિશ્તાઓને મારી મદદે મોકલ્યા હોયની! તેવી રીતે બે અશ્વારોહી તરુણ ક્ષત્રિયકુમારોએ અચાનક

આવીને તે શેર સાથે જીવસટોસટની લડાઈ કરીને તેને મારી નાખ્યો અને મને તથા આપણી પ્રજાને તે શેરના ત્રાસથી મુક્ત કરી દીધાં. હકતાલાએ આબરૂ રાખી અને ખબર કરી; ખરેખર અત્યારે હું મલકુલમ્‌ઔતના પંજામાંથી છટકીને જ અહીં આવ્યો છું.” સુલ્તાન બેગડાએ, મહાલયમાં આવી નમાજ પઢીને નાસ્તો કર્યા પછી પોતાની વ્હાલી બેગમ કમાબાઈ–અલૈયાજીની ભગિની–ને પોતાના શિરપર આવી પડેલી આપત્તિનો વૃત્તાન્ત સંભળાવતાં એ પ્રમાણેના ઉદ્‌ગારો કાઢ્યા.

સુલ્તાનના એ ઉદ્‌ગારો સાંભળીને કમાબાઈ પરમાત્માનો આભાર માનતી કહેવા લાગી કે: “ઈશ્વરે આજે મારા સૌભાગ્યને અખંડ રાખવાની જે કૃપા દર્શાવી છે, તેમાટે અત્યારે હું તે પરમકરુણામય પરમાત્માનો જેટલો પણ આભાર તથા ઉપકાર માનું તેટલો ઓછો જ છે. પણ આલાહજરત, તે બે તરુણ અને અજ્ઞાત ક્ષત્રિયકુમારો કોણ હતા વારુ?”

આ પ્રશ્ન તો કમાબાઈએ પોતાના પતિ સુલ્તાન બેગડાને પૂછ્યો હતો, પરંતુ એ જ વેળાયે સુલ્તાનના અંતઃપુરના દ્વારમાં પ્રવેશ કરીને તેના બંધુ અલૈયાજીએ તેના એ પ્રશ્નનું ઉત્તર આપતાં જણાવ્યું કે: “પૂજ્ય ભગિની, તે બે તરુણ તથા અજ્ઞાત ક્ષત્રિયકુમારો બીજા કોઈ નહિ, પણ આપણા પિતાના પુત્ર અને આપણા બંધુઓ ખેંગારજી તથા સાયબજી જ હતા. આજે સુલ્તાન સલામતના જીવનરક્ષણનું શ્રેય આપણા કુટુંબના ભાગ્યમાં લખાયલું હોવાથી તેમને આ સિંહ સાથેના યુદ્ધમાં વિજય મળ્યો છે અને તેથી આપણાં મુખમંડળો પણ ઉજ્જવલ થયાં છે!”

અહીં વચ્ચે એ વાર્તા જણાવવાની આવશ્યકતા છે કે સુલ્તાન બેગડાએ કમાબાઇને હિન્દુધર્મ પાળવાની અને હિન્દુધર્મના આચાર વિચાર પ્રમાણે વર્ત્તવાની છૂટ આપી હતી તેમ જ અલૈયાજી તેનો સહોદર હોવાથી અલૈયાજીને કમાબાઇના અંતઃપુરમાં કોઇ પણ વેળાયે આવવાનો પ્રતિબંધ નહોતો અને તેથી જ અલૈયાજી અત્યારે અચાનક કમાબાઇના અંતઃપુરમાં આવી શકયો હતો. અત્યાર સુધી ખેંગારજીની ના હોવાથી તેણે ખેંગારજી તથા સાયબજીના અમદાવાદમાંના નિવાસનો વૃત્તાંત પોતાની ભગિનીને સંભળાવ્યો નહોતો; પરંતુ આજે હવે પોતાની ભગિનીને, યોગ્ય પ્રસંગ આવેલો હોવાથી, તે વૃત્તાન્ત સંભળાવવાના ઉદ્દેશથી જ તે અત્યારે તેના અંતઃપુરમાં આવ્યો હતો; પણ દ્વારમાં આવતાં સુલ્તાન તથા પોતાની ભગિની વચ્ચે એ જ વિષયની ચર્ચા ચાલતી સાંભળીને થોડી વાર તે બહાર જ ઊભો રહ્યો હતો અને જ્યારે કમાબાઇના મુખમાંથી એવો પ્રશ્ન નીકળ્યો કે તેનું ઉત્તર સુલ્તાનના મુખ-

માંથી મળવાનો સંભવ નહોતો, ત્યારે પછી તે પ્રશ્નનું ઉત્તર આપતાં જ તેણે અંતઃપુરમાં પ્રવેશ કર્યો કે જે આપણે જોઈ ચૂક્યા છીએ.

ખેંગારજી તથા સાયબજીનાં નામો સાંભળીને કમાબાઈ તથા સુલ્તાન બેગડો બન્ને આશ્ચર્યચકિત થઈ ગયાં અને થોડી વાર સુધી વિચારમગ્ન રહ્યાથી તેઓ કાંઈ પણ બોલી શક્યાં નહિ. છેવટે કમાબાઈએ કહ્યું કે; "આપણા બંધુઓ અમદાવાદમાં આવ્યા છે અને તે વૃત્તાન્ત તમો મને આજે સંભળાવો છો? પણ હા, કદાચિત્ તમને પણ તેમના અહીં આવવાની ખબર્ નહિ હોય અને તમે પણ એ વાર્ત્તાને આજે જ જાણી શક્યા હશો."

"ના, બહેન, એમ નથી." અલૈયાજીએ હવે સર્વ સત્ય વૃત્તાંત જણાવવા માંડ્યો. "ખેંગારજી તથા સાયબજીને અહીં અમદાવાદમાં આવ્યાને નહિ નહિ, તો પણ આજે લગભગ પોણા બે વર્ષ જેટલો સમય થવા આવ્યો છે; પણ તેઓ જ્યારે અહીં આવ્યા ત્યારે વિપત્તિગ્રસ્ત હોવાથી કાંઈ પણ પરાક્રમ કરી દેખાડ્યા વિના સુલ્તાન સલામત સમક્ષ પ્રકટ થવાની તેમની ઇચ્છા નહોતી અને તેટલામાટે જ એ ભેદ તમને જણાવવાની પણ તેમણે મને ના પાડી હતી; કારણ કે, તેમના અમદાવાદનિવાસની વાર્ત્તા જો તમારા જાણવામાં આવી જાય, તો તે વાર્ત્તા તમે સુલ્તાન સલામતને જણાવી દ્યો, એ નિઃશંક હતું. આજે ઈશ્વરની કૃપાથી યોગ્ય પરાક્રમ બતાવવાનો અને તે પરાક્રમમાં વિજય મેળવવાનો યોગ તેમને પ્રાપ્ત થયો છે એટલે હવે તેમના એ ભેદને વધારે વાર અવ્યક્ત દશામાં રાખવાની આવશ્યકતા નથી." અલૈયાજીએ ત્યાર પછી જામ રાવળની દુષ્ટતાનો, જામ હમ્મીરજીના ઘાતનો, છચ્છરની રાજભક્તિનો, ભીમા કક્કલનાં સાત સંતાનોના બલિદાનનો, ખેંગારજી તથા સાયબજીના માર્ગમાં થયેલા લગ્નસંબંધનો અને અમદાવાદમાં તેમણે કરેલા યુદ્ધવિદ્યા આદિના અભ્યાસનો સવિસ્તર વૃત્તાન્ત સુલ્તાન સલામતને કહી સંભળાવ્યો.

અલૈયાજીના કથનની સમાપ્તિ થઈ એટલે કમાબાઈએ આર્જવતાથી પોતાના પતિને પ્રાર્થના કરી કે: "પ્રાણનાથ, મારા બાંધવોને જોવા તથા મળવામાટે મારાં નેત્રો તથા હૃદય તલસી રહ્યાં છે અને તેથી જો આપ શ્રીમાન્‌ની આજ્ઞા હોય, તો અત્યારે જ હું મારા તે વીર બાંધવોને અહીં બોલાવું."

"બેગમ, એમાટે મારી પરવાનગી લેવાની જરૂર જ શી છે વારુ? કારણ કે, એક તો તેઓ તમારા બંધુ છે અને આજે વળી તેમણે મને પોતાને પણ ઉપકારના ભારથી દાબી નાખ્યો છે એટલે

તેમને ખરી રીતે તો મારે જ અહીં બોલાવવા જોઇએ, તેને બદલે તમો બોલાવો છો, એ તો ઠીક; અને હું તેમને બોલાવવાની અનુમતિ પણ ન આપું, તો પછી મારા જેવો એહસાનફરામોશ-કૃતઘ્ન બીજો કોણ હોઈ શકે વારુ? તમારા તે બહાદુર બિરાદરોને બાખુશી બોલાવો." સુલ્તાન બેગડાએ પોતાની ઉદારતા તથા કૃતજ્ઞતાનો પૂર્ણ પરિચય કરાવ્યો.

કમાબાઇના સંકેતથી અલૈયાજીએ પોતાના એક અનુચરને ખેંગારજી તથા સાયબજીને સત્વર ત્યાં લઈ આવવામાટે મોકલી દીધો અને ત્યાર પછી તે પોતે પોતાની ભગિની તેમ જ ભગિનીપતિ સાથે આમ તેમની બીજી કેટલીક વાતો કરવા લાગ્યો. ખેંગારજી તથા સાયબજીના આવતાં સુધીમાં લગભગ અર્ધ પ્રહર જેટલો સમય વીતી ગયો; કારણ કે, જ્યારે અલૈયાજીનો અનુચર તેમના આગારમાં જઈ પહોંચ્યો તે વેળાયે તેઓ યુદ્ધવેષને ઉતારીને જમવા બેઠા હતા એટલે જમતાં અને ત્યાર પછી યોગ્ય વસ્ત્ર આદિ પરિધાન કરતાં સ્વાભાવિક જ વિલંબ થવાનો સંભવ હતો. પ્રથમ એક બાંદીએ આવીને સુલ્તાન તથા સુલ્તાનાને ખેંગારજી તથા સાયબજીના આવવાના સમાચાર આપ્યા અને સુલ્તાનનો તેમને સત્વર ત્યાં લાવવામાટેનો હુકમ થતાં જ તે બાંદીએ તેમને લાવીને સુલ્તાન સમક્ષ હાજર કરી દીધા. ખેંગારજી તથા સાયબજીએ સુલ્તાનને ઉચિત નમન કર્યું અને ત્યાર પછી બહેન કમાબાઇનાં નેત્રોમાંથી બંધુઓનાં દુઃખડાં અથવા ઓવારણાં લેતાં અશ્રુની શ્રાવણ ભાદ્રપદની જલવૃષ્ટિ સમાન ધારા વહેવા લાગી; કારણ કે, પિતાના મરણનું દુઃખ કમાબાઇના હૃદયમાં તાજું થઈ આવ્યું અને તેથી તે પોતાના અશ્રુપાતરૂપ વેગને વધારે વાર રોકી ન શકી. તે ગદ્ગદ સ્વરથી અને ડૂસકાં ભરતી ભરતી કહેવા લાગી કે: "ભાઈ, આપણે બધાં નબાપાં અને નમાયાં થઈ ગયાં! અરેરે તમારી આ અભાગણી બહેનને માતાપિતાના છેવટના મેળાપનો લાભ પણ ન મળ્યો! ભાઈ, હવે મને 'મારી લાડકી કમાં!' કહીને કોણ બોલાવશે અને 'મારી કમૂડી!' કહીને માતા વિના છાતી સરસી કોણ ચાંપશે! અરેરે, મા બાપ તો કોઈ દુશ્મનનાં પણ ન મરશો! હાય, આ શોકના સમયને જોવાનો દારુણ યોગ પણ આપણા ભાગ્યમાં વિધાતાએ લખ્યો હતો ને! હાય રે, હું જ કેમ ન મરી ગઈ કે આ દુઃખ તો ન જોવું પડત! ........" શોકનો વેગ અત્યંત વધી જવાથી કમાબાઇથી વધારે બોલી ન શકાયું અને તેથી તે પોતાના પાલવવડે મુખને ઢાંકીને ચુપ રહીને જ ધ્રૂસ્કે ધ્રૂસ્કે રડતી ડૂસકાં ભરવા લાગી.

કમાબાઇના આ કલ્પાંતને જોઇને ખેંગારજી, સાયબજી તથા અલૈયાજીની આંખોમાંથી પણ ચોધારાં આંસૂ વહી નીકળ્યાં; માત્ર એટલું જ નહિ; પણ વજ્ર સમાન છાતીના સુલ્તાન બેગડાની આંખોમાં પણ ઝળઝળિયાં ભરાઈ આવ્યાં. જાણે જામ હમ્મીરજીનો આજે અને અત્યારેજ સ્વર્ગવાસ થયો હોયની! અને તેની રાણી તથા રખાયત જાણે અત્યારે જ પતિની ચિતામાં બળીને સતી થઈ હોયની! એવા પ્રકારના શોકમય દશ્યનો ત્યાં અધિકાર વ્યાપી ગયો અને કેટલીક વાર સૂધી તો મૌનનું સામ્રાજ્ય ત્યાં વિસ્તરી રહ્યું. કેટલીક વાર પછી જ્યારે રોદન તથા અશ્રુપાતના યોગે તે બંધુ ભગિનીના શોકનો વેગ ન્યૂન થયો એટલે પછી ખેંગારજી પોતાની ભગિનીને આશ્વાસન આપતો ગંભીરતાથી કહેવા લાગ્યો કેઃ—

"વ્હાલાં બહેન, હવે વિશેષ કલ્પાંત કરવાથી કાંઈ પણ લાભ થાય તેમ નથી; આપણાં પિતામાતાનો અંત એવી રીતે જ સૃજાયલો હશે એટલે વિધાતાના લેખને કોણ મિથ્યા કરી શકે વારુ? હવે માત્ર આપણું એ જ કર્ત્તવ્ય છે કે આપણા પિતાના ઘાતક દુષ્ટ જામ રાવળ પાસેથી એ પિતૃહત્યાનો બદલો લેવો અને કચ્છનું ગયેલું રાજ્ય પાછું મેળવવું. જો એ કર્ત્તવ્યનું આપણા હસ્તથી પાલન થશે, તો આપણાં પિતામાતાના આત્માઓ સ્વર્ગમાં પણ સંતોષ પામશે અને આપણા મસ્તકપર આશીર્વાદોની અખંડ વૃષ્ટિ વર્ષાવ્યા કરશે. બાકી 'નામ તેનો નાશ' એ તો એક ત્રિકાલાબાધ્ય નિયમ છે અને તેમાટે શોક કરવો વ્યર્થ છે."

"ભાઈ, જે ઈશ્વરે તમને શત્રુના પંજામાંથી બચાવીને નિર્વિઘ્ન અહીં પહોંચાડ્યા છે અને તમને આજે સિંહના સંહારના કાર્યમાં વિજય અપાવ્યો છે, તે જ ઈશ્વર તમારી બીજી શુભ ઇચ્છાઓને પણ પૂર્ણ કરશે. પરંતુ ભૂંડા, તમો આજે પોણા બે વર્ષથી અમારા અહમ્મદાબાદ નગરમાં વસો છો અને તમારી આ બહેનને મળવાની તમને પરવા જ નથી, એ તે તમારી કેવી લાગણી!" કમાબાઇએ પોતાના મનમાં જે માઠું લાગ્યું હતું તે મોઢેથી કહી સંભળાવ્યું.

કમાબાઇને પુષ્ટિ આપતો સુલ્તાન બેગડો પણ શોક દર્શાવતો કહેવા લાગ્યો કેઃ "તમો અમારા સંબંધી હોવાથી જો અહમ્મદાબાદમાં આવ્યા પછી તત્કાળ અમને મળ્યા હોત, તો શું અમો તમારો સત્કાર ન કરત અને તમને જોઇતી સહાયતા ન આપત કે? ખરેખર તમોએ આટલા લાંબા વખત સૂધી અહમ્મદાબાદમાં ગુપ્ત રહેવામાં અને અમારી પાસે ન આવવામાં મોટી ભૂલ કરી છે."

કમાબાઈ તથા સુલ્તાનનાં આ વાક્યોને સાંભળી લીધા પછી ખેંગારજી શાંત ભાવ તથા શાંત મુદ્રાથી કહેવા લાગ્યો કે: "હજરત સલામત, અમારાં કૃપાળુ ભગિની જે કહે છે તે પણ સત્ય છે અને આપ જે કાંઈ ફર્માવો છો તે પણ રાસ્ત છે; આપની તો એવી લાગણી હોવી જ જોઈએ અને તે છે, એ જોઈને અમને અતિશય આનંદ થાય છે; છતાં પણ તે વેળાયે અમારા હૃદયમાં એવી શંકા રહ્યા કરતી હતી કે વિપત્તિના સમયમાં જો આપના હસ્તે અમારો યોગ્ય સત્કાર ન થાય, તો પછી આપ પાસેથી સહાયતા મેળવવાની અમારી આશાનો સર્વથા લય થઈ જાય; એટલે એના કરતાં યોગ્ય પ્રસંગે કાંઈક પણ પરાક્રમ બતાવી આપની પ્રસન્નતાને મેળવ્યા પછી જ આપને મળવું અને સહાયતાની યાચના કરવી. આજે ઈશ્વરની કૃપાથી અમારી તે ઈચ્છા પૂરી થઈ છે અને તેથી હવે આપ પાસેથી યોગ્ય સહાયતા માગતાં અમો લેશ માત્ર પણ અચકાઈએ તેમ નથી; કારણ કે, હવે બહેન આપ્યાની સગાઈથી અમારે કાંઈ મેળવવાનું નથી; કિંતુ હવે જે કાંઈ અમે મેળવીશું, તે અમારા બાહુબળના પરિણામે જ અમો મેળવવાના છીએ."

"શાબાશ; બહાદુર ક્ષત્રિય કુમારો શાબાશ! હવે મને પણ એમ જ જણાય છે કે આટલા દિવસ ગુપ્ત રહેવામાં તમોએ ઘણી જ સારી બુદ્ધિ વાપરી છે; કારણ કે, જો તે વેળાયે જ તમો મારી પાસે આવ્યા હોત, તો તમારી બહેનના તથા અલૈયાજીના આગ્રહથી હું તમને જોઈતી મદદ તો આપત, પણ તમારો પોતાનો મારા હૃદયમાં કાંઈ પણ પ્રભાવ પડી શકત નહિ અને આજે તમારો પોતાનો મારા હૃદયમાં સંપૂર્ણ પ્રભાવ પડી ગયો છે એટલે તે પ્રસંગ અને આ પ્રસંગમાં જમીન તથા આસ્માન જેટલો અંતર છે, એની કોઈથી પણ ના પાડી શકાય તેમ નથી." એવી રીતે ખેંગારજી તથા સાયબજીની બુદ્ધિમત્તાની પ્રશંસા કરીને પછી સુલ્તાને પૂછ્યું કે: "ત્યારે હવે મારી પાસેથી શી સહાયતા મેળવવાની તમારી ઈચ્છા છે વારુ?"

"ખુદાવંદ, જેના યોગે અમો દુષ્ટ જામ રાવળ પાસેથી અમારા પિતાશ્રીના ઘાતના વૈરનો બદલો વાળી શકીએ અને કચ્છનું રાજ્ય પાછું મેળવી શકીએ, એટલી જ સહાયતા આપની પાસેથી મેળવવાની અમારી ઈચ્છા છે. વળી એ સહાયતા અમો એવી શર્તે મેળવવા માગીએ છીએ કે જ્યારે અમારું રાજ્ય અમને પાછું મળી જશે, ત્યારે અમને સહાયતા આપવામાં આપને જેટલાં નાણાં ખર્ચવા પડ્યાં હશે તેટલાં નાણાં અમો વ્યાજ સુદ્ધાં વાળી આપીશું અને અમારા પક્ષમાં

રહીને યુદ્ધ કરતાં આપના જેટલા સૈનિકો મૃત્યુના ભોગ થશે તેટલા સૈનિકોનાં કુટુમ્બોને આપ શ્રીમાનની આજ્ઞા અનુસાર વાર્ષિક વેતન અથવા વર્ષાસન આપતા રહીશું." ખેંગારજીએ માર્મિકતાથી પોતાની ઇચ્છાને શબ્દોદ્વારા વ્યક્ત કરી બતાવી.

"ત્યારે એમ જ કહોને કે તમને સૈન્ય તથા ધનની સહાયતાની જ અત્યારે આવશ્યકતા છે. તથાસ્તુઃ આવતી કાલના દરબારમાં મારે તમારું યોગ્ય ગૌરવ કરવાનું છે એટલે તે વેળાયે જ હું તમને એ આવશ્યકીય સાધનોની પણ સર્વ વ્યવસ્થા કરી આપીશ. જો કે નાણું પાછાં વાળવાની આવશ્યકતા તો નથી, પણ તમારી તેવી જ ઇચ્છા હોય, તો પણ વ્યાજ સુદ્ધાં નાણું પાછાં ન વાળશો; કારણ કે, મુસલ્માનોને દીન ઇસ્લામના ફર્માન પ્રમાણે સૂદ (વ્યાજ) હરામ છે. યુદ્ધમાં મરાયલા સૈનિકોના કુટુંબનિર્વાહમાટે જે કાંઇ પણ વ્યવસ્થા કરવાના હો તે ભલે કરજો; કારણ કે, આપણામાટે પ્રાણ આપનારા વીર સૈનિકોનાં કુટુંબોના કલ્યાણમાટે આપણે રાજાઓ જે કાંઇ પણ કરીએ તે આપણો ધર્મ છે અને જે રાજા, બાદશાહ અથવા સુલ્તાન પોતાના એ ધર્મના પાલનમાં ત્રુટી કરે છે, તે જરૂર પરવરદિગારનો ગુનાહગાર થાય છે!" સુલ્તાને સહાયતા આપવાનું વચન આપી દીધું.

"આ ઉપકારમાટે સુલ્તાન સલામતના અમો આજન્મ ઋણી રહીશું." ખેંગારજીએ કહ્યું.

"અને હું પણ આજના તમારા ઉપકારના ભારથી હમેશને માટે દબાયલો રહીશ!" સુલ્તાને પણ વિનય દર્શાવ્યો.

"આ આપણો પરસ્પર ધર્મ હોવાથી એમાં કોઇએ પણ ઉપકાર માનવાની કશી પણ આવશ્યકતા નથી." કમાબાઇએ બરાબર ઇન્સાફ આપી દીધો અને તે સાથે એ વાર્તાલાપનો હાલ તરત અંત આવી ગયો. કમાબાઇએ ત્યાર પછી સુલ્તાનને સંબોધીને કહ્યું કેઃ "સરતાજ, ભોજન ક્યારનું ઠંડુ થાય છે અને બાંદી તે વિશે બે વાર આવીને સંકેતથી સૂચના આપી ગઈ છે; અર્થાત્ જો આજ્ઞા હોય, તો ભોજનની વ્યવસ્થા કરાવું."

"બેગમ આજે તો દસ્તરખાન અહીં જ બિછાવો અને આ સુલ્તાન બેગડો આહારમાં તમારા ભીમને પણ પાછળ હટાવે તેવો અક્રાંતિયો છે કે નહિ, એ આ તમારા બન્ને ભાઇઓને જોવા દ્યો." સુલ્તાને ભોજન ત્યાં જ મંગાવવાની વિનોદથી આજ્ઞા આપી દીધી.

બાંદીઓ દ્વારમાં તૈયાર ઊભી હતી એટલે સુલ્તાનના મુખમાંથી આ શબ્દો નીકળતાં જ તેમણે દસ્તરખાન લાવીને ત્યાં પાથરી દીધું

અને નાનાવિધ ભોજનોના ભિન્નભિન્ન થાળો લાવીને દસ્તરખાનપર મૂકી દીધા. એ સોનાના થાળ તથા સોનાના કટોરા ઈત્યાદિમાં પુલાવ, મુતંજન, કોરમા, કબાબ, ગુર્દા, મુર્ગી, સંબોસા, નાન, શાકભાજી તથા અન્યાન્ય પદાર્થો એટલા તો વિપુલપરિમાણમાં લાવીને મૂકવામાં આવ્યા હતા કે જો તે સર્વનો તોલ કરવામાં આવે, તો તેમનો ભાર તે સમયમાં જેનો એક શેર પંદર પહલૂઇની બરાબરનો થતો હતો તેવા ગુજરાતી અડધા મણથી વધારે થાય, એ નિર્વિવાદ હતું. એટલો બધો ખોરાક સુલ્તાન બેગડો પોતાની બેગમ કમાબાઈ તથા અલૈયાજી, ખેંગારજી અને સાયબજી સાથે વાતો કરતો કરતો એવી તો સહેલાઇથી ખાઈ ગયો કે તે ભાર તેના વિશાળ ઉદરમાં કયાં સમાઈ ગયો તે પણ જણાયું નહિ. સુલ્તાનના આ ભોજનથી ખેંગારજી તથા સાયબજીને આશ્ચર્ય તો અવશ્ય થયું, તો પણ તે વેળાયે તેઓ કાંઈ પણ ન બોલ્યા અને એક પ્રહર રાત્રિ વીતવા આવેલી હોવાથી તેમણે સુલ્તાન તથા કમાબાઈ પાસેથી ઘેર જવામાટેની રજા માગી.

સુલ્તાને ખુશીથી તેમને જવામાટેની રજા આપી અને કમાબાઇએ કહ્યું કે: "ભાઈ આવતી કાલે જ્યારે દરબારમાં આવવામાટે ઘેરથી નીકળો, તે વેળાયે મારી બન્ને ભાભીઓને અહીં મારા અંતઃપુરમાં હું જે મ્યાનો મોકલું તે મ્યાનામાં બેસાડીને મોકલજો; કારણ કે, મારી ભાભીઓને મળવામાટે મારું મન અતિશય આતુર થઈ રહ્યું છે; પછી વળી એક વાર હું પણ તમારે ઘેર આવીશ."

"ભલે બહેન, મ્યાનો મોકલજો એટલે તમારી ભાભીઓ અવશ્ય તમને પગે લાગવામાટે આવશે." ખેંગારજીએ અતિશય નમ્રતા દર્શાવીને કહ્યું.

"ઘણું જીવો મારા વીર!" કમાબાઇએ આશીર્વાદ આપ્યો.

એ પછી અલૈયાજી, ખેંગારજી અને સાયબજી સુલ્તાનના મહાલયમાંથી બહાર નીકળ્યા એટલે ખેંગારજીએ અલૈયાજીને આશ્ચર્ય દર્શાવીને પૂછ્યું કે: "મોટા ભાઈ, શું સુલ્તાન નિત્ય આટલા વિપુલ પરિમાણમાં ભોજન લે છે? તેમના આજના ભોજનને જોઇને ખરેખર અમને આશ્ચર્ય થાય છે."

એના ઉત્તરમાં અલૈયાજી કહેવા લાગ્યો કે: "ભાઇ ખેંગારજી, સુલ્તાન બેગડો જેવો શૂરવીર, અગાધપરાક્રમશીલ અને ભીમકાય પુરુષ છે, તેવો જ તેનો જઠરાગ્નિ પણ અત્યંત પ્રબળ છે. સુલ્તાન બેગડાનો રોજનો ખાવાનો રાબેતો જેનો એક શેર પંદર પહલૂઇની બરાબર થાય છે, તેવા એક ગુજરાતી મણનો છે. ખાધા પછી તે પાંચ શેર ભમરા

તો જોતજોતાંમાં ખાઇ જાય છે. રાતે સુતી વેળાયે પલંગની બંને બાજૂએ સંબોસાનો ભરેલો અક્કેક થાળ મૂકાવે છે; કારણ કે, રાતે ઘણીક વાર જાગી જાય તે વેળાયે પણ તેને થોડુંક ખાવાની ટેવ છે એટલે તેમાંથી થોડા સંબોસા ખાય છે અને પાણી પીને પાછો સૂઈ જાય છે. એવી રીતે રાતે ઘણીક વાર તે જાગે છે અને ખાય છે. દરરોજ સવારમાં નિમાજ પઢી લીધા પછી એક પ્યાલો ભરીને મકકાનું મધ, એક પ્યાલો ભરીને ઘી અને દોઢસો સોનેરી કેળાં તો તે સાધારણ નાસ્તામાં જ ઓઇયાં કરી જાય છે. વળી સુલ્તાન બેગડો પોતે બહુ જ વિનોદી સ્વભાવનો હોવાથી ઘણીક વાર તેના મુખમાંથી એવો ઉદ્ગાર નીકળી જાય છે કે: 'જો પરવરદિગારે આ મહમૂદને સુલ્તાન ન બનાવ્યો હોત, તો તેનું પેટ કોણ ભરત વારુ?' અર્થાત્ સુલ્તાનના અલ્હારના ભોજનપરિમાણથી આશ્ચર્યચકિત થવાનું કાંઇ પણ કારણ નથી."

"જો એમ જ હોય, તો તો પછી પુરાણોમાં અને રામાયણ તથા મહાભારત જેવા આપણા પુરાતન ગ્રંથોમાં ભીમસેન જેવા કેટલાક પુરુષોના રાક્ષસીય આહારની કથાઓ કથવામાં આવી છે, તે પણ અવશ્ય સત્ય જ હોવી જોઇએ. આવાં આવાં અનેક ઉદાહરણો વર્ત્તમાન કાળમાં પણ આપણાં નેત્રો સમક્ષ હોવા છતાં આપણામાંના કેટલાક અજ્ઞાન લોકો આપણા પુરાતન ગ્રંથોમાંની એવી કથાઓને અસત્ય, કપોલકલ્પિત અને શીતલ પ્રહરના ગપ્પાષ્ટક સમાન માને છે, એ અત્યંત શોકાવહ ઘટના છે." ખેંગારજીએ કહ્યું.

આ પ્રમાણે વાર્ત્તાલાપ ચાલતો હતો એટલામાં અલૈયાજીનું નિવાસસ્થાન આવી લાગ્યું એટલે તે પોતાને ઘેર ગયો અને ખેંગારજી તથા સાયબજી ત્યાર પછી પોતાના અશ્વોને શીઘ્રતાથી ચલાવતા પાછા પોતાના નિવાસસ્થાનમાં આવી પહોંચ્યા. ખેંગારજી તથા સાયબજીએ પોતપોતાના શયનમંદિરમાં પ્રવેશ કર્યો અને પોતપોતાની પત્નીને સુલ્તાન બેગડા તથા બહેન કમાબાઇએ કરેલા પોતાના સત્કારનો તથા સુલ્તાન બેગડાએ સર્વ પ્રકારની સહાયતા આપવામાટેના આપેલા અભિવચનનો ઇત્યંભૂત વૃત્તાંત કહી સંભળાવ્યો કે જે સાંભળીને તેમની પત્નીઓ અત્યંત પ્રસન્ન થઈ. બીજે દિવસે તેમની પત્નીઓએ કમાબાઇને પગે લાગવામાટે જવાનું હતું, એ પણ તેમણે પોતાની પત્નીઓને જણાવ્યું અને તે સુશીલ સુન્દરીઓએ તે પ્રમાણે ત્યાં જવામાટેના આમંત્રણને આનંદથી સ્વીકારી લીધું.

માનવસ્વભાવનો એક એવો નિયમ છે કે જેમ કોઈ વાર અત્યંત શોક તથા ચિન્તાના યોગે નિદ્રાનો લોપ થઈ જાય છે અને

'चिन्तातुराणां न सुखं न निद्रा' એ ઉક્તિ સહસા સત્ય સિદ્ધ થતી દેખાય છે; તે જ પ્રમાણે કેટલીક વાર અત્યંત આનન્દ કિંવા હર્ષના યોગે પણ નિદ્રાનો અભાવ થઈ જાય છે, એવો અનુભવ ઘણાકોને વારંવાર થયો છે, થાય છે અને ભવિષ્યમાં પણ થતો રહેવાનો. અર્થાત્ ખેંગારજી, સાયબજી તથા તેમની પત્નીઓને પણ આજે એવો જ અનુભવ થયો; હર્ષનો અતિરેક થવાથી તેમને નિદ્રા ન આવી અને નાના પ્રકારના વાર્તાલાપમાં જ તેમની નિશાનો અંત થઈ ગયો. અરુણોદય થતાં તેમણે નિદ્રાહીન અવસ્થામાં જ શય્યાનો પરિત્યાગ કર્યો અને દરબારમાં જવામાટેની તૈયારી કરવા માંડી.

* * * * *

બહુધા દિવસનો એક પ્રહર જેટલો સમય વીતવા આવ્યો હતો, સૂર્યદેવ પોતાની પ્રખરતાને ક્ષણે ક્ષણે વૃદ્ધિંગત કરતો જતો હતો અને અહમ્મદાબાદ નગરમાં સર્વત્ર સુલ્તાનને ગઈ કાલે પરમાત્માએ કાળના મુખમાંથી બચાવેલો હોવાથી આનંદોત્સવની તૈયારીઓ ચાલતી જોવામાં આવતી હતી. ગત રાત્રિના સમયમાં જ ખાસ દરબારમાં પ્રભાતમાં ઉપસ્થિત થવામાટેનો સુલ્તાનનો સંદેશ સર્વ રાજકર્મચારીઓ, ઉલ્મા, પંડિત તથા હિન્દુ મુસલ્માન જાતિના પ્રતિષ્ઠિત નાગરિકોને મળી ગયેલો હોવાથી અત્યારે સુલ્તાનના 'ભદ્ર'માંના રાજમહાલયમાંના વિશાળ સભાસદનમાં એક પ્રકારનો ઇંદ્રની સભા સમાન સમારંભ જોવામાં આવતો હતો. સર્વ રાજકર્મચારીઓ પોતપોતાની પદવીને દર્શાવનારા ચિહ્નયુક્ત વેષમાં દરબારમાં આવીને પોતપોતાના આસને વિરાજ્યા હતા, ઉલ્મા તથા પંડિતો પોતપોતાના સ્થાને બેઠા હતા અને હિન્દુમુસલમાન નાગરિકો પણ વિપુલ સંખ્યામાં ઉપસ્થિત હતા; માત્ર એટલું જ નહિ, પણ સુલ્તાનને આશીર્વાદ આપવામાટે આવેલા ભાટ ચારણો તેમ જ પૈત્રણ નામાંકિત તવાયફ આદિ પણ એ દરબારમાં હાજર હોવાથી દરબારનો રંગ કાંઇક ઔર જ દેખાતો હતો. આજની સભામાં જે એક વિશિષ્ટ પ્રકારની વ્યવસ્થા સર્વના મનોને આકર્ષતી હતી, તે એ હતી કે સુલ્તાનની મસ્નદની પાસેના બે બાજૂના બે ભાગો કે જે હમેશ ખાલી રહેતા હતા, ત્યાં આજે બે ઉત્તમ આસનો ગોઠવી દેવામાં આવ્યાં હતાં, પરંતુ તે આસનોપર આજે વિરાજવાના ભાગ્યને કોણ પ્રાપ્ત કરનાર હતા, એની કોઇને કશી કલ્પના ન હોવાથી સર્વે જનો પોતપોતાની ઇચ્છા પ્રમાણેની કલ્પનાઓ કર્યા કરતા હતા. બરાબર દિવસના પ્રથમ પ્રહરની સમાપ્તિ થતાં જ નગારખાનામાં નોબત તથા શરણાઈ આદિનો ધ્વનિ થવા લાગ્યો અને તેથી હવે

અલ્પ સમયમાં જ સુલ્તાન સલામત દરબારમાં પધારશે, એવી સભાસદોને સૂચના મળી ગઈ. સર્વ જનો સુલ્તાનને માન તથા અભિનંદન આપવામાટેની તૈયારી કરવા લાગ્યા એટલામાં તો ચોબદારોએ નેકી પુકારી અને સુલ્તાન બેગડાએ સભાસદનમાં પ્રવેશ કર્યો. સર્વ સભાજનોએ પ્રથમ તેને ઉત્થાન આપ્યું અને જ્યારે તે મસ્નદપર બેઠો એટલે સર્વ જનો ભૂમિપર્યંત મસ્તક નમાવી તેને ત્રણ સલામો કર્યા પછી પોતાનાં આસનોપર બેસી ગયા. સુલ્તાનને મસ્નદપર બેઠેલો જોઇને ભાટચારણોનો એક અગ્રેસર ભાટ અથવા કવિ પોતાની આશીર્વાદાત્મક કવિતા લલકારવા જતો હતો એટલામાં દ્વારપાલે ખેંગારજી તથા સાયબજીના આવવાના સમાચાર આપ્યા અને તે સાંભળતાં જ સુલ્તાન પોતે તેમને માન આપવામાટે તખ્તપરથી ઊઠીને ઉભો થઈ ગયો. સુલ્તાન ઊઠ્યો એટલે સર્વ સભાસદો ઊઠ્યા અને ખેંગારજી તથા સાયબજી પોતાના રાજવંશીય વેશમાં જ્યારે દરબારમાં આવ્યા ત્યારે તેમને જોઇને સર્વ જનો આશ્ચર્યચકિત થઈ ગયા. સુલ્તાને માનપૂર્વક ખેંગારજીને પોતાની મસ્નદ પાસેના જમણી બાજૂના આસનપર તથા સાયબજીને ડાબી બાજૂના આસનપર બેસાડ્યા અને ત્યાર પછી ભાટને તેની કવિતા લલકારવાની આજ્ઞા આપવામાં આવી. ભાટ ચારણોના આશીર્વાદની સમાપ્તિ થતાં તવાયફે આનંદદર્શક મધુર સંગીતનો આરંભ કરી દીધો અને સંગીતની સમાપ્તિ પછી કેટલાક વક્તાઓનાં ભાષણ પણ થયાં. એ પછી સુલ્તાને પોતાના રાજકર્મચારીઓ તથા નાગરિકોને ઉદ્દેશીને અત્યંત ગંભીર મુખમુદ્રા, ગંભીર વાણી તથા ગંભીર સ્વરથી કહેવા માંડ્યું કેઃ—

"મારા વજીરે આજમ, જંગબહાદુર સિપાહસાલાર, સરદારો, જાગીરદારો અને રઈસો, ગઈ કાલના શેરનાં શિકારમાટે આપણે કરેલી ચઢાઇમાં હું પોતે જ શેરના મોઢામાં કેવી રીતે સપડાઈ ગયો હતો અને શેરનો શિકાર કરવા જતાં શેરના હાથે મારો શિકાર થઈ જવાનો અણીનો કેવો વખત આવી લાગ્યો હતો, એ હું જાણું છું અને મારો ખુદા જાણે છે! પણ હજાર હજાર શુક્ર તે બારે હકતાલાના કે જેણે આ બે બહાદુર જવાનોને મારી મદદે મોકલી આપ્યા અને એમની બહાદુરીથી જ મારી જાન બચી ગઈ; કારણ કે, મારા સઘળા સિપાહો તેમના અશ્વો કાબૂમાં ન રહી શકવાથી ત્યાંથી દૂર ચાલ્યા ગયા હતા અને જો આ જવાંમર્દો ન આવ્યા હોત, તો મારા બચાવનું મારી પાસે બીજું કોઈ પણ સાધન હતું નહિ. હું એમ કહેવા નથી માગતો કે મારા સિપાહો હેચકારા કે બાયલા હતા અને તેઓ શેરના ડરથી પોતાનો જીવ બચાવવાને જ નાસી ગયા હતા; કારણ કે, મારા જે

સિપાહો, જે જવાંમર્દ શેરનર અને જે સુરમાઓની મદદ તથા જાંનિ-સારીથી હું ચાંપાનેર તથા જૂનાગઢ જેવા બે મજબૂત ગઢો (ગઢડો)ને મેળવવાને સમર્થ થયો છું અને વિશ્વમાં બેગડો કહેવાઉં છું, તે મારા બહાદુર લશ્કરના બાહુબળનું જ પરિણામ છે; એટલે એવા બહાદુર સિપાહો શેરથી ડરીને નાસી જાય, એ તો બને જ નહિ. ત્યારે અહીં સવાલ એ આવીને ઊભો રહે છે કે તેઓ નાઠા શા કારણથી? એ સવાલના જવાબમાં હું જણાવીશ કે ગઈ કાલે પરવરદિગાર-ની જ એવી મરજી હતી કે મારા એ સિપાહોને દૂર ખસેડીને આ વીર રાજકુમારોને મારા પ્રાણરક્ષણનું શ્રેય અપાવવું કે જેથી એ રાજ-કુમારોને અત્યારે જોઇતી સહાયતા મારી પાસેથી મળી શકે. આ રાજકુમારો અન્ય કોઈ નહિ, પણ કચ્છદેશના જન્નતનશીન જામ સાહેબ હમ્મીરજીના પુત્ર ખેંગારજી અને સાયબજી છે; એટલે કે, એઓ મારા નિકટના સંબંધી છે, એ નવેસરથી કહેવાની આવશ્યકતા છે જ નહિ. પરંતુ અહીં ખાસ કરીને એક વાર્ત્તા જણાવવાની અગત્ય છે અને તે એ કે આ વીર રાજકુમારોએ સંબંધના કારણથી મારી પાસેથી સહાયતા મેળવવાનું યોગ્ય ધાર્યું નથી અને તેથી આજે પોણા બે વર્ષથી અહમ્મદાબાદમાં હોવા છતાં મને તો એમના દર્શનનો લાભ ગઈ કાલે કટાકટીના પ્રસંગે જ મળ્યો છે. એમણે મને ઉપકારના ભારથી એવો તો દબાવી દીધો છે કે જ્યાંસુધી મારી મદદથી એઓ પોતાના રાજ્યને મેળવી એમના પિતાના ઘાતક શત્રુ જામ રાવળને તેના વિશ્વાસઘા-તની યોગ્ય શિક્ષા નહિ આપે, ત્યાંસુધી મારું હૃદય શાંત થવાનું નથી. હું એમનો જેટલો પણ સત્કાર કરું તેટલો ઓછો જ થવાનો છે; કારણ કે, એમણે ગઈ કાલે પોતાના જીવનનો વિચાર ન કરતાં સાક્ષાત્ મરણના મુખમાં જઇને મારા જીવનની રક્ષા કરી છે અને મને નવીન જીવન આપ્યું છે. છતાં પણ હું આશા રાખું છું કે, અત્યારે હું એમનો જે કાંઈ પણ અલ્પસ્વલ્પ સત્કાર કરવા ઇચ્છું છું, તે મારા સત્કારનો એઓ અસ્વીકાર નહિ કરે અને મને સંતોષવાનો યથાસાધ્ય ઉદાત્ત પ્રયત્ન કરશે."

આ પ્રમાણે બોલીને સુલ્તાને પોતાના ખિદમતગારોને સંકેત કરી દીધો અને તે સંકેતના અર્થને સમજી જઇને તત્કાળ તેઓ સુવ-ર્ણના બે મોટા થાળોમાં બે ઉમદા પોશાક; બે તલ્વાર, બે હીરાહાર અને બે કટાર ઇત્યાદિ વસ્તુઓ દરબારમાં લઈ આવ્યા. તે પોશાક આદિ ખેંગારજી તથા સાયબજીને આપતાં સુલ્તાન વળી પાછો ભાષણના સ્વરૂપમાં કહેવા લાગ્યો કેઃ—

"વીર રાજપુત્રો ખેંગારજી અને સાયબજી, આ બહાદુરોને શોભાવનાર તલ્વાર અને કટાર તથા પોશાક આદિ હું પ્રસન્નતાથી તમને આપું છું તેનો સ્વીકાર કરો. મારી એવી ઇચ્છા છે કે, જ્યારે તમો કચ્છના રાજસિંહાસનપર વિરાજો એટલે કે ખેંગારજી, જ્યારે તમારો રાજ્યાભિષેક થાય, તે વેળાયે તમો આ પોશાક અને આ હથિયાર ધારણ કરજો અને સાયબજીને પણ આ પોશાક તથા હથિયારથી શૃંગારીને તમારી જમણી બાજૂએ બેસાડજો. વળી આજના આ યાદગાર દરબારમાં હું તમને 'રાવ'ની પદવી આપું છું એટલે કચ્છ રાજ્યનાં સત્તાસૂત્રોને હસ્તમાં ધારણ કર્યાં પછી તમો 'જામ'ને બદલે 'રાવ'ની પદવી જ ધારજો; કારણ કે, એ પદવીથી ભવિષ્યમાં મારા તથા તમારા રાજત્વકાળનો જે ઇતિહાસ લખાશે, તેમાં તમારા મારા શિરપરના આજના ઉપકારની ઘટનાનો ઉલ્લેખ થશે અને તમારી સાથે મારા નામનો ઉલ્લેખ થતાં મને સદાને માટે એક પ્રકારના ગૌરવની પ્રાપ્તિ થશે, એવી મારી માન્યતા છે. અસ્તુઃ" એમ કહીને સુલ્તાને પોતાના સિપાહસાલાર અથવા સેનાધ્યક્ષને સંબોધીને કહેવા માંડ્યું કેઃ "મારા તજરુબાકાર અને જંગબહાદુર સિપાહસાલાર, મારું તમને એ ફર્માન છે કે અત્યારે આપણી સલ્તનતમાં સર્વત્ર શાંતિ હોવાથી તમો આવતી કાલથી આપણા વિશાળ સૈન્યમાંના પદસંચારી તથા અશ્વારોહી બાર હજાર સૈનિકોને તૈયાર થવાની આજ્ઞા આપો અને તેઓ ચાર દિવસમાં અહીંથી પ્રયાણ કરવાને તૈયાર થઈ જાય, એવી વ્યવસ્થા કરો; કારણ કે, તમારે આ વીર રાજકુમારો સાથે કચ્છમાં તે સૈન્ય સહિત જવાનું છે અને જામ રાવળ સાથે યુદ્ધ કરી એમને એમની સલ્તનત પાછી અપાવવાની છે. મને આશા છે કે આ યુદ્ધમાં તમો સંપૂર્ણ શૌર્ય બતાવશો અને સુલ્તાન બેગડાની ઇજ્જતમાં દાગ નહિ જ લાગવા દ્યો." એ પછી સુલ્તાને ખજાનચીને આજ્ઞા આપી કેઃ "જ્યારે ખેંગારજી તથા સાયબજી અહીંથી પ્રયાણ કરે, તે વેળાયે આપણા ખજાનામાંથી એમને એક લાખ સોનામોહોરો ગણી આપજો અને ત્યાર પછી પણ જો એમનો કોઈ માણુસ એમની ચિઠ્ઠી લઇને વધારે નાણું લેવામાટે આવે, તો મને પૂછ્યા વિના જ જે કાંઇ જોઇએ તે આપજો. નાણાંની આ રકમ એમના ખાતે લખી રાખજો; કારણ કે, એ રકમ વ્યવહારે આપવાની છે; પરંતુ ખાતામાં એવો શેરો મારી રાખજો કે એ નાણાં જ્યારે એઓ પોતે પાછાં મોકલે ત્યારે જ લેવાનાં છે અને એમની પાસેથી કે એમના વંશજો પાસેથી આપણે અથવા આપણા વંશજોએ ઉઘરાણી કરવાની નથી. વળી 'રાવ' પદ

વીના કચ્છના રાજાઓ સ્વતંત્ર સત્તાધીશ રાજા હોવાથી ભવિષ્યમાં અમદાવાદના કોઈ પણ સુલ્તાને કચ્છના રાજાને પરતંત્ર કરવામાટે અથવા તો બીજા કોઈ કારણથી કચ્છ દેશપર કદાપિ ચઢાઈ કરવી નહિ અને 'રાવ'ને સદા પોતાના મિત્ર માનવા, એવો શેરો પણ આપણા દફતરમાં થઈ જવો જોઇએ."

સુલ્તાન બેગડાની આવી અલૌકિક ઉદારતા, સહૃદયતા, કૃતજ્ઞતા તથા કૃપાશીલતાને જોઇને ખેંગારજીનું હૃદય એવું તો સદ્ગદિત થઈ ગયું કે કેટલીક વાર સૂધી તો તે આશ્ચર્યપૂર્ણ દૃષ્ટિથી સુલ્તાનના મુખમંડળને જોઇ રહ્યો અને કાંઇ પણ બોલી શક્યો નહિ. ત્યાર પછી તે પોતાની કૃતજ્ઞતા તથા નમ્રતાને દર્શાવતો વિનયપૂર્ણ વાણીથી કહેવા લાગ્યો કે: "મારી એક સાધારણ કૃતિ અને અલ્પ સેવાના બદલામાં ખુદાવંદ સુલ્તાને મારું જે આટલું બધું ગૌરવ કર્યું છે અને મને જોઇતી સર્વ સહાયતા આપવાની અપૂર્વ ઉદારતા દર્શાવી છે, તેમાટે કેવળ હું જ નહિ, પણ મારા બંધુ, કુટુમ્બીય જનો તેમ જ મારા વંશજો પણ અહમ્મદાબાદના આ મહાપ્રતાપી સુલ્તાનના સદાને માટે ઋણી રહેશે. મેં અનેક વાર કેટલાક લોકોના મુખથી સુલ્તાન સલામત વિશે એવા પ્રવાદો સાંભળ્યા હતા કે સુલ્તાન બેગડો એક ક્રૂર, નિર્દય, કૃતઘ્ન તથા હિન્દુઓનો દ્વેષ્ટા મુસલ્માન સુલ્તાન છે; પરંતુ સુલ્તાનની આજની ઉદારતા, સહૃદયતા, કૃતજ્ઞતા તથા નમ્રતાનો સાક્ષાત્કાર થતાં તે પ્રવાદો સર્વથા અસત્ય હોવા જોઇએ, એવો મારો નિશ્ચય થઈ ગયો છે. ચાંપાનેર તથા જૂનાગઢના હિન્દુ રાજાઓને પરાજિત કરીને સુલ્તાને તેમનાં રાજ્યો લઈ લીધાં છે, તેથી જ કદાચિત્ એ પ્રવાદોનો જન્મ થયો હશે; પરંતુ મારી એવી ધારણા છે કે, તેમાં સુલ્તાનનો કેવળ હિન્દુઓ તરફનો દ્વેષ નહિ, પણ કાંઇક અન્ય રાજકીય કારણો હોવાં જોઇએ; કારણ કે, જો સુલ્તાનનો હિન્દુઓ તરફ દ્વેષભાવ જ હોય, તો તો અમો પણ હિન્દુ હોવાથી તેઓ અમને આટલું બધું માન કેમ આપે વારુ? હું આશા રાખું છું કે, સુલ્તાનનો હિન્દુઓ પ્રતિ આવો જ સદ્ભાવ અવિચળ રહો અને અત્યારે સુલ્તાન સલામતે અમારાપર જે ઉપકાર કર્યો છે, તે ઉપકારને ઉપકારથી વાળી આપવાનો યોગ્ય પ્રસંગ અમને સત્વર પ્રાપ્ત થાઓ! સુલ્તાનના વંશજો જો કચ્છના 'રાવ' સાથે મૈત્રીસંબંધ રાખીને કચ્છ રાજ્યની સ્વતંત્રતામાં બાધા નહિ નાખે, તો કચ્છના 'રાવ' પણ અહમ્મદાબાદના સુલ્તાનના મિત્ર રહી આપત્તિના સમયમાં અગ્રભાગે રહીને તેમને સહાયતા આપશે, એવો પ્રબંધ હું પણ

રાજ્ય મેળવ્યા પછી કરીશ. ખુદાવંદ સુલ્તાનને પુનઃ એક વાર ધન્ય-વાદ આપીને હું અહીં જ વિરમવાની આજ્ઞા ઇચ્છું છું."

"આમીન, આમીન !" સર્વ સભાસદોએ ભીષણ ધ્વનિથી 'આમીન' શબ્દનો બે વાર ઉચ્ચાર કર્યો.

એ પછી ભાટ ચારણોને તથા તવાયફ ઇત્યાદિને ઇનામો અપાયાં અને દીનજનોને, સાધુઓને તથા ફકીરોને અન્નદાન, ધનદાન તથા વસ્ત્રદાનથી સંતોષવામાં આવ્યા અને સુલ્તાનની આજ્ઞાથી ચોબદારે દરબાર બરખાસ્ત થવાની સૂચના આપી દીધી. ખેંગારજી તથા સાયબજીની પત્નીઓ સુલ્તાનના જનાનખાનામાં કમાબાઈ પાસે બેઠેલી હોવાથી અને અલૈયાજીએ બ્રાહ્મણ રસોઇયાને બોલાવી તે સર્વના ભોજનની વ્યવસ્થા ત્યાં જ કરાવેલી હોવાથી સુલ્તાન બેગડો ખેંગારજી તથા સાયબજીને સાથે લઇને જનાનખાનામાં જવામાટે ઊઠ્યો અને તેના જવા પછી અન્ય સર્વ સભાસદો પણ પોતપોતાને ઘેર જવામાટે રવાના થઈ ગયા.

* * * *

જોતજોતાંમાં બીજા બે દિવસ વીતી ગયા અને તેથી ખેંગારજી તથા સાયબજીના સૈન્ય સહિત કચ્છપ્રયાણમાં કેવળ બે જ દિવસ બાકી રહ્યા. જ્યારથી દરબારમાં સુલ્તાન બેગડાએ એ બે રાજકુમારોનું અપૂર્વ ગૌરવ કર્યું હતું, ત્યારથી સમસ્ત અહમ્મદાબાદ નગરમાં તેમની અને તેમની જ પ્રશંસાયુક્ત ચર્ચા ચાલી રહી હતી. જ્યારે એ વાર્ત્તા માધુરીના સાંભળવામાં આવી, ત્યારે તેના હર્ષનો અવધિ થયો અને તે એક ધર્મભગિની તરીકે આશીર્વાદ આપવામાટે ખેંગારજી તથા સાયબજીને ઘેર આવી. આશીર્વાદ આપ્યા પછી જો નાણાંની આવશ્યકતા હોય, તો તે પોતાના પતિ પાસેથી અપાવવાની તેણે પોતાની ઇચ્છા દર્શાવી; પણ ખેંગારજીએ નાણાંની પૂરતી જોગવાઇ હોવાથી તેમાટેની અનિચ્છા બતાવી. નિયત દિવસના પ્રભાતકાળમાં સુલ્તાનનો સેનાપતિ પોતાના બાર હજાર સૈનિકો સહિત પ્રયાણ કરવામાટે તૈયાર થઇને 'ભદ્ર'ના દ્વાર સમક્ષ આવી ઊભો રહ્યો અને ખેંગારજી તથા સાયબજી પોતાની બહેન કમાબાઇનો આશીર્વાદ લઇને આવ્યા એટલે તત્કાળ સેનાએ ત્યાંથી પ્રયાણ કર્યું. છચ્છર, રણમલ્લ તથા તેનો ભત્રીજો પણ સાથે જ હતા અને રાજકુમારોની પત્નીઓમાટે બંધ મ્યાનાની તેમ જ માર્ગમાં તેમની સેવામાટે પરિચારિકાઓ, દાસીઓ તથા સેવિકાઓની વ્યવસ્થા કરવામાં આવી હતી. સુલ્તાન બેગડો પોતે પણ સરખેજ સુધી તેમને મૂકવામાટે જવાનો હોવાથી

તેમની સાથે જ હતો તેમ જ તેના પાંચસો અંગરક્ષકો પણ સરખેજ સુધી જવાના હતા. જ્યારે એ સૈન્ય સરખેજની સીમાને ઉલ્લંઘી જવાની અણીપર આવ્યું તે વેળાયે ખેંગારજીને સંબોધીને સુલ્તાન બેગડાએ કહ્યું કે: "અજીજ ખેંગારજી, મોરબીના નવ્વાબખાન ઘોરીપર મોરબી તમને સોંપી દેવામાટેનો પરવાનો લખીને મેં સેનાપતિને આપી દીધો છે અને જો નવ્વાબખાન રાજીખુશીથી મોરબીનો કબ્જો તમને ન સોંપે, તો લડાઈ કરીને પણ મોરબી સર કરવાનો હુકમ મેં સેનાપતિને ફરમાવ્યો છે; કારણ કે, મોરબી એક એવું સ્થાન છે કે ત્યાં પ્રથમ પડાવ નાખીને જો જામ રાવળને તમો રંજાડશો, તો તેનું બળ જર્જરિત થતાં કચ્છની સલ્તનત બહુજ અલ્પ પરિશ્રમથી અને મનુષ્યોની બહુજ ઓછી હાનિથી તમારા હાથમાં આવી જશે. મોરબીમાં સ્થિર થયા પછી જેમ યોગ્ય લાગે તેમ કરજો અને આવશ્યકતા જણાય, તો મારા અનુભવી સેનાધ્યક્ષ સાથે અમુક વિષયનો વિચાર ચલાવીને તેની મંત્રણા અનુસાર વર્ત્તજો એટલે અવશ્ય તમારા કાર્યમાં તમને વિજય મળશે. ઠીક ત્યારે હવે ખુદા હાફિજ!"

ખેંગારજી તથા સાયબજીએ વળી પણ યોગ્ય શબ્દોમાં સુલ્તાનનો ઉપકાર માન્યો અને ત્યાર પછી તેઓ સુલ્તાનની આજ્ઞા લઇને પોતાની ઇષ્ટ દિશામાં સૈન્ય સહિત પ્રયાણ કરવા લાગ્યા. સુલ્તાન ત્યાંથી પોતાના અંગરક્ષક અશ્વારોહી સૈનિકો સહિત પાછો વળ્યો અને અહમ્મદાબાદની દિશામાં પ્રયાણ કરી ગયો.

છચ્છરે અહમ્મદાબાદમાંનો પોતાનો સમય બહુધા કાપાલિકના સ્થાનમાં જ વીતાવ્યો હતો અને જ્યારે આવી રીતે પુનઃ ખેંગારજી તથા સાયબજી સાથે કચ્છ જવાનો પ્રસંગ તેને પ્રાપ્ત થયો એટલે એક આદર્શચરિત સાધુને શોધીને તેણે તે સ્થાનનો અધિકાર તેને આપી દીધો હતો કે જેથી તે સ્થાનમાંના શિવલિંગની પૂજા પણ થયા કરે અને તે સાધુનો નિર્વાહ પણ સુખરૂપ ચાલ્યા કરે. તે સ્થાનમાંના છચ્છરના પોણા બે વર્ષના નિવાસ પછી તે સ્થાનની ભયંકરતા વિશે લોકોની જે માન્યતા હતી તે દૂર થઈ ગઈ હતી અને તેથી પ્રવાસિજનોના વિશ્રામમાટેનું તે સ્થાન એક ઉત્તમ સાધન થઇ પડ્યું હતું, એ અહીં નવીનતાથી જણાવવાની આવશ્યકતા નથી.

અસ્તુ: પ્રયાણના એ પ્રથમ દિવસના સંધ્યાકાળ સુધીમાં સેનાએ દશ ગાઉની મંજિલ પૂરી કરી અને એ મંજિલ પૂરી થયા પછી રાત્રિનો સમય વિશ્રાંતિમાં વીતાડવામાટે એક વૃક્ષલતામંડિત તથા જળાશયયુક્ત ઉત્તમ સ્થાનમાં છાવણી નાખવામાં આવી.

## એકાદશ પરિચ્છેદ

## કેટલાંક વિઘ્નો

રાત્રિના દ્વિતીય પ્રહરનો અર્ધ ભાગ વીતી ચૂકયો હતો અને મધ્યનિશા થવામાં અર્ધ પ્રહરનો જ અવકાશ હતો. શિબિરની રક્ષામાટે કેટલાક નિયત કરાયલા પ્રહરીઓ વિના અન્ય સર્વ સૈનિકો ખાનપાનના વ્યવસાયથી મુક્ત થઇને નિદ્રાવશ થઈ ગયા હતા અને તેથી સમસ્ત શિબિરમાં શાંતિનું સામ્રાજ્ય વ્યાપી ગયું હતું. ખેંગારજી તથા સાયબજી પોતાના તંબૂમાં અદ્યાપિ જાગતા અને છચ્છર તથા રણમલ્લ સાથે હવે પછીના પોતાના કાર્યક્રમવિષયક વાર્ત્તાલાપ કરતા બેઠા હતા. એવામાં એક પ્રહરીએ આવીને એવા સમાચાર આપ્યા કે: "કચ્છનો શિવજી નામનો કોઈ એક લુહાણો રાજકર્મચારી આવ્યો છે અને કોઈ અગત્યના કાર્યમાટે તે અત્યારે જ રાવ સાહેબ સાથે મુલાકાત કરવા માગે છે, તો દાસને શી આજ્ઞા છે?" ખેંગારજી તથા સાયબજીને શિવજીનું વિશેષ સ્મરણ નહોતું, પરંતુ છચ્છર બૂટાએ તેનું નામ સાંભળતાં જ તેને તરત ઓળખી લીધો અને તેથી તેને ત્યાં લઈ આવવામાટેની પ્રહરીને આજ્ઞા અપાવી દીધી. શિવજી આવ્યો અને ખેંગારજી તથા સાયબજીને અત્યંત પૂજ્ય ભાવથી નમન કરીને કહેવા લાગ્યો કે:—

"કચ્છ દેશના રાજમુકુટ તથા રાજસિંહાસનના સત્ય ઉત્તરાધિકારી અને અમારા અન્નદાતા યુવરાજશ્રી ખેંગારજી, આપ ઉભય બંધુઓના ભયથી દુષ્ટ જામ રાવળનું હૃદય અદ્યાપિ ભયભીત રહ્યા કરે છે અને તેથી આપના અસ્તિત્વને આ સંસારમાંથી મટાડી નાખવામાટેના તેના ઉદ્યોગો ચાલૂજ છે. જેણે આપને શોધી કાઢવામાટે ભીંયા કક્કલના નિર્દોષ પુત્રોનો નિર્દયતાથી ઘાત કર્યો હતો, તે દુષ્ટ ચામુંડરાજ તથા બીજા ચાર પાંચ સરદારોને જામ રાવળે અહમ્મદાબાદમાં આપની તપાસ કરવામાટે તથા જો આપ ત્યાં હો, તો કોઇ પણ રીતે આપનો ઘાત કરવા અથવા તો કરાવવામાટે રવાના કર્યા છે અને જો આપ અહમ્મદાબાદમાં હો, તો ગુપ્ત રીતે આપને આ ભેદ જણાવી દેવામાટે હું મારી ઇચ્છાથી જ જામ રાવળની આજ્ઞા લઇને તેમની સાથે આવ્યો છું. ચામુંડરાજ તથા બીજા સરદારો વિલાસી, આળસૂ તથા સુખેચ્છુ હોવાથી માર્ગમાં અમને ધાર્યા કરતાં વધારે કાળ થઈ ગયો અને તેથી અહમ્મદાબાદ પહોંચવામાં સ્વાભાવિક જ વિલંબ થયો છે. આજે પ્રભાતમાં અમો અહીંથી અડધા ગાઉપર આવેલા ગ્રામમાં આવ્યા છીએ અને આવતી કાલે અમારો અહમ્મદાબાદની દિશામાં

પ્રયાણ કરવાનો વિચાર હતો; પણ એટલામાં અહમ્મદાબાદમાં આપે દર્શાવેલી અપૂર્વ વીરતા, સુલ્તાનના જીવનની આપના હસ્તથી થયેલી રક્ષા તથા સુલ્તાને આપને આપેલી સહાયતાના સમાચાર અહમ્મદાબાદથી આવેલા કેટલાક ગામડિયાઓના મુખથી અમારા સાંભળવામાં આવ્યા અને આપ સૈન્ય લઇને કચ્છ દેશના અધિકારને જામ રાવળ પાસેથી પાછો લેવામાટે નીકળ્યા છો અને આ સ્થાનમાં છાવણી નાખીને આજની રાત વીતાડવાના છો, એ વાર્તા પણ અહીંના ખેડુતોએ વીયારૂ વખતે અમને જણાવી. આપ આટલા બધા નિકટમાં છો, એ વાર્તા સાંભળતાં જ આપના દર્શનમાટે મારું હૃદય આતુર થઈ રહ્યું અને તેથી ચામુંડરાજને 'મને છાવણીની પરિસ્થિતિને જોઈ આવવાની આજ્ઞા આપો એટલે જો લાગ ફાવે તો રાતે છાવણીમાં ઘુસી જઇને આપણે ખેંગારજી તથા સાયબજીના જીવનને સમાપ્ત કરી નાખીશું;' આ પ્રમાણે સમજાવી હું અત્યારે અહીં આવ્યો છું. એકવાર આ દીન દાસે આપ ઉભય બંધુઓના પ્રાણ બચાવ્યા છે અને આજે મારો એવો વિચાર છે કે દુષ્ટ ચામુંડરાજ તથા બીજા સરદારોને ભોળવીને હું અહીં લઈ આવું અને આપ તેમને યોગ્ય શિક્ષા આપો એટલે આ વિઘ્ન આટલેથી જ ટળી જાય. મહારાજ, અત્યારે આપણા એક સમયના સ્વર્ગતુલ્ય કચ્છ દેશમાં એટલી બધી અરાજકતા વ્યાપી ગઈ છે કે રાજા તથા તેના અધિકારીઓ ધનલોલુપ, વિષયલોલુપ તથા અત્યાચારી હોવાથી પ્રતિદિવસ કેટલીક સધવા સુંદરીઓ વિધવા થાય છે; તેમના વિલાપથી ભૂમિ આર્દ્ર થઈ જાય છે; નિત્ય નવીન સંકટ તથા નવીન દુઃખોની વૃષ્ટિ થતી હોવાથી પ્રજા પોકાર કરીને પરમેશ્વરની કરુણા યાચે છે અને એ સર્વ આક્રોશોનો જે પ્રતિધ્વનિ ગગનતલમાંથી ઉત્પન્ન થાય છે, તેને સાંભળતાં જાણે આપણા દેશ પ્રમાણે આકાશ પણ દુઃખથી વિલાપ કરતો હોયની! તેવો જ ભાસ થયા કરે છે! પ્રજાની પીડાના એ સમાચાર અખંડ અને અષ્ટૌપ્રહર સાંભળવાથી હૃદય ચીરાઈ જાય છે અને શોકના અતિરેકથી શિરાઓમાંના શોણિતનું અભિસરણ પણ અટકી જાય છે! કચ્છની પ્રજા આપના વરદ હસ્તથી કચ્છનો ક્યારે ઉદ્ધાર થાય, એની જ આતુર હૃદયથી પ્રતીક્ષા કરી રહી છે. મ્હારો ધર્મ મેં બજાવ્યો છે એટલે હવે શું કરવું અને શું નહિ, એનો નિર્ણય આપ શ્રીમાને જ કરવાનો છે."

શિવજી લુહાણાની આવી અપૂર્વ રાજભક્તિને જોઇને ખેંગારજીના હૃદયમાં અત્યંત પ્રસન્નતાનો આવિર્ભાવ થયો અને તેથી તે

શિવજીને અનેકશઃ ધન્યવાદ આપતો કહેવા લાગ્યો કેઃ "શિવજીભાઈ, અમારી આપત્તિની વેળામાં પણ અમારા પ્રતિ તમો આવી સહૃભાવના ધરાવો છો; એક વાર તમોએ અમારા પ્રાણ બચાવ્યા છે અને આજે પણ અમારા સંકટને નિવારવામાટે તૈયાર થયા છો, એ તમારા ઉપકારોમાટે જો અમો તમને ધન્યવાદ ન આપીએ, તો તે અમારી કૃતઘ્નતા જ કહેવાય. અસ્તુઃ તમારા એ ઉપકારોનો બદલો યોગ્ય સમય આવતાં તમને અવશ્ય મળશે. અત્યારે તો તમારી ઇચ્છા અનુસાર તે દુષ્ટોને ભોળવીને અહીં લાવો એટલે તેમને તેમનાં દુષ્કૃત્યોની યોગ્ય શિક્ષા અહીં જ મળી જાય. ત્યારપછી તમો અમારી સાથે જ રહેજો અને અમારા સહાયક થજો."

શિવજી ગામભણી જવાને રવાના થયો અને તેના જવા પછી છાવણીમાં સૈનિકોને સાવધ રહેવાની અને શિવજી નામના લુહાણા વિના અન્ય જેટલા અજ્ઞાત મનુષ્યો છાવણીમાં આવે તે સર્વને ચતુર્ભુજ કરીને ખેંગારજી સમક્ષ લઈ આવવાની સૂચના છચ્છરે આપી દીધી. લગભગ ઉષઃકાળમાં સર્વ સૈનિકો તેમ જ ખેંગારજી તથા સાયબજી પણ મીઠી ઉંઘમાં પડ્યા હશે એમ ધારીને ચામુંડરાજે શિવજીના અનુમોદનથી પોતાના સાથીઓ સહિત છાવણીમાં પ્રવેશ કર્યો અને જ્યારે તેઓ છાવણીના મધ્યભાગમાં આવ્યા એટલે અચાનક સાવધ રહેલા સૈનિકોએ તેમને પકડી, હાથમાં બેડીઓ પહેરાવીને ખેંગારજી સમક્ષ હાજર કરી દીધા. ચામુંડરાજ તથા તેના બીજા સાથીઓએ કચ્છમાં અનેક પ્રકારના અત્યાચાર તથા માનવહત્યા જેવા દુષ્ટાચાર કરેલા હોવાથી ખેંગારજીની આજ્ઞાથી સૈનિકોએ તત્કાળ તેમનો શિરચ્છેદ કરી નાખ્યો અને શિવજી ખેંગારજી તથા સાયબજીનો એક વિશ્વાસપાત્ર અંગરક્ષક નીમાયો.

પ્રથમ મંજિલમાં જ નરહત્યાકાંડનો આરંભ થયો અને એક ભયાનક વિઘ્ન તો અનાયાસ ટળી ગયું. પ્રભાતમાં સૈન્ય પોતાના માર્ગમાં આગળ વધ્યું અને મંજિલ દર મંજિલ મુકામ કરતી ખેંગારજીની એ સેના સાતમે કે આઠમે દિવસે મોરબીની સીમામાં આવી પહોંચી.

* * * * *

અત્યારનું મોરબી નગર મચ્છુ નદીને તીરે રાજકોટથી ઉત્તરે પાંત્રીસ માઇલપર આવેલું છે અને આપણી નવલકથાના સમયમાં પણ એ જ મોરબી નગર હતું. જૂનું મોરબી ગામ કે જે મોર–મયૂરજેઠવાએ વસાવેલું કહેવાય છે તે મચ્છુ નદીના પૂર્વ તીર પ્રાન્તમાં હાલના મોરબી નગરથી લગભગ અડધો ગાઉ દૂર છે. તે ગામ પ્રથમ

મયૂરધ્વજપુરી અને પછીથી મોરબી નામથી ઓળખાતું હતું. હાલના નગરનું નામ તેની પાસે મોરબો નામક ડુંગર છે તે ઉપરથી પડ્યું છે. એ ડુંગર આગળ સંગજી જેઠવાએ એક વાઘેલા રાજાને હરાવી પોતાના વિજયની કીર્તિને અવિચળ રાખવામાટે મયૂરધ્વજપુરીની નદીની પેલી મેર હાલનું નગર વસાવ્યું હતું. પછીથી પંદરમા સૈકાની આખર અને સોળમા સૈકાની શરૂઆતમાં લડાઇ બખેડાને લીધે મયૂરધ્વજપુરી ઉજ્જડ થઇ ગઇ એટલે મોરબીની વસતી ધીમે ધીમે વધવા લાગી અને ઘણાખરા ધનાઢ્ય વ્યાપારીઓ જૂની મયૂરધ્વજપુરીને ત્યાગીને નવા મોરબી નગરમાં આવીને વસવા માંડ્યા. અમદાવાદમાં જે વેળાયે સુલ્તાનોનું રાજ્ય હતું, તે વેળાયે મોરબી ફતેહખાન બલોચનું જાગીરી ગામ હતું; પણ પછીથી તે જૂનાગઢના ઘોરી જાગીરદારોના હાથમાં ગયું હતું અને આપણી કથાના સમયમાં ત્યાંનો જાગીરદાર નવ્વાબખાન ઘોરી હતો કે જેનાપર સુલ્તાન બેગડાએ મોરબી ખેંગારજીને સોંપવામાટેનો પરવાનો લખી આપ્યો હતો. મોરબી ખેંગારજીને સોંપાવવામાં સુલ્તાનનો એ ઉદ્દેશ હતો કે કચ્છમાં પ્રવેશ કરવાના માર્ગનો મોરબી અને તેના તાબાના વવાણિયાથી જ આરંભ થતો હતો એટલે જો ત્યાં ખેંગારજીની સત્તા હોય, તો ત્યાંથી ખેંગારજી જામ રાવળને પૂરતો ત્રાસ આપી શકે, એ સ્વાભાવિક જ હતું.

પરંતુ મોરબી તત્કાળ ખેંગારજીના હાથમાં આવ્યું નહિ; કારણ કે, નવ્વાબખાન ઘોરી બહુ જ અભિમાની અને મદોન્મત્ત તેમ જ બલાઢ્ય જાગીરદાર હોવાથી તેણે સુલ્તાનના પરવાનાનો સ્પષ્ટ શબ્દોમાં અસ્વીકાર કર્યો અને તેથી મોરબીમાં જ યુદ્ધના મંગલાચરણનો પ્રસંગ કદાચિત્ ઉપસ્થિત થશે, એવો સ્પષ્ટ રંગ દેખાવા લાગ્યો. નવ્વાબખાનને એવો સંદેશો મોકલવામાં આવ્યો કે: "જો સુલ્તાન સલામતના ફર્માનને માન આપીને આજથી ચાર દિવસમાં તમો મોરબી અમારા હાથમાં નહિ સોંપો, તો પાંચમે દિવસે તમારાપર ચઢાઇ કરીને મોરબીનો અધિકાર બળાત્કારે તમારી પાસેથી લેવામાં આવશે." પરંતુ નવ્વાબખાન બેપરવા જ રહ્યો અને યુદ્ધની તૈયારીઓ ચાલવા લાગી. હજી યુદ્ધનો આરંભ થયો નહોતો એટલામાં એક તરફથી સુલ્તાન બેગડાની ખેંગારજીને મળેલી સહાયતાની વાર્ત્તા કચ્છમાં પહોંચી ગયેલી હોવાથી જામ હમ્મીરજીના પક્ષના જે મનુષ્યોને જામ રાવળે રંજાડ્યા હતા, તે સર્વ મનુષ્યો હોથી નોંઘણજીની સરદારી તળે મોરબી મુકામે ખેંગારજીને આવી મળ્યા અને બીજી તરફથી મોરબીના ઘોરીઓની વિનાશકાળે વિપરીત બુદ્ધિ થવાથી એક ઘોરીએ પોતાના કામદાર સારસ્વત

જાતિના કાળા જોશીની ગાયને મારી નાખી એટલે તે જોશીનો ભાણેજ રૂધો જોશી રાવશ્રી ખેંગારજીનો શુભેચ્છક અને મળતિયો હોવાથી તેણે કાળાને એટલે કે પોતાના મામાને ઉંધું ચતું સમજાવીને મોરબીના દરવાજા ઉઘડાવી દીધા. મોરબીના દરવાજા ઉઘડતાં જ ખેંગારજીએ મોરબીમાં પ્રવેશ કરી નઝ્વાબખાન ઘોરીને મારી નાખીને મોરબીપર પોતાનો કબ્જો કરી લીધો. એ બીજા વિઘ્નનું પણ અલ્પ પરિશ્રમથી નિવારણ થઈ ગયું. મોરબીમાં અલૈયાજી પણ ખેંગારજીને પોતાથી અપાય તેટલી બીજી સહાયતા આપવાના ઉદ્દેશથી આવી મળ્યો.

* * * * *

મોરબીમાં સ્થિર થયા પછી ખેંગારજીના મનમાં એવો વિચાર થવા લાગ્યો કે: "મોરબીમાં રહીને કચ્છમાં જામ રાવળ સાથે લઢવા જવું, એ અત્યંત કઠિન કાર્ય છે; કારણ કે, એક તો અંતર અધિક છે અને વળી વચ્ચે રણ પડે છે એટલે ચોમાસામાં તો બહુધા કચ્છમાં જઈ જ ન શકાય અને જવાય, તો પણ બહુ દુઃખ વેઠવાં પડે; એટલા-માટે જો સાપરમાં થાણું રાખવાની સગવડ થઈ જાય, તો વધારે સારું." આવા વિચારથી ખેંગારજીએ પોતાના ઓરમાન ભાઈ અલૈયાજીને તથા હોથી નોંઘણજીને સાપરના દેદાવંશના અબડા જામ પાસે શિષ્ટતા-માટે મોકલ્યા. અબડા જામે તેમની વાર્ત્તાને સાંભળી લઈને કહ્યું કે: "આજની રાત તમો અહીં રહી જાઓ એટલે હું વિચાર કરીને આવતી કાલે આનો જવાબ આપીશ." તેઓ તેના વચનમાં વિશ્વાસ રાખીને તેના અતિથિ તરીકે ત્યાં રહ્યા; પરંતુ અબડો જામ જામ રાવળનો મિત્ર તથા પક્ષપાતી હોવાથી રાતે જ પોતાના વચનમાં વિશ્વાસ રાખી અતિથિ તરીકે પોતાના ઘરમાં રહેલા અલેયાજીનો તે ચાંડાલે વિશ્વાસ-ઘાતકતાથી ઘાત કરાવી નાખ્યો. અબડાની આ વિશ્વાસઘાતકતાના અને અલૈયાજીના ઘાતના સમાચાર હોથી નોંઘણજીએ મોરબીમાં આવીને ખેંગારજીને સંભળાવતાં જ ખેંગારજીનો ક્રોધ અનિવાર્ય થયો અને તે એક પળ માત્રનો પણ વિલંબ ન કરતાં સૈન્ય સહિત સાપરપર ચઢી ગયો. અબડા જામમાં ખેંગારજી સાથે યુદ્ધના ક્ષેત્રમાં સામી છાતીએ લઢવાની કે ટક્કર ઝીલવાની લેશ માત્ર પણ શક્તિ ન હોવાથી તે પોતાના મુખમાં તૃણ લઈને ખેંગારજી સમક્ષ આવ્યો અને અપરાધની ક્ષમા માગતો તેનાં ચરણોમાં નમી પડ્યો. શુદ્ધ ક્ષત્રિયો શરણાગતનો સંહાર કદાપિ નથી કરતા, એવો પરાપૂર્વનો નિયમ હોવાથી ખેંગારજીએ ઉદારતા-થી અબડાને તેના ઘોર અપરાધની ક્ષમા આપી દીધી અને તેની સાથે એવો ઠરાવ થયો કે ખેંગારજીએ સાપરમાં રહીને રાવળનાં ગામો મારવાં

## રોગી સ્ત્રીઓનું અમૃત.

# એમ્બ્રોશીયા

એમ્બ્રોશીયા સ્ત્રીઓની વ્યાધિ દુર કરવા માટે નવાઇ જેવી દવા છે.

સ્ત્રીઓની પ્રકૃતિ ગર્ભાશયના બીગાડથી બગડે છે. તેથી પેડુમાં દુઃખાવો રહે છે. રૂતુ નિયમિત આવતું નહોવાથી અગર તો ઓછું વધારે આવવાથી શરીરમાં રોગ થાય છે. તેના માટે **એમ્બ્રોશીયા** ફત્તેહમંદ અને તુરત ફાયદો આપે તેવી દવા છે.

ઘણી વખત સ્ત્રીઓ બેકાળજીથી શરીર બગાડે છે અને તેથી રોગ ઘર કરે છે. શરૂમાં રોગની અસર વધુ જણાતી નથી પણ જ્યારે તે જોરપર આવે છે ત્યારે જીવન શક્તિ ક્ષીણ થાય છે. બેચેની રહે છે. હાથ પગમાં દર્દ થાય છે. જીર્ણ જ્વર, ઉધરસ, દમ, ક્ષય, હીસ્ટીરીઆ એવાં દર્દો થઇ શરીર તદ્દન અશક્ત થઈ જાય છે.

આવાં દર્દો સુધારવા માટે **એમ્બ્રોશીયા** દવાનો ઉપયોગ ઘણોજ અકસીર થઇ પડે છે. ડોકટરો વાપરવા ભલામણ કરે છે.

ઉત્તમ, નિરોગી સંતાનનો ખરો આધાર માતાની તંદુરસ્તીપર રહે છે. ખાસ કરીને સ્ત્રીઓએ નિરોગી રહેવા માટે ખાત્રીવાળી નિર્ભય **એમ્બ્રોશીયા** દવાનો ઉપયોગ કરવો જોઇએ.

કીંમત બાટલી ૧ ના રૂ. ૨).

વધુ માટે લખો— સોલ એજંટસ

## વીરીયલ એજન્સી.

પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઈ ૨.

દવા મંગાવનારને ઇટાનીઆ સેન્ટનું સુગંધી કાર્ડ મોકલવામાં આવશે.

અને તેથી જે કાંઈ પણ પ્રાપ્ત થાય, તેનો એક ચતુર્થાંશ અબડાને આપી અલૈયાજીના વધના વેરભાવને વિસારી મૂકવો.

ખેંગારજીએ તો અબડાને તેના ભયાનક અપરાધની ક્ષમા આપવામાં પોતાની ઉદારતાનો અલૌકિક પરિચય કરાવ્યો; પરંતુ હોથી નોંઘણજી કે જે અબડા જામની માસીનો દીકરો ભાઈ થતો હતો તેના હૃદયમાં અબડાની તે વિશ્વાસઘાતકતા દિવસ અને રાત ખટકયા કરતી હતી એટલે તેણે એક દિવસ અવસર સાધીને અબડાની હત્યા કરી નાખી. આ બનાવ બનવાથી સાપર અને સાપર પ્રગણાને ખાલ્સા કરીને ખેંગારજી સાપરના સિંહાસને આરૂઢ થયા અને એ પ્રસંગના સ્મરણને અવિચલ રાખવામાટે સાપરનું નામ બદલીને રાપર કરવામાં આવ્યું. આ રાજ્યાભિષેકના પ્રસંગે સેંસ સિંધલે ખેંગારજીના મસ્તકપર ઢાલનું છત્ર ધર્યું હતું અને મોકળસિંહ પબેજીએ કાળા ધાબળાનું નજરાણું કર્યું હતું. આવી રીતે કચ્છના એક ભાગમાં ખેંગારજીની રાજસત્તાનો આરંભ થઈ ચૂકયો અને તે તેમની ભાવિસત્તાનું પૂર્વ ચિહ્ન હતું, એમ કોઇ પણ કહી શકે તેમ છે.

સાપર મેળવતાં અલૈયાજીના પ્રાણનો ભોગ અપાયો, એ વિઘ્ન કાંઈ જેવું તેવું નહોતું; પરંતુ રાજ્ય મેળવતાં મરણની ભીતિ તો આરંભમાં જ હોય છે,-એ તત્ત્વના વિચારથી હૃદયને શાંત કરીને ખેંગારજી તથા સાયબજી પોતાના વ્યવસાયમાં આગળ વધતા રહ્યા અને જામ રાવળને ત્રાસ આપવાનો તેમણે ભીષણતાથી આરંભ કરી દીધો.

કચ્છમાં તે વેળાયે જાગીરદારીની પદ્ધતિ અધિક પરિમાણમાં હોવાથી જૂદા જૂદા ઘણા જાગીરદારો હતા અને તેઓ કચ્છના જામ સાહેબને અમુક ભોગ અથવા ખંડણી આપીને પોતપોતાની જાગીરનાં ગ્રામોમાં પોતાની સ્વતંત્ર સત્તા ચલાવતા હતા. એ જાગીરદારોમાંના કેટલાક જાગીરદારો જામ રાવળના પક્ષના હતા એટલે ખેંગારજીએ પ્રથમ જામ રાવળના પક્ષના તે જાગીરદારોની જાગીરોને તથા જામ રાવળની પોતાની ભૂમિને ધીમે ધીમે એક પછી એક અનુક્રમે આક્રમણ કરીને પોતાના અધિકારમાં લેવા માંડી. એમ કરવામાં તેનો એ ઉદ્દેશ હતો કે, જાગીરદારો પોતાના અને પોતાની જાગીરના બચાવના કાર્યમાં રોકાશે એટલે જામ રાવળને સૈન્યની સહાયતા તથા ધનની સહાયતા આપી શકશે નહિ અને તેથી જામ રાવળ યુદ્ધભૂમિમાં લડવામાટે ભાગ્યેજ આવી શકશે; અર્થાત્ ઘોર યુદ્ધ ન થવાથી અકારણ મનુષ્યહાનિ થતી અટકશે અને ઇષ્ટકાર્યની એટલે કે, કચ્છમાં પોતાની સત્તાના પાયાને દૃઢ કરવાના કાર્યની સિદ્ધિ

પણ થતી જશે. સાપર ગ્રામ અને સાપર પ્રગણાનો અધિકાર તો ખેંગાર-જીના હસ્તમાં આવી ગયો હતો એટલે ત્યારપછી જામ રાવળ સાથે ગાઢ મૈત્રીસંબંધ ધરાવતા જામ ડાડરજી અથવા દાદરજીનાં એક પછી એક સર્વ ગ્રામો ખેંગારજીએ હસ્તગત કરવા માંડ્યાં અને એવીજ રીતે અન્ય ભૂમિ પણ લઇ લીધી. ત્રણ કે ચાર વર્ષના એવા પ્રયત્નથી કચ્છ રાજ્યની લગભગ અર્ધભૂમિ ખેંગારજીની થઇ ગઈ. જામ રાવળ પોતાના રાજ્યની અર્ધભૂમિ જતાં સુધી ખેંગારજી સાથે યુદ્ધ કરવાને તૈયાર નહોતો થયો તેનું કારણ ઐતિહાસિકો એવું બતાવે છે કે, જ્યારે ખેંગા-રજીનો ગ્રામ વિજય થતો ગયો ત્યારે જામ રાવળે આશાપૂર્ણા માતાની આરાધના કરી હતી અને આશાપૂર્ણા માતાએ તેને એમ કહ્યું હતું કેઃ "તેં મારા શપથ લેવા છતાં વિશ્વાસઘાત કરીને જામ હમ્મીરજીની હત્યા કરી છે, એટલે હવે આ કચ્છની ભૂમિમાંથી તો તારાં અન્ન અને જળ ઊઠી ગયાં છે; પણ જો તું સામે કાંઠે જઇશ, તો ત્યાં કદાચિત તારા ભાગ્યનો ઉદય થશે!" અર્થાત્ માતાના આ વચનથી તેનો એ તો નિશ્ચય થઇ ગયો હતો કેઃ 'હવે મને વિજય મળવાનો નથી!' અને તેથી જ તેણે ખેંગારજી સાથે લડવાનો યત્ન આદર્યો નહોતો. પરંતુ તેને આવી રીતે શાંત રહેલો જોઇને ખેંગારજીનો ઉત્સાહ વધતો ગયો અને તેથી હવે તેણે રાવળની રાજધાનીમાં રમખાણની શરૂઆત કરી દીધી.

ખેંગારજી પોતાના અમુક સૈન્ય સહિત જામ રાવળની રાજધાની બાડાની નજદીકમાં આવી પહોંચ્યો. ત્યાં લાલિયા ખવાસની સરદારી તળે પાંચસેં માણસો પાંચસેં ઘોડાને ચારતા હતા. તે ચારનાર માણસો પરોઢિયામાં ઝાડે જંગલ ગયા હતા તે વેળાયે રાવ ખેંગારજીએ ધસારો કરીને તે સર્વ અશ્વોને હસ્તગત કરી પોતાના પદસંચારી સૈનિકોને આપી દીધા. આ કારણથી લાલો ખવાસ રાવ સાથે લડવા આવ્યો, પણ ખવાસ સાથે લડવાની પોતાની યોગ્યતા ન હોવાથી રાવે પોતાના મૈયા બારાચ નામક સરદારને તેની સામો લડવામાટે મોકલ્યો અને તેણે લાલાને યુદ્ધમાં ઠાર કરી નાખ્યો. જે સ્થાનમાં મૈયાએ લાલાને ગડથલું ખવરાવ્યું હતું, તે સ્થાનમાં તે ઘટનાના સ્મરણમાટે પછીથી ગુડથલ નામક ગ્રામ વસાવવામાં આવ્યું હતું કે જે અદ્યાપિ કાયમ છે.

દેવીના વચનથી વિજય મળવાની આશા ન હોવા છતાં પણ જ્યારે ખેંગારજીની ધૃષ્ટતા આટલી સીમા પર્યન્ત આવી પહોંચી એટલે જામ રાવળના હૃદયમાં પણ ક્રોધ તથા વૈરનો ભીષણ અગ્નિ પ્રકટી નીકળ્યો અને 'કદાચિત્ વિજય ન મળે, તો ચિંતા નહિ; પરંતુ કચ્છને છોડતાં પણ બે હાથ ખેંગારજીને અવશ્ય બતાવવા જોઇએ અને કચ્છનું

રાજ્ય તેને મોંઘા મૂલ્યથી આપવું જોઇએ!' એવા વિચારથી તેણે ખેંગારજી સાથેના યુદ્ધમાટેની તૈયારીઓ કરવા માંડી. ખેંગારજીને જ્યારે તેની એ યુદ્ધવિષયક તૈયારીઓના સમાચાર મળ્યા એટલે પોતાના રાજ્યપ્રાપ્તિરૂપ માર્ગમાં આવેલા આ વિઘ્નને નિવારવામાટેની તથા યુદ્ધમાં વિજયને મેળવવામાટેની તેણે પણ યોગ્ય તૈયારીઓ કરવા માંડી.

જામ રાવળસાથેના આ યુદ્ધમાં ખેંગારજીના ભાગ્યની અંતિમ પરીક્ષા થવાની હોવાથી જે સૈન્યબળનો અત્યાર સુધી તેણે અત્યંત કરકસરથી વ્યય કર્યો હતો, તે સૈન્યબળનો એ યુદ્ધમાં તેટલી જ ઉદારતા અને તેટલા જ મુક્ત હસ્તથી વ્યય કરવાનો તેમ જ રણભૂમિમાં અલૌકિક વીરતાનું દર્શન કરાવીને ભારતવર્ષના ઇતિહાસમાં પોતાના નામને અમર કરવાનો તેણે પોતાના હૃદયમાં દૃઢ નિશ્ચય કરી લીધો. ઉભય પક્ષ તરફથી નિયત થયેલો યુદ્ધનો દિવસ આવી લાગતાં ઉભયપક્ષીય સૈન્યો આવીને રણાંગણમાં ઉપસ્થિત થયાં અને પોતપોતાના સ્વામીની આજ્ઞાની પ્રતીક્ષા કરવા લાગ્યાં.

## દ્વાદશ પરિચ્છેદ

## ભીષણ યુદ્ધ અને વિજયલાભ!

ખેંગારજી પોતાના સૈન્યના અગ્રભાગમાં વીરવેષમાં શસ્ત્રાસ્ત્ર ધારીને ઊભો હતો અને જામ રાવળ પણ પોતાના સૈન્યના અગ્રભાગમાં તેવા જ સ્વરૂપમાં ઊભેલો દૃષ્ટિગોચર થતો હતો. ખેંગારજીએ જામ રાવળને તિરસ્કારદર્શક સ્વરથી કહ્યું કે: "ક્ષત્રિયકુલકલંક, વિશ્વાસઘાતક અને કુટુંબનાશક નીચ જામ રાવળ, આજે તું શું મોઢું લઇને રણાંગણમાં મારા સમક્ષ શસ્ત્રાસ્ત્ર ધારીને યુદ્ધ કરવામાટે આવ્યો છે, એની કલ્પના કરી શકાતી નથી! એક ચાંડાલ પણ જે વિશ્વાસઘાતકતા ન કરે, તે વિશ્વાસઘાતકતા ક્ષત્રિય હોવા છતાં તેં કરી છે એટલે કે, મારા પિતાશ્રીને તેં વિશ્વાસઘાતથી પોતાના ગૃહમાં બોલાવીને માર્યો છે; અમારા પ્રાણ લેવામાટે પણ તું તારાથી બની શકે તેટલા પ્રયત્નો કરી ચૂકયો છે અને આજે પાછો અમારી સાથે લડવા આવ્યો છે. પણ નહિ, હવે આ કચ્છદેશનું રાજ્ય તારા ભાગ્યમાં લખાયલું નથી; કારણ કે, જે પરમાત્માએ આજસૂધી જીવસટોસટનાં અનેક સંકટોમાંથી અમને બચાવ્યા છે, તે જ પરમાત્મા આજના યુદ્ધમાં પણ વિજય અમને જ અપાવશે અને તારા ભાગમાં પરાજય આવશે, એ નિશ્ચિત છે. હજી પણ જો તારી પ્રાણને રક્ષવાની અને

પશ્ચાત્તાપથી પોતાના જીવનને સુધારવાની ઇચ્છા હોય, તો તારા અપરાધોની નિષ્કપટ અંતઃકરણથી ક્ષમા માગીને અને દાંતમાં તૃણ રાખીને પરાજયને સ્વીકારી આ કચ્છદેશમાંથી ચાલ્યો જા; નહિ તો આ યુદ્ધભૂમિમાં આજે તારો સંહાર થઈ જશે અને પશ્ચાત્તાપવડે ઈશ્વરની ક્ષમા મેળવવાનો પ્રસંગ પણ તારા હાથમાંથી સદાને માટે ચાલ્યો જશે. બોલ, શો વિચાર છે? નમવાથી તારો ઉદ્ધાર છે અને શસ્ત્રને હસ્તમાં ધારવાથી તારો સંહાર છે!"

"મને જે યોગ્ય લાગ્યું તે મેં કર્યું છે અને તમને જે યોગ્ય લાગ્યું છે તે તમોએ કરી બતાવ્યું છે એટલે હવે વીતેલી વાર્ત્તાઓને સંભારવાથી તમને કે મને કશો પણ લાભ થવાનો નથી. અત્યારે આપણે રણભૂમિમાં ઊભા છીએ એટલે યુદ્ધ, યુદ્ધ અને યુદ્ધ એ જ કેવળ આપણો ધર્મ છે; આ જમાનાનો ખાધેલો જામ રાવળ તમારા જેવા કાલના જન્મેલા બાળકોની ક્ષમા માગીને તથા પરાજય સ્વીકારીને વિશ્વમાં પોતાની શાશ્વત અપકીર્ત્તિને વિસ્તારશે, એવી આશા તમારે સ્વપ્નમાં પણ ન રાખવી. તમને બાળક જાણીને તમારી અનેક ધૃષ્ટતાઓને હું સહન કરી ગયો છું એટલે તમે વધારે મદમાં આવી ગયા છો, તો આજે મારે તમને તમારી એ ધૃષ્ટતાઓની સામટી શિક્ષા આપવી જ જોઇએ. હું આજે મારા કફનને માથાપર બાંધીને જ તમારી સાથે લડવા આવ્યો છું; અર્થાત્ કાં તો તમારાં મરણ થતાં મારો વિજય થશે અને કાં તો મારો સંહાર થઇ જશે. મારું મરણ થાય તેની મને જરા પણ ચિન્તા નથી; માટે, ખેંચો તલ્વાર અને થાઓ યુદ્ધ માટે તૈયાર!" જામ રાવળે પણ પોતાની કરડાકીનો એ શબ્દોથી ઘણો જ સારો પરિચય કરાવ્યો.

"વારુ, પણ કુટિલ કાકા, તમારે ઘેર અમારી કાકીમાટે સતી થવાની વ્યવસ્થા કરતા આવ્યા છો કે કેમ? જો તે વ્યવસ્થા ન કરી હોય, તો અહીંથી ચિતા ખડકવાને પ્રથમ કાષ્ઠ મોકલી આપો કે જેથી તમારી પાછળ આવતાં તેમને વિલંબ ન થાય!" સાયબજીએ જામ રાવળને ઉદ્દેશીને મર્મવેધક શબ્દો ઉચ્ચાર્યા.

સાયબજીના આ શબ્દો જામ રાવળની છાતીમાં બાણ જેવા લાગ્યા અને તેથી તે દાંત હોઠ ચાવતો ક્રોધથી કહેવા લાગ્યો કે: "ભત્રીજા, તારી કાકીની ચિતા તૈયાર કરાવવાને બદલે તમો બન્ને ભાઇઓ જે ઝાલી વહૂઓને પરણી આવ્યા છો, તેમની ચિતા ખડકાવવાની તૈયારી કરવા માંડો; કારણ કે, નહિ તો તેમને આજન્મ વિધવાવેષમાં જ રહેવું પડશે."

"મારા વીર સેનાપતિ અને વીર સૈનિકો, યુદ્ધમાટે તૈયાર થાઓ અને તમારી વીરતા, સ્વામિનિષ્ઠા તથા નિર્ભયતાનો આજે વિશ્વને પરિચય કરાવો." ખેંગારજીએ પોતાના સૈન્યને યુદ્ધમાટેની સૂચના આપી દીધી.

"શ્રી ખેંગારજીનો જય! શ્રી રાવ સાહેબનો જય!" સૈનિકોએ ગગનભેદક ધ્વનિથી ખેંગારજીનો જયનાદ કર્યો.

રાવળે પણ એવી જ રીતે પોતાના સૈનિકોને યુદ્ધમાટેનો સંકેત કરી દીધો અને તેથી જોતજોતાંમાં ઉભય પક્ષના સૈનિકોના કોષમાંથી નીકળેલી અસિઓ સૂર્યનાં કિરણોના સંમેલનથી ચમચમ ચમકવા લાગી. યુદ્ધનો આરંભ થયો અને નરશોણિતથી ધરા રક્તવર્ણી થવા લાગી. સૈનિકોના જયનાદ, રણદુંદુભિના નાદ તથા ચારણોના શૌર્યવર્ધક કાવ્યનાદથી ગગનમંડળ નિનાદિત થવા લાગ્યું; રણચંડીને યથેચ્છ નરમાંસ તથા નરરક્તનો ભક્ષ મળવા લાગ્યો; ગૃધ્ર, શૃગાલ તથા વાયસ ઇત્યાદિ પોતાની ઉજાણીના સમયને આવેલો જોઈને પુલકિત થવા લાગ્યાં; સૈનિકોના ભૂમિપર થતા પદાઘાતથી તથા અશ્વોના ચાલનથી ધૂળ એટલી બધી ઉડવા લાગી કે જાણે ત્યાં મેઘોની ઘટા છવાયલી હોયની એવો જ ભાસ થવા લાગ્યો અને સૂર્યની પ્રભા અદૃશ્ય થઈ ગઈ! સૂર્યોદયના આરંભ સાથે આજના એ યુદ્ધનો પણ આરંભ થયો હતો એટલે સૂર્યનારાયણે મધ્યાન્હસમયે જ્યારે પૂર્ણ પ્રચંડતાને ધારી લીધી, તે વેળાયે એ યુદ્ધ પણ જાણે પ્રચંડતાના વિષયમાં સૂર્યનારાયણની સ્પર્ધા કરતું હોયની! તદ્વત્ પૂર્ણ પ્રચંડતાની સીમાપર આવી પહોંચ્યું. નરરક્તની ત્યાં નદી વહન કરવા લાગી અને તેમાં મૃત સૈનિકોનાં શરીરોના હસ્ત, પદ, મસ્તક, ઉદર અને જંઘા આદિ ભિન્ન ભિન્ન અવયવો તરતા અને અન્ય સૈનિકોના પદાઘાતથી ઇતસ્તતઃ ઉછળતા દેખાવા લાગ્યા. મહાબીભત્સ તથા ભયાનક દૃશ્યનો ત્યાં વિસ્તાર થયો. સંધ્યાકાળ થતાં સુધીમાં જામ રાવળના સૈન્યનો એકચતુર્થાંશ ભાગ અવશિષ્ટ રહ્યો અને ત્રણચતુર્થાંશ ભાગનો સંહાર થઈ ગયો. ખેંગારજીના સૈનિકો અધિક અનુભવી હોવાથી તથા તેમની પાસે ઉત્તમ પ્રકારનાં શસ્ત્રાસ્ત્રો હોવાથી તેમનો નાશ બહુ જ અલ્પ પરિમાણમાં થયો હતો અને તેથી જો બીજા દિવસના યુદ્ધમાં જામ રાવળ સામો આવે, તો તેનો પરાજય લખાઈ ચૂકયો હતો. સંધ્યાકાળ થતાં મૃત સૈનિકોના અગ્નિદાહ તથા ભૂમિદાહની વ્યવસ્થા કરવામાટે તેમ જ પરાપૂર્વના શિષ્ટાચારને અનુસરીને ઉભય પક્ષની સંમતિથી યુદ્ધ બંધ રાખવામાં આવ્યું અને એવી શર્ત કરવામાં આવી કે, બીજે દિવસે ખેંગારજી તથા જામ રાવળે દ્વંદ્વ યુદ્ધ

કરીને પોતપોતાના ભાગ્યની પરીક્ષા કરી લેવી અને સૈનિકોનો અકારણ સંહાર ન કરાવવો. આ શર્ત જામ રાવળની ઇચ્છાથી કરવામાં આવી હતી; કારણ કે, જામ રાવળ પાસે જોઇએ તેટલું સૈન્ય નહોતું. પરંતુ ખેંગારજીની પોતાના બાહુબળમાં અને પરમાત્માની સત્યપ્રિયતામાં અચળ શ્રદ્ધા હોવાથી શત્રુની એ ઇચ્છાનો પણ તેણે આનન્દથી અંગીકાર કરી લીધો અને ત્યાર પછી ઉભય પક્ષના નેતા તથા સૈનિકો મૃત સૈનિકોની અંત્યેષ્ટિ ક્રિયા, ઘવાયલાઓની શુશ્રૂષા, ભોજન તથા વિશ્રાંતિ આદિમાટે પોતપોતાના શિબિરમાં ચાલ્યા ગયા.

આજના યુદ્ધના પરિણામને જોઇને જામ રાવળનો નિશ્ચય થઈ ગયો કે: "માતા આશાપુરાના વચનનો અનાદર કરીને ખેંગારજી સાથે મેં યુદ્ધ કર્યું, એ મારી મોટામાં મોટી ભૂલ થઈ છે અને માતાનું વચન મિથ્યા થવાનું નથી, એ આજના યુદ્ધના પરિણામથી સ્પષ્ટ થઈ ગયું છે. અર્થાત્ હવે કચ્છના રાજ્યનો ઉપભોગ મારા ભાગ્યમાં લખાયલો જ નથી એટલે વિનાકારણ યુદ્ધમાં પ્રાણાહુતિ આપવી એ ઇષ્ટ નથી. હવે તો મારામાટે એ જ ઇષ્ટ છે કે, ખેંગારજીનાં ચરણોમાં મસ્તક નમાવી પરાજયને સ્વીકારી અપરાધની ક્ષમા માગીને કચ્છ દેશનો ત્યાગ કરવો અને માતાજીની આજ્ઞા પ્રમાણે સમુદ્રને સામે કાંઠે જઇને ભાગ્યપરીક્ષાનો પ્રયત્ન કરવો; કારણ કે, ત્યાં મારા ભાગ્યનો ઉદય થશે, એવું માતાજીનું કથન હોવાથી ત્યાં માતાજી મને અવશ્ય સહાયતા આપશે. ખેંગારજી શરણાગતનો સંહાર કદાપિ કરવાનો નથી એટલે અધિક ભય રાખવાની કશી પણ આવશ્યકતા નથી.." આવા પ્રકારનો હૃદયમાં નિર્ધાર કરીને જામ રાવળ, હવે યુદ્ધની પ્રવૃત્તિની આવશ્યકતા ન હોવાથી, પરમ શાંતિથી નિદ્રાવશ થયો.

એ જ રાતે ખેંગારજીને વળી એક અન્ય ચમત્કારનો સાક્ષાત્કાર થયો. ખેંગારજી પોતાના તંબૂમાં નિદ્રાવશ થયો હતો એવામાં તેને એક વિલક્ષણ તથા અદ્ભુત સ્વપ્ન લાધ્યું અને તે સ્વપ્નમાં દેવી આશાપૂર્ણા તેને દર્શન દઇને કહેવા લાગી કે:

"मैं तो खेंगा तो त्रुठी, रुठी रावर जाम;
डिना मूं तोके मिडे, कच्छ धराजा गाम !"

અર્થાત્ "હે ખેંગાર, હું તારાપર ત્રૂઠી છું એટલે કે પ્રસન્ન થઈ છું અને જામ રાવળપર રૂઠી છું એટલે કે કોપાયમાન થઈ છું. (આજથી) મેં તને આ કચ્છદેશની ભૂમિનાં સર્વ ગ્રામો આપી દીધાં છે!" "અર્થાત્ આ દેશનું રાજ્ય હવે તારે જ ભોગવવાનું છે!" આટલું વચન કહીને દેવી અદૃશ્ય થઈ ગઈ અને તત્કાળ ખેંગારજીની

નિદ્રાનો પણ લોપ થયો. રાવ ખેંગારજીએ સાયબજીને જગાડ્યો અને છચ્છર તો તેમની રક્ષામાટે જાગતો જ બેઠો હતો એટલે ખેંગારજીએ પોતાના અદ્ભુત સ્વપ્નની કથા તેમને કહી સંભળાવીને પછી પૂછ્યું કે: "રાવળનું બળ ક્ષીણ થઈ ગયેલું હોવાથી આવતી કાલના યુદ્ધમાં તે આપણી સામો ટકી શકે તેમ નથી; તો જો તે આવતી કાલે આપણા હસ્તથી પરાજિત થાય, તો તેને મારી નાખવો કે ઉદારતાથી તેના અપરાધોની ક્ષમા આપીને જીવતો જ આ દેશમાંથી હાંકી કાઢવો? તેનાપર માતાજીનો કોપ થઈ ચૂકયો છે એટલે હવે તે કોઈ પણ પ્રકારે આ દેશમાં તો સ્થિર થઈ શકવાનો નથી જ; તો પછી એ જ તેને સંપૂર્ણ શિક્ષા મળી છે, એમ માનીને તેનાપ્રતિ ઉદારતા શામાટે ન દર્શાવવી વારુ?"

છચ્છરનો જામ રાવળપ્રતિ અત્યંત ક્રોધ તથા તિરસ્કાર હોવાથી તે તત્કાળ બોલી ઉઠયો કે: "મારા મનમાં તો એમ જ થાય છે કે, જો જામ રાવળને મારવાનો અને જેવી રીતે ભીમસેને દુઃશાસનના રક્તનું પાન કર્યું હતું, તેવી રીતે જામ રાવળના રક્તનું પાન કરવાનો પ્રસંગ મને પ્રાપ્ત થાય, તો જ હું ધારું કે, આજે મારા માનવજન્મની સાર્થકતા થઈ અને જો એવો પ્રસંગ ન મળે, તો આ જીવન વ્યર્થ છે!"

"જ્યેષ્ઠ બંધુ, મારો એવો અભિપ્રાય છે કે જો જામ રાવળ પોતાના પરાજયને સ્વીકારે, આપનાં ચરણોમાં મસ્તક નમાવીને પ્રાણ-દાન માગે અને આ દેશને સદાને માટે છોડી જવાનું તથા પુનઃ કદાપિ આ દેશમાં ન આવવાનું તેમ જ તે જ્યાં પણ પોતાની નવીન સત્તા જમાવે ત્યાં સદાને માટે આપણા વર્ચસ્વને સ્વીકારવાનું વચન આપે, તો જ તેને જીવતો જવા દેવો અને નહિ તો તેનો સંહાર કરી નાખવો." સાયબજીએ પોતાનો અભિપ્રાય દર્શાવ્યો.

"મારા પ્રિય બંધુ સાયબજી, તમો વયમાં નાના હોવા છતાં તમારા વિચારો આવા પ્રૌઢ તથા પ્રગલ્ભ છે, એ જોઇને મને અતિશય સંતોષ થાય છે. મારો પણ એવો જ અભિપ્રાય છે કે જ્યારે આપણો શુભ સમય આવ્યો હોય, તે વેળાયે શત્રુપર પણ ઉપકાર કરવો અને શત્રુને શસ્ત્રાસ્ત્રથી નહિ, પણ ઉપકારના શસ્ત્રથી જ સંહારવો. સત્ય ઉદારતા અને સત્ય વિજયશીલતા એ જ છે. માતાજીએ મને સ્વપ્નમાં એમ પણ જણાવેલું છે કે, જામ રાવળ સામે કાંઠે જઇને સુખી થવાનો છે અને તેના તથા તેના વંશજોના ભાગ્યમાં રાજ્યસુખ લખા-યલું છે; અર્થાત્ માતાજીની તેને જીવતો રાખવાની ઇચ્છા હોવા છતાં જો આપણે તેને મારી નાખવાનો પ્રયત્ન કરીએ અને તેથી જો તે

પ્રયત્નમાં આપણને યશ ન મળે, તો સામા આપણે અપયશના ભાગી થઇએ. છતાં પણ જો તે પરાજયને સ્વીકારી પોતાના અપરાધની ક્ષમા ન માગે, તો તો ક્ષત્રિયધર્મ અનુસાર આપણાથી તેને જીવતો જવા ન જ દેવાય. હવે જોઇએ કે પ્રભાતમાં શું થાય છે; પ્રભાતમાં જેવો રંગ દેખાશે, તદનુસાર આપણે પણ વર્તીશું. મને તો લાગે છે કે, માતાજી અવશ્ય તેને પણ સદ્‌બુદ્ધિ આપશે અને તે મુખમાં તૃણ ધારણ કરીને આપણાં ચરણોમાં મસ્તક નમાવવામાટે આપણી પાસે આવશે." ખેંગારજીએ કહ્યું.

પ્રભાત થયો અને ખેંગારજીના સૈનિકો યુદ્ધમાટે તત્પર થઈ ગયા; પરંતુ શત્રુપક્ષની સેનાને રણાંગણમાં આવેલી જોવાને બદલે જામ રાવળના તંબૂપર તેમણે સમાધાનસૂચક શ્વેત પતાકાને ઉડતી જોઈ અને એ સમાચાર જ્યારે ખેંગારજીએ સાંભળ્યા એટલે જામ રાવળનો આશય તત્કાળ તેના જાણવામાં આવી ગયો. ખેંગારજીએ પણ પોતાના તંબૂપર સમાધાનના સ્વીકારને સૂચવતી શ્વેત પતાકા ચઢાવવાની પોતાના સૈનિકોને આજ્ઞા આપી દીધી અને તેથી યુદ્ધ હાલ તરત મુલ્તવી રહ્યું.

થોડી વાર પછી જામ રાવળ પોતાના કેટલાક અંગીય અને વિશ્વાસપાત્ર કર્મચારીઓને લઇને શસ્ત્રાસ્ત્ર વિના ખેંગારજીના શિબિરમાં આવ્યો અને તેના આવવાના સમાચાર ખેંગારજીને મળતાં તેણે તેને પોતાના તંબૂમાં બોલાવ્યો. ખેંગારજી તથા સાયબજી એક આસનપર બેઠા હતા; પાસે છચ્છર, રણમલ્લ તથા સેનાપતિ અને અંગરક્ષકો આદિ ઊભા હતા અને ખવાસો 'ખમ્મા ખમ્મા'નો ધ્વનિ કરી રહ્યા હતા; એવામાં જામ રાવળ ત્યાં આવ્યો અને મસ્તકને અવનત કરી હસ્તદ્વય જોડીને ખેંગારજી સમક્ષ ઊભો રહ્યો. તેના એક કર્મચારીના હસ્તમાં તેની તલ્વાર હતી તે તેણે ખેંગારજીના ચરણોમાં મૂકી દીધી અને એ કૃતિ પરાજયના સ્વીકારને દર્શાવનારી હોવાથી જેવી તેણે તલ્વાર મૂકી કે તરત ખેંગારજીએ પોતાના આસનપરથી ઊઠીને તેને આલિંગન આપ્યું અને ત્યાર પછી માનપૂર્વક તેને પોતાની પાસેના એક આસનપર બેસાડીને ગંભીરતાથી કહેવા માંડ્યું કેઃ—

"પૂજ્ય કાકા, તમોએ પરાજયનો સ્વીકાર કરી લીધો છે અને તે સાથે આપણા યુદ્ધ-તથા વૈરભાવનો અંત આવી ગયો છે. તમોએ અમારા પૂજ્ય પિતાશ્રીનો વિશ્વાસથી ઘાત કર્યો હતો એટલે અમો પણ જો ધારીએ, તો તમારા પ્રાણ લેવાને સમર્થ છીએ; પરંતુ શરણાગતનો સંહાર ક્ષત્રિયધર્મમાં નિષિદ્ધ હોવાથી અમો તમારી હત્યા કરવાના નથી; કારણ કે, એથી અમારા કુળમાં શાશ્વત કલંક લાગ-

વાનો સંભવ છે. તમોએ તો તમારા કુકૃત્યથી તમારા કુળને શાશ્વત કલંકિત કરી દીધું છે, પણ અમારાથી તેમ બની શકે એમ નથી. અમો તમારા સર્વ અપરાધોની તમને ઉદારતાથી ક્ષમા આપીએ છીએ અને તેથી તમો હવે સર્વ પ્રકારે નિર્ભય છો. માત્ર અમારી એટલી આજ્ઞા તમારે પાળવાની છે કે, બે દિવસમાં તમારાં પુત્રકલત્ર તથા તમારી પોતાની જે કાંઈ મૂળ સંપત્તિ હોય, તે સર્વ લઈને આ કચ્છ રાજ્યમાંથી ચાલ્યા જાઓ અને પુનઃ આ કચ્છદેશમાં કદાપિ આવશો નહિ; તેમ જ જો અન્ય સ્થાનમાં તમો બાહુબળથી કે પછી આશાપૂર્ણા માતાની કૃપાથી રાજ્યની સ્થાપના કરો, તો તે વેળાયે કચ્છના રાવનું તમારાપર વર્ચસ્વ છે, એ દર્શાવવામાટે ખાંડું અને પોષાક રાજ્યાભિષેકની વેળાયે અહીંથી મંગાવજો. જો અમારી આ આજ્ઞાના પાલનમાં લેશ માત્ર પણ પ્રમાદ કરશો, તો તે વેળાયે નવીન વૈરનો ઉદ્‌ભવ થશે અને અમો તમને ક્યાંય જંપીને બેસવા નહિ દઈએ.”

ખેંગારજીનાં આ વચનો સાંભળીને જામ રાવળે કહ્યું કેઃ “મેં જ્યારે હવે મારાં શસ્ત્રોને આપનાં ચરણોમાં મૂકી દીધાં છે અને સર્વથા પરાજયનો સ્વીકાર કરી લીધો છે એટલે પછી આપની આજ્ઞાના પાલનમાં હું ત્રુટિ કરું, એ કદાપિ સંભવે જ નહિ. હું આશાપૂર્ણા માતાજીના શપથ લઈને કહું છું કે, હું હવે ભવિષ્યમાં કદાપિ આપ સાથે વૈરભાવ રાખીશ નહિ અને આપની સર્વ આજ્ઞાઓનું યથાસ્થિત પાલન કરીશ. પરંતુ મારી માત્ર એટલી યાચના છે કે, આ કચ્છ દેશને ત્યાગી જવા પૂર્વે હું જે કાંઇ પણ કોઇને ઇનામ તથા દાન આપી જાઉં, તે ઇનામ તથા દાન તમારે કાયમ રાખવાં અને મારા લેખનો અસ્વીકાર કરવો નહિ. આ હું મારી સત્તાથી માગતો નથી, પણ નમ્રતાથી માગી લઉં છું અને આપ ઉદારાત્મા હોવાથી આશા છે કે અવશ્ય ઉદારતાનો પરિચય કરાવશો.”

“ભલે, તમારી એ ઇચ્છા પણ મને માન્ય છે.” ખેંગારજીએ પોતાની કુલીનતા તથા ઉદારતાનો અપૂર્વ પરિચય કરાવ્યો.

જામ રાવળ ખેંગારજીનો આભાર માનીને પોતાના ગામ બાડામાં આવ્યો ગયો અને ત્યાં જઇને તેણે ચારણોને પચાસ ગામ ઇનામમાં લખી આપ્યાં. ખેંગારજીએ અપૂર્વ ઉદારતા તથા વચનશીલતા દર્શાવીને, પોતાની હાનિ હોવા છતાં પણ, તેનાં એ દાનપત્રોને સ્વીકારી તેમનાપર પોતાની મુદ્રા કરી આપી અને તેથી તે ગામો અને ગરાસ અદ્યાપિ ચારણોના વંશજો ભોગવે છે. ત્યાર પછી પોતાના પરિવાર,

પોતાની સંપત્તિ તથા ચાર હજાર સૈનિકોને લઇને જામ રાવળ કચ્છમાંથી નૌકામાં બેસીને સમુદ્રના સામે કાંઠે જવામાટે પ્રયાણ કરી ગયો અને તેના પ્રયાણથી કચ્છદેશનો રાજ્યાધિકાર કોઇ પણ પ્રકારના અન્ય વિઘ્ન વિના ખેંગારજીના હસ્તમાં આવી ગયો. ખેંગારજીએ સૈન્ય સહિત લાખિર વિયરાની દિશામાં ગમન કર્યું.

## ત્રયોદશ પરિચ્છેદ

## રાજ્યાભિષેક અને કૃતજ્ઞતા

લાખિર વિયરામાં આવીને પ્રથમ તો ખેંગારજીએ પોતાના પરલોકવાસી પિતા જામ હમ્મીરજી તથા પોતાની સતી થયેલી માતાઓનાં સમાધિમંદિરો તેમનાં નામોનું સ્મરણ રાખવામાટે અને પોતાના પૂજ્યભાવને વ્યક્ત કરવામાટે બંધાવ્યાં અને ત્યાર પછી ત્યાં છ માસે રાજ્યાભિષેકમહોત્સવ કરવાનો નિશ્ચય કરવામાં આવ્યો. રાજ્યાભિષેકમહોત્સવને છ માસ પછી ઊજવવાની વ્યવસ્થા એટલામાટે કરવામાં આવી હતી કે તેટલા કાલાવધિમાં ખેંગારજી તથા સાયબજીપર તેમના સંકટકાળમાં જે જે મનુષ્યોએ ઉપકાર કર્યા હતા તે સર્વને તેમનાં દૂરનાં નિવાસસ્થાનોમાંથી બોલાવી શકાય અને કૃતજ્ઞતા શી વસ્તુ છે તેનો તેમને સાક્ષાત્કાર કરાવી શકાય. અર્થાત્ અહમ્મદાબાદના સુલ્તાન બેગડા તથા કમાબાઇપર આમંત્રણપત્રિકાઓ મોકલી આપવામાં આવી; તેમ જ ભીંયા કક્કલ, ગોરજી માણેકમેરજી, જે બાઇએ જમાડીને કૃષ્ણ અશ્વ આપ્યો હતો તે બાઈ અને તેના પરિવાર, ધ્રાંગધરાના વ્યાપારી કે જેણે થોડા પૈસા આપ્યા હતા, જાલિમસિંહ અને તેનો પરિવાર તથા તેની પ્રજા અને અહમ્મદાબાદની સતી વૈશ્યવનિતા માધુરી તથા તેના પતિ ઇત્યાદિને આગ્રહપૂર્વક લઈ આવવામાટે દૂતોને રવાના કરવામાં આવ્યા અને લાખિર વિયરામાં રાજ્યાભિષેકમહોત્સવની ધીમે ધીમે પ્રચંડ તૈયારીઓ ચાલવા લાગી. છચ્છર તથા શિવજી લુહાણો તો સદાવ ખેંગારજીની સાથે જ હતા એટલે તેમને આમંત્રણ આપવાની આવશ્યકતા નહોતી.

અસ્તુઃ કચ્છની પ્રજાનો તો ખેંગારજીમાં પ્રથમથી જ પૂર્ણ ભક્તિભાવ તથા સ્નેહ હતો એટલે પ્રજામાં તેના આગમનથી કોઈ પણ પ્રકારનો અસંતોષ ન હોવાથી ઊતાવળથી કોઈ પણ પ્રકારની વિશિષ્ટ વ્યવસ્થા કરવાની અગત્ય નહોતી એટલે લાખિર વિયરામાં લગભગ એક માસ જેટલો કાળ વિશ્રાંતિમાં વીતાડી દીધા પછી નિરુદ્યોગી જીવનનો ખેંગારજી તથા સાયબજીને કંટાળો આવવા લાગ્યો અને તેથી

તેઓ પોતાના પાંચસો અંગરક્ષકોના સૈન્યને તેમ જ છચ્છર, રણમલ્લ તથા શિવજી આદિને પોતા સાથે રાખીને સમસ્ત કચ્છદેશમાં ભ્રમણ કરવામાટે નીકળ્યા; કારણ કે, રાજ્યાભિષેકના પ્રસંગને પાંચ માસનો વિલંબ હતો અને 'ત્યાર પહેલાં તો આપણે પાછા લાખિર વિયરામાં આવી પહોંચીશું,' એવી તેમની માન્યતા હતી. તેઓ જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં પ્રજાએ તેમનો દેવ પ્રમાણે સત્કાર કર્યો અને કચ્છની પ્રજાની અપૂર્વ અલૌકિક તથા પ્રચંડ રાજભક્તિને જોઇને ખેંગારજીના આનંદનો અવધિ થયો. એ ભ્રમણમાં કેટલાક લૂટારાનો નાશ કરીને તેમના ત્રાસથી પ્રજાને મુક્ત કરી તથા પ્રજાના અનન્ત આશીર્વાદોને મેળવીને ખેંગારજી તથા સાયબજી ત્રણ માસ પછી પાછા પોતાની રાજધાનીમાં નિર્વિઘ્ન આવી પહોંચ્યા.

એ વેળાયે આમંત્રેલાં કેટલાંક સન્માન્ય અતિથિઓ લાખિર વિયરામાં આવી પહોંચ્યાં હતાં અને અન્ય અતિથિઓ પણ સત્વર આવી પહોંચે, તેવો સંભવ હતો. અતિથિઓના સત્કારમાટેની સર્વ પ્રકારની ઉત્તમ વ્યવસ્થાઓ કરવામાં આવી હતી; માત્ર એટલું જ નહિ, પણ ખેંગારજી તથા સાયબજી પોતે પણ તેમની નિત્ય સાર સંભાળ લીધા કરતા હતા. અંતે સર્વ અતિથિઓ આવી લાગ્યાં અને રાજ્યાભિષેકનો માંગલિક દિવસ પણ આવી લાગ્યો. માત્ર સુલ્તાન બેગડો અને તેની બેગમ કમાબાઇ આવ્યાં નહોતાં; પરંતુ તેમણે શુભ સંદેશ તથા ખિલત સહિત પોતાના પ્રતિનિધિને મોકલ્યો હતો; કારણ કે, સુલ્તાનની વૃદ્ધાવસ્થા થયેલી હોવાથી અને તેની પ્રકૃતિ કાંઇક મંદ રહેતી હોવાથી તેનાથી આવી શકાય તેમ નહોતું અને સુલ્તાનને એવી અવસ્થામાં મૂકીને કમાબાઇથી પણ ન આવી શકાય એ સ્વાભાવિક જ હતું. ખેંગારજીનો સર્વથી કનિષ્ઠ બંધુ રાયબજી પણ મોસાળથી આવી પહોંચ્યો હતો અને તેને જોઇને ખેંગારજી તથા સાયબજીને એક પ્રકારનો અપૂર્વ આનન્દ થવા લાગ્યો હતો.

આજના રાજ્યાભિષેકમહોત્સવની સભાનો ઠાઠમાઠ કાંઇક જૂદા જ પ્રકારનો હતો. નગરમાં સર્વત્ર આમ્રપત્રનાં તોરણો બાંધી દેવામાં આવ્યાં હતાં; પ્રજાજનો મંગલસૂચક લાલ, લીલા, પીળા, ગુલાબી તથા જાંબલી રંગની પાઘડીઓ બાંધીને સભામાં બેઠા હતા; રાજમહાલયમાં સ્ત્રીઓ એકત્ર થઇને માંગલિક ગીતો ગાતી હતી; નિમંત્રિત અતિથિઓ, રાજપ્રતિનિધિ, રાજ કર્મચારી અને ખેંગારજીનાં કેટલાક એકનિષ્ઠ સેવકો સભામાં પોતપોતાનાં આસનોપર વિરાજ્યા હતા. ભાટ, ચારણ, કવિજન તથા વિદ્વાનોની

પણ એ સભામાં વિપુલતા હતી અને વારાંગનાનો પણ અભાવ નહોતો. નોબત તથા શરણાઇઓ વાગતી હતી અને સર્વત્ર કેવળ આનન્દ, હર્ષ તથા ઉત્સાહનો જ અધિકાર વ્યાપેલો દેખાતો હતો. ભારતવર્ષના લોકો રાજાને ઈશ્વરનો અંશ માનતા હોવાથી અને વિશ્વના અન્ય કોઈ પણ રાષ્ટ્રમાં રાજાની ઉત્કૃષ્ટતા વિશે એટલી ઉન્નત ભાવના અસ્તિત્વ ધરાવતી ન હોવાથી રાજનિષ્ઠા કિંવા રાજભક્તિના વિષયમાં ભારતવર્ષના લોકોની સમાનતા અન્ય કોઇ પણ દેશના લોકોથી કરી શકાય તેમ નથી, એ સત્ય તત્ત્વના રહસ્યનો કચ્છના પ્રજાજનોની રાજભક્તિથી આજે સંપૂર્ણ સ્ફોટ થતો હતો; કારણ કે, પોતાની એ રાજભક્તિને સંપૂર્ણ રૂપથી પ્રકટ કરવામાટે તેમણે 'આજે જો કોઇના ગૃહમાં કોઇનું મરણ થઈ જાય, તો પણ તે મરણની વાર્ત્તાનો પ્રકાશ ન કરવો અને રુદન કિંવા વિલાપના અમંગલ ધ્વનિથી આજના મંગલ પ્રસંગમાં બાધા ન કરવી' એવા પ્રકારનો કઠિન પ્રબંધ કરી દીધો હતો. આ કારણથી કોઇ પણ સ્થળે શોકની ઝાંખી છટા પણ ક્યાંય જોવામાં આવતી નહોતી. શુભ મુહૂર્ત્ત તથા શુભ ઘટિકા થતાં જ ખેંગારજી સુલ્તાન બેગડાના આપેલાં વસ્ત્રો પરિધાન કરીને તથા કમ્મરે તલ્વાર લટકાવીને પોતાના બે બંધુઓ સહિત સભામાં આવ્યો અને તે વેળાયે જાણે શ્રીરામચન્દ્રજી સિંહાસને વિરાજવામાટે પોતાના લક્ષ્મણ તથા ભરત નામક બે બંધુઓ સહિત પધાર્યા હોયની ! એવો જ સર્વ સભાજનોને ભાસ થવા લાગ્યો. સાપરમાં જેવી રીતે સંસે સિંધને ઢાલનું છત્ર ધર્યું હતું તેવી રીતે અહીં પણ ધર્યું અને જમાડીને અશ્વ આપનારી બાઈ—ખેંગારજીએ જેને પોતાની ધર્મભગિની કરી હતી, તે બાઈ પાર્વતી—એ ખેંગારજીના ભાલને તિલકમંડિત કર્યો; અહમ્મદાબાદની સતી માધુરીએ પોતાના ધર્મબંધુને માંગલિક પુષ્પમાળા પહેરાવી અને ત્યાર પછી ખેંગારજી સિંહાસનપર વિરાજ્યો. સાયબજી તેની જમણી બાજૂના આસનપર અને રાયબજી ડાબી બાજૂના આસનપર વિરાજીને સભાના આનન્દને વધારવા લાગ્યા. સાપર પ્રમાણે સર્વથી પ્રથમ મોકળસિંહ પખેજીએ કાળા ધાબળાનું નજરાણું કર્યું અને ત્યાર પછી સુલ્તાન બેગડાની મોકલેલી ખિલત ખેંગારજીને આપતાં સુલ્તાન બેગડાના પ્રતિનિધિએ સભામાં ગંભીર સ્વરથી ભાષણ કર્યું કેઃ—

"કચ્છદેશના અખંડપ્રૌઢપ્રતાપ અને ગોબ્રાહ્મણપ્રતિપાલ શ્રીમાન્ રાવશ્રી ખેંગારજી બહાદુર, તેમના રાજભક્ત અધિકારીઓ, રાજભક્ત નાગરિકો, રાજનિષ્ઠ પ્રજાજનો તથા માન્યવર અતિથિ મહાશયો અને મહાશયાઓ, અહમ્મદાબાદના નામદાર સુલ્તાન મહમૂદ બેગડા

રાજા મહારાજાઓમાં તથા

દરેક તવંગર કુટુંબોમાં વપરાતી અમારી પ્રખ્યાત શાસ્ત્રોકત

# મકરધ્વજ યાકુતી.

આ યાકુતીમાં સોનું, મોતી, ચાંદી જેવી કીમતી ચીજોનો સમાવેશ કરવામાં આવ્યો છે. પહેલાં રાજા મહારાજાઓને આજ દવા આપીને વૈદ્યો તેમની પાસે સારી જાગીરો તથા મોટાં ઇનામ પ્રાપ્ત કરતા હતા આ દવા જેટલી કીંમતી છે તેટલી જ ગુણમાં ઉત્તમ છે. તેની ખાત્રી માટે આ યાકુતીમાં કેટલી ચીજો, કેટલા પ્રમાણમાં વાપરી છે તેનું માપ નીચે પ્રમાણે છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ સુવર્ણભસ્મ | તો. ૧ | ૫ સુવર્ણસીન્દુર (પૂર્ણ ચંદ્રોદય) | તો. ૨ | ૯ અભ્રકભસ્મ | તો. ૦।। |
| ૨ બંગભસ્મ | ,, ૦।। | ૬ કસ્તુરી | તો. ૦।। | ૧૦ જાયફલ | ,, ૦।। |
| ૩ મૌકિતકભસ્મ | ,, ૦।। | ૭ પ્રવાલભસ્મ | ,, ૦।। | ૧૧ રૂપાની ભસ્મ | ,, ૦।। |
| ૪ રસસીન્દુર | ,, ૦।। | ૮ શુદ્ધ બરાસ | ,, ૦।। | ૧૨ કાંસાની ભસ્મ | ,, ૦।। |
| | | | | ૧૩ લોહભસ્મ | ,, ૦।। |

ઉપર મુજબ કીંમતી વસાણુઓનો આ યાકુતીમાં સમાવેશ કરવામાં આવ્યો છે. શક્તિ માટે તેમજ વીર્યની વૃદ્ધિ કરી કાયમની શક્તિ ટકાવી રાખનાર આ યાકુતીથી એક પણ દવા ચઢીઆતી નથી. નકલી યાકુતી વાપરી તથા વૈદ્યો ડોકટરોની શક્તિની દવાથી કંટાળી ગયેલાઓને આ યાકુતી વાપરવા અમારી ખાસ ભલામણ છે. કિમ્મત ગો. ૪૦ ના રૂ. ૧૦–૦–૦. (વધુ વીગત માટે સૂચીપત્ર મફત મંગાવો.)

☛ દરેક મોટા શહેરોમાં એજન્ટોની ખાસ જરૂર છે. માહીતી માટે એજન્સીના નિયમો મંગાવો, દરદીઓ માટે ખાસ સગવડ "ઊંઝા"માં રાખવામાં આવે છે, તેમજ પોતાના દરદ હકીકત લખવાથી દવા વી. પી. થી મોકલવામાં આવશે. દરેક જાતના રોગની સલાહ મફત.

તમામ જાતની દેશી દવાઓ મોટા જથામાં બનાવનાર તથા વેચનાર જુનું પ્રખ્યાત કારખાનું—

કારખાનું— ઊંઝા (ગુજરાત)

**ઊંઝા કેમીકલ વર્કસ,**

પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નં૦ ૨.

સાહેબ કચ્છના મહારાવશ્રી ખેંગારજીના સંબંધી છે અને હવે તો વળી તેમના એક ઉપકારના ભારથી પણ દબાયલા છે એટલે જો તેમની મહારાવશ્રીપર અત્યંત પ્રીતિ હોય, તો તે સ્વાભાવિક જ છે. આજના આ રાજ્યાભિષેકમહોત્સવમાં ઉપસ્થિત થવામાટેનું આમંત્રણ જ્યારે તેમને મળ્યું, ત્યારે અહીં આવવાની તેમની પ્રબળ ઇચ્છા હતી; પરંતુ વૃદ્ધાવસ્થા તથા શિથિલ પ્રકૃતિના કારણથી તેઓ આવી શક્યા નથી અને તેમાટે તેઓ બહુ જ દિલગીર છે. મને તેમણે આ રત્ન તથા સુવર્ણના અલંકારો, શસ્ત્રાસ્ત્રો, મૂલ્યવાન્ વસ્ત્રો, પાઘડી અને શાલ ઇત્યાદિ વસ્તુઓની બનેલી 'ખિલત' અથવા ભેટ લઇને એવા સંદેશ સહિત મોકલ્યો છે કે, રાવશ્રીને તખ્ત તથા તાજ મુબારક થાઓ, તેઓ દીર્ઘકાળપર્યન્ત નિષ્પક્ષપાત તથા ન્યાય ધર્મથી પ્રજાનું પાલન કરતા રહો, તેમના ગૃહમાં સંતતિ તથા સંપત્તિની વૃદ્ધિ થાઓ અને તેમના યશ તથા વિજયનો વિશ્વમાં સર્વત્ર વિસ્તાર થતો રહો, એવી સુલ્તાન સલામત પરવરદિગારનાં ચરણોમાં નિરંતર પ્રાર્થના કરે છે અને આશા રાખે છે કે રાવશ્રીના એક મોહસિન દોસ્તની આ પ્રાર્થના અથવા બંદગી દરગાહે હકમાં જરૂર કુબૂલ મંજૂર થશે!"

"તથાસ્તુઃ તથાસ્તુ!" સર્વ સભાજનોએ એકત્ર ધ્વનિ કર્યો.

એ પછી ભાટ ચારણો તથા કવિજનોએ પોતપોતાની આશીર્વાદાત્મક નાનાવિધ કવિતાના રસનું રાજા તથા પ્રજાને પાન કરાવ્યું અને તેમના એ કાર્યની સમાપ્તિ થતાં વારાંગનાના નૃત્ય તથા ગાનનો આરંભ થયો. અંતે મહાપ્રતાપી રાવશ્રી ખેંગારજીએ પોતે તરુણ છતાં વૃદ્ધ સમાન ગંભીર મુદ્રા તથા ગંભીર વાણીથી સભાજનોને ઉદ્દેશીને બોલવા માંડ્યું કેઃ—

"મારા આમંત્રિત માન્યવર અતિથિજનો, મારા સ્વામિનિષ્ઠ કર્મચારીઓ, મારા રાજભક્ત પ્રજાજનો અને મારા ઉપકારકો, આજનો આ અત્યંત આનંદદાયક પ્રસંગ મને પ્રાપ્ત થયો છે, એ જો કે વસ્તુતઃ ઈશ્વરની કૃપાનું જ પરિણામ છે, છતાં ઈશ્વર અમુક કાર્યમાં અમુક વ્યક્તિઓને નિમિત્તરૂપે યોજતો હોવાથી તે નિમિત્તરૂપ વ્યક્તિઓનો પણ અત્યારે અંતઃકરણપૂર્વક ઉપકાર માનવો એ મારું સર્વથી પ્રથમ અને મુખ્ય કર્ત્તવ્ય છે. મારાપર મારા સંકટના સમયમાં જે જે મનુષ્યોએ ઉપકાર કર્યો છે, તેમાં સર્વથી અગ્રેસર મારા પિતાનો સ્વામિનિષ્ઠ સેવક છચ્છર બૂટો, મિયાણાકુલાવતંસ ભીંયો કક્કલ, લુહાણાજાતિરત્ન શિવજીભાઈ, પૂજ્ય ગોરજી માણેકમેરજી, મને અત્યારે રાજતિલક કરનારી આ મારી ધર્મભગિની પાર્વતીબાઈ, ધ્રાંગધરાના આ ઉદારાત્મા

શેઠ, મારા શ્વસુર જાલિમસિંહજી તથા અહમ્મદાબાદના સુલ્તાન બહાદુર મહમૂદશાહ બેગડા છે, એ નવીનતાથી જણાવવાની આવશ્યકતા નથી; કારણ કે, એ સર્વ વ્યક્તિઓએ મારાપર કરેલા ઉપકારોની વાર્ત્તા હવે સર્વના જાણવામાં આવી ગઈ છે અને તેથી તેમનું પિષ્ટપેષણ કરવું નિરર્થક છે. મારા એ ઉપકારકોના ઉપકારો વિષે કૃતજ્ઞતા દર્શાવીને તેમનું કાંઇક પણ યથાશક્તિ ગૌરવ કરવું, એ મારો ધર્મ હોવાથી અત્યારે તેમનું ગૌરવ કરવાની મેં ઇચ્છા કરી છે. અમારા સ્વામિનિષ્ઠ સેવક છચ્છર બૂટાને તેની સેવાના એક નામ માત્રના બદલા તરીકે હું સાત ગામ આપું છું કે જે વંશપરંપરા તેના ભોગવટાની જાગીર ગણાશે; મિયાણા ભીંયા કક્કલે મારા અને મારા બંધુના પ્રાણરક્ષણમાટે પોતાના સાત પુત્રોના પ્રાણનું બલિદાન આપેલું હોવાથી તેને હું બાર ગામ તથા જામની અમારી જૂની પદવી આપું છું અને મારી એવી આજ્ઞા છે કે એના વંશજો કુચ્છ દેશમાં ગમે તેવો અપરાધ કરે, તો પણ તેમને કાઠમાં પૂરવા નહિ અને મારી આ આજ્ઞાનું મારા વંશજોએ દૃઢતાથી પાલન કરવું; ગોરજી માણેકમેરજીને ઉપાધ્યાયની પદવી, મારા મહાલય જેવો એક મહાલય તથા બાર ગામ આપું છું તેમ જ તેમને મારી સભામાં ઉચ્ચ આસને વિરાજવાના અધિકાર સાથે તેમના યજમાન જૈન વાણીઆ તેમને અમુક લાગો આપતા રહે, એવી તેમને વ્યવસ્થા કરી આપું છું: સભામાં વિરાજવાનો તેમને અધિકાર મળવાથી સભામાં ઉઘાડે માથે ન બેસી શકાય એટલામાટે તેમના પ્રતાપથી અહમ્મદાબાદમાં મેં જે ક્રૂર સિંહનો સંહાર કર્યો હતો તેના ચિહ્ન તરીકે બે કાન તથા પૂછવાળી એક ટોપી તથા તેની ઉપર મુકુટ સમાન રાજચિહ્ન તરીકે મેં એક આભૂષણ બનાવરાવ્યું છે તે હું તેમને આપું છું અને તે અત્યારે જ મસ્તકપર ધારણ કરી લેવાની પ્રાર્થના કરું છું; શિવજી લુહાણો જામ રાવળનો રાજકર્મચારી હોવા છતાં કેવળ ધર્મ અને ન્યાયના વિચારથી તેણે બબ્બે વાર પોતાના જીવના જોખમે અમારા પ્રાણ બચાવ્યા છે અને તેના બદલામાં હું તેને ચાર ગામ તથા તેની આગળની નોકરી સાથે મારી સભામાં વિરાજવાનો અધિકાર આપું છું; જે બાઇએ કેવળ જન્મભૂમિનાં સંતાન તરીકે અપૂર્વ અનુકંપાથી માર્ગમાં અમારો સત્કાર કરી અમને જમાડીને અશ્વ આપ્યો હતો અને એક આર્ય અબળાના હૃદયની ઉદારતાનો અપૂર્વ પરિચય કરાવ્યો હતો તે બાઈ પાર્વતીને હું ધર્મભગિનીની પદવી તો આપી ચૂકયો છું અને તે ઉપરાંત આજે કાપડા તરીકે આઠ ગામ આપું છું અને સાથે પ્રાર્થના કરું છું કે, એ બાઈ જો પોતાના પતિ તથા અન્ય પરિવાર સહિત આ મારા

કચ્છ દેશમાં આવીને રહેશે, તો મારાપર તેનો અત્યંત ઉપકાર થશે; આ શેઠજીએ ઝાંગધરામાં અમને જમાડીને નાણાંની થોડીક રકમ આપી હતી, પણ તે સમયમાં એ થોડી રકમ પણ લાખો રૂપિયા જેટલી હોવાથી હું તેના બદલામાં પચીસ હજાર કોરી આપું છું અને પોશાક આપું છું. હવે માત્ર બે પુરુષો જ એવા રહ્યા છે કે જેમના મારાપર મહાભારત ઉપકાર હોવા છતાં મારાથી તેમનો કાંઈ પણ સત્કાર કરી શકાય તેમ નથી. તેમાંના એક તો મારા શ્વસુર જાલિમસિંહજી છે; અર્થાત્ તેમનો હું જમાઈ હોવાથી મારી પાસેથી તેમનાથી કાંઈ પણ બદલો લઈ શકાય તેમ નથી અને તેટલામાટે મારા વડિલ તરીકે તેમને માન આપીને જ હું સંતોષ માનું છું; બીજા મહાનુભાવ પુરુષ તે અહમ્મદાબાદના પ્રતાપી સુલ્તાન છે અને તેમને કાંઈ પણ આપવાની ચેષ્ટા કરવી તે તેમનું અપમાન કરવા સમાન હોવાથી માત્ર શર્કરાનો થાળ તેમના પ્રતિનિધિને આપીને સુલ્તાન આવી જ કૃપા મારાપર નિરંતર રાખતા રહે, એવો સંદેશ તેમને કહેવામાટેની મારી પ્રાર્થના છે. પ્રતિનિધિને પોતાને હું જે પોશાક તથા પારિતોષિક આપું છું તે તેઓ સ્વીકારશે અને જતી વેળાયે અમારાં પૂજ્ય બહેન કમાબાઈમાટે અમોએ જે વસ્ત્રાલંકાર કરાવી રાખ્યાં છે, તે તેઓ લઈ જશે, એવી હું આશા રાખું છું. છેવટે પરમકૃપાળુ પરમાત્માનાં ચરણોમાં મારી અનન્ય ભાવથી એટલી જ અભ્યર્થના છે કે, તે પરમાત્મા રાજદંડને ધારણ કરવાની મારા હસ્તમાં શક્તિ આપે; મને ન્યાય, ધર્મ તથા નિષ્પક્ષપાતતાથી રાજ્યને ચલાવવાની અને પ્રજાને પાળવાની સદ્બુદ્ધિ આપે તથા કચ્છદેશમાં પ્રજાની રાજભક્તિ તથા રાજાની પ્રજાભક્તિ સાથે રાજા અને પ્રજાના પરસ્પર પ્રેમની નિરંતર વૃદ્ધિ થતી રહે."

"ધન્ય, ધન્ય, ધર્માત્મા ભૂપાલ ! ધન્ય છે આપને અને આપનાં ભાગ્યશાળી માતાપિતાને ! પ્રજાને ભૂપાલ મળે, તો આવા જ મળજો." સભાજનોએ સદ્ગદિત થઇને પોતાના અંતરના ઉદ્ગાર કાઢી સંભળાવ્યા.

એ ઉપરાંત ખેંગારજીએ અજાજીનું પણ યોગ્ય ગૌરવ કર્યું; રણમલ્લ તથા તેના ભત્રીજાને યોગ્ય પારિતોષિક ઉપરાંત પોતાના અંગરક્ષકની પદવી આપીને સદાને માટે પોતાની નોકરીમાં રાખી લીધા અને અંતે ભાટ ચારણ, કવિ, તથા પંડિતોને દાન તથા પારિતોષિક આપવા પછી વારાંગના આદિ અન્યાન્ય કલાવત્ તેમ જ દીનજનોને પણ સંતોષ્યાં અને સમસ્ત કચ્છરાજ્યમાં શર્કરા વ્હેંચાવવાનો અને લાખિયાર વિયરામાંનાં સર્વ સ્ત્રી પુરુષોને સાયંકાળે જમાડવાનો પ્રબંધ કરવામાં આવ્યો.

આ કૃતજ્ઞતાદર્શન વિધિની સમાપ્તિ થતાં ખેંગારજીએ જે સિંહચર્મ શિરોભૂષણ આપ્યું હતું તે શિરોભૂષણને પોતાના મસ્તકપર ધારણ કરીને ભવ્યાકૃતિ ભદ્રપુરુષ માણેકમેરજી પોતાના આસનપરથી ઉઠીને ઉભા થયા અને પોતાની ગંભીર, પ્રભાવશાલિની તથા મધુરવાણીથી રા ખેંગારજી ૧ લાને સંબોધીને કહેવા લાગ્યો કેઃ-

"હે કચ્છદેશના વીર ચૂડામણી રાજન્, ભારતીય ઇતિહાસ તથા પુરાણગ્રંથોમાં મહાદેવના પુત્ર અથવા રુદ્રકુમાર કાર્તિકેયના જન્મના ઉદ્દેશને દર્શાવનારી કથા એવી રીતે વર્ણવાયલી છે કે તારકાસુર નામક દૈત્યે તપસ્યાના યોગે અમોઘ શક્તિ મેળવીને દેવોને દમવાના દારુણ કાર્યનો આરંભ કર્યો અને દેવોમાં તેને સંહારવા જેટલી શક્તિ ન હોવાથી દેવો 'ત્રાહિ ત્રાહિ' પોકારવા લાગ્યા એટલે તે અમોઘ શક્તિશાળી દૈત્યના સંહારમાટે દેવાધિદેવ મહાદેવને તે દૈત્યથી પણ અધિક બળસંપન્ન પુરુષને ઉત્પન્ન કરવાની આવશ્યકતા જણાતાં તેમણે એક પુત્રને ઉત્પન્ન કરી ચન્દ્રમાની સ્ત્રી કૃત્તિકાના દુગ્ધથી તેનું પોષણ કરાવ્યું અને તેથી રુદ્રનો તે કુમાર કાર્તિકેય નામથી ઓળખાવા લાગ્યો. દેવોએ તેને પોતાના સેનાપતિ તરીકે સ્વીકાર્યો અને તેણે પોતાના પ્રચંડ બળ તથા અલૌકિક યુદ્ધકૌશલ્યથી તારકાસુરનો તેની દૈત્ય સેના સહિત વધ કરીને દેવોને તેના ત્રાસથી મુક્ત કર્યા અને દેવરાજ્યને સર્વથા નિર્ભય તથા સુરક્ષિત અવસ્થામાં લાવી મૂક્યું. કાર્તિકેય પ્રચંડબળશાળી તથા દેવોનો સેનાપતિ હોવાથી તેને સેનાપતિ, મહાસેન, સિદ્ધસેન, યુદ્ધરંગ તથા શક્તિધર આદિ નામોથી પણ ઓળખવામાં આવે છે તેમ જ તારકાસુરનો તેના હસ્તથી સહાર થયેલો હોવાથી તે તારકજિત્ નામથી પણ ઓળખાય છે. પુરાણોમાં કાર્તિકેયનાં છ મુખ, દ્વાદશભુજા તથા દ્વાદશનેત્રો વર્ણવેલાં હોવાથી તેનાં ષડાનન, દ્વાદશકર તથા દ્વાદશાક્ષ આદિ નામો પણ જોવામાં આવે છે; પરંતુ મારી માન્યતા અનુસાર એ અલંકારિક વર્ણન હોવાથી એનો એટલો જ અર્થ સ્વીકારવાનો છે કે તેનામાં તારકાસુર સમાન છ દૈત્યોના બળ જેટલા બળનો સમાવેશ થયેલો હતો અને તેથી એક તારકાસુરને મારવો એ તો તેનામાટે એક સાધારણ કાર્ય હતું. બ્રહ્માની પુત્રી દેવસેના અથવા ષષ્ઠીદેવી સાથે કાર્તિકેયનો લગ્નસંબંધ થયો હતો. કાર્ત્તિકેયની આ કથાને આ પ્રસંગે વર્ણવવાનું કારણ એ છે કે કાર્તિકેયની એ જીવનકથા સાથે મને આપ શ્રીમાનની જીવનકથાનું એટલું અને એવું તો સામ્ય દેખાય છે કે તેના યોગે જાણે અત્યારે આ કચ્છદેશના સિંહાસનપર રુદ્રકુમાર કાર્તિકેય જ મનુષ્યના રૂપમાં વિરાજ્યા હોયની! એવો જ મારાં નયનોને ભાસ

થયા કરે છે; કારણુ કે, કચ્છભૂમિમાં જે જામ રાવળરૂપ તારકાસુર ઉત્પન્ન થયો હતો તે એક વેળાયે અવશ્ય અક્ષમ્ય અને દારુણુ અત્યાચાર કરશે ને કચ્છભૂમિની દેવસ્વભાવધારિણી પ્રજાને ઇન્દ્રરૂપ ભૂપાલથી વિહીન કરી ત્રાહિ ત્રાહિ પોકરાવશે એ ભાવિના ભેદને પરમાત્મા પ્રથમથી જ જાણુતો હતો અને તે માનવજાતીય તારકાસુરના પરાજયમાટે આપ શ્રીમાન્ સમાન માનવજાતીય કાર્તિકેયની ઉત્પત્તિ કરીને પરમાત્માએ તેના પરાજયમાટે આપ શ્રીમાન્‌ને અકસ્માત્ અને વિલક્ષણુ સંયોગોમાં નાનાવિધ બળોની પ્રાપ્તિ પણુ કરાવી આપી હતી; અર્થાત્ આપ શ્રીમાન્‌ને યથાનુક્રમ દેવીના આશીર્વાદરૂપ બળ, પ્રજાપ્રીતિરૂપ બળ, આત્મવિશ્વાસરૂપ બળ, બાહુબળ, મિત્રસાહાય્યરૂપ બળ અને ધર્મ નીતિરૂપ બળ એવી રીતે ૭ બળોની પરમાત્માની કૃપાથી પ્રાપ્તિ થઇ હતી અને તે ૭ પ્રચંડ બળો જામ રાવળના એક માત્ર અધર્માત્મક અસિબળને નષ્ટ કરી નાંખવાનું સંપૂર્ણ સામર્થ્ય ધરાવતાં હોવાથી તેનો આપ શ્રીમાન્‌ના વરદ હસ્તથી પરાજય થતાં આજે આપશ્રીમાન્‌ના યશઃદુંદુભિનો નાદ સર્વત્ર પ્રસરી રહ્યો છે; માત્ર એટલું જ નહિ, પણુ વિપત્તિની વેળામાં જ આપ શ્રીમાન્‌ને દેવસેનારૂપિણી નન્દકુમારી નામક ગૃહલક્ષ્મીની પણુ પ્રાપ્તિ થયેલી છે અને બાલ્યકાળમાં આપશ્રીમાને ચન્દ્રપત્ની કૃત્તિકાની સંપૂર્ણ પ્રતિસ્પર્ધા કરી શકે તેવી ક્ષત્રિય કુલદીપિકા વીરમાતાના દુગ્ધનું પાન કરેલું છે એટલે માનવજાતિમાં આપ શ્રીમાન્‌ની યોગ્યતા કાર્તિકેય સમાન હોવાથી જેવી રીતે આપશ્રીમાન્‌ને સુલ્તાન મહમૂદ બેગડાએ 'રા' પદવીથી વિભૂષિત કરેલા છે તેવી જ રીતે હું આપ શ્રીમાન્‌ને 'કચ્છનો કાર્તિકેય' એ નવીન અને અધિકયોગ્યતા સૂચક પદવી આપું છું અને સર્વ સભાસદોને કચ્છના કાર્તિકેયનો ગગનભેદક જયજયકાર કરવાની સૂચના કરું છું."

યતિની આ સૂચનાને સર્વ સભાસદોએ "કચ્છના કાર્તિકેયનો સર્વ સમયમાં અને સર્વ સ્થાનમાં જયજયકાર થાઓ તથા એ શ્રીમાન્ ચિરાયુ પદને પ્રાપ્ત કરી પિતા પ્રમાણે પ્રજારૂપ પુત્ર પુત્રીનું પાલન કરતા રહો!" એ પ્રમાણેના ગગનભેદક જયજયકાર ધ્વનિથી વ્યવહારમાં યોજી બતાવી અને પોતાની આંતરિક રાજભક્તિ તથા હર્ષભાવનાનો સાક્ષાત્કાર કરાવી દીધો. અમોએ પણુ આ કારણુથીજ શ્રી ખેંગારજી ૧ લાને 'કચ્છનો કાર્તિકેય' કહીને ઓળખાવેલો છે.

રાજ્યાભિષેકમહોત્સવની આવી રીતે આનન્દમય સમાપ્તિ થતાં બીજા દિવસથી અન્ય સ્થળોમાંનાં આવેલાં અતિથિઓ અનુક્રમે પોત-

પોતાના સ્થાન પ્રતિ જવાને વિદાય થવા લાગ્યાં અને તેઓ માર્ગમાં ખેંગારજીની જ વાર્તા કરતાં હોવાથી તથા પોતાનાં ગ્રામોમાં પણ તેમના વાર્તાલાપનો એ જ વિષય હોવાથી અલ્પ કાળમાં જ રાવશ્રી ખેંગારજી ૧ લાની વીરતા, ઉદારતા, કૃતજ્ઞતા તથા ધર્મશીલતાના કીર્ત્તિકુસુમના સુગંધનો સર્વત્ર પ્રસાર થઇ ગયો અને દેશ કે પરદેશ જ્યાં જાઓ ત્યાં તેમની કીર્ત્તિ અને કીર્ત્તિનાં જ ગીતો કર્ણગોચર થવા લાગ્યાં.

રાવશ્રી ખેંગારજી ૧ લો પોતાની સદ્‌ગુણવતી રાણી નન્દકુમારીના સમાગમથી અત્યંત આનન્દમાં રહીને પોતાના બંધુ સાયબજી તથા રાયબજીની સહાયતાથી અને છચ્છર તથા શિવજી જેવા મિત્રતુલ્ય સેવકોના ઉપદેશથી અત્યંત ન્યાયશીલતા તથા સરળતાથી રાજ્યતંત્ર ચલાવવા લાગ્યો અને કચ્છની રાજભક્ત પ્રજા તેને ઇશ્વરનો અવતાર માનવા લાગી.

એ પછી કેટલોક કાળ જતાં રાવશ્રી ખેંગારજીએ ગોરજી માણેકમેરજીના સ્થાનકમાં અંબાજીની પ્રતિમાની સ્થાપના કરી અને ત્યાં તે નિત્ય પ્રભાતમાં અંબાજીનાં દર્શન કરવાને જતો હતો, એવો ઇતિહાસમાં ઉલ્લેખ મળી આવે છે અને તેની એ કૃતિ તેની ધર્મપ્રિયતાને સિદ્ધ કરી બતાવે છે. કહેવામાં આવે છે કે, માણેકમેરજીની આપેલી જે સાંગવડે રાવશ્રીએ અહમ્મદાબાદમાં સિંહનો સંહાર કર્યો હતો, તે સાંગને પણ અંબાજીની એ મૂર્ત્તિ પાસે જ રાખવામાં આવી હતી અને તે વસ્તુ અંબાજીની જ હોવાથી અંબાજીની મૂર્ત્તિની પૂજા સાથે તે સાંગની પણ પૂજા થતી હતી. કેવળ વિજયાદશમીને દિવસે એ પૂજાનો વિધિ રાવશ્રીના પોતાના વરદ હસ્તથી થતો હતો.

જે જોશી કૃધા તથા કાળાએ મોરબીના દરવાજા ઊઘાડી આપીને મોરબીનો અધિકાર રાવશ્રીને અપાવ્યો હતો, તેમને તેમની એ સેવાના બદલામાં મોરબી તાલુકાના અનુક્રમે ખાખરડું તથા કાળાસરી નામક ગામ અપાયાં હતાં. નરહરિ પંડ્યાએ તેમને રાજ્યપ્રાપ્તિનું ભવિષ્ય કહ્યું હતું તેથી રાવશ્રીએ તેને થોડોક ગ્રાસ અને અંજારમાં એક ફળિયાની જગ્યા આપી હતી. અર્થાત્ સંકટના સમયમાં પોતાપર અલ્પસ્વલ્પ ઉપકાર કરનારને પણ રા ખેંગાર પોતાની ઉન્નતિના સમયમાં ભૂલી ગયો નહોતો. માત્ર એટલું જ નહિ, પણ સુલ્તાન બેગડાનું લેણું પણ રાવશ્રીએ યથાસમય વાળી દીધું હતું.

કેટલોક સમય વીત્યા પછી રાવશ્રી ખેંગારજીએ સંતાનસુખનો સાક્ષાત્કાર કર્યો, એટલે કે, તેની સૌભાગ્યવતી રાણીએ એક પુત્રને જન્મ આપ્યો અને તે પુત્રનું નામ ભોજરાજજી રાખવામાં આવ્યું.

ભોજરાજજી બંધુના યોગ સહિત જન્મેલો હોવાથી ખેંગારજીની રાણીએ ભોજરાજના જન્મ પછી ત્રણેક વર્ષે દ્વિતીય પુત્રને જન્મ આપ્યો અને તેનું નામ ભારમલ્લજી રાખવામાં આવ્યું. રાજસત્તા, રાજવૈભવ, સંપત્તિ તથા સંતતિ આદિ સર્વ સુખોની એકસમયાવચ્છેદે પ્રાપ્તિ થવાથી પરમેશ્વરનો ઉપકાર માનીને પોતાને અત્યંત ભાગ્યશાળી ધારી એ રાજદંપતી આનંદ તથા હર્ષસહિત પોતાનો સમય વીતાડવા લાગ્યાં અને 'સર્વને પ્રભુ એવા સુખનો સમય દેખાડે!' એવા ઉદ્ગારો કાઢીને સર્વનું કલ્યાણ ઇચ્છવા લાગ્યાં.

પ્રિય પાઠક તથા પાઠિકાઓ, આપણી સુખાન્ત કિંવા સંયોગાન્ત નવલકથાની આ સ્થળે સમાપ્તિ થાય છે; પરંતુ રાવશ્રી ૧ લા ખેંગારજીના જીવનના અંતિમ ભાગમાંની કેટલીક ઘટનાઓ પણ જાણવાયોગ્ય હોવાથી તેમનો ઉલ્લેખ કરવાની પણ આવશ્યકતા છે અને તે ઉલ્લેખ ઉપસંહારમાં સંક્ષિપ્ત રૂપથી કરાયલો છે; કારણ કે, પ્રસ્તુત પરિચ્છેદમાં જો તે ઉલ્લેખ કરવામાં આવે, તો શિષ્ટાચારનો તેથી ભંગ થાય, એવો સંભવ છે. રાવશ્રી ખેંગારજી ૧ લાના સચ્ચારિત્ર્ય અને સંયમ આદિ ગુણોનો પણ ઉપસંહારમાં જ આપણે યોગ્ય વિચાર કરીશું. અત્યારે તો અમારો સર્વને એ જ આશીર્વાદ છે કે, સર્વજનો સુખી થાઓ, નિરામય થાઓ અને કોઇને પણ દુઃખની પ્રાપ્તિ ન થાઓ!

## ઉપસંહાર

ગુજરાતની રાજધાની અહમ્મદાબાદ નગર જોઇ આવ્યા પછી રાવશ્રી ખેંગારજીની એવી ઇચ્છા થઈ હતી કે, કચ્છમાં પણ જો એવાં મોટાં નગરો વસી જાય, તો સારું; અને એ ઇચ્છાથી તેણે સંવત્ ૧૬૦૨ ના માર્ગશીર્ષ માસની કૃષ્ણ અષ્ટમી અને રવિવારને દિવસે અંજારનું તોરણ બાંધ્યું હતું; કારણ કે, ત્યાં એક વિશાળ નગર વસાવવાનો અને તેને પોતાની રાજધાની કરવાનો તેનો વિચાર હતો; પરંતુ એ યોજના હજી તો ચાલતી હતી તેવામાં ત્રણેક વર્ષ પછી તે ફરતો ફરતો કચ્છમાંના એક પર્વત પાસે આવી પહોંચ્યો. તે પર્વતમાં એક દેવાંશીય ભુજંગ વસતો હતો અને તેથી તે પર્વત 'ભુજંગ પર્વત' અથવા 'ભુજિયા ડુંગર'ના નામથી ઓળખાતો હતો. એ પર્વતની તળેટીમાં હમીર નામનો એક રબારી પોતાની સાથ સહિત રહેતો હતો, તેણે એક તળાવડી ખોદી હતી અને તે તળાવડી 'હમીરાઇ' નામથી ઓળખાતી હતી; તેની પાસે જંદો નામક એક

ફકીર પોતાની જગ્યાની આસપાસ કોટ ચણાવીને રહેતો હતો એટલે તે કોટ 'જંદાનો કોટ' કહેવાતો તેમ જ ત્યાં પણુરાઈ નામની એક બીજી પણ તળાવડી હતી. આ સ્થાન કચ્છ દેશના મધ્ય ભાગમાં હોવાથી અને ભુજિયા ડુંગરપર જો કિલ્લો બંધાય, તો શત્રુઓના આઘાતથી બચવાનું સારું સાધન થઈ પડે તેમ હોવાથી જો અહીં રાજધાની થાય, તો વધારે સારું; એવો હજી તો ખેંગાર વિચાર કરતો હતો એટલામાં ત્યાં તેણે એક સસલાને કૂતરા સામો ઘુરકતો જોયો અને તેથી એ સ્થાનને વીરભૂમિ જાણીને સંવત્ ૧૬૦૫ ના માર્ગશીર્ષ માસની શુક્લા ષષ્ઠીને દિવસે શુભ મુહૂર્તમાં એક નગરની સ્થાપના કરી અને તેનું નામ ભુજંગ નગર રાખી તેને પોતાની રાજધાનીનું નગર બનાવ્યું. રા ખેંગાર હવે ભુજમાં જ વસવા લાગ્યો અને તેથી તે નગરની ઉત્તરોત્તર ઉન્નતિ થતી ગઈ. તે નગરના નામનો અપભ્રંશ થતાં તે નગર 'ભુજ' નામથી ઓળખાવા લાગ્યું કે જે નામ અદ્યાપિ કાયમ છે અને અદ્યાપિ એ જ રાજધાની છે. અંજાર નગરની પણ ઉન્નતિ તો થઈ, પણ રાજધાની ભુજ થવાથી તે દ્વિતીય નગર ગણાયું. રાજધાની ભુજ થવાથી રાવશ્રીએ લાખિયાર વિયરો નામક જૂની રાજધાની ચારણોને દાનમાં આપી દીધી. એ પછી એકત્રીસ વર્ષે એટલે કે સંવત્ ૧૬૩૬ માં રાવશ્રીએ માઘ માસની કૃષ્ણ એકાદશીને દિવસે લુહાણા જાતિના ઠક્કર ટોપણદ્વારા રાયપર બંદર વસાવ્યું કે જે અત્યારે 'માંડવી બંદર' નામથી વિશ્વવિખ્યાત છે.

* * * * *

જે સમયમાં કચ્છ દેશમાં રાવશ્રી ખેંગારજી ૧ લો રાજ્ય કરતો હતો, તે સમયમાં સિંધુ દેશમાં મીર મીરજા ઇસાખાન રાજ્ય કરતો હતો અને તેના બાંકેખાન તથા ગાજીખાન નામના બે શાહજાદા હતા. ગાજીખાનને તેના પિતાએ ભાગમાં ભૂમિ ન આપવાથી તે સિંધુદેશને ત્યાગીને કચ્છમાં આવ્યો હતો અને રાવશ્રી ખેંગારજીના આશ્રયમાં રહેતો હતો. ખેંગારજીએ તેની સહાયતામાટે પોતાના બંધુ સાયબજીને કેટલાક સૈન્ય સહિત સાથે મોકલ્યો અને મીરજા ઇસાખાનપર એક પત્ર પણ લખી આપ્યું. જતી વેળાયે સાયબજીને તેણે એવી સૂચના આપી દીધી કે: "જો મીરજા ઇસાખાન મારા પત્રને માન્ય કરી ગાજીખાનને તેના ભાગની ભૂમિ ન આપે, તો યુદ્ધ કરીને પણ તેને તેના ભાગની ભૂમિ અપાવજો અને વિજય મેળવીને જ પાછા આવજો." સાયબજી તથા ગાજીખાન જ્યારે નગરઠઠ્ઠાની નજદીક પહોંચ્યા, ત્યારે તેમના આવવાના સમાચાર બાંકેખાન અથવા બાકી-

ખાનને મળતાં તે પોતાના વિપુલ સૈન્યને લઇને યુદ્ધમાટે સામો આવી પહોંચ્યો. તેને આવા સમારંભ તથા આડંબરથી આવતો જોઇને સાયબજીએ પોતાના સહચર તથા સહાયક રવાજી તથા મોકળસિંહ પબાજી સાથે એવા પ્રકારનો વિચાર કર્યો કે: "જો આપણે બાંકેખાનના એ સૈન્યને મારીને પાછું ભગાવીએ, તો જ આપણી વીરતા!" આવા વિચારથી તે ત્રણ વીરો અમુક પ્રકારની વ્યવસ્થા કરીને રાત્રિના સમયમાં નીકળ્યા. સાયબજીએ કહ્યું કે: "હું બાંકેખાનના હાથીની સામે મારા ઘોડાને કૂદાવીને તેના કપાળમાં બર્છી મારીશ!" પબાજી બોલ્યો કે: "હું તેની પીઠમાં બર્છીનો આઘાત કરીશ!" અને રવાજીએ જણાવ્યું કે: "હું તેના પાસામાં બર્છીનો પ્રહાર કરીશ!" સંકેત અનુસાર તેઓ બાંકેખાનના સૈન્યમાં પેઠા અને સાયબજીએ બાંકેખાનના હાથી સામો ઘોડો કૂદાવી તેના કપાળ ભણી બર્છીને ઉછાળી; પણ એ જ ક્ષણે તેનો ઘોડો ચમકી જવાથી તે બર્છી કપાળમાં લાગવાને બદલે તેની જંઘામાં લાગી. પબાજીની બર્છી બરાબર તેની પીઠમાં વાગી અને રવાજીની બર્છી તેના પાસામાં કાંઇક છરકતી વાગી. બાંકેખાનપર થયેલા આ અચિંત્ય આક્રમણથી તેના સૈન્યમાં અતિશય ગભરાટ વ્યાપી ગયો અને સૈનિકો પોતાના સ્વામીને સંભાળવાનો પ્રયત્ન કરવા લાગ્યા; એટલામાં તો આપણા ત્રણે કચ્છી વીરો ત્યાંથી છટકીને પોતાના શિબિરમાં નિર્વિઘ્ન આવી પહોંચ્યા. પ્રભાત થતાં મીરજા ઇસાખાને સમાધાનમાટે પોતાના દૂતને સાયબજી પાસે મોકલ્યો અને પરસ્પર અનુમતિથી એવો નિર્ણય કરવામાં આવ્યો કે, નગરઠઠ્ઠા તથા સિંધુદેશની અર્ધભૂમિ બાંકેખાનને આપવાં તથા નસરપુર (શ્રી ઉદેરાલાલનું જન્મસ્થાન) નગર તથા સિંધુદેશની બાકીની અર્ધભૂમિ ગાજીખાનને આપવાં. એવી રીતે ગાજીખાનને પોતાનો ભાગ મળવાથી તેણે રાયબા બાજારથી કચ્છની સીમા સુધીનો સિંધુદેશનો ભાગ રાવશ્રી ખેંગારજીને તેણે આપેલી સહાયતાના બદલામાં અઘાટ લખી આપ્યો હતો. આવી રીતે વિજય મેળવીને સાયબજી ભુજંગ (ભુજ) નગરમાં પાછો આવ્યો અને તેણે ત્યાંનો સર્વ વૃત્તાન્ત પોતાના જ્યેષ્ઠ બંધુને કહી સંભળાવ્યો. તે વૃત્તાંત સાંભળી લીધા પછી ખેંગારજીએ પબાજી તથા રવાજીના શસ્ત્રચાલનકૌશલ્યની પ્રશંસા કરી, પરંતુ સાયબજીને એમ કહ્યું કે: "ભાઇ, તમે જરા ભૂલ્યા ખરા!" ખેંગારજીના આ વચનથી સાયબજીને એટલું બધું માઠું લાગી ગયું કે: "મોટા ભાઈ ગમે તેવી વીરતા બતાવવા છતાં પણ ધન્યવાદ આપે તેમ નથી!" આવી માન્યતાથી તે સદા ઉદાસીન રહેવા લાગ્યો.

* * * * *

જામ રાવળ કચ્છમાંથી પોતાના ચાર હજાર સૈનિકો સહિત નીકળીને સાસ શેરડાના માર્ગે થઈ કટારિયામાં ગયો હતો અને ત્યાંના દેદા અમલદારો પાસેથી તેણે અનાજની મદદ માગી હતી; પરંતુ દેદા અમલદારોએ અનાજને બદલે ધૂળના પોઠિયા સામા મૂક્યા. જામ રાવળે શકુન માનીને મસ્તક નમાવ્યું અને ઉદ્‌ગાર કાઢ્યો કે: "આ ભૂમિમાં મારા રાજ્યની સ્થાપના થશે, એમ આજના આ શકુનથી મને સ્પષ્ટ જણાય છે." એ પછી તેણે તત્કાળ ત્યાંથી પ્રયાણ કરીને આમરણની પાસેના દહિસરા નામક સ્થાનમાં મુકામ કર્યો. ત્યાં રહીને તેણે જેઠવા વંશના રાજાઓની ભૂમિને ધીમે ધીમે હસ્તગત કરવાનો વ્યવસાય ચલાવ્યો, કેટલીક ભૂમિનો અધિકાર હાથમાં આવી ગયા પછી ખંભાલિયામાં પોતાના રાજ્યાભિષેકનો મહોત્સવ કર્યો અને પછી જેઠવાના તાબાનું નાગની બંદર લઈને ત્યાં નવાનગર અથવા જામનગર નામક રાજધાનીનું નવીન નગર વસાવવાનો આરંભ કરી દીધો. ગજણના પુત્ર હાલાના વંશમાંનો જામ રાવળ હોવાથી જે ભૂમિ તેના અધિકારમાં આવી હતી તે ભૂમિનું નામ 'હાલા'ના નામથી 'હાલાવાડ' રાખવામાં આવ્યું કે જે રાજ્ય પછીથી 'હાલાવાડ' શબ્દનો અપભ્રંશ થતાં 'હાલાર' નામથી ઓળખાવા લાગ્યું અને તે નામ અદ્યાપિ પ્રચલિત છે. કચ્છના ખેંગારજીએ 'રાવ' પદવી ધારણ કરેલી હતી, એટલે જામ રાવળે 'જામ' પદવી કાયમ રાખી અને તેથી અદ્યાપિ 'હાલાર' અથવા જામનગર રાજ્યના રાજાઓ 'જામસાહેબ'ના નામથી જ ઓળખાય છે.

અસ્તુ: દુષ્ટ મનુષ્ય પોતાની દુષ્ટતાને કદાપિ ત્યાગતો નથી; અર્થાત્ લીંબડાના રસને અમૃત સાથે મેળવવામાં આવે, તો પણ તેની કડવાશનો લોપ થતો નથી, તેવી રીતે જામ રાવળનો પરાજય થવા છતાં, તેણે ખેંગારજી સાથે વૈરભાવ ન રાખવામાટે બીજી વાર માતાજીના શપથ લીધેલા હોવા છતાં અને પોતાના નવીન રાજ્યની સ્થાપના કર્યા છતાં પણ ખેંગારજી સાથેના તેના વૈરભાવનો લોપ થયો નહોતો અને તેથી તે ખેંગારજીને મારી નાખવાના પ્રયત્નો કર્યા જ કરતો હતો. એક વાર જામ રાવળે પોતાની સભામાં ઇનામનું બીડું ફેરવીને પોતાની એવી અભિલાષા વ્યક્ત કરી કે: "જે કોઈ પણ કચ્છના અત્યારના રાવ ખેંગારજીને મારી તેનું મસ્તક મારી પાસે લઈ આવશે, તેને હું લખપસા કરીશ; એટલે કે, એક લાખ સિક્કા આપીશ!" બાર મનુષ્યોએ મળીને તે બીડું ઝડપ્યું અને તેઓ કચ્છમાં આવીને રાવશ્રીના નાશનો ઉદ્યોગ કરવા લાગ્યા. એક વાર અચાનક

એવો બનાવ બન્યો કે, રા ખેંગાર એકલો શિકારે નીકળ્યો હતો તેવામાં તે બાર મારાએ આવીને તેને ઘેરી લીધો; પરંતુ ખેંગાર પોતાના હસ્તમાં નિરંતર ખુલ્લું ખાંડું રાખતો હોવાથી કટાકટીનો વખત આવેલો જોઇને પટાનો એવો તો ચક્રાકાર પ્રહાર કર્યો કે તેથી તે બારે મારાઓની ખોપરીઓ કાનના ઉપરના ભાગ પાસેથી ઊતરી ગઈ. ત્યાર પછી રાવશ્રીએ તેમનાં શબોપર ચાદર નાખી તે ચાદરને પત્થરથી દબાવીને દરબારમાં આવી સાયબજીને કહ્યું કે: "ફલાણા વોંકળામાં એક શિયાળવું મરેલું પડ્યું છે, તેને જોઈ આવો." સાયબજીએ ત્યાં જઇને જ્યારે બાર મનુષ્યોને એક જ રીતે ખોપરી વગરનાં જોયાં, એટલે ખેંગારજી વિષયક તેના ક્રોધનો અંત આવી ગયો અને તેના મુખમાંથી એવો ઉદ્‌ગાર નીકળ્યો કે: "જે વીરનર પટાના આવા હાથ જાણતો હોય તે જો જરા ઓઠેરે તો તેથી માઠું લગાડવાનું કાંઈ પણ કારણ નથી!"

* * * * *

જામ રાવળે હુાલારમાં પોતાના સ્વતંત્ર રાજ્યની સ્થાપના કર્યા પછી પોતાના ભાઈ હુરધોળજી (હુરધવલ)ને ધ્રોળ ગામ આપ્યું હતું. તે હુરધોળજીનો જસોજી નામક કુમાર એક વાર પોતાના સસરા હળવદના રાણા રાયસંગજી સાથે ચોપાટ રમતો બેઠો હતો તેવામાં અતીતોની એક જમાત ગામ બહારના ભાગમાં નગારાં વગાડતી નીકળી. નગારાંનો અવાજ સાંભળીને જસાજીએ પોતાના નોકરોને પૂછ્યું કે: "આપણા ગામના પાદરમાં આ નગારાં કોના વાગે છે વારુ?" તેના એ પ્રશ્નને સાંભળીને રાયસંગજીએ તેને–પોતાના જમાઇને–પૂછ્યું કે: "બીજા કોઇનાં નગારાં તમારા ગામને પાદર વાગે, તો તમો શું કરો?" એના ઉત્તરમાં જસાજીએ કહ્યું કે: "તે નગારાંપર જોડા મારીને નગારાંને વાગતાં બંધ કરાવીએ." આ ઉત્તર સાંભળીને રાયસંગજી હળવદ ગયો અને ત્યાંથી વિશાળ સૈન્ય સહિત પાછો આવી તેણે ધ્રોળના પાદરમાં ભીષણ નાદથી નગારાં વગડાવ્યાં. જસાજીએ તે નગારાંપર જોડા મારવામાટે ભીષણ યુદ્ધ કર્યું, તે યુદ્ધમાં ઉભય પક્ષનાં બહુ સૈનિકો કામ આવી ગયાં અને જસાજી પોતે પણ વીરગતિને પામ્યો. મરતાં મરતાં જસાજીએ પોતા પાસે ઊભેલા એક ચારણને માત્ર એટલા શબ્દો જ કહ્યા કે: "કૃપા કરીને તું ભુજનગરમાં જઈ સાયબજી હમીરાણીને મારા રામરામ કહેજે." સાયબજી હમીરાણી એટલે હમીરનો પુત્ર સાયબજી. ચારણે ભુજનગરમાં આવી દરબારમાં સાયબજીને જસાજીના રામરામ કહ્યા અને તેના મરણનો વૃત્તાંત સંભળાવ્યો એટલે

તે સાંભળીને ભેંગારજીએ સાયબજીને સંબોધીને કહ્યું કે: "ભાઇ, આ રામરામ નથી, પણ વેરનો બદલો લેવામાટેની પ્રાર્થના છે; જસાજીએ તમારા વિના પોતાના વેરનો બદલો શત્રુ પાસેથી લેનાર બીજો કોઇ જોયો નથી અને તેથી જ મરતાં મરતાં તમને રામરામ કહેવડાવ્યા છે; અર્થાત્ હવે તમો રાયસંગજીનો વધ કરી નાખો, એ જ તમારું કર્ત્તવ્ય છે." જ્યેષ્ઠ બંધુની આવી આજ્ઞા થતાં જ સાયબજી પોતાના બાહુબળ તથા મચ્છુકાંઠાના દેદાઓની સહાયતામાં વિશ્વાસ રાખીને અલ્પ સૈન્ય સહિત ફૂલ આમરને સાથે લઈ હુળવદપર ચઢી ગયો. આ વાર્ત્તાની રાયસંગને જાણ થતાં તે પણ સામો ચઢી આવ્યો અને તેના પરિણામે માળીઆ પાસે એક તુમુલ યુદ્ધ થયું. એ વેળાયે ફૂલ આમરને દેદાઓને બોલાવવામાટે દહિસરે મોકલ્યો હતો, તે ત્યાંથી પાછો આવ્યો નહોતો અને અહીં તો કાપાકાપીનો વ્યવસાય આરંભાયો; છતાં સાયબજી ઇશ્વરમાં વિશ્વાસ રાખીને એ યુદ્ધમાં મરણીઓ થઇને લડ્યો અને પોતાની પ્રતિષ્ઠા જવા ન દીધી. એ યુદ્ધમાં શત્રુપક્ષના એક પટાબાજના હાથે સાયબજીના શરીરમાં ઘણા જખ્મ થયા અને તેનો જમણો હાથ પણ કપાઈ ગયો; તેમ છતાં તેણે અનેક મનુષ્યો-શત્રુપક્ષના સૈનિકો-ના પ્રાણ લીધા અને ત્યાર પછી તે પોતે પણ રણમાં પડ્યો. રાયસંગજી રણભૂમિમાં ફરતો ફરતો સાયબજી જ્યાં પડ્યો હતો ત્યાં આવ્યો; અદ્યાપિ સાયબજીના પ્રાણ શરીરમાંથી નીકળી ગયા નહોતા એટલે પડ્યા પડ્યા જ સાયબજીએ ડાબા હાથથી તેનાપર પોતાના ખાંડાનો ઘા કર્યો અને તેથી રાયસંગજીના બન્ને પગો કપાઈ જતાં તે પણ ભૂમિપર પછડાઈ પડ્યો. તે જેવો પડ્યો કે તત્કાળ પોતાના કપાયલા હાથની ઠુંઠથી તેને પછાડીને સાયબજી તેની છાતીપર ચઢી બેઠો; પરંતુ હાથમાંથી અતિશય રક્ત નીકળી જવાથી તે વેળાયે જ તેના પ્રાણ તેના શરીરમાંથી નીકળી ગયા અને તે સ્વર્ગના માર્ગનો પ્રવાસી થયો. પછીથી ફૂલ આમર દહિસરાના દેદાઓ સહિત આવી પહોંચ્યો અને તે રાયસંગજીની છાવણીને લૂટી લઇને ભુજનગરમાં પાછો વળી આવ્યો. એ લૂટમાં રાયસંગજીના નગારાની એક જોડ પણ ભુજમાં આવી હતી.

રાયસંગજીને રણક્ષેત્રમાંથી નાગાઓની જમાત ઊપાડી ગઈ અને જ્યારે તે સાજો થયો ત્યારે પાછો હુળવદમાં આવ્યો; પરંતુ રણક્ષેત્રમાં તેને મરી ગયેલો માનીને તેની રાણીઓએ ચૂડાકર્મ આદિ કરી નાખેલું હોવાથી અને તે સમયના લોકોના વિચારો વિલક્ષણ પ્રકારના હોવાથી 'જેનું ચૂડાકર્મ થઈ ગયું છે, તેને જો નગરમાં આવવા દઇશું, તો તેથી

સર્વનું અનિષ્ટ થશે!' એમ માનીને તેને કોઇએ ગામમાં પેસવા દીધો નહિ. માત્ર પરમારવંશની તેની એક જ રાણી તેની પાસે જઇને રહી હતી અને તેનાથી જે સંતતિ ઉત્પન્ન થઈ તેવડે જ ઝાલાવંશ આગળ ચાલ્યો હતો.*

* * * *

એ તો આગળ જણાવેલું જ છે કે, રાવશ્રી ખેંગારજીને ભોજરાજજી તથા ભારમલ્લજી નામક બે કુમાર હતા. એમાંના ભોજરાજજી નામક મોટા કુમારને એક વાર રાયધર હાલાના સહાયક તરીકે રાયધર આમર સામે લડવામાટે મોકલેલો, ત્યાં રાયધર આમરે પોતાનો પરાજય સ્વીકારી ભોજરાજજીનાં ચરણોમાં તલ્વાર મૂકી તેના વર્ચસ્વને શિરસાવંદ્ય કર્યું હતું; પરંતુ એટલામાં સૈનિકો વચ્ચે કાંઈ બોલાચાલી થતાં અચાનક બાણો છૂટ્યા અને તેમાંનો એક બાણ ભોજરાજજીને વાગતાં તેના જીવનનો અંત થઈ ગયો. આ વૃત્તાન્ત રાયબજીના જાણવામાં આવતાં તે આમરની પાછળ પડ્યો અને તેના ભયથી આમર સામે કાંઠે પલાયન કરી ગયો.

રાવશ્રી ખેંગારજી ૧ લો જેવો શૂરવીર, ધર્મશીલ, ન્યાયપરાયણ અને પ્રજાવત્સલ હતો; તેવો જ સંયમી, એકપત્નીવ્રતધારી, મિતાહારી, વ્યાયામશીલ અને આસ્તિક હોવાથી બહુધા તેને રોગની બાધા તો થતી જ નહોતી; પરંતુ તે સમય યુદ્ધ, અશાંતિ તથા 'બળિયાના બે ભાગ'નો હોવાથી એક કે બીજી ચિન્તા તેના હૃદયમાંથી દૂર થતી નહોતી; તેવામાં વળી તેના સહાયક સુલ્તાન બેગડાનો તથા કમાબાઇનો સ્વર્ગવાસ થયો હતો, સાયબજી જેવો વીરબંધુ રણાંગણમાં વીરગતિને પામ્યો હતો અને અંતે તેના ઉત્તરાધિકારી યુવરાજ ભોજરાજજીનો પણ તેના દેખતાં સ્વર્ગવાસ થયો હતો. અત્યંત વૃદ્ધાવસ્થામાં આવા આઘાતો ભાગ્યે જ સહન કરી શકાય છે; તો પણ ખેંગારજી બહુ જ વિચારશીલ તથા જ્ઞાની હોવાથી અન્ય આઘાતોને તો ધૈર્યથી સહન કરી ગયો હતો; પણ ભોજરાજજીના મરણનો આઘાત અસહ્ય થવાથી સંવત્ ૧૬૪૨ ના જ્યેષ્ઠ માસમાં લગભગ ૯૦ વર્ષની અવસ્થા ભોગવીને અથવા આજના આયુષ્ય પ્રમાણને જોતાં તો 'શતાયુ' થઇને આ અસાર સંસારનો, પોતાનાં પારિવારિક જનો તથા પ્રજાજનોને રોતાં કકળતાં મૂકીને, સદાને માટે

* આત્મારામ કેશવજી કૃત 'કચ્છ દેશનો ઇતિહાસ' નામક ગ્રન્થમાં એ રાણીને પરમારવંશની કહી છે, પણ 'બૉમ્બે ગેઝેટિયર'ના 'કાઠિયાવાડ' નામક આઠમા ભાગમાં તે રાણીને વાંવના ચોહાણ અથવા ચહુઆણ વંશની કહેલી છે.

ત્યાગ કરી ગયો. કચ્છરાજ્યના નૈશ્ય અંધકારને જે મહાપુરુષે પોતાના વીરત્વ તથા બાહુબળરૂપ દીપકના પ્રકાશથી દૂર કરીને કચ્છદેશને 'ઉષા'—શાંતપ્રકાશમયી ઉષા—નો સાક્ષાત્કાર કરાવ્યો હતો, તે મહાપુરુષ, તે પ્રાતઃસ્મરણીય રાવશ્રી ખેંગારજી અથવા કચ્છના કાર્ત્તિકેયના આદર્શ જીવનનો પણ કાળના કરાલ આઘાતથી અસ્ત થઈ ગયો.

આપણામાં એવી એક સર્વસાધારણ કિંવદંતી સર્વત્ર પ્રચલિત છે કેઃ—

"નામ રહંતાં ઠક્કરાં, નાણાં નહીં રહંત;
કીર્ત્તી કેરાં કોટડાં, પાડ્યાં નહીં પડંત!"

અર્થાત્ જો એ કિંવદંતીમાં કાંઈ પણ સત્યાંશ હશે, તો રાવશ્રી ખેંગારજીએ કીર્ત્તિના તો એવા અભેદ્ય દુર્ગ ચણાવી મૂકયા છે કે, યાવચ્ચંદ્રદિવાકરૌ તેનું નામ તે કીર્ત્તિના યોગે અમર તથા શાશ્વત રહેવાનું છે અને જો 'कीर्त्तिर्यस्य स जीवति' એ સૂત્રને આપણે સત્ય માનીએ, તો તો તે આજે પણ જીવતો જ છે, એમ જ આપણે સ્વીકારવું પડશે; કારણ કે, તે કીર્ત્તિરૂપે તો સમસ્ત કચ્છદેશના લોકોનાં અંતઃકરણમાં આજે પણ જીવિત છે.

અસ્તુઃ રાવશ્રી ખેંગારજીના યુવરાજ ભોજરાજજીનો અલૈયાજી-નામક એક કુમાર હતો અને તેથી કચ્છ રાજ્યના મુકુટ તથા સિંહાસનનો ઉત્તરાધિકારી તે જ હતો; પરંતુ જે વેળાયે તેના પિતા ભોજરાજજી તથા તેના પિતામહ રાવશ્રી ખેંગારજીનો સ્વર્ગવાસ થયો, તે વેળાયે તે અત્યંત અલ્પવયસ્ક હોવાથી રાજ્યનો અધિકાર રાવશ્રી ખેંગારજી ૧ લાના દ્વિતીય કુમાર ભારમલ્લજીના હસ્તમાં આવ્યો. ભારમલ્લજીને કોઇ પણ પ્રકારના પરિશ્રમ વિના રાજ્ય તથા અગાધ સંપત્તિની પ્રાપ્તિ થયેલી હોવાથી અને તેની ઉદારતા અપૂર્વ હોવાથી ત્યાંના લોકોના મુખમાંથી એવા ઉદ્ગારો નીકળવા લાગ્યા કેઃ 'खट्यो खेंगार ने भोगव्यो भारे' અર્થાત્ 'મેળવ્યું ખેંગારે અને ભોગવ્યું ભારે!'

ભુજ નગરને પોતાની રાજધાની કર્યા પછી રાવશ્રી ખેંગારજી ૧ લો ભુજમાં આવીને વસ્યો હતો, એ તો ઉપર જણાવેલું જ છે; પણ જ્યારે તે ભુજમાં આવ્યો ત્યારે ગોરજી માણેકમેરજીને પણ ત્યાં સાથે લેતો આવ્યો હતો અને ત્યાં પણ તેને એક સુંદર મકાન બંધાવી આપ્યું હતું એટલે અંબાજીની મૂર્ત્તિ તથા સાંગ પણ ત્યાં જ લાવવામાં આવી હતી. ભુજમાં પણ ખેંગારજી નિત્ય પ્રભાતમાં અંબાજીના દર્શનમાટે જતો હતો અને સંધ્યાકાળે માણેકમેરજી તેના ખાંડાને ધૂપ કરાવવામાટે દરબારમાં જતા હતા. તે દિવસથી ખાંડાના ધૂપની રૂઢિ

ચાલી આવે છે તે અત્યારે પણ કાયમ છે. સિંહનો જેનાવડે સંહાર કરાયો હતો તે સાંગ પણ માણેકમેરજીની પોશાળમાં અત્યારે પણ જેમની તેમ પડેલી છે અને ખેંગારજી ૧ લાના વંશજો–કચ્છના રાવ–અત્યારે પણ પ્રત્યેક વિજયાદશમીને દિવસે તેની વિધિપૂર્વક પૂજા કરે છે. ભુજંગ પર્વતમાં વસતા દેવાંશીય ભુજંગના ચમત્કારને રાવશ્રી ખેંગારજી ૧ લાએ પોતાનાં નેત્રોથી જોયો હતો અને તેથી તેની તે ભુજંગમાં પૂજ્યબુદ્ધિ થતાં નાગપંચમી એટલે કે શ્રાવણ માસની શુકલાપંચમીને દિવસે મહાન્ સમારંભપૂર્વક તે એ ભુજંગને દુગ્ધપાન કરાવવામાટે–દૂધ ચડાવવામાટે–જતો હતો. તેની એ પદ્ધતિને અનુસરીને અદ્યાપિ કચ્છના સિંહાસનપર વિરાજતા રાવશ્રી પ્રતિવર્ષે નાગપંચમીને દિવસે તે ભુજંગને દૂધ ચઢાવવામાટે ભુજંગ પર્વતપર જાય છે અને તે દિવસે રાવશ્રીની મોટામાં મોટી સવારી નીકળે છે.

રાવશ્રી ખેંગારજી ૧ લાના વંશમાં અદ્યાપિ ખંડ પડ્યો નથી અને તેથી તેના વંશજો એક પછી એક અનુક્રમે કચ્છના સિંહાસનને પોતાની ધર્મસત્તાથી શોભાવતા આવ્યા છે. ભવિષ્યમાં પણ પ્રતાપી રાવશ્રી ખેંગારજી ૧ લાનો વંશ એવી જ રીતે અખંડ તથા શાશ્વત રહો અને તે પ્રાતઃસ્મરણીય મહારાજાના સર્વ વંશજો ધર્મશીલ, ન્યાયપરાયણ, પ્રજાવત્સલ તથા પ્રજાપ્રિય ભૂપાલ થાઓ, એવો શુભ આશીર્વાદ આપીને આપણે હવે અહીં જ વિરમીશું.

સમાપ્ત